મહાસતી સીતા ચરિત્ર આધારિત

# તમાય

પ.પૂ. ન્યાય વિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા**



વીર સંવત
૨૫૪૪

# વિમોચન પર્વ

પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર,
સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજાનો ૮૩મો જન્મદિન**
અષાઢ વદ-૨, તા. 30-07-૨૦૧૮, સોમવાર

વિક્રમ સંવત
૨૦૭૪

₹ - ૧૦૦/-

**પ્રકાશક**
દિવ્યદર્શન ટ્રસ્ટ

પ્રથમ આવૃત્તિ : 3000 નકલ
દ્વિતીય આવૃત્તિ : ૧000 નકલ

## પ્રાપ્તિસ્થાન

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
**કુમારપાળભાઈ વી. શાહ**
39, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ - 387810
O : 02714 - 225482
www.jainonline.org

**કર્ણાવતી બ્રાંચ**
**રૂપેશભાઈ વોરા**
82, ફતેહપૂરા ગામ, ઉમંગ મ્યુનિસિપલ સ્કુલની સામે,
અમદાવાદ - 380 007 M : 98240 38948

**ઉર્મિલભાઈ શાહ**
D/૨/3,નૂતનજીવન કો.હા.સો.,
કૃપાનગર, ઈર્લા, વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ - ૫૬
M : 9820527710

ડિઝાઇન
હાર્દિક કાપડિયા
(99302 02335)

ટાઇપ સેટિંગ
નિખિલ પટેલ
(99785 45000)

પ્રિન્ટિંગ
પારસ પ્રિન્ટ્સ
(98690 08907)

# અવિરત
# આશિષવર્ષા

પરમ પૂજ્ય સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજા**

પરમ પૂજ્ય ન્યાયવિશારદ આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા**

પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજા**

# સૌજન્ય

પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર
સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ

## શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વજી મહારાજાના

૮૩મા જન્મોત્સવ નિમિત્તે...

## શ્રીમતી ચંચળબેન ઉગરચંદભાઈ ગઢેચા પરિવાર



# નીતર્યું જે અમૃત કલમથી...

પરમ પૂજ્ય ન્યાયવિશારદ ગુરુદેવશ્રી **ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા**નું સાહિત્ય એટલે પેંડાની સાથે આપેલી દવા !

તેઓશ્રી પરમ તેજ, ઉચ્ચપ્રકાશના પંથે જેવા તત્ત્વરસથી ભરેલા સીધા જ ઇન્જેક્શન પણ આપી શકતાં હતાં, તો સમરાદિત્ય, સીતાજીના પગલે પગલે જેવા કથા-પેંડાની વચ્ચે તત્ત્વની ગોળી ય પીરસી શકતાં હતાં !

વિશેષ એટલો રહેતો કે તેમાં પેંડા કરતાં દવાનું 'કદ' મોટું હોય !

**રુક્મી રાજા, અનાથી મુનિ, સીતાજી, તરંગવતી, સુલસા, અંજના**... કેટ-કેટલીય કથાઓના માધ્યમે પૂજ્ય ગુરુદેવશ્રીએ 'અદ્ભુત' શબ્દ મુખમાંથી સરી પડે તેવા તત્ત્વચિંતન આલેખ્યા છે.

**તમાચ !** મહાસતી સીતાજી ચરિત્રના આધારે આલેખિત થયેલ છે. સતી સીતાજીના જીવનના પ્રત્યેક તબક્કે જીવનના સાચા અભિગમો કયા છે ? તે પૂજ્ય ગુરુદેવશ્રીએ અજબ ગજબ રીતે સમજાવ્યું છે.

સીતાજી ચરિત્રના આધારે આલેખાયેલ અનેક પુસ્તકો વાંચવાનું - જોવાનું બન્યું છે, પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ જે તત્ત્વદષ્ટિએ સંપૂર્ણ ચરિત્ર નીહાળ્યું છે ને તત્ત્વ - અમૃત કલમથી પુસ્તકના પાને પાને નીતાર્યું છે, તે જોઈ તેઓશ્રીની તત્ત્વોન્મેષ પ્રજ્ઞા સમક્ષ મસ્તક ઝૂકી જાય છે.

'દિવ્યદશર્ન' સાપ્તાહિકમાં તબક્કાવાર પ્રગટ થયેલ સીતાજી ચરિત્ર પ્રથમવાર સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. નવું નામ, નવું રૂપ અને નવા આકાર સાથે !

❊ ❊ ❊

પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **જયઘોષ સૂરીશ્વરજી મહારાજા**ના જન્મોત્સવના એક ભાગ રૂપે પૂજ્ય ગુરુદેવશ્રીની પુસ્તકો પર **ઓપન બુક એક્ઝામ**નું આયોજન થાય છે. ગુજરાતી અને હિંદીથી ય આગળ વધી હવે અંગ્રેજી ભાષામાં ય પૂજ્ય ગુરુદેવશ્રીનું સાહિત્ય પ્રકાશિત થઈ રહ્યું છે, તેનો આનંદ છે.

સતત પાંચમા વર્ષે ઓપન બુક એક્ઝામના આયોજનમાં આ વર્ષે **તમાચ** પુસ્તક પ્રકાશિત થયેલ છે. તત્ત્વજિજ્ઞાસુ આત્મા આવું તત્ત્વસમૃદ્ધ સાહિત્યનું વાંચન - મનન કરી આત્મવિશુદ્ધિ પામે, એ જ મંગલ કામના.

દ.
કુમારપાળ વી. શાહ
કલિકુંડ, ધોળકા



## યુગ પરિવર્તક

સદીમાં એક પુરુષ એવો અવતરતો હોય છે કે જેની સિદ્ધિના મધુર પરિણામો સદીઓ સુધી લોકો માણી શકે છે.

**પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ,**
**ન્યાય વિશારદ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય**
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.**

જૈનધર્મ જ્યારે વિક્રમની ૨૦મી સદીમાંથી ૨૧મી સદીમાં પ્રવેશતો હતો, ત્યારે આ યુગપુરુષે યુગ પરિવર્તનનો શંખનાદ ફૂંક્યો હતો. ૨૧મી સદીના ફાસ્ટ-ટ્રેક પર દોડવા મથતી દુનિયાને એક ક્ષણ થંભાવી દે, એવો સિંહનાદ કર્યો હતો.

ઇંગ્લેન્ડમાં G.D.A.(C.A. સમકક્ષ)ની ડિગ્રી ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ પાસ કર્યા બાદ ૨૨ વર્ષના એ કાંતિ નામના યુવાને સગા ભાઈ પોપટની સાથે જૈન ધર્મની દીક્ષાનો સ્વીકાર કર્યો. તે વર્ષ હતું : વિ. સં. ૧૯૯૧.

જૈનધર્મની કડક અને કઠોર સાધનાને પાળવાની સાથે આ યુગપુરુષે સઘન શાસ્ત્રાભ્યાસ કર્યો. જૈનાગમોની સાથે સાથે અન્ય ધર્મોનું પણ તલસ્પર્શી અવગાહન કર્યું. અભ્યાસ માટે વધુ સમય બચે તે માટે આ મહાપુરુષ છઠ્ઠના પારણે છઠ્ઠ (દર ત્રીજા દિવસે માત્ર એક જ વાર ભોજન) કરતાં !

પોતાના ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના મંગલ આશીર્વાદ લઈ તેઓ ગુજરાતમાંથી વિ. સં. ૨૦૦૫માં મુંબઈ પધાર્યા. તેઓના પ્રવચનો યુવાનોમાં જાદુઈ અસર કરી. મોહમયી નગરીના ભોગ-વિલાસી શ્રીમંત ઘરના નબીરાઓ તેઓનું એક જ પ્રવચન પાન કરી વૈરાગ્યનો ઓડકાર ખાતાં ! જે સમયમાં દીક્ષાઓ થવી એ દુઃશક્ય જણાતું, તે ૨૦મી સદીના પહેલાં જ દશકમાં આ યુગપુરુષે પરિવર્તનનો મહાયજ્ઞ માંડી દીધો. પાંચ વર્ષમાં કુલ ૩૫ યુવાનો તેઓના શિષ્ય બન્યા. જ્યારે આ યુગપુરુષે નશ્વર દેહ છોડ્યો, ત્યારે તેઓ ૨૫૦થી વધુ સુયોગ્ય શિષ્યોના ગુરુપદે બિરાજમાન હતાં.

પ્રવચન દ્વારા તેઓ શ્રોતાવર્ગને મુગ્ધ કરતાં, તો વિ. સં. ૨૦૦૮થી 'દિવ્યદર્શન' સાપ્તાહિક પત્ર ચાલુ કરી તેઓએ વાચકોના હૃદય સુધી જૈન તત્ત્વજ્ઞાનને સરળતાથી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આરંભ્યું. આ સાપ્તાહિક પત્ર સળંગ ૪૨ વર્ષ સુધી ચાલ્યું. જેને સમગ્ર રીતે 'ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા'ના નૂતન સંસ્કરણમાં સમાવી લેવામાં આવ્યું છે.

વિ. સં. ૨૦૧૧ના વર્ષ દરમિયાન તેઓ પૂનામાં હતા, ત્યારે મોરારજી દેસાઈની સરકારમાં બાલદીક્ષા વિરોધમાં પ્રસ્તાવ રજૂ થયો. તત્કાલીન વડા પ્રધાન મોરારજીને મળી જૈનદીક્ષાનું સ્વરૂપ અને ઉપયોગિતા સમજાવી મોરારજીને બાલદીક્ષાના સમર્થક બનાવ્યા. પોતાની તાર્કિકતા, વિદ્વત્તા અને પુણ્યનો તેઓએ પરચો દેખાડ્યો. 'બાલદીક્ષા કરવી કે ન કરવી ?' તે મુદ્દો જ્યારે જનમત પર નાખવામાં આવ્યો, ત્યારે આ યુગપુરુષે કમર કસી. વિરોધમાં ૫0,000 પણ મત ન'તાં, જ્યારે તરફેણમાં ૩,00,000થી પણ વધુ !

સંયમિત જીવન, જિનાજ્ઞાને સમર્પિત વર્તન, અનેકને સંયમ આપવાની સાથે સંયત શિષ્યોની કાળજી, પ્રવચન, લેખન, ચિંતન વગેરે અનેક કાર્યોની વ્યસ્તતામાં ય આ યુગપુરુષે જન-સમાજને વિસર્યો નથી. આજનો યુવાવર્ગ શી રીતે ધર્માભિમુખ થઈ સંતોષી અને સુખી જીવન જીવી શકે ? તે માટે તેઓએ એક મૌલિક પ્રયોગ કર્યો. જેનું નામ છે - શિબિર. આજનો જે યુવાન ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ અને સંસાર પ્રત્યે સંતોષી-સુખી દેખાય છે, તેમાં આ શિબિરનો સિંહફાળો ભૂલી શકાય તેમ નથી.

૨0મી શતાબ્દીમાં છેલ્લા દશકામાં દીક્ષા સ્વીકારી આ યુગપુરુષે ૨૧મી સદીના પ્રથમ દશકાથી જે પરિવર્તનનું વાવંટોળ ફૂંક્યું, તેનું વર્ણન શબ્દોમાં કરવું; એ અન્યાય ગણાય.

**તેઓનો પુરુષાર્થ જોતાં એમ કહી શકાય કે, તેઓ એક જીવનમાં અનેક જિંદગી જીવી ગયા.**

**તેઓની સિદ્ધિ જોતાં એમ કહી શકાય કે, તેઓ 'જેક ઑફ ઑલ' નહીં, પણ 'માસ્ટર ઑફ ઑલ' હતાં.**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. ધર્મકથાનો પ્રભાવ | ૧ |
| ૨. સીતાજીનો ચારિત્રનિર્ધાર | ૮ |
| ૩. ત્રણ તમાચ | ૧૭ |
| ૪. ... પણ શીલ ન જાય | ૨૬ |
| ૫. સાધનાત્રયી | ૩૬ |
| ૬. દિવ્ય સંદેશ | ૪૫ |
| ૭. સક્રિય ધર્મમમતા | ૫૮ |
| ૮. વિશેષતા : આમન્યા + ગૌરવ | ૬૬ |
| ૯. મહાનતા : તરછોડનાર પર સદ્ભાવ | ૭૩ |
| ૧૦. સત્ત્વશીલ સીતાજી | ૮૭ |
| ૧૧. વનવાસ : કર્તવ્યપાલન ! | ૧૦૦ |
| ૧૨. સ્થિતપ્રજ્ઞતા | ૧૦૪ |
| ૧૩. પુનરાવર્તન | ૧૧૫ |
| ૧૪. કર્મને તમાચ | ૧૩૪ |

# ૧. ધર્મકથાનો પ્રભાવ

''चिरसंचियपाव-पणासणीइ, भवसयसहस्स-महणीए ।
चउवीसजिण-विणिग्गयकहाइ, वोलंतु मे दियहा ।।''

જૈનશાસનમાં શ્રાવકજીવનમાં પણ રોજ ઉભય ટંક કરવાની પવિત્ર આવશ્યક પ્રતિક્રમણક્રિયાનું મુખ્યસૂત્ર 'વંદિત્તુ'સૂત્ર; એ ગણધર ભગવાનની રચના છે. વૈશાખ સુદ-૧૧ ભગવાન મહાવીર સ્વામીએ શાસનની સ્થાપના કરી. ગણધર મહારાજાને ત્રિપદી આપી - ત્રણ પદ આપ્યા. એના પરથી ગણધર મહારાજાએ અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગી રચી, એમાં ૧૪ 'પૂર્વ' શાસ્ત્ર રચ્યાં ! કેટલું અગાધ જ્ઞાન !

અને, એ સમય કેવોક અલબેલો કે જે ગણધર હૃદયમાં અગાધ દ્વાદશાંગી અને જે સમયે ચૌદ 'પૂર્વ' સ્ફુરી આવ્યા એવા એ અલબેલા સમયમાં જ 'વંદિત્તુ'સૂત્ર સહિત આવશ્યક સૂત્રો સ્ફુરી આવેલા ! ત્યારે એ આવશ્યક સૂત્રોના પદ-પદનું કેટલું બધું અગાધ મહત્ત્વ ! તો એમાં જ રચાયેલા 'વંદિત્તુ'સૂત્રના પદ-પદની કેટલી મોટી મહત્તા !

'ગુણવંતા ગિરુઆ, વાણી મીઠી રે ગણધર તણી'

એટલે જ 'વંદિત્તુ'સૂત્રમાંની 'ચિરસંચિય...' વાળી ગાથા પણ એવી એક અલબેલી રચના છે ! ત્યારે એનો આપણા માથે ભાર-બોજ કેટલો ? આપણે મન એનું મહત્ત્વ કેટલું ? ગણધર ભગવાન દ્વાદશાંગીના અને એમાં વિશાળ ચૌદ 'પૂર્વ' નામના શાસ્ત્રોના રચયિતા છે. એ કાંઈ અજુગતા, બિનજરૂરી કે મામૂલી વચન કાઢે નહીં, એ તો મહાગંભીર અર્થપૂર્ણ વચન બોલે. એમણે આ 'ચિરસંચિય' ગાથાના ઉચ્ચારણથી એમાં કેટલો બધો ગંભીર ભાવ ભર્યો હોય ? એનું મહત્ત્વ કેટલું બધું હોય ?

**ગાથા કહે છે : 'દીર્ઘકાળના એકત્રિત કરેલા પાપકર્મોનો વિધ્વંસ કરનારી અને લાખો ભવોનું મંથન કરનારી ૨૪ જિનેશ્વરોથી નીકળેલી ધર્મકથાઓમાં મારા દિવસો પસાર થાઓ.'**

આવી ભાવના શ્રાવક ભાવે છે. મનને એમ થાય કે, 'શો આ ધર્મકથાઓનો પ્રભાવ ! અલ્પ કાળનાં ધર્મકથાઓનાં શ્રવણ દીર્ઘકાળના પાપ તોડી નાખે !'

**પ્રશ્ન : શું ધર્મકથાઓમાં આટલી બધી તાકાત છે ?**

**ઉત્તર** : હા, કારણ એ છે કે,

(૧) એક તો તીર્થંકર ભગવાને અર્થથી અને ગણધર ભગવાને સૂત્રથી ધર્મકથાઓની આ ફલશ્રુતિ કહી છે કે ધર્મકથાઓ દીર્ઘકાળના પાપોનો નાશ કરે છે અને લાખો ભવોની પરંપરાને તોડે છે; પછી એમના કહેવા પર શંકા જ શાની કરાય કે શું ધર્મકથાઓમાં આ તાકાત ?

(૨) બીજું કારણ એ છે કે ધર્મકથાઓ મહાપુરુષોના જે આત્મપરાક્રમોને રોચક શબ્દોમાં વર્ણવે છે, એ સાંભળતાં શ્રોતાના દિલમાં ભવ્ય ભાવોલ્લાસ જાગે છે, ભવ્ય શુભ અધ્યવસાયો પ્રગટે છે અને શુભ ભાવોલ્લાસ, શુભ અધ્યવસાયોની એ તાકાત છે કે દીર્ઘકાળના એકત્રિત કરેલા કેઈ પાપકર્મોનો નાશ કરી દે ! પાપકર્મોની નિર્જરા કરી આપે ! અહીં પ્રશ્ન થશે કે,

**અલ્પકાળના શુભભાવથી દીર્ઘ કાલોપાર્જિત પાપો કેમ નષ્ટ થાય ? :**

**પ્રશ્ન : પાપકર્મો તો દીર્ઘકાળ સુધી અશુભ પ્રવૃત્તિઓ અને અશુભ અધ્યવસાયોથી એકઠા કરેલા, એનો નાશ કરવાની તાકાત થોડો જ કાળ ધર્મકથા-શ્રવણ કરી શુભ અધ્યવસાય કર્યા; એમાં શી રીતે હોય ?**

**ઉત્તર** : થોડો કાળ કરેલા શુભ અધ્યવસાયોમાં આ તાકાત માનવી જ પડે ! નહીંતર 'આત્માએ જેટલા દીર્ઘકાળ અશુભ અધ્યવસાય કર્યો, એટલા દીર્ઘકાળ શુભ અધ્યવસાય કરે, તો જ પહેલાંના પાપકર્મો નાશ પામે' એવો નિયમ બનાવવા જતાં તો, આત્માનો કદી મોક્ષ જ ન થાય. કેમકે આત્મા પર પાપકર્મો તો પૂર્વેના અસંખ્ય કાળ સુધી અજ્ઞાનતા-અવિરતિ-કષાયો વગેરેના લીધે બંધાયેલા પડ્યા છે. હવે એટલા અસંખ્યકાળ

સુધી શુભ અધ્યવસાયો કે જેમાં વિરતિ અને ઉપશમ ભાવના અધ્યવસાય પણ આવે, એ કરવાના હોય તો એ કરવાની જગા જ ક્યાં છે ?

**કયા અવતારમાં એટલા દીર્ઘકાળ સુધી એ વિરતિ વગેરેના શુભ અધ્યવસાય કરી શકે ? કોઈ એનો અવતાર નથી.**

- અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના અવતારમાં મિથ્યાત્વ, અવિરતિ વગેરેના અશુભ અધ્યવસાય લમણે લખાયેલા છે. એ એવા શુભ અધ્યવસાય કરી જ શી રીતે શકે ?

- ત્યારે, સંજ્ઞી પંચેન્દ્રિય દેવ-નારકના અવતારોમાં અસંખ્યકાળના આયુષ્ય છે, પરંતુ તે ય સળંગ ઉપરાપર એવા અવતાર થઈ શકતાં નથી; તેમજ એક અવતારમાં પણ દેવ-નારક સમ્યક્ત્વ સુધીના શુભ અધ્યવસાય સુધી પહોંચી શકે છે, કિન્તુ તેથી ઉપરના વિરતિભાવ અને પૂર્ણ ઉપશમ સુધી પહોંચી શકતાં નથી. એટલે પૂર્વે દીર્ઘકાળ તથા આ અવતારમાં અસંખ્યકાળ સેવેલ અવિરતિ અને કષાયોના અશુભ ભાવથી બંધાયેલા જંગી કર્મોનો બીજા કયા તેટલા દીર્ઘ અસંખ્યકાળના અવતારમાં વિરતિભાવ તથા ઉપશમ કેળવીને નાશ થઈ શકે ? આત્મા પર ચીપકેલા જંગી પાપકર્મોનો નિકાલ કયા એવા દીર્ઘકાળ સુધી કરેલા શુભ ભાવે થઈ શકે ?

- ત્યારે, અસંખ્યવર્ષના મનુષ્ય અને તિર્યંચના અવતારો હોય છે. પરંતુ એમનામાં ય વિરતિભાવ અને તેવો ઉપશમભાવ આવી શકતો નથી, એટલે ત્યાં પણ પૂર્વના દીર્ઘકાળના સમગ્ર પાપકર્મ તોડવાને અવકાશ જ નહીં. બાકી, સંખ્યાતાવર્ષના આયુષ્યવાળા તિર્યંચ પણ સર્વવિરતિભાવ પામી શકતાં નથી, એટલે ત્યાં પણ પૂર્વના દીર્ઘકાળના અવિરતિ વગેરેથી બંધાયેલા પાપકર્મોનો સંપૂર્ણ નાશ કરવાની જગા નહીં.

- હવે રહ્યો સંખ્યાતાવર્ષના આયુષ્યનો એક માનવ અવતાર. એમાં સર્વવિરતિભાવ અને સંપૂર્ણ ઉપશમ આવી શકે. હવે જો પાપકર્મ બાંધવાનો કાળ અને પાપકર્મ નષ્ટ કરવાનો કાળ; એ બેનો જો સંખ્યાની તુલાનામાં નિયમ બાંધીએ કે ‘જેટલા દીર્ઘ અસંખ્યકાળ સુધી અશુભ ભાવોથી પાપકર્મ બાંધ્યે ગયા, તેટલા જ દીર્ઘ અસંખ્યકાળ સુધી શુભ ભાવો કરે, તો જ પહેલાંના એકત્રિત પાપકર્મો આ દીર્ઘકાળના શુભ ભાવોથી નષ્ટ થઈ શકે.’

તો તો સંખ્યાતાવર્ષના મનુષ્ય અવતારમાં પણ પેલા અસંખ્યકાળના એકત્રિત કરેલા પાપકર્મો નષ્ટ કરવાને અવકાશ જ ક્યાં છે ? ત્યારે પાપકર્મ સંપૂર્ણ નષ્ટ થયા વિના મોક્ષ શી રીતે થવાનો હતો ?

**સારાંશ :** 'જેટલા દીર્ઘ અસંખ્યકાળ સુધી અશુભ અધ્યવસાય, અશુભ ભાવો દ્વારા પાપકર્મ ઊભા કર્યા, તેટલા જ દીર્ઘ અસંખ્યકાળ સુધી શુભ અધ્યવસાયો, શુભ ભાવો કરો તો જ પેલા દીર્ઘકાળના એકત્રિત કરેલા પાપકર્મ નાશ પામી શકે,' એ નિયમ ખોટો છે. એ નિયમ હોય, તો તો કદી મોક્ષ થાય જ નહીં. જ્યારે, જીવનો મોક્ષ તો થાય છે જ, એ હકીકત છે; ને સર્વકર્મક્ષય થયા વિના મોક્ષ બને જ નહીં. મોક્ષનો અર્થ જ આ છે કે સર્વકર્મથી મુકાવું, સર્વકર્મથી છુટકારો, સર્વકર્મક્ષય; એ બને જ કેવી રીતે ?

પૂર્વોક્ત વિચારણા જોતાં આ ફલિત થાય છે કે સર્વકર્મક્ષય તો જ બની શકે કે થોડા કાળના પણ શુભ અધ્યવસાયમાં યાને શુભ ભાવમાં આ તાકાત હોય કે એ દીર્ઘ અસંખ્યકાળના પણ એકત્રિત કરેલા કર્મોનો ધ્વંસ કરી શકે. તમને થશે કે,

**પ્રશ્ન : દીર્ઘકાળ સુધી કરેલા અશુભ ભાવથી ઉપાર્જેલ કર્મો અલ્પકાળ સુધી કરેલા શુભ ભાવ દ્વારા નષ્ટ થાય, એ શું અજુગતું-અસંગત નથી લાગતું ?**

**ઉત્તર :** કુદરતના ભાવો જોતાં અસંગત નહીં લાગે; એના દાખલા જુઓ.

**અલ્પ દેખાતી વસ્તુથી મહાનાશના દાખલા :**

(૧) ઉનાળાના ૩-૪ મહિના સુધી ધમધોખ તાપથી તપેલી ધરતી અને તપેલું વાતાવરણ ચાર દિવસના ધોધમાર વરસેલા વરસાદથી ઠંડગાર થઈ જાય છે !

(૨) દીર્ઘકાળ સુધી મહેનત કરીને ઊભો કરેલો મોટો ઘાસનો ગંજ અલ્પ અગ્નિના સંયોગથી બળીને સાફ થઈ જાય છે !

(૩) દીર્ઘકાળ સુધી ચાલેલા વૈરને સંતના કોઈ અદ્‌ભુત ઉપદેશથી આણેલા હૃદય-પરિવર્તનમાં થઈ ઊઠેલો મૈત્રીભાવ શાંત કરી દે છે !

(૪) અનંત-અનંતકાળ સુધી સેવેલા લોભને અલ્પકાળ સાંભળેલા સંતના ઉપદેશથી જાગેલો વૈરાગ્ય અને ભવભ્રમણ-ભય હત-પ્રહત કરી નાખે છે !

(૫) ઇમારત ઊભી કરવા માટે કેટલો બધો સમય લાગે છે ! પરંતુ એને જમીનદોસ્ત કરવા માટે અલ્પ સમય જ બસ છે !

તો પછી શુભ અધ્યવસાયની આ તાકાત પર જ આત્માનો શીઘ્ર ઉદય કેવો થાય છે ? એ મરુદેવા માતા, ભરત, બાહુબલિ, સુદર્શનશેઠ, નાગકેતુ... વગેરે મહાવિભૂતિઓનાં જીવન જોતાં સમજાય એવું છે.

એટલે જ આવા ઊંચા માનવજનમમાં હૃદય શુભ અધ્યવસાયોથી ભર્યું ભર્યું રાખવા જેવું છે. એમાં ય ખાસ કરીને મૈત્રીઆદિ ભાવો અને જિનભક્તિ તથા વૈરાગ્યના અધ્યવસાય હૃદયમાં રમતાં રહે; એ ખૂબ જ આવશ્યક છે. એનું કારણ એ છે કે,

**દિલમાં અશુભ અધ્યવસાય ઊઠે છે, એ મોટા ભાગે મૈત્રી આદિ કે જિનભક્તિ યા વૈરાગ્યના શુભ ભાવ ભૂલીએ છીએ, માટે ઊઠે છે.**

ત્યારે મહાપુરુષોનાં જીવન જોઈએ તો દેખાય કે એમણે વૈરાગ્ય અને મૈત્રીભાવ, કરુણાભાવ વગેરે શુભ ભાવો કેવા વિકસાવેલા ! હૃદયને શુભ ભાવોથી કેટકેટલું ભર્યું ભર્યું રાખેલું કે એથી એમના જીવનમાં ઉત્તમ પ્રવૃત્તિ અને ઉત્તમ વૃત્તિઓ રહી હતી ! વિચારણા ઉત્તમ, બોલ ઉત્તમ અને કાયિક વર્તાવ ઉત્તમ !

આ બધું મહાન વિભૂતિઓનાં જીવન ચરિત્રથી જાણવા મળે છે. વારંવાર આ સાંભળવાથી આપણા હૃદય પર એની સારી અસર પડે છે, શુભ ભાવોની છોળો ઊછળે છે. તેથી જ અહીં 'ચોવીસ તીર્થંકર ભગવાનના મુખ કમળમાંથી નીકળેલી ધર્મકથાઓ વડે મારા દિવસો પસાર થાઓ,' એવી શ્રાવક ભાવના કરે છે. કેમ કે એથી જે શુભ ભાવો, શુભ અધ્યવસાયો દિલમાં રમ્યા કરે, એનાં મુખ્યપણે રૂડા ફળ બે,-

**શુભ ભાવોનાં બે ફળ :**

(૧) દીર્ઘકાળ સુધી એકત્રિત કરેલાં પાપકર્મનો નાશ, અને

(૨) લાખો ભવોની પરંપરા પર કાપ.

આમાં પહેલું ફળ કેમ એ વિચાર્યું. હવે બીજા ફળનો વિચાર કરીએ, તો 'પંચસૂત્ર' શાસ્ત્ર કહે છે કે, **'શુભ ભાવોથી પૂર્વના અશુભ અનુબંધો તૂટે છે.'**

**'અશુભ અનુબંધો'** એટલે અશુભ ભાવો યાને હિંસાદિની દુર્બુદ્ધિ, રાગાદિ કષાયો, દુર્ધ્યાન, અસમાધિ વગેરે જગાડવાની બીજ-શક્તિ.

પૂર્વના ભવોમાંથી આપણે આવી બીજશક્તિ એટલે કે આવા અશુભ અનુબંધો ભરપૂર લઈને આવ્યા છીએ, એટલે જ આપણને એના પ્રભાવે દુર્બુદ્ધિ અર્થાત્ હિંસા-જૂઠ-અનીતિ વગેરેની પાપબુદ્ધિ, રાગાદિ કષાયો, આર્તધ્યાન વગેરે જાગ્યા કરે છે. આમ, એ અશુભ અનુબંધો ઊભા હોય એટલે એવા અશુભ ભાવો થયા કરે અને એથી ભવની પરંપરા વધે છે.

ત્યારે જો ધર્મકથાઓ સાંભળી સાંભળીને શુભ ભાવો જગાડવા દ્વારા અશુભ અનુબંધોને તોડીએ, તો એ પાપબુદ્ધિ, કષાયો વગેરે જાગતાં અટકે અને એથી ભવની પરંપરા ન વધે, બલ્કે અહિંસા-સત્ય વગેરે ધર્મની બુદ્ધિ, ક્ષમા-નમ્રતા-વૈરાગ્ય વગેરે ઉપશમભાવ અને સદ્ વિચારણા, શુભ ધ્યાન વગેરે જાગતાં રહેવાથી ભવની પરંપરા કપાય.

**શુભ ભાવોથી ભવપરંપરા કેમ કપાય ? :**

એ તો હકીકત છે કે સામાન્ય રીતે,

- જો દુર્ગતિનો ભવ મળે, તો ત્યાં પાપબુદ્ધિ, પાપકાર્યો અને રાગ-દ્વેષાદિ કાષાયિક ભાવો ભરચક રહ્યા કરવાનાં. એથી ઊલટું,
- જો સદ્ગતિનો ભવ મળે, તો સદ્બુદ્ધિ, ધર્મબુદ્ધિ, ધર્મપ્રવૃત્તિ અને વૈરાગ્યાદિ શુભ ભાવોની સુલભતા રહેવાની.

હવે જો શુભ અધ્યવસાયો કરી કરી શુભ અનુબંધો અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જીએ, તો એથી સદ્ગતિનો અવતાર મળે અને એમાં ધર્મબુદ્ધિ, ધર્મપ્રવૃત્તિની સુલભતા રહે ને તેથી પાછી સદ્ગતિ મળે અને સત્કાર્યોની સુલભતા થાય... એમ સદ્ગતિની પરંપરા ચાલવાથી; દુર્ગતિની પરંપરામાં જ લાંબી ભવપરંપરા રહે, એ હવે સ્થિતિ નહીં. તેથી કહેવાય કે, **'શુભ અધ્યવસાયોથી ભવની પરંપરા કપાઈ.'**

**ભવની બક્ષીસ :**

આ જગતમાં જીવને ભવની બક્ષીસ એવી છે કે સામાન્ય રીતે,

- સદ્ગતિના ભવમાં ધર્મબુદ્ધિ, ધર્મકાર્યોની સુલભતા.
- દુર્ગતિના ભવમાં પાપબુદ્ધિ અને પાપકાર્યોની સુલભતા.

એટલે ? એક વખત જો દુર્ગતિના અવતારમાં પડ્યા, તો ત્યાં સહેજે સહેજે હિંસાદિ પાપબુદ્ધિ, પાપકાર્યો અને રાગ-દ્વેષાદિ પાપભાવોમાં રુલી જવાનું થાય. એથી પછી આગળ અવતાર કેવો મળે ? કહો, દુર્ગતિનો અવતાર. એમાં શું કરવાનું થાય ? એ જ પાપબુદ્ધિ વગેરે. એટલે શું ચાલ્યું ? દુર્ગતિના ભવોની પરંપરા ! એથી ઊલટું ;

જો સદ્ગતિનો અવતાર અહીં મળ્યો છે, એમાં સદ્બુદ્ધિ યાને અહિંસાદિ ધર્મની બુદ્ધિ તથા રાગ-દ્વેષની શક્ય એટલી અટકાયત અને ક્ષમાદિ શુભ ભાવો રાખ્યા કરીએ, એ માટે જિનભક્તિ-સાધુસેવા-જિનવાણીશ્રવણ તથા દાન-શીલ-તપના સુંદર સુકૃતો સેવ્યા કરી, ફરીથી સદ્ગતિનો અવતાર ઊભો કરીએ, તો એમાં પાછી સદ્બુદ્ધિ, સત્પ્રવૃત્તિ અને શુભ ભાવો સેવવાના મળે અને એથી ફરી પાછી સદ્ગતિ મળે... એમ સદ્ગતિની પરંપરા ચાલવાથી લાંબી ભવપરંપરાને અવકાશ ન રહે.

માટે જ જ્ઞાનીઓ આપણને ચેતવે છે, સાવધાન કરે છે કે **દુનિયાના અસાર પદાર્થો ખાતર હૈયું ન બગાડો, હૈયામાં અશુભ ભાવ ન ઘાલો.** નહીંતર એના પર જો દુર્ગતિનો અવતાર એકવાર ઊભો કરી એમાં ચાલ્યા જવાનું થયું, તો પછી ત્યાં અને આગળ ઉદ્ધારને અવકાશ નહીં રહે. કેમ કે દુર્ગતિના અવતારમાં પાપબુદ્ધિ અને પાપકાર્યો જ સુલભ ને તેથી આગળ પણ દુર્ગતિના અવતાર સર્જાવાના.

માટે જ બહુ દુન્યવી પદાર્થોના મોહ અને બહુ દુન્યવી પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા ન રહો, નહીંતર એમાં હૈયું બગડેલું ને બગડેલું રહ્યા કરશે ને એથી ભવાંતર બગડીને ભવની પરંપરા વધી જશે !

એટલે જ અહીં 'ચિરસંચિય' વાળી ગાથામાં શ્રાવકનું આ મહાન કર્તવ્ય બતાવે છે કે એ ભગવાનના શ્રીમુખેથી નીકળેલી ધર્મકથાઓમાં દિવસો પસાર કરવાની હંમેશા ભાવના રાખે. પછી આ ભાવના રહ્યા કરે એટલે સહેજે એ ધર્મકથાઓ વાંચવા, સાંભળવાનો રોજનો કાર્યક્રમ રાખે. એટલે જ આપણે પ્રભાવક પૂર્વપુરુષોની યશગાથા ગાવાનું અર્થાત્ એમના ઉત્તમ જીવનપ્રસંગો વિચારવાનું રાખ્યું છે.



# ૨. સીતાજીનો ચારિત્રનિર્ધાર

હવે આપણે મહાસતી સીતાજીના ઉત્તમ જીવન પ્રસંગો જોવા છે. એમાં પહેલાં સૌથી મહત્ત્વનો એક પ્રસંગ જોઈએ. એ પ્રસંગ જીવનના પાછળના પ્રસંગોમાંનો આ એક પ્રસંગ છે :

જ્યારે સીતાજીએ દિવ્ય કર્યું અને અગ્નિ ભરેલી મોટી ખાઈ પાણીનું સરોવર બની ગયું !

અને હવે રામચંદ્રજી, લક્ષ્મણજી વગેરે વિનવે છે કે, ‘ચાલો અયોધ્યામાં ને ઘણા દુઃખોના અંતે હવે મહેલમાં નિરાંતે સુખમય જીવન પસાર કરો.’

ત્યારે મહાસતીના મનમાં એમ નથી થતું કે, ‘હાશ ! ચાલો; દુઃખના દહાડા ગયા, તો મહેલમાં રહી આનંદ મંગળ કરીએ. લોકોમાં પણ આપણો ખૂબ યશ ફેલાયો છે, સત્કાર-સન્માન ખૂબ વધી ગયા છે. હાશ ! હવે ઠરીઠામ બેસવાનો અવસર આવી ગયો.’ ના, આવું મનમાં નથી આવતું, પરંતુ સંસારત્યાગ કરી કષ્ટમય ચારિત્ર લેવાના ભાવ જાગ્યા છે; તેથી કહી દે છે : ‘મારે હવે અયોધ્યામાં નથી આવવું. હું તો હવે ચારિત્રમાર્ગે જઈશ.’

રામચંદ્રજી કહે છે : ‘આવું કેમ બોલો ? અલબત્ત, અમે તમારો મહાન અપરાધ કર્યો છે, તમારા પર અપકાર કર્યો છે, છતાં તમે મોટું મન રાખી એને માફ કરો, રીસ ન રાખો.’

સીતાજી કહે : ‘તમે આ શું બોલ્યા ? તમે અપકારી શેના ? તમે તો મારા મહાન ઉપકારી છો.’

રામ કહે : ‘આમ કટાક્ષમાં શું કામ બોલો ?’

સીતાજી કહે : ‘કટાક્ષ જરાય કરતી નથી. આ તો વાસ્તવિક હકીકત છે, તો હું કહું છું. તમે ઉપકારી એ રીતે છો કે જો મારા દિલમાં તમે હતાં,

તો આ અગ્નિ પાણી થઈ ગયું. મારા દિલમાં જો તમારા બદલે બીજો કોઈ હોત, તો તો આ અગ્નિનું પાણી નહીં, પણ સીતાની રાખ થઈ ગઈ હોત. મારા દિલમાં તમે રહેલાના પ્રતાપે અગ્નિ પાણી થઈ જાય ને હું બળી ન જાઉં, એ તમારો મારા પર ઓછો ઉપકાર છે ?'

સીતાજીની આ કેવી કૃતજ્ઞ દૃષ્ટિ છે ! આપણે આના પરથી એ બોધપાઠ લેવાનો છે કે,

**પ્રભુના પરમ ઉપકાર કયા કયા ? :**

આપણે અરિહંત ભગવાનને આપણા દિલમાં ધરીએ તો,

(૧) મહાન ધર્મક્રિયાઓ સ્થિર ચિત્તે થાય છે,
(૨) ધર્મસાધના અને ક્ષમાદિ ગુણોની સાધનાની પ્રેરણા મળે છે,
(૩) શુભ અધ્યવસાયો, શુભ ભાવનાઓ ઉલ્લસિત બને છે,
(૪) પુણ્યાનુબંધી પુણ્યની કમાઈનો લાભ મળે છે,

ઇત્યાદિ લાભ જો પ્રભુ આપણા અંતરમાં હોય, તો મળે છે, તેથી એ બધું થવામાં પ્રભુનો પરમ ઉપકાર છે. માટે 'પ્રભુ આપણા પરમ ઉપકારી છે' આ આપણી હાર્દિક દઢ માન્યતા જોઈએ.

પ્રભુને પરમ ઉપકારી માનીએ, તો પછી આપણે કાંઈ પણ સુકૃત કર્યું, એમાં આપણી વડાઈ માનવાનું ગુમાન ન રખાય. ઊલટું, સુંદર સુકૃત કરી શક્યા, એમાં પ્રભુનો પરમ ઉપકાર થયો માની એની કૃતજ્ઞતારૂપે પ્રભુની કોઈ સેવા કરવાનું મન થાય; કમમાં કમ વંદના તો કરાય જ.

એટલે જ જુઓ પ્રતિક્રમણ સૂત્ર 'વંદિત્તુ'માં છેલ્લી ગાથામાં 'વંદામિ જિણે ચઉવીસં' કહ્યું. 'ચોવીસ જિનેશ્વર ભગવાનને વંદના કરું છું.' કેમ વંદના ? તો કે પાપોની આલોચના-નિંદા-ગર્હા-સંતાપ થયા, પ્રાયશ્ચિત્ત થયું, એમાં પ્રભુનો પરમ ઉપકાર છે, માટે કૃતજ્ઞતારૂપે કમમાં કમ પ્રભુને વંદના કરવાની.

પ્રભુનો ક્યાં ઉપકાર નથી ? પ્રભુથી આ શાસન પામ્યા, મોક્ષમાર્ગ પામ્યા, એની સાધના પામ્યા, અરે ! રોજ સવારે અરિહંત દર્શનનો મહાન લાભ પામીએ છીએ એમાં પણ પ્રભુ એવા અરિહંત થયા માટે પામીએ છીએ. તેથી દર્શનમાં પ્રભુ તો પરમ ઉપકારી છે.

દર્શન કરતાં પ્રભુને કહીએ : 'અહો ! અહો ! પ્રભુ તમે અરિહંત થયા, તો જ આજે હું અરિહંત દર્શનનો મહાન લાભ પામું છું. કેટલો બધો આપનો ઉપકાર !'

એમ સ્તુતિ, અભિષેક-તિલક-ધૂપ-દીપ આદિ પૂજા, ચૈત્યવંદન વગેરે બધામાં પ્રભુનો પરમ ઉપકાર મનાય અને એની કૃતજ્ઞતારૂપે પ્રભુની સેવામાં ભંડારમાં કાંઈ દ્રવ્ય ન ખાય. ઠેઠ નિગોદમાંથી બહાર નીકળવાથી માંડીને પ્રભુના પરમ ઉપકાર યાદ આવે.

પહેલો ઉપકાર તો આપણને આ ઉત્તમ માનવ અવતાર મળ્યો; એ છે. એમાં પ્રભુનો પરમ ઉપકાર છે. કેમ કે ગતભવમાં પ્રભુને દિલમાં ધારી સારા ભાવ રાખ્યા, સારા સુકૃત કર્યા, એથી પુણ્ય બંધાઈને એના ઉદયમાં આ ઉત્તમ અવતાર મળ્યો, પછી આરોગ્ય મળ્યું, પાંચે ઇન્દ્રિયો પૂર્ણ મળી, ખાનપાન-હામ-દામ-ઠામ મળ્યા, હોશિયારી-આવડત મળી; એ બધામાં એ જ રીતે પ્રભુનો પરમ ઉપકાર છે, એટલે વારે વારે પ્રભુનો ઉપકાર યાદ આવે.

**પ્રભુને દ્રવ્યાર્પણ એ પ્રભુ પર ઉપકાર કર્યો ? :**

ત્યારે જો હૃદયથી પ્રભુના પરમ ઉપકાર યાદ કરાય, તો પ્રભુની સેવામાં કૃતજ્ઞતારૂપે આપણું કેટકેટલું દ્રવ્ય અર્પિત કરતાં રહેવાય ? એમાંય ખાસ ધ્યાન આ રાખવાનું કે પ્રભુની સેવામાં અર્પિત કરાય, એ પણ બધું પ્રભુ પર પાડ ચડાવવા નહીં, કિન્તુ પ્રભુના ઉપકારનો યત્કિંચિત્ બદલો વાળવા યાને કૃતજ્ઞતા બજાવવા અર્પિત કરીએ છીએ; એમ મનાય. પછી ત્યાં અભિમાન ન રખાય કે 'મેં આંગી રચાવી', 'મેં મંદિર રિપેરિંગ કરાવી આપ્યું', 'મેં મંદિરને બારણા કરાવી આપ્યા, બારણા પર ચાંદી ચોડાવી આપી'. આ બધા ગુમાન ખોટા છે.

**ડાહ્યો દીકરો બાપનું કરે એ બાપ પર ઉપકાર કર્યો નથી માનતો, પરંતુ બાપના ઉપકારની કૃતજ્ઞતા બજાવી માને છે.**

ડાહ્યો દીકરો બાપની રૂમને રંગકામ કરાવી દે, એમાં કાંઈ ગુમાન નથી કરતો કે, 'મેં બાપાજીની રૂમ રંગાવી આપી.' તેમ કાંઈ ત્યાં તકતી નથી લગાડતો કે, 'આ રૂમનું રંગકામ ભાઈએ કરાવી આપ્યું.' કેમકે એ સમજે છે કે, 'આમાં હું કાંઈ બાપની ઉપર ઉપકાર નથી કરતો. કેમ કે બાપાજીએ તો મારા પર એટલા બધા મોટા અને અનેકાનેક ઉપકાર કર્યા છે કે એની સામે કૃતજ્ઞતારૂપે આ કાંઈ વિસાતમાં નથી. હું બાપાજી પર ઉપકાર કરનારો શાનો ? તકતી શાની લગાઉં ?

અને બહાર ગાતો શું ફરું ? હું બાપાજીના અસંખ્ય ઉપકારની પ્રત્યે આ તો નહીંવત્ કૃતજ્ઞતા બજાવું છું. એમાં તકતી શાની ? ને ગાવાનું શું ?'

બસ, એ જ રીતે પ્રભુના અસંખ્ય પરમ ઉપકાર યાદ આવ્યા કરે, તો પછી પ્રભુની સેવામાં ધન લગાવીને તકતી મરાવવાનું ન કરાય.

આજે તકતીનો મેનિયો ચાલી પડ્યો છે, કેમ જાણે આ બધાઓ પ્રભુ પર ઉપકાર કરવા નીકળી પડ્યા છે ! પ્રભુની ગાદી નીચે કે બારણા પર નામ લખાવાય કે, 'આમણે આ કરાવી આપ્યું.' એ નામ લખાવવું; એ કેટલું બધું બેહૂદું છે ? અલ્યા ! તું પ્રભુ પર ઉપકાર કરનારો ?

એમ, આ જો આપણા મન પર આવી જાય કે, 'પ્રભુના મારા પર એટલા બધા અગણિત ઉપકારો છે કે એની સામે મારી પ્રભુસેવા કાંઈ વિસાતમાં નથી. આ તો પ્રભુના એક કૃતજ્ઞ સેવક તરીકે હું દરિયામાં ખસખસ જેટલી સેવા કરું છું, એટલો પણ પ્રભુ પ્રત્યે કૃતજ્ઞભાવ દર્શાવવા આ મને અવસર મળે છે; એ મારું અહોભાગ્ય છે. બાકી પ્રભુ અરિહંતના પ્રભાવે હું ઠેઠ નિગોદમાંથી નીકળી જે આટલે બધે ઊંચે સુધી ચડ્યો અને અહીં જે ધર્મસમજ પામી કેટલા ભયંકર દોષો અને ભયંકર પાપકૃત્યોથી બચ્યો, એ પ્રભુના ઉપકારનાં મૂલ્ય શેં અંકાય ?'

આ અનંત ઉપકાર ખાસ ધ્યાન પર રાખવા જેવા છે. જેથી એની કૃતજ્ઞતારૂપે આપણા તન-મન-ધન અરિહંતદેવની સેવામાં નિષ્કામભાવે પૂરેપૂરા જોડી દેવાની ધગશ રહે.

સીતાજી રામચંદ્રજીને આ બતાવી રહ્યા છે કે, 'મારા દિલમાં માત્ર તમે હતાં, તો જ આવડી મોટી ખાઈની આગનું પાણી થઈ ગયું. એટલે આ તમારો મારા પર ભારે ઉપકાર છે.'

રામચંદ્રજી સાંભળીને ચકિત થઈ ગયા. સીતાજીની આ ઉમદા લાયકી પર ભાવ વધી ગયો, પ્રેમ વધી ગયો. પરંતુ એનું એક પરિણામ કેવું વિચિત્ર આવ્યું, તે જુઓ !

રામચંદ્રજી અને લક્ષ્મણ હવે સીતાજીને કહે છે : 'આ ઉપકારની ગણતરી તમારા ઉદાર અને ઉમદા મનની છે. તમારા વીતી ગયેલા સંયોગો જોતાં આ ગણતરી કરવી; એ બીજાનું ગજું નહીં. અસ્તુ. હવે પધારો અયોધ્યામાં, બેસી જાઓ આ સોનાના રથમાં અને મહેલમાં આવી હવે આનંદ મંગળ કરો.'

**સીતાજી મહેલમાં આવવા કેમ ના પાડે છે ? :**

આ કેવી લોભામણી તક છે ! જંગલમાં એકલા-અટુલા તરછોડ્યા હતાં અને તે પછીના કષ્ટ અનુભવ્યા છે. પૂર્વે પણ રામની સાથે બાર વરસ વનવાસનાં દુ:ખ જોયા છે, હવે ભારે સત્કાર અને સન્માન સાથે મહેલવાસના સુખમાં ઠરીઠામ બેસવાનું મળે છે. બે પુત્રો પણ એવા પરાક્રમી આવી મળ્યા છે કે જે પાછા માતાના પૂરેપૂરા ભક્ત છે. છતાં સીતાજી અયોધ્યામાં આવવા ના પાડી પોતે ચારિત્ર લેવાનો પોતાનો નિર્ધાર પ્રદર્શિત કરે છે !

ત્યારે રામચંદ્રજી એ વધાવી લેતાં નથી ને સીતાજીને અયોધ્યામાં લઈ જઈ મહેલમાં બિરાજમાન કરવા અને સંસારમાં બેસાડી રાખવા પર આગ્રહી છે. વિચિત્રતા કેવી કે રામચંદ્રજી ચરમશરીરી છે, આ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જનારા છે, એ ચારિત્રની ના પાડે છે ! એ વિચિત્રતા નથી ? કેમ આ વિચિત્ર પરિણામ ?

કહો, સીતાજીની અત્યાર સુધીની લાયકીઓ પર લાયકીથી અને છેલ્લા છેલ્લા સીતાજીના એ ઉપકાર માનવાની ગણતરીમાં તરવરતા ઉદાર અને ઉમદા સ્વભાવથી એમના પર અત્યધિક સ્નેહ-પ્રેમ-સદ્‌ભાવવાળા બની ગયા છે. એ વધી ગયેલો સ્નેહ ને સદ્‌ભાવ સીતાજીને છોડવા દેતો નથી અને ચારિત્રમાં અંતરાય ઊભો કરે છે ! એ વિચિત્ર પરિણામ નથી ?

સીતાજીએ કેમ આ ચારિત્રનો નિર્ધાર કર્યો ? એનું ગુપ્ત રહસ્ય જોવા જેવું છે.

**સીતાજીના ચારિત્ર નિર્ધારનું રહસ્ય :**

સીતાજીને જ્યારે જંગલમાં એકાએક છોડી દેવામાં આવ્યા અને તે પણ પતિના જ આદેશથી ! ત્યારે એમણે આ વિચાર્યું હોવું જોઈએ કે,

'અલબત્ત; આ પરિસ્થિતિ સર્જાવામાં મારા પોતાના પૂર્વકર્મ કામ કરી રહ્યા છે, પરંતુ વિશેષ કારણ તો એ છે કે મેં સંસારવાસનાથી સંસાર માંડ્યો ને માથે લૌકિક પતિ ધર્યા, તો જ આ દિવસ જોવાનો આવ્યો, પતિ દ્વારા જ મારી હકાલપટ્ટી થઈ ! માટે મૂળ પાયામાં સંસારવાસના જ ખોટી...'

'મારા ભગવાનની તો આજ્ઞા છે કે આઠ વરસની ઉંમરે જ ચારિત્ર લઈ લેવું જોઈએ. જેથી સંસારના જાલિમ દુ:ખો અને પારાવાર પાપોમાં ફસાવું ન પડે;

મેં પ્રભુની આ આજ્ઞા પાળી નહીં ને સંસારમાં જાણી જોઈને પડી, એ જ મારો અપરાધ ! આ જાલિમ દુઃખનું કલંક ઊતરી જાય એટલે ચારિત્ર લેવું.'

આ નિર્ધાર કર્યો હોય, એટલે હવે અહીં મોકો આવ્યો છે, દિવ્ય કરીને કલંક ઉતારી દીધું છે, તો કેમ ચારિત્ર માટે તૈયાર ન થઈ જાય ?

મહેલમાં મહારાણી તરીકે રહેવા કરવા વગેરે એટલા બધા પ્રલોભનોની સામે આ ચારિત્રની ભાવનાથી પોતે ખૂબ જ સ્વસ્થ છે, એમને હવે એ ભય નથી કે, 'આટલી બધી રાજાશાહી સુખ-સંપત્તિમાં આરામથી રહેવાનું છોડી, હાય ! સાધ્વી જીવનના કષ્ટ શેં ઊપડે !' આવો કોઈ ભય નથી. હવે તો નક્કી કર્યું છે કે, **'કષ્ટ વિના સિદ્ધિ નહીં.'**

'ચારિત્ર એટલે નિષ્પાપ જીવન અને નિષ્પાપ જીવન એટલે અનંત કલ્યાણનું મહાસાધન, તેથી ચારિત્ર-જીવનમાં કષ્ટ ગમે તેટલા આવે, પણ જો ચારિત્રથી અનંત કલ્યાણ, અનંત સુખ શાશ્વત કાળ માટે સિદ્ધ થાય છે, તો ચારિત્ર જીવનના કષ્ટોથી ગભરાવાનું શું ? આ કષ્ટ ઉપાડ્યા વિના અનંત કલ્યાણની સિદ્ધિ થાય જ નહીં. કષ્ટ વિના સિદ્ધિ નહીં.'

'એમ તો સાંસારિક જીવનમાં કષ્ટો ક્યાં નથી ? છતાં કદાચ એમાં મોહવશ સુખ દેખાતાં હોય તો ય, તે નાશવંત છે; અને વળી એ સાંસારિક જીવનમાં પાપોનો પાર નથી !'

**'ત્યારે, પાપો ઊભા હોય ત્યાં સુધી મોક્ષ થઈ શકે જ નહીં.** એ તો નિષ્પાપ ચારિત્ર જીવનથી જ મોક્ષ થઈ શકે, માટે એ જીવનમાં કષ્ટ ગમે તેટલા આવો, પરંતુ એ શાશ્વત અનંત સુખના મહાન લાભ અપાવનાર છે. એ શાશ્વતા અનંત સુખની આગળ સાંસારિક અને સુખમય જીવન શી વિસાતમાં છે ? 'કષ્ટ વિના સિદ્ધિ નહીં' એ સૂત્ર અનુસારે કષ્ટમય પણ ચારિત્ર જીવન અપનાવી જ લેવાનું.'

આવા નિર્ધાર કરી રાખ્યા હોય એટલે સુકોમળ શરીરવાળા પણ સીતાજી ચારિત્રના કષ્ટથી શાના ગભરાય ? અને અયોધ્યાના રાજમહેલના રાજાશાહી સુખોથી શાના લલચાય ? એ તો વનમાં તરછોડાવા વખતે સંસારનું જે માપ કાઢી લીધું અને હવે આગળના કર્તવ્યનો વિચાર કરી લીધો, તે મુજબ જ કર્તવ્ય કરી લેવાનું. આ હિસાબ પર જ ચાલવાના દઢ નિર્ણયવાળા છે ! અહીં પ્રશ્ન થવો સંભવિત છે કે,

**પ્રશ્ન :** **આ ભવિષ્યમાં ચારિત્ર લેવાનો નિર્ણય પૂર્વે વનમાં તરછોડવા વખતે જ લીધો હશે, એમ શી રીતે કહી શકાય ? અત્યારે જ નિર્ણય ન કર્યો હોય ?**

**ઉત્તર :** ના, આનું એક સમાધાન આ છે કે,

- પૂર્વે બાર વરસ પતિ સાથે વનવાસ ભોગવવો પડ્યો, એમાં એમને એવો વૈરાગ્ય ન ઉછળ્યો કે, 'આમ વનમાં ભટકવાનું કર્મે સરજાયેલું હતું, તો આના કરતાં ચારિત્રજીવન જ શું ખોટું ? માટે લાવ, પતિની વનવાસ મર્યાદા પૂરી થાય, પછી મારે ચારિત્ર લેવું.' આવો વૈરાગ્ય ન ઉછળ્યો.
- તેમ, રાવણ એમને ઉપાડી ગયો ત્યાં પણ એમ ન થયું કે, 'જો છૂટું, તો ચારિત્ર લઈ લેવું.' આવું નહીં થયેલું; એ વનવાસ પછીના મહેલવાસના સાંસારિક જીવનથી દેખાય છે.

જ્યારે અહીં દિવ્ય કર્યા પછી સીધા ચારિત્રજીવનનો નિર્ધાર જાહેર કરી ચારિત્ર લેવા ચાલ્યા જાય છે, એ પરથી અનુમાન થઈ શકે કે એમણે જંગલમાં પોતાની હકાલપટ્ટી જોઈ ઊંચો વૈરાગ્યનો ભાવ કર્યો હોવો જોઈએ કે મૂળ સંસારવાસનાના પાપે આમ બનવા પામ્યું છે, તો હવે કલંક ઊતરી જાય એટલે તરત ચારિત્ર લઈ લેવું. કલંકવાળી સ્થિતિમાં ચારિત્ર લઉં, તો જૈનધર્મની લોકમાં નિંદા થાય.

અજ્ઞાન-મૂઢ લોકો કહે કે, 'જુઓ, પરપુરુષને ત્યાં રહી આવ્યાથી પતિએ કાઢી મૂકી, એટલે બાવી બની ! ભલો આમનો જૈનધર્મ કે પહેલાં કબાડું કરવું અને પછી જગતમાં સત્કાર-સન્માન મળે એવી દીક્ષા લઈ લેવી.'

આમ, લોકમાં જૈનધર્મની હલકાઈ થાય. જ્યારે કલંક ઉતરી જાય, પછી લોક સમજે કે આ સાચી સતી છે, એટલે પછી ચારિત્ર લેવામાં લોકને બોલવાનું ન રહે. જૈનધર્મની નિંદા ન થાય. સીતાજીએ આમ જંગલમાં તરછોડાવા વખતે જ ચારિત્ર લેવાનો નિર્ધાર કરી લીધો હશે. તેથી જ અત્યારે,

- દિવ્ય કર્યા પછી પતિનો પોતાના કૃત્યનો ભારે પસ્તાવો,
- સીતાજી પર રામનો હવે અધિક પ્રેમ-સદ્ભાવ;
- બે હીરા જેવા ગુણિયલ ને મહા શૂરવીરતાવાળા પુત્રો,
- રાજાશાહી વૈભવ-વિલાસ, તથા
- લોકમાં જગદંબા તરીકેના માન-સન્માન,

આ બધી મહા અનુકૂળતાઓ મૂકી એકદમ જ ચારિત્ર લેવા કેમ નીકળી પડે ? પૂછો :

**પ્રશ્ન** : શું એવો સંભવ નથી કે ચારિત્રનો નિર્ધાર પૂર્વે જંગલમાં તરછોડવા વખતે નહીં, કિન્તુ અત્યારે દિવ્ય કર્યા પછી થયો હોય ? કેમ કે અત્યારે મહા અનુકૂળતા થઈ છતાં વૈરાગ્ય એ જોઈને ઊછળ્યો હોય કે, 'જુઓ; પતિ એકવાર જંગલમાં કાઢી મૂકે છે અને અત્યારે પસ્તાવો કરે છે ! કેવું સંસારનું નાટક ! એમ, લોક એકવાર નિંદા કરતું હતું, હવે જગદંબા કહે છે ! આ પણ કેવું સંસારનું નાટક ! માટે નાટકીયો સંસાર ખોટો, એટલે એ છોડી ચારિત્ર લઈ લઉં.' આમ વૈરાગ્ય અને ચારિત્ર-ભાવના અત્યારે જ થવા સંભવ નથી ?

**ઉત્તર** : હા, બીજા મહાપુરુષોના જીવનમાં એમ બન્યું છે, પરંતુ અહીં પરિસ્થિતિ જુદી છે. પતિ પસ્તાવો કરે છે, એ પોતે લોકવચનથી ખોટા દોરવાયા હતાં એનો પસ્તાવો કરે છે. આવો પસ્તાવો તો પ્રશંસનીય તત્ત્વ છે, એને સંસારનું નાટક ન કહેવાય. તેમ, લોક પણ અત્યારે જગદંબા કહે છે, એ પણ સત્ય સમજવાથી સીતાજીના સતીત્વના ગજબ પ્રભાવની અનુમોદના કરે છે, એ પણ સારું તત્ત્વ હોઈ એને સંસારનું નાટક ન કહેવાય.

**તાત્પર્ય** : અત્યારે એકાએક ચારિત્ર-નિર્ધાર થઈ જવાનું અત્યારના સંસાર નાટક જોવા પર સંભવિત નથી. એટલે માનવું જ જોઈએ કે એમણે વનમાં તરછોડવા પર ચારિત્ર નિર્ધાર કર્યો હોય.

આ એટલા માટે પણ સુસંભવિત છે કે પૂર્વના વનવાસના અને રાવણને ત્યાં કેદ પૂરાવાના કષ્ટ કરતાં લોકમાં નિંદાઈને જંગલમાં તરછોડાવાના અપમાન અને લોકનિંદાનું કષ્ટ અસહ્ય બનીને મનને કેઈ ગણું મોટું લાગ્યું હોય. કોઈ પણ સજ્જનને મન આવા અપમાન-તિરસ્કાર-હલકાઈનું કષ્ટ મોટું જ લાગે, કષ્ટ મહાભયંકર જ લાગે. એટલું જ નહીં, પણ એની આગળ મોટા રાજાશાહી વૈભવ અને સુખ-વિલાસ વિસાતમાં ન લાગે.

સીતાજીને એમ જ લાગ્યું હોય, તેથી મનને સહેજે થાય કે 'રાજાશાહી સંસાર સુખ-વૈભવ લઈને શો સાર કાઢ્યો કે એમાં અંતે આ મહા નાલેશી અને

અપયશ વહોરવા પડ્યા ? માટે હવે જો કલંક ઊતરી જાય, નાલેશી ફીટી જાય, તો પાછું સંસારસુખ-વૈભવની વિષ્ટામાં મોઢું ઘાલવાની મૂર્ખાઈ ન કરવી, કિન્તુ એને તિલાંજલિ જ આપી દઈ પવિત્ર ચારિત્રજીવન જ અપનાવી લઉં.' આમ,

(૧) 'મૂળ સંસારવાસનાના પાપ ઉપર જ જંગલમાં એકલા અટુલા તરછોડાવાનું આવ્યું, તેથી સંસારવાસના હવે છોડી દેવી' એ વિચાર પર, તેમજ

(૨) 'જંગલમાં તરછોડાવાના ભયંકર અપમાન-અપયશ આગળ સંસારસુખ કશી વિસાતમાં નથી, તેથી હવે ફરીથી એવા કિંમત વિનાના સંસારસુખથી સર્યું. એમાં ગુલામ બનવાની મૂર્ખાઈ કરવી નથી.'

આ વિચાર પર સીતાજીને જંગલમાં તરછોડાવા વખતે જ વૈરાગ્ય વધી ગયો હોય અને કલંક ઊતરવા પૂર્વક ચારિત્ર સ્વીકારવાનો નિર્ધાર કરી લીધો હોય; એ સુસંભવિત છે.

આવો ચારિત્ર-નિર્ધાર સહેલો નથી. આજે દુનિયામાં જુઓ કેટલાય માણસો શું ભારે પછાડ નથી ખાતાં ? શું કોઈ એવી ફસામણીમાં નથી આવતાં કે જ્યાં ભારે નાલેશી જોવી પડે ? છતાં એમાંના કોને આ વિચાર આવે છે કે 'મૂળ સંસારવાસનાના પાપ પર આ પછાડ કે આ નાલેશી આવી છે, તેથી હવે પછાડમાંથી ઊંચો આવું યા નાલેશી હટી જઈ પુનઃ યશ પ્રાપ્ત થાય, ત્યારે સંસારવાસના અને સંસારનો ત્યાગ કરી મારે ચારિત્રજીવન અપનાવી લેવું ?' આવો વિચાર કરનારાઓ આજે ક્યાં છે ?

એટલે જ સીતાજીનો ચારિત્ર-નિર્ધાર ખૂબ જ પ્રશંસનીય અને આવકારદાયક છે. એ પરથી ઘડો લઈ ક્યારેક જીવમાં એવી કોઈ ભારે નાલેશી જોઈ સંસારથી અને ભોગસુખોથી ઊભગવા જેવું છે અને કાં સંસાર-ત્યાગપૂર્વક ચારિત્રજીવન અથવા વૈરાગ્યવાસિત ગૃહસ્થજીવનમાં શક્ય એટલા ભોગસુખોના ત્યાગમાં આવી જવા જેવું છે. અસ્તુ.



# ૩. ત્રણ તમાચ

વાત એ હતી કે દિવ્ય કર્યા પછી સીતાજીએ અયોધ્યામાં આવવા ના પાડી દીધી, ચારિત્ર લેવાનો નિર્ધાર પ્રગટ કરી દીધો, ત્યારે રામ-લક્ષ્મણ વગેરે એમને અયોધ્યામાં પધારવા બહુ વિનવે છે. એ વખતે સીતાજી જુઓ કેટલો બધો તત્ત્વપૂર્ણ અને સચોટ દલીલવાળો ઉત્તર વાળે છે !

સીતાજી કહે છે : 'તમે હવે ખોટા આગ્રહ ન કરો.'

**જુઓ; મેં અનંતા કાળમાં તો કર્મોની અનંતી તમાચ ખાધી, પરંતુ આ જનમમાં પણ ત્રણ વાર કર્મોની ભયંકર તમાચ ખાધી, તો હવે ચોથી તમાચ ખાવાનો મારે મોખ નથી.'**

**સીતાજીને કઈ ત્રણ કર્મ-તમાચ ? :**

સીતાજી કહે છે : 'જુઓ; આ જનમમાં કર્મોની મોટી ત્રણ તમાચ આ રીતે ખાધી :

(૧) 'હું પિતાજી જનકરાજાના ઘરેથી પરણીને આવી, ત્યારે મનને ઉમળકો હતો કે 'કેવું મારું અહોભાગ્ય કે દુનિયાની કોઈ કન્યાને ન મળે એવા મહાયશસ્વી દશરથનંદન મને પતિ તરીકે મળ્યા ! ચાલો; હવે એમની સાથે મહેલવાસમાં આનંદ મંગળ કરીશ.'

'પરંતુ કર્મે મને આ તમાચ ઠોકી કે, 'આમ આવ, આમ આવ, મહેલવાસમાં તારે આનંદ મંગળ કરવા છે ? લે જા, તને વનવાસના કષ્ટ દેખાડું છું.' એમ કરી મહેલવાસ મુકાવી વનવાસ દેખાડ્યો !'

(૨) 'ત્યારે બીજી ભયંકર તમાચ કર્મે આ ઠોકી કે વનવાસ મળવા છતાં હું રોવા ન બેઠી, પણ મન વાળ્યું કે,

'ભલે મહેલવાસ ગયો, પરંતુ પતિ તો મારી સાથે છે. હું ક્યાં મહેલને કે મહેલની સુખ-સગવડને પરણી હતી ? હું તો પતિને પરણી હતી અને સો ટચના સોના જેવા મારા પતિદેવ તો મારી સાથે જ. જેની સાથે હૃદયના સંબંધ બાંધ્યા એ મારે જો સલામત તો સબ સલામત. મહેલાત, નોકરચાકરો, હીરા-માણેક, રાજાશાહી ખાનપાન અને વાહનો વગેરે સાથે હૃદયના સંબંધ બાંધ્યા નહોતાં, એટલે એ બિનસલામત થયા, તો મારું શું થયું ? પતિ સલામત છે, તો મારે સબ સલામત છે.'

'આમ મન વાળ્યું, ત્યારે કર્મે બીજી તમાચ આ ઠોકી કે 'આમ આવ, પતિ તારા સલામત તારી પાસે છે ? લે, જો', એમ કરીને મને રાવણ પાસે ઉપડાવી ! કર્મની આ તમાચમાં ક્યાં મારા પતિ મારી પાસે સલામત રહ્યા ?'

(૩) 'ત્રીજી કર્મની ભયંકર તમાચ એ પડી કે તમે આવીને રાવણ સાથે યુદ્ધ કર્યું, રાવણ મરાયો અને તમે મને લઈને અયોધ્યામાં મહા સામ્રાજ્ઞીના પદે બેસાડી ત્યારે મને એમ થયું કે, 'હાશ ! મારે હવે દુઃખના દહાડા ગયા.' ત્યાં ભયંકર કર્મે ત્રીજી તમાચ આ લગાવી કે 'આમ આવ, તારે દુઃખના દહાડા ગયા ? લે જો, એ બધા દુઃખોને ટપી જાય એવું તારા પતિ પાસે જ અપમાનિત રીતે જંગલમાં એકલી અટુલી હકાલપટ્ટી કરાવવાનું મહાભયંકર દુઃખ દેખાડું છું.' એમ કરી જંગલમાં મને તરછોડાવી.'

'આમ, કર્મોની ૩-૩ તમાચ ખાધી. હવે તમે કહો છો 'ચાલ; અયોધ્યામાં' અને હું ચાલું, એનો અર્થ પણ એ કે મારે ત્યાં મહેલમાં બેસી કર્મની ચોથી તમાચ ખાવા ગાલ તૈયાર રાખવો !'

'માફ કરો. અનંતા જન્મોમાં કર્મોની મેં અનંતી તમાચો ખાધી. હવે તમાચ ખાવાનો મોખ નથી.'

'કર્મો મને શું તમાચો ઠોકતાં હતાં ? હું જ જિનશાસનના અહિંસા-સંયમ-તપથી કર્મોને તમાચે તમાચા ઠોકીશ અને કર્મોને સદાને માટે ભગાડનારા અહિંસા-સંયમ-તપથી રવાના કરી દઈશ. એટલે જ હું એ માટે ચારિત્ર પંથે જાઉં છું.'

સીતાજીનો આ કેવો ઉત્તમ વિવેક ! એમના ત્રણે મુદ્દામાંથી બોધપાઠ લેવા જેવો છે.

**ત્રણ મુદ્દામાંથી બોધપાઠ :**

(૧) પહેલાં મુદ્દામાં સીતાજીને જીવનભર મહેલવાસના આનંદ-મંગળનો વિશ્વાસ હતો, એ વિશ્વાસનો ભંગ થયો. કર્મ વિશ્વમાં રહેલા જીવનો કેવો વિશ્વાસઘાત કરે છે ? એ જોવા મળે છે.

કર્મ વળી એક જાતના નથી હોતાં, કર્મ એટલે કે પુણ્યકર્મ, એ ભાતભાતના હોય છે. દા.ત. પહેલું તો માનવજન્મનું મહાપુણ્ય, એમાંય આયુષ્યનું પુણ્ય, આરોગ્યનું પુણ્ય, બળ-શક્તિનું પુણ્ય, પૈસાનું પુણ્ય, આબરૂનું પુણ્ય, ખાનપાનનું પુણ્ય, સ્વસ્થ બુદ્ધિવાળા મગજનું પુણ્ય, વેપારમાં નફાનું પુણ્ય, સારો પરિવાર મળવાનું પુણ્ય, સારા નોકર મળવાનું પુણ્ય, સારા પાડોશી મળવાનું પુણ્ય, સારો રાજા સત્તાધીશ મળવાનું પુણ્ય... આમ કેઈ પ્રકારના પુણ્ય હોય છે. એમાંનું એકેક પુણ્યકર્મ કેવો કેવો વિશ્વાસઘાત કરે છે, એ આ જગતમાં દેખાય છે. દા.ત.,

- જીવનમાં જનમના પુણ્યના ભરોસે બેઠો હોય અને જોતજોતામાં માનવજન્મ ઉપડી જાય છે !
- આયુષ્યના પુણ્યના ભરોસે બેઠો હોય કે મારે હજી ઘણું જીવવાનું છે, પરંતુ એકાએક આયુષ્ય ખૂટે છે !
- ધનના પુણ્યના વિશ્વાસે બેઠો હોય અને એકાએક ધન ગુમાવવાનું થાય છે !
- બળના ભરોસે બેઠો હોય અને એકાએક કોઈ રોગાદિ કે અકસ્માત્ આવીને બળ-શક્તિ ક્ષીણ થઈ જાય છે... !

**આમ જોઈએ તો જેટલા પુણ્યકર્મ, એ બધાના દરેકના વિશ્વાસઘાત જુદા જુદા. આવા અનેકાનેક વિશ્વાસઘાતનો ભોગ બનતો જીવ કેવી પામર ને કંગાળ દશાવાળો કહેવાય ?**

**ત્યારે કહો, કર્મો તરફથી વિશ્વાસઘાતો જો હૈયાને ખરેખર ખટકતાં હોય, તો સંસારમાં સુખે જીવી શકાય ?**

માનો કે દુકાનમાં ૨૫ નોકર હોય અને એમાંનો દરેકે દરેક વર્તમાનકાળના હિસાબે વિશ્વાસઘાતી સ્વભાવનો છે, એમ ખબર પડી, તો પછી શેઠ સુખે જીવી શકશે ? એને ક્ષણ પણ ચેન રહે ?

તો પછી તમે સુખચેનમાં જીવી શકો છો ને ? શાથી ? આ પૈસા-પત્ની-માલ-મિલકત-સગાસ્નેહી... યાવત્ તમારી કાયા અને કાયાનું એકેક અંગોપાંગ ક્યારે બગડી બેસે ? એનો ભરોસો નથી, જરા જરાકમાં પૈસાને ધક્કો પહોંચે છે, તો પત્ની યા પુત્ર-પુત્રીને રીસ ચડે છે, ત્યારે ઘરની કોઈ વસ્તુ બગડે છે ! કે દુકાનના માલના બજારમાં ભાવ નીચા ગગડી જાય છે ! અથવા જરા જરાકમાં હાથ દુખે છે, પગ દુખે છે, કમર તૂટે છે, સગા-સ્નેહીને ખોટું લાગે છે ! આ બધું શું છે ? બધું સારું ચાલશે, એવા એના પરના વિશ્વાસનો ભંગ થયો. ત્યારે સવાલ આ છે :

આવા વિશ્વાસઘાત કરનારાઓના ઘેરાવાની વચમાં તમે સુખ-ચેનથી જીવી શકો છો; એ શું હૈયાની ધિઠ્ઠાઈ નથી કે,

'ભલે વિશ્વાસઘાતી તો વિશ્વાસઘાતી, પરંતુ એનાથી આનંદમંગળ રહે છે ને ? બસ, એના વિશ્વાસઘાતને બહુ લેખામાં નહીં લેવાનો.'

પત્ની રૂપાળી અને સેવાભાવી હોય, પરંતુ કુલટા હોય છતાં જો પતિ આમ મન વાળે કે, 'ભલે કુલટા તો કુલટા, પરંતુ એનાથી આનંદમંગળ રહે છે ને ? તો એની કુલટાગીરીને મહત્ત્વ નહીં આપવાનું.' આમ મન વાળી ઠંકડથી બેસવું; એ પતિની ધિઠ્ઠાઈ છે. એવા પતિની સમાજમાં કિંમત કેટલી ?

એમ અહીં દુન્યવી પદાર્થો અને પ્રસંગો વિશ્વાસઘાતક સમજવા છતાં એમાં હૂંફ, શાંતિ અને નિરાંત-નિશ્ચિન્તતા રાખવી અને એની સાથે પૂરા સંબંધ રાખી જીવન જીવવું; એ શું ધિઠ્ઠાઈ નથી ? જ્ઞાનીલોકમાં એની કિંમત કેટલી ?

એમ કહેશો કે, 'બધું ય સમજીએ છીએ, પરંતુ થોડું જ એમ છૂટે છે ?'

વાત સાચી, સર્વે સર્વા ન છૂટે, પરંતુ આ વિશ્વાસઘાતક પદાર્થોમાંથી આત્માના હિતાર્થે ઉપયોગ થઈ શકે કે નહીં ?

- આંખ વિશ્વાસઘાતક છે, તો આંખમાં સારામાં સારું પ્રભુદર્શન ખૂબ ખૂબ થઈ શકે ને ? ગુરુમુખદર્શન, ભાવથી સાધુદર્શન થઈ શકે ને ? આંખથી શક્ય એટલું વધું શાસ્ત્રવાંચન થઈ શકે ને ? ક્યાં એની ગરજ જ છે ? આંખના સદુપયોગ હાલતાં ને ચાલતાં મળે એમ હોય છે.

- એમ, જીભના કેટલા ય સદુપયોગ છે, પરંતુ એમાંના કેટલા કરો છો ? લાવ; આ જીભનો પણ ભરોસો નથી કે ક્યાં સુધી કામ કરે ?

એનાથી જેટલું સારું સારું બોલાય, સારાં પ્રભુના સ્તોત્રો, શાસ્ત્ર-ગાથાઓ અને મહાપુરુષોના ગુણ-ગણ જેટલા બોલાય, એટલા બોલતો રહું; આવી ધગશ રહે.

'જેના ભરોસે રહ્યા, જેના વિશ્વાસે બેઠા, એ આપણી ધારણા બહાર એકાએક બગડી જઈ યા ઊડી જઈ આપણા વિશ્વાસનો ભંગ કરનારા છે,' આ જો બરાબર હૈયે ઠસ્યું હોય ને સદા નજર સામે તરવરતું હોય, તો તો આ આંખ-જીભ જ શું, એકેએક અંગોપાંગ કાન, હાથ, પગ, શરીર વગેરેથી અને પૈસા-પત્ની-પુત્ર-માલ-સામાન વગેરેથી શક્ય એટલો જિનભક્તિ, સાધુસેવા, સાધર્મિકભક્તિ-સત્કાર, જ્ઞાનભક્તિ... વગેરેમાં સદુપયોગ કરતાં રહેવાનું સહેજે બને.

સવારે ઊઠ્યા ત્યાંથી આ વિચાર કરો કે, 'સીતાજી જેવા મહાપુણ્યવંતા સતીરત્નને પોતે જે પુણ્યકર્મના વિશ્વાસે રહેલા તે કર્મ દગો દે છે, તો આપણા જેવા માટે કર્મ કયું વફાદાર હોય કે આપણી ધારણા મુજબ જ ટક્યું રહે ? ને આપણી સેવા બજાવતું રહે ?

**માત્ર આપણે જ શું, આખા જગત માટે કર્મ અને દુન્યવી પદાર્થો વિશ્વાસભંગ કરનારા છે. માટે જ એની સારાસારીમાં ય એનાથી શક્ય સુકૃતો-સાધનાઓ કરી લેવી જોઈએ.**

સીતાજીને પહેલી કર્મ તમાચ પડી, તો હોંશ-આનંદે પતિ સાથે મહેલવાસના સુખ ભોગવવાનો જે હિસાબ રાખેલો, એનો વનવાસના કષ્ટોના હિસાબમાં પલટો આવ્યો, એ કર્મની કેવી જોરદાર તમાચ પડી ! એમાં એ પુણ્યકર્મે વિશ્વાસભંગ કર્યો, એ બોધપાઠ મળે છે.

(૨) બીજી તમાચ વનવાસમાં રાવણે એમને ઉપાડ્યા, અપહરણ કર્યું, એ હતી. જ્યાં રામ અને લક્ષ્મણ જેવા રક્ષણહાર હતાં, વનવગડામાં બેમાંથી એક તો અવશ્ય પાસે રહી સીતાજીને એકલા અટુલા મૂકતાં નહોતાં, છતાં કર્મે એમનું રાવણ પાસે હરણ કરાવ્યું ! કર્મની કેવી જોરદાર તમાચ !

અહીં રાવણે એવો પ્રપંચ રચ્યો કે દૂરથી જાણે કોઈ સજ્જન પર દુષ્ટનું આક્રમણ છે, એવો દેખાવ સમજી રામને પીડિતના રક્ષણ માટે લાંબે સુધી તાણ્યા અને પછી રાવણે દૂર સિંહનાદ કર્યા.

એટલે સીતા લક્ષ્મણજીને કહે : 'તમે દોડો, દોડો, જાઓ, તમારા ભાઈ પર આપત્તિ લાગે છે, તો તમે તરત જઈને આપત્તિ હટાવો.'

લક્ષ્મણ કહે : 'મારા ભાઈનો કોઈ વાળ વાંકો ન કરી શકે, એટલા બધા એ સમર્થ છે. તમે ચિંતા ન કરો. તમને આ વનવગડામાં સૂના કેમ મૂકાય ?'

સીતા કહે : 'આ દુનિયામાં સમર્થને પણ માયાજાળના ભોગ બનવું પડે છે. તેથી તમે જલ્દી જાઓ અને માયાવીના ફંદામાંથી ભાઈને છોડાવી લાવો. મારી ચિંતા ન કરો. એટલામાં મને શી આફત આવવાની હતી ? અને મારું ગમે તે થાઓ, પરંતુ સ્વામીની સલામતી પહેલી જોવાની. માટે જાઓ જલ્દી ભાઈના રક્ષણ માટે.' મહાસતી કેવા સમયજ્ઞ છે !

અહીં રાવણે માયાજાળ પાથરવી, પહેલાં એકલા રામને ખસેડવા, પછી લક્ષ્મણને ખસેડવા... એ બનાવે માણસો પુણ્યના ફળ પર રાખેલા વિશ્વાસનો કેવો ઘાત કર્યો ? સીતાજી સમજતાં હોય કે અહીં જંગલમાં પણ મારે તો એકને બદલે બે સમર્થ રક્ષણહાર પાસે છે, પછી શી ફિકર ? પરંતુ ફિકર વિના રહેવા મળે; એ પુણ્યનું ફળ છે, એ પુણ્યનો વિશ્વાસ શો ? એના પર હવે અશુભ કર્મ ત્રાટકે છે, તે કર્મ ક્રમશઃ રામ-લક્ષ્મણ બંનેને સીતાજી પાસેથી ખસેડે છે અને ત્યાં જ રાવણને ભિક્ષુકરૂપે હાજર કરે છે, આ બધું કર્મ કરે છે !

રાવણ સીતાજીની ઝુંપડી આગળ આવીને પોકારે છે : 'મૈયા ! ભિક્ષા દે.'

ભલા મનના સીતાજી લોટ કે રોટલો લઈ ઝુંપડીની બહાર આવે છે અને ભિક્ષા દે છે, ત્યારે રાવણ સીધા એમને ઊંચકી વિમાનમાં નાખી ઉપાડી જાય છે !

પ્રપંચને કોણ પહોંચે ? કહે છે ને કે માયા મોટા બ્રહ્માને પણ છેતરી જાય ! ત્યારે સામાન્ય જીવ કોણ માત્ર કે ન છેતરાય ?

આવા માયા-પ્રપંચથી ભરેલા સંસારમાં સંયોગવશાત્ રહેવું પડે, છતાં શું નિશ્ચિન્તતા હોય કે, 'ચાલો; બેસો નિરાંતે ? કેમકે હવે નિરાંતે ઠરીઠામ બેસવાનો અવસર આવ્યો છે.' સંસારમાં નિરાંતે ઠરીઠામ જે બેઠા એવા અનંતા જીવો ઠગાઈ ગયા. જ્યાં સંસારની એકેક વસ્તુ વિશ્વાસઘાતી, ત્યાં એવા વિશ્વાસઘાતીઓના જૂથના ઘેરાવા વચ્ચે નિરાંતે-નિશ્ચિન્તપણે બેસાય જ શી રીતે ?

**આ વિશ્વાસઘાતી વસ્તુઓથી સંસાર ભર્યો ભર્યો છે, માટે જ જ્ઞાનીઓ સંસારને અસાર કહે છે.**

એને જો એવો ઓળખી લેવાય પછી એની એકેક વસ્તુની બહુ મમતા ન રખાય. એ મમતામાં આત્માનું હિત જે ધર્મસાધના અને ગુણસાધના, એ ન ચૂકાય.

આ ઊંચા માનવજનમમાં ધર્મસાધના અને ગુણસાધનાના સોનેરી અવસર છતાં કોણ ચૂકાવે છે ? કહો, સંસારને અસાર તરીકે ઓળખ્યો નથી ને વિશ્વાસઘાતક વસ્તુઓના વિશ્વાસે બેઠા છીએ, એ ચૂકવે છે.

નહીંતર તો જો આ સમજતાં હોઈએ, તો તો મનને એમ થાય કે, 'લાવ ત્યારે, આ દુન્યવી પદાર્થ મને ઠગીને ચાલ્યા ન જાય કે બગડી ન જાય, ત્યાં સુધીમાં દાન-શીલ-તપ-જિનભક્તિ-સાધુસેવા વગેરે ધર્મની અને વિનય-ક્ષમા-નમ્રતા વગેરે ગુણની સાધના કરતો ચાલું. સવારે ઊઠું ત્યારથી આ લગન રાખું કે ક્યાં ક્યાં આ ધર્મસાધના ને ગુણસાધના કરવા મળે છે ? અને એની સોનેરી તક મળતાં એને ઝડપી લઈ, તે તે ધર્મ ને ગુણ સાધવા માંડું.'

પૂર્વના મહાપુરુષો એટલે જ ધર્મશીલ અને ગુણશીલ બન્યા રહેતાં હતાં, સમજતાં હતાં કે સંસારના સંયોગો વિશ્વાસઘાતી છે, માટે એ અનુકૂળ હોય ત્યાં સુધી એમાં આપણે બને એટલા ધર્મ કરવાના અને ગુણ કેળવવાના સ્વભાવવાળા બન્યા રહીએ, અર્થાત્ ધર્મશીલ અને ગુણશીલ બન્યા રહીએ.

અનંતા જનમ પાપશીલ અને દોષશીલ બન્યા રહ્યા, હવે જ્યારે અહીં આર્ય માનવજન્મ મળ્યો છે, જિનશાસન મળ્યું છે, તો એનો ઉપયોગ પાપશીલ મટી ધર્મશીલ બનવામાં જ સદુપયોગ છે, દોષશીલ મટી ગુણશીલ બનવામાં જ સદુપયોગ છે.

ચંદનબાળા ઊભે બજારે વેચાઈ હતી, ધનાશેઠને ત્યાં ખરીદાઈને આવી હતી, બાપના ઘરના રાજાશાહી વૈભવ વિષયો તો ગયા, માતાની સુંવાળી હુંફ પણ ગઈ અને વણિકને ત્યાં એક વેચાણ કન્યા તરીકે આવી છે, દુઃખની હદ ? છતાં ક્યાંય હાયવોય, ધમધમ કે કરુણ આક્રંદ નથી, કેમકે એ પાપ છે; એમ સમજે છે. એણે તો બે વાત રાખી છે :

(૧) એક પોતાના જ પૂર્વકર્મના વિપાક સમજી એ બાબતમાં તટસ્થપણું, ઉદાસીન ભાવ, સ્વસ્થપણું રાખવું. 'ચાલતું હોય એમ ચાલવા દો,' એ જ હિસાબ.

(૨) બીજું, સદા સર્વદા અરિહંત ભગવાનનું શરણ. 'હું ભગવાનને શરણે છું. ભગવાનનું શરણ સ્વીકાર્યા પછી મારે શી ચિંતા રાખવાની ? મારું બધું મારા ભગવાન સંભાળી લેશે. મારે ભગવાનને સંભાળવાનાં.'

બસ, દિલમાં આ બે ભાવ જોરદાર હોય, પછી શું કામ દિલમાં કોઈ ક્રોધ-દ્વેષાદિ દોષ લાવે ? કે શું કામ કોઈ પ્રપંચના પાપ કરે ?

**ભગવાન અને જિનશાસન મળ્યું છે ને ? પછી અનાદિની દોષશીલતા અને પાપશીલતા અર્થાત્ દોષના સ્વભાવ અને પાપના સ્વભાવ પડતા મૂક્યા.**

ચંદનબાળાની ઉચ્ચ આત્મ-પરિણતિ મન પર લેવા જેવી છે. વિચારીએ તો લાગે કે એક વખતની રાજકુમારી, તે આવી ગુલામી દશામાં મૂકાય ? એમાં વળી, ધનાશેઠની દ્વેષિલી, ઇર્ષ્યાળુ પત્ની એનું માથું મુંડાવી, પગમાં બેડી ઘાલી અને ભોંયરામાં પૂરી દે ? ને ત્યાં વળી ભૂખ્યા-તરસ્યા બેસી રહેવું પડે ? છતાં,

- સહનશીલતા અદ્ભુત !
- સમતા અદ્ભુત !
- વિનય-નમ્રતા અદ્ભુત !
- પ્રભુભક્તિ અજબ !
- ભોંયરામાં જેઠ માસની ભારે ગરમીમાં પણ ત્રણ ત્રણ દિવસ ભૂખ્યા-તરસ્યા રહેવા છતાં ખૂબ શાંતિથી મહાવીર પ્રભુના નામની અનેરી રટણા !

**જીવનમાં ધર્મશીલતા અને ગુણશીલતા તરવરતી હોય, ત્યાં આ અદ્ભુત વાતો પણ આવવી સરળ છે.**

જીવનની સુવાસ પણ આ જ છે, નહીંતર તો કાગડા-કૂતરા પણ જીવન જીવે છે, પણ એની શી કિંમત ? જીવનમાં આવી કોઈ ધર્મ કે ગુણની સુવાસ નથી લાવવી, જન્મ જીવીને ફળમાં પરભવે આવી કોઈ કમાઈ નથી કરી જવી, તો શું આપણે પણ સુવાસ વિનાનું ને પાપો તથા દોષોનું દુર્ગંધવાળું જીવન જીવીએ ? અને જનમ એવો જ નિષ્ફળ જવા દઈએ ?

સીતાજીને રાવણ પ્રપંચ કરી ઉઠાવી ગયો અને પોતાની અશોકવાટિકામાં આજુબાજુ ભારે ચોકી પહેરા વચ્ચે બેસાડી દીધી. જીવનની મજા શી સમજ્યો હશે ? આમ કોઈની પત્નીને ઉઠાવી લઈ પોતાને ત્યાં ઘાલી દેવી, એમાં જ જીવનની મજા જોઈ ને ? રાવણ ભડવીર છે, પણ કામવાસના ભડવીરને ય ભૂલાવે છે.

સીતાજીને કર્મની પહેલી તમાચમાં વનવાસ મળ્યો, ત્યાં મન વાળ્યું હતું કે, 'મહેલવાસ ગયો ને વનવાસ આવ્યો તો ભલે આવ્યો, હું ક્યાં મહેલવાસને પરણી હતી તે એના જવામાં રોઉં ? હું તો પતિને પરણી છું, તે પતિ મારી પાસે જ છે, પછી શી ફિકર ?' પરંતુ કર્મે બીજી તમાચમાં એમનું રાવણ પાસે હરણ કરાવ્યું.

ત્યારે હવે આ બીજી કર્મ-તમાચમાં તો પતિ સાથેથી દૂર થયા, તો રોવાનું ન થાય ? ના, સીતીજીએ ત્યાં પણ મન વાળ્યું કે, 'મારા કે પતિના કોઈ પ્રયત્નથી પતિ દૂર નથી થયા, પણ રાવણના અપરાધથી મારે પતિનો વિયોગ થયો છે. **પતિનો વિયોગ છતાં મારે શીલનો વિયોગ નથી, શીલ મારી પાસે અખંડ છે. ચાલો, આ પણ મહાન આશ્વાસન છે.** અને ભલે પરપુરુષ રાવણની કેદમાં છું, પરંતુ રાવણની તાકાત નથી કે મારા શીલને આંચ પમાડી શકે !'

સીતાજી આ શીલરક્ષાનો નિર્ધાર કેમ રાખી રહ્યા છે ? જાણે તો છે જ કે, 'રાવણ એમને કેમ ઉપાડી લાવ્યો હોય ?' તો શું બળવાન શરીરવાળા રાવણના આક્રમણમાં અબળા સીતાજી શીલ સાચવી શકે ?



# ૪. ... પણ શીલ ન જાય

પરંતુ જુઓ; સીતાજી અશોકવાટિકામાં મૂકાયા પછી જ્યારે રાવણ પહેલીવાર એમની પાસે આવ્યો, ત્યારે આ મહાસતીએ પડકાર કર્યો છે કે, 'જુઓ રાવણ ! સાડાત્રણ હાથ દૂર રહી વાત કરજો. આ મર્યાદાની અંદર આવી કશું કરવા ગયા, તો સમજી લેજો કે તમારા હાથમાં સીતા નહીં આવે, પણ સીતાનું મડદું હાથમાં આવશે, પછી તો મડદા ઉપર તો ગીધડા ઉજાણી કરે.'

સીતાજીની આમ તૈયારી હતી કે રાવણ એમના શરીરને અડવા જાય એ પહેલાં જીભ કચડીને મરી જવું, પછી બળવાન પણ રાવણથી એમના શીલનો ભંગ થાય જ શી રીતે ?

**ચંદનાની માતાનો શીલ ખાતર આપઘાત :**

ચંદનબાળાની માતાને શું બન્યું હતું ? સૈનિક એમને જંગલના રસ્તેથી લઈ જતાં કહે છે : 'તમે ધણી વિનાના બન્યા, પણ ચિંતા ન કરશો. હું તમને મારી ઘરરાણી બનાવીશ.' બસ, આ સાંભળતાં જ આ મહાસતી ધારિણી ત્યાં જ જીભ કચડીને આપઘાત કરે છે ! ત્યારે તો સૈનિક એ દેખી ગભરાઈ ગયો.

અહીં એક પ્રશ્ન ઊઠે :

**ભાવી અનેક ધર્મ-સુકૃતોનું સાધનભૂત જીવન શીલ ખાતર કેમ જતું કરવું ? :**

**પ્રશ્ન :** શું આવી રીતે આ કિંમતી માનવજનમનો નાશ કરાય ? જો આપઘાત ન કરતાં જીવંત રહે, તો આગળ પર ઠેઠ ચારિત્ર સુધીની કેટલી બધી ધર્મ આરાધનાઓ, ગુણાભ્યાસો અને સુકૃત-સાધનાઓને અવકાશ રહે !

**ઉત્તર :** આ હિસાબ ખોટો છે. કેમકે જ્યાં પહેલા પ્રાણ બચાવવા ધર્મના પ્રાણભૂત શીલની પરિણતિ નષ્ટ કરી, ત્યાં ધર્મપરિણતિ જ નષ્ટ થઈ ગઈ.

‘શીલ જાઓ તો જાઓ, પ્રાણ ટકી રહો’ એમ મનમાં રહેવાથી પ્રાણ તો એક પૌદ્‌ગલિક ચીજ, એની આગળ શીલ જે આધ્યાત્મિક ચીજ, એને ગૌણ કરી !

**ધર્મનો એ ગૌણભાવ ઊભો રહેલો પછી શીલ ભાંગીને જીવી, આગળ ગમે તેટલો ધર્મ કરે, પરંતુ ગૌણભાવે જ રહેવાનો.**

કેમકે મન તો એનું એ જ રહ્યું ને કે ભલે ભવિષ્યમાં ધર્મ માટે પ્રાણ બચાવ્યા, પરંતુ વર્તમાનમાં તો શીલ ધર્મની ગૌણતા કરીને પ્રાણને મુખ્યતા આપી. એમાં ‘પ્રાણ એ ધર્મ કરતાં કીંમતી, પ્રાણ વધુ મહત્ત્વના, ધર્મ ઓછા મહત્ત્વનો’ આ માનસિક સ્થિતિ રહી.

આવી સ્થિતિ ન બને, એટલા માટે જ મહારાજા કુમારપાળે નવરાત્રિમાં એક બોકડાનો ભોગ ન આપવા અને એમ કરી દયાધર્મ બચાવવા ખાતર દેવીના પ્રકોપ સામે જીવતાં બળી મરવાની તૈયારી કરી !

અહીં પણ ચંદનબાળાની માતા ધારિણી રાણીએ સુભટના હાથે શીલભંગની આગાહી સાંભળી જીભ કચડી મોત નોંતર્યું, એક જ કારણ : ‘પ્રાણ કરતાં ધર્મ મુખ્ય જ રહેવો જોઈએ’ એ જીવન સૂત્ર હતું.

ધારિણીના આપઘાતથી સુભટ ગભરાયો કે, ‘રખે આની દીકરીને ય આમ કહું ને એ ય મરે તો ? આની દીકરી પણ આ જ સત્ત્વવાળી હોય.’ તેથી તરત જ દીકરી ચંદનબાળાને એ કહે છે : ‘બેન ! તું આવું ન કરીશ. મરીશ નહીં. હું તને ઘરરાણી નહીં કરું.’

શીલના સંરક્ષણ માટે સતીઓ પાવરધી હોય છે કે જરૂર પડે પ્રાણ જતાં કરે, પરંતુ શીલને બરાબર સાચવે. પૂછો,

**પ્રશ્ન** : એમ જાતે જીભ કચડતાં જીવ કેમ ચાલે ?

**ઉત્તર** : જીવ બે રીતે ચાલે :

(૧) શીલને જીવન જીવવાનો સાર દેખ્યો હોય છે. જો સાર હાથમાંથી જતો રહેતો હોય, તો જીવવાનું કામ નહીં; એવો પાક્કો નિર્ધાર સતીઓને હોય છે. પછી ગમે તે રીતે આત્મહત્યા કરતાં આંચકો ન આવે.

**'શીલ એ જીવનનો સાર' એમ હૃદયમાં પાકું અંકિત હોય, તો શીલભંગ પહેલાં પ્રાણભંગ કરવો સહેલો લાગે.**

(૨) શીલ ખાતર સ્વતઃ પ્રાણત્યાગ કરવાની હિંમતનું બીજું કારણ આ છે કે એ શીલભંગની સામે નરકની અસંખ્ય વરસોની છેદન-ભેદનની કારમી વેદના જુએ છે. એવી દીર્ઘાતિદીર્ઘ કાળની કારમી વેદના નજર સામે રહેવાથી એ અટકાવવા શીલરક્ષાર્થે જીભ કચડી મરી જતાં કોઈ બહુ કષ્ટ લાગતું નહીં.

સીતાજીની શીલરક્ષાર્થે આ તૈયારી હતી, આ હિંમત હતી, એટલે રાવણને પોતાની બહુ પાસે ન આવવા પડકારી શકે છે. ત્યારે રાવણ પણ મહાસતીના નિર્ધારને સમજી જાય છે.

**રાવણની મહાન પ્રતિજ્ઞા :**

વળી, રાવણને એક પ્રતિજ્ઞા પણ છે કે 'પરસ્ત્રી ઇચ્છે નહીં, તો એનો ભોગ નહીં.' એટલે પણ રાવણ સીતાજીની બહુ પાસે આવતો નથી.

અહીં જુઓ રાવણની પણ આ એક કેવી ઉત્તમતા ! પોતાને કામનો આવેગ ભારી છે, પરંતુ 'પરસ્ત્રી માને તો જ એનો સંબંધ કરવાનો, નહીંતર નહીં.' સામે સીતાજી એક રૂપસુંદરી છે, છતાં જો એ ઇચ્છતી નથી, તો પ્રતિજ્ઞા તોડવાની વાત નહીં, એવી રાવણ દૃઢ ટેક જાળવે છે !

આ એક મહાન સત્ત્વ છે કે, એકવાર પ્રતિજ્ઞા કરી, સંકલ્પ કર્યો, નિર્ધાર કર્યો, પછી એમાં દૃઢપણે ટક્યા રહેવાનું; પછી ભલે ગમે તેટલા ભય આવો કે ગમે તેટલા પ્રલોભનો આવો, પ્રતિજ્ઞાથી ડગવાની વાત નહીં.

મનગમતી રૂપાળી યુવાન સ્ત્રી સીતા છે, વળી એકાંત છે, તેમજ વાતાવરણ પુષ્પમય વાટિકાનું છે, પુષ્પોને કામદેવના બાણ કહેવાય છે. આવા કામોત્તેજક વાતાવરણમાં રાવણ પોતાની પ્રતિજ્ઞામાં ટકી રહે; એ એનું સત્ત્વ છે. એક પ્રશ્ન થાય :

**પ્રશ્ન :** જો સત્ત્વ હતું, તો મહાસતી સીતાની છેડતી એમ બળાત્કારે તો કરવી નથી, તેમ સીતા માને એમ પણ નથી, એટલે અંતતોગત્વા સીતાને પાછી સોંપી દેવાની રહે; પછી રાવણનો નાશ કેમ થયો ?

**ઉત્તર :** અહીં રાવણના નાશનું કારણ અભિમાન બન્યું.

**રાવણનું અભિમાન કેવું ? :**

અભિમાન આ આવ્યું કે સીતા માનતી નથી, તેથી મારા માટે એ નકામી છે. પછી અહીં રાખીને શું કામ છે ? સોંપી દઉં. પરંતુ એમ ને એમ સોંપી દઉં, તો તો મારી નાલેશી થાય કે, 'જોયું ? રામ-લક્ષ્મણ યુદ્ધ કરવા આવ્યા, તેથી રાવણ ગભરાઈ ગયો કે હું હારી જઈશ. એમાં સીતા તો ગુમાવું, પણ રાજ્ય પણ ગુમાવવાનું થાય, આ ગભરામણમાં રાવણે સીતાને સીધેસીધી સોંપી દીધી.' આ મારી નાલેશી છે.

શું હું હારી જવાની બીકથી સીતાને પાછી સોંપી દઉં છું ? જરાય નહીં. યુદ્ધમાં જીતી શકું છું. હજારો પરાક્રમી વિદ્યાધર રાજાઓને મેં જીતી લીધા છે, તો આ રામ-લક્ષ્મણ કોણ માત્ર ? એમને યુદ્ધમાં હરાવી, પકડી લાવીને રાજ્યસભામાં ઊભા કરી સીતાનું દયાદાન કરું, જેથી લોકમાં કહેવાય કે, 'ભાઈ જુઓ ! રાવણ ખરો શૂરવીર અને ઉદાર કે રામ-લક્ષ્મણ જેવાને એણે જીતી ય લીધા અને સીતાને શાહજોગ સોંપી દીધી !'

બસ, આ સ્વાભિમાન ઊંચું રાખવા માટે, સીતા પ્રત્યેની કામવાસનાને દબાવી દીધી છતાં, પોતાના વિનાશની કાર્યવાહી ઊભી કરી. કેવી ખૂબી થઈ ?

વિષય દબાયો ત્યારે કષાય જોર કરી ગયો. અભિમાન કષાય વળગ્યો રાવણને. રાવણને માટે સીતા હવે ઇષ્ટ વિષય ન રહ્યો, એટલે ઇષ્ટ વિષયની આસક્તિ છૂટી, પરંતુ સ્વાભિમાન આવીને ઊભું કે, 'સીતાને એમ જ શી રીતે પાછી સોંપાય ? રામ-લક્ષ્મણને હરાવીને સોંપું, તો મારી નાલેશી ન થાય, શાબાશી મળે.'

**સંસારમાં જ્યાં વિષયોની અને કષાયોની શિરજોરી છે, ત્યાં જીવની શી કિંમત છે ?**

એણે તો એક યા બીજા વિષયની ગુલામી જ કર્યા કરવાની ! એક યા બીજા કષાયની પકડમાં જ ફસાયા રહેવાનું ! જીવ પોતે જાણે નમાલો; તે ન વિષયોને દબાવી શકે, ન કષાયોને દૂર કરી શકે ! આ ગુલામીમાં જીવ શું ખાટી જાય ?

ક્ષણિક વિષય-સુખ, ક્ષણિક કષાય-આનંદ, પરંતુ પછી ત્યાં સંતાપ અને પરભવે ચિરકાળના ભવભ્રમણ ! તથા દુર્ગતિઓના કારમા દુઃખ ! આ જ ખાટવાનું ને ?

રાવણ અભિમાન કરવા ગયો, તો શું ખાટી ગયો ? સીતા ઉપરની આસક્તિ છોડી દીધી હતી, છતાં અભિમાનવશ ચોથી નરકમાં ઘસડાઈ જવું પડ્યું ! ત્યારે વિષયાસક્તિ કરતાં અભિમાન કેટલું ખંધું ?

**જાગૃતિનો બોધપાઠ :**

આ પરથી શીખવા મળે છે કે સંસારમાં અમુક વિષયોનો રાગ છોડી દો અને એના ત્યાગના, વ્રત-નિયમના ધર્મમાં આવો, છતાં ધર્મનો સંતોષ વાળીને બેસાય એવું નથી. કેમકે હજી બીજા અનેકાનેક વિષયોના રાગ ઊભા છે, એ ય ખતરનાક છે, તેમજ ક્રોધ, અભિમાન, માયા, હર્ષ, શોક, ઇર્ષ્યા... વગેરે કષાયો ઊભા છે, એ પણ ખતરનાક છે. એટલે જ હંમેશા મનને જાગૃતિ જોઈએ, સાવધાની જોઈએ કે -

'અહો આ વિષયો અને કષાયોના જાલિમ રોગો નામશેષ કરનાર ધન્વંતરીવૈદ્ય તુલ્ય જિનશાસન મને મળ્યું ! તો હવે જિનશાસનરૂપી વૈદની દાન-શીલ-તપ-ભાવના તથા અહિંસા-સંયમ-તપ અને ક્ષમાદિ ૧૦ ગુણો; આ ત્રણ પ્રકારના ધર્મરૂપી દવાઓનો ઉપયોગ કરી, એ વિષયોના ને કષાયોના કારમા રોગોને હું કેમ હટાવતો નથી ચાલતો ? ને ઊલટું, એ રોગોને પરિગ્રહ, વિષયો અને આરંભ-સમારંભના કુપથ્ય સેવન કરી વધારી રહ્યો છું ! આ મારી કેટલી બધી મૂર્ખતા અને મૂઢતા !'

'જ્યાં ભવ્યાતિભવ્ય જિનશાસન મળ્યું છે, મહાપાવનકારી જૈનધર્મ મળ્યો છે, **એવા આ મહાદુર્લભ જિનશાસન સાથેના મનુષ્ય-અવતારે જો સ્વાત્માનું વૈદું નથી કરવું અને આ ભવરોગો નથી ટાળવા, તો જિનશાસન વિનાના કયા અવતારમાં આ મારા જાલિમ ભવરોગ ટાળી શકીશ ? અને અહીં જિનશાસનનો આ ઉપયોગ ન કરું, તો જિનશાસન મળ્યાનો શો અર્થ ?' આ નિત્ય ચિંતા જોઈએ.**

એટલે જ મહારાજા કુમારપાળ આ વિચારતાં રહેતાં હતાં કે, 'પરભવે ભલે રાજ્યપાટ ન મળો, ગરીબી મળો, પરંતુ જૈનધર્મ, જિનશાસન તો અવશ્ય મળજો જ મળજો; કેમકે એની સહાયે જ આ વિષય-કષાયના ભવના રોગ મીટાવી શકાશે.'

સમકિતીની, શ્રાવકમાત્રની આ રોજની ભાવના રહે કે, 'જૈનધર્મના સહારે મારા ભવના રોગ મીટાવતો આવું, વિષયોની લગન અને કષાયોના આવેશ, કષાયોના આશય ઓછા કરતો ચાલું.'

રોજ ચૈત્યવંદન કરતાં જયવીયરાય સૂત્રમાં આ જ માંગીએ છીએ : 'દુકખકખઓ કમ્મકખઓ... સંપજજઉ.' આમાં જે દુઃખનો ક્ષય માગ્યો; એ કયા દુઃખનો ક્ષય ? શું દરિદ્રતા-વ્યાધિ-ગુલામી-મારપીટ વગેરે દ્રવ્યદુઃખનો ક્ષય ? ના, આ વિષય-કષાયરૂપી ભવરોગ કે જે ભાવદુઃખ છે, એ દુઃખનો ક્ષય માગ્યો. કેમકે જીવને માટે ખરેખર દુઃખરૂપ અર્થાત્ ભાવદુઃખ રૂપ તો વિષય-કષાયો છે. કેમકે જીવને કદાચ ગરીબી, વ્યાધિ વગેરે દુઃખ ન હોય છતાં જો એનામાં અધિકાધિક વિષયોની આસક્તિનો તાપ છે, તેમજ ક્રોધ-મદ-માયા વગેરે કષાયોનો તાપ છે, તો જીવ એ સંતાપમાં દુઃખી જ છે. એટલે મોટી વસ્તુ વિષય-કષાયરૂપી ભવરોગ જ છે, ભાવદુઃખ જ છે.

શ્રાવકને મોટી ચિંતા આ વિષય-કષાયરૂપી ભવરોગ યાને ભાવદુઃખની હોય કે, 'અહીં સુલભ બનેલા જિનશાસનના સહારે જો આ ભવરોગ, જો આ ભાવદુઃખ નહીં ટાળું, તો આ વિષય-કષાય જનિત જાલિમ અશુભ કર્મો અને અશુભ અનુબંધોથી પરલોકમાં મારી કેવી ભૂંડી અવદશા થશે ?'

**શ્રાવકને આ પરલોક ચિંતા** મુખ્ય હોય, એની દૃષ્ટિ પરલોક પ્રધાન હોય, એટલે પ્રધાનપણે આ જ જોતો રહે કે,

- **'અહીં એવા વિષયસંગ અને કષાયભાવો ન સેવું કે જેથી પરલોકમાં મારે એના ગાઢ સંસ્કારોના બંડલના બંડલ ઊંચકી લઈ જવા પડે.'**
- 'અહીં જૈનધર્મ મળ્યાનો આ જ મોટો ઉપયોગ છે કે એના દાનાદિ ધર્મ, ક્ષમાદિ ધર્મ અને અહિંસાદિ ધર્મરૂપી ઔષધિના સહારે વિષય-કષાયરૂપી ભવરોગ મટાડતો આવું.'

પાછું આ માત્ર વિચારીને બેસી ન રહે, કિન્તુ એ ધર્મોમાંથી શક્ય એટલા ધર્મનો અમલ કરતો ચાલે. એમાંય સારો ધર્મ આરાધતો હોય, છતાં નિશ્ચિંત ન બેસે કે 'ચાલો; ધર્મ સારો થાય છે, ફિકર નહીં,' એમ બેફિકર ન બને, કિન્તુ એ જોયા કરે કે,

**(૧) એક તો, આ ધર્મથી મારા વિષયરોગ-કષાયરોગ કયા કયા ઘટ્યા ? અને**

**(૨) બીજું એ કે, હજી મારે કેટકેટલા જંગી વિષયરોગો અને કષાયરોગો ઊભા છે ?**

**શાલિભદ્રાદિને મહાવૈભવ એકાએક કેમ છૂટ્યા ? ભવરોગોની ભારી ચિંતા પર :**

શાલિભદ્રાદિ પૂર્વપુરુષો સામે જુઓ તો દેખાશે કે એમણે આ ભવરોગોની ભારી ચિંતા થવા પર જ ભારે વૈરાગ્ય પામી એકાએક મોટા વૈભવ છોડી નીકળી પડેલા ! બોલો, આ વિષય-કષાયોરૂપી ભવરોગના કારણે સર્જાતી નરકાદિ દુર્ગતિના ભયંકર ત્રાસ વેદનાઓથી ડરી, એ રોગોના નિકાલના ઔષધરૂપ અહિંસા-સંયમ-તપનું જીવન સ્વીકારી લેવા માટે મોટા વૈભવ-વિલાસોનો એકી કલમે ત્યાગ કરે; એમાં આશ્ચર્ય છે ? ના, પણ તમને આશ્ચર્ય થાય છે ને કે,

- 'હેં ! જંબૂકુમારે નવાણું ક્રોડ સોનૈયાની સંપત્તિ એક જ દેશના સાંભળીને છોડી...'
- 'હેં ! શાલિભદ્રે નિત્યનવી આવતી દેવતાઈ નવ્વાણું પેટી તથા બત્રીસ અપ્સરાશી યુવાન પત્નીઓનો એકદમ જ ત્યાગ કર્યો !...'
- હેં ! ધન્યકુમારે બત્રીસ ક્રોડ સોનૈયાની સંપત્તિ મહાવીર પ્રભુની માત્ર એક જ દેશના સાંભળીને બીજે જ દિવસે બધીની બધીય છોડી દીધી ને ધન્ના અણગાર થયા !...'

આમ આશ્ચર્ય લાગે છે ને ? કેમ આશ્ચર્ય લાગે છે ?

**તમે ભવરોગ સામે ધિઠ્ઠા બની વૈભવ-વિલાસોનો ત્યાગ નથી કરતાં; શું એ આશ્ચર્ય નથી ?**

**ને આ ભવરોગોના નિકાલ અર્થે ત્યાગ કરે છે; એ આશ્ચર્ય છે ?**

ખરી વાત એ છે કે વિષયોની અર્થાત્ દુન્યવી પદાર્થોની માયાના અને ક્રોધ-માન-માયા વગેરે કષાયોના ભયંકર પરિણામ દેખવા નથી ને વિષય-કષાયોના તાત્કાલિક આનંદ મહત્ત્વના માનવા છે, એટલે જ 'આ સુખના સાધનભૂત વિષયો લેવા મથવું, ને એ જ મેળવવા-ભોગવવા; એ સહજ લાગે છે, ને એનો ત્યાગ કરવો; એ આશ્ચર્યજનક લાગે છે. વાહ તમારી બુદ્ધિ ! વાહ તમારી અવળી દષ્ટિ !

**દષ્ટિ ફેરવવાની જરૂર છે :**

અનંતજ્ઞાનીઓ અજ્ઞાની નહોતાં કે એમણે સમજ્યા વિના સર્વત્યાગનો ઉપદેશ આપ્યો; તેમજ સનત્કુમાર ચક્રવર્તી, મેઘકુમાર, ગજસુકુમાળ, મેતારજમુનિ... વગેરે

મહાસમૃદ્ધ વિભૂતિઓ પણ અજ્ઞાની નહોતી કે એમણે સર્વત્યાગના જીવનમાં ઝટ ઝંપલાવવાનું કર્યું !

તો જ્યાં ત્યાગમાર્ગના સર્વજ્ઞ ભગવાન જેવા ઉપદેશક હોય અને મોટા ચક્રવર્તી જેવા પણ આરાધક હોય, ત્યાં **'જીવનનું સર્વસ્વ ત્યાગમાર્ગની આરાધના જ છે.'** એવી દૃષ્ટિ બંધાઈ જવી જોઈએ. એવી દૃષ્ટિ નિશ્ચિંતપણે બંધાઈ ગઈ એટલે પછી તો જીવનની વડાઈ ત્યાગ જ ત્યાગમાં દેખાયા કરશે અને ભોગમાં તો જીવનની હલકાઈ અને બરબાદી જ લાગશે.

ત્યારે જો આવી દૃષ્ટિ બંધાઈ ગઈ હોય કે ત્યાગ જ જીવનનું સર્વસ્વ, તો પછી કોઈ નરવીર મહાસમૃદ્ધિઓ છોડી સર્વત્યાગના માર્ગે એકાએક ચાલી નીકળે, તો એમાં આશ્ચર્ય શું લાગે ? આશ્ચર્ય તો આ લાગવું જોઈએ કે, 'અરે ! જ્યાં આવા આવા માંધાતાઓએ સહેજમાં મહાત્યાગ-સર્વત્યાગ અપનાવ્યા, તો હું હજી મામૂલી મામૂલી ભોગનો ય ભિખારી બન્યો રહ્યો છું ?'

ઊલટી ગંગા વહી રહી છે ! ઊંધા હિસાબ માંડ્યા છે ! જે વૈભવ વિલાસમાં સરાસર બરબાદી છે, ત્યાં જાહોજલાલી દેખાઈ રહી છે ! એટલે જ એના ત્યાગની વાત આવે ત્યાં આશ્ચર્ય લાગે છે, પરંતુ પોતાની મૂર્ખતા-મૂઢતા નથી દેખાતી કે, 'મારી પોતાની બરબાદી કરનાર વૈભવ વિલાસ અને વિષય-કષાયોમાં હું જાહોજલાલી અને એ સહેજ બનનારી વસ્તુ જોઈ રહ્યો છું ? હું કેવો મૂર્ખ-મૂઢ-ગમાર-બુદ્ધિહીન અને ઊંધી અક્કલવાળો ? બુદ્ધિમત્તા અને સહજરૂપતા તો આ ગોઝારા વૈભવ-વિલાસ અને વિષય-કષાયના ત્યાગમાં.

માટે જ દિવ્ય કરી મહાયશ પામેલા અને હવે નિશ્ચિંતપણે વૈભવ વિલાસનો અવસર પામેલા સીતાજી એકાએક સર્વત્યાગ કરી ચારિત્ર દીક્ષા લે છે, એમાં આશ્ચર્ય નહીં લાગે. ઊલટું મનને ઘડો લેવાશે કે, 'હું શું હજી વિષયોના ઠીકરાં ચાટતો બેસી રહ્યો છું ? અને કેમ હું સીતાજીના પગલે પગલે ત્યાગમાર્ગ નથી અપનાવી લેતો ? મહાસતી સીતાજીના જીવનની યશોગાથા ગાવામાં આ એમનો મહાયશ અને મહાવિલાસ માણવાના અવસરે ચારિત્ર-સ્વીકારનો પ્રસંગ પણ ઉચ્ચ કોટિનો તરી આવે છે.

એવો જ એમનો ચારિત્ર-પાલનનો પ્રસંગ પણ ઉચ્ચ કોટિનો તરી આવે છે. કેમકે એ ચારિત્ર પાળીને અચ્યુત નામના બારમા વૈમાનિક દેવલોકમાં ઇન્દ્રપણે અવતાર પામ્યા છે. મનને થશે કે

**પ્રશ્ન :** શું અચ્યુત ઇન્દ્ર બનવું, એમાં બહુ મોટી વિશેષતા છે ?

**ઉત્તર :** હા, મહાવિશેષતા છે. કેમકે આ જગત પર જ્યાં ક્યાંય પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ, ત્યાં તીર્થંકર ભગવાનનો જન્મ થાય, ત્યાં મેરુશિખર પર અચ્યુતેન્દ્રને ત્રેસઠ ઇન્દ્રો અને ક્રોડો દેવોની વચ્ચે એ પ્રભુને જન્માભિષેક કરવાનો પહેલો હક મળે છે ! ત્યાં કોઈ બોલી નથી બોલાતી, એ તો નિસર્ગનો સર્વકાળ માટે એક નિયમ બની ગયો છે કે તીર્થંકર ભગવાનના મેરુપર્વત પર જન્માભિષેક વખતે પ્રભુને પહેલો અભિષેક અચ્યુત ઇન્દ્ર કરે. એટલે વગર બોલીએ અને બીજા ઇન્દ્રો દેવતાઓના કચવાટ તો નહીં, કિન્તુ ગૌરવપ્રદાનપૂર્વક સીતા-ઇન્દ્રને આ પહેલાં જિનાભિષેકનો નિસર્ગ-સિદ્ધ હક મળ્યો છે.

**સીતા-ઇન્દ્રએ કરેલા આદ્ય અર્હજ્જન્માભિષેક :**

આ પણ પહેલો અભિષેક એમણે કેટલા ભગવાન પર કરવાનો ? એ જાણો છો ? ૫-૨૫, સો-બસો, કે લાખ-બે લાખ નહીં, કિન્તુ અસંખ્ય જિનેશ્વર ભગવાન પર અભિષેકનો લાભ મળવાનો ! અસંખ્ય એટલે કેટલી સંખ્યા ? લાખો, ક્રોડો, અબજો કે પરાર્ધો નહીં, પરાર્ધોના પરાર્ધો પણ નહીં, કેમકે એ સંખ્યા તો સમુદ્રમાં એક બિન્દુ ! અરે ! મોટા લાખો જોજનના સમુદ્રના પણ બિન્દુ તો સંખ્યાતા ! ત્યારે આ તો અસંખ્યાતની સંખ્યા ! અસંખ્યાતાની સંખ્યા તો શાસ્ત્રે કહેલા અનવસ્થિત-શલાકા-પ્રતિશલાકા-મહાશલાકા નામના ચાર પ્યાલાના દૃષ્ટાન્તથી સમજી શકાય. અચ્યુત ઇન્દ્ર બનેલા સીતાજીને કેટલા બધા તીર્થંકર ભગવાનના જન્માભિષેકનો લહાવો મળવાનો !

અચ્યુત ઇન્દ્રનું આયુષ્ય ૨૨ સાગરોપમનું એટલે કે ૨૨૦ કોડાકોડી પલ્યોપમોનું હોય છે, ને આ એકેક પલ્યોપમકાળ અસંખ્ય વર્ષોએ બને છે !

જો જો બલિહારી અચ્યુત ઇન્દ્રની ! જે એકેકા પલ્યોપમમાં અસંખ્ય વર્ષો જાય છે, એટલા કાળમાં પાંચે મહાવિદેહ ક્ષેત્રોમાં અસંખ્ય તીર્થંકર ભગવાન જન્મ પામે

છે. એમના પ્રથમ જન્માભિષેકના લહાવા મળે ! આ તો એક પલ્યોપમકાળમાં ! ત્યારે આવા ૨૨૦ કોડાકોડી પલ્યોપમ કાળમાં કેટકેટલા અસંખ્ય અરિહંત ભગવંતોના જન્માભિષેકના લહાવા મળે !

**૨૨૦ ક્રોડ-ક્રોડ પલ્યોપમ એટલે સમજો છો ? :**

જો જો, માત્ર ૨૨૦ પલ્યોપમ નહીં, ૨૨૦ સો પલ્યોપમ નહીં, ૨૨૦ હજાર પલ્યોપમ નહીં, ૨૨૦ લાખ પલ્યોપમ નહીં, કિન્તુ ૨૨૦ ક્રોડ પલ્યોપમ ! એટલે બે અબજ અને ૨૦ ક્રોડ પલ્યોપમ ! એ પણ કાળ માત્ર એકવાર પસાર થાય એમ નહીં, માત્ર સો વાર નહીં, હજારવાર નહીં, માત્ર લાખવાર નહીં, કિન્તુ એક ક્રોડવાર આવા ૨૨૦-૨૨૦ ક્રોડ પલ્યોપમો પસાર થાય, ત્યારે ૨૨૦ ક્રોડ-ક્રોડ (૨૨૦ કોડાકોડી) પલ્યોપમોનો કાળ પસાર થયો ગણાય. એટલું અચ્યુત ઇન્દ્રનું આયુષ્ય !

એટલે સીતા અચ્યુતેન્દ્ર બન્યા એમાં કેટકેટલા અસંખ્યા તીર્થંકર ભગવંતોના જન્માભિષેકના લહાવા એમને મળે ?

કલ્પનામાં લાવો, ૨૨૦ ક્રોડમાંથી હમણાં ૨૦ ક્રોડ બાજુએ રાખો એટલે ૨૦૦ ક્રોડ યાને ૨ અબજ સમજો. આ બબ્બે અબજ પલ્યોપમ સો, હજાર, લાખવાર નહીં, પણ એક ક્રોડ વાર પસાર થાય એટલાનો કાળપટ કેટલો લાંબો-લચક થાય ? ઉપર પાછા ૨૦-૨૦ ક્રોડ પલ્યોપમ એક કરોડ વાર પસાર થાય, એટલા મોટા જંગી કાળ સુધી અચ્યુતેન્દ્ર અસંખ્યાત તીર્થંકર ભગવંતોને મેરુ પર પહેલો જન્માભિષેક કરવાનો જન્મસિદ્ધ હક ભોગવે છે !

સીતાજી આવા અસંખ્યાત જિનેન્દ્રદેવોને પ્રથમ જન્માભિષેકના હકવાળા અચ્યુત ઇન્દ્ર બન્યા છે. હવે વિચારો કે જીવંત તીર્થંકર ભગવાનને મેરુ પર ૬૩ ઇન્દ્રો અને ક્રોડો દેવોની વચ્ચે પ્રથમ જન્માભિષેક એક જ વાર કરવાનો મળે એ ય કેવું મોટું સુકૃત ! તો પછી અસંખ્યવાર કરવાનો મળે એ કેટલા અસંખ્ય સુકૃતો થાય ? એ જીવંત પ્રભુને જન્માભિષેકનું સુકૃત કરતી વખતે અંતરાત્મામાં કેટલી બધી ઉચ્ચ કોટિના શુભ અધ્યવસાયોની છોળો ઉછળતી હોય ! આવું એક પલ્યોપમના અસંખ્ય વારના હિસાબે બે અબજ વીસ ક્રોડ-ક્રોડ પલ્યોપમોના અસંખ્ય વારમાં કેટકેટલા જંગી ભાવસુકૃતો થાય !

# ૫. સાધનાત્રયી

ત્યારે હવે વિચારવાનું આ છે કે ઇન્દ્રના અવતારમાંના આ અસંખ્ય જિન-જન્માભિષેક રૂપી ઉચ્ચ જિનભક્તિના સુકૃતો તથા એમાં ઉછળતાં અસંખ્યવાર ઉચ્ચ શુભ અધ્યવસાયોની પાછળ સીતાસાધ્વીના સંયમ જીવનમાં કેટલી ઊંચી વિશુદ્ધ સમ્યકત્વની પરિણતિ, કેટલી ઊંચી અહિંસા-સંયમ-તપની સાધનાઓ તથા કેટલો બધો અરિહંત પ્રભુ પર ભક્તિભાવ કામ કરી રહ્યો હશે !

**મહાસતી સાધ્વીજીની આરાધનામાં ત્રણ વસ્તુ છે :**

(૧) જાજવલ્યમાન સમ્યગ્દર્શન.

(૨) અહિંસા-સંયમ-તપ.

(૩) અરિહંતદેવ પર ઉછળતો ભક્તિભાવ.

જવલંત જાજવલ્યમાન સમ્યગ્દર્શન તો સીતાજીએ ગૃહસ્થવાસથી જ હૈયે વસાવેલું ! એટલે તો જંગલમાં તરછોડાયા ત્યારે એમને ત્યાં છોડી આવવા જનાર રોતાં સેનાપતિને સીતાજીએ કહ્યું છે :

**સીતાજીએ જંગલમાં તરછોડાતાં સેનાપતિને શું કહ્યું ? :**

'તું શા માટે રુએ ? આમાં તારો દોષ નથી, કેમકે તું સ્વામીનો સેવક, એટલે સ્વામીની આજ્ઞા પાળવી જ જોઈએ; એ ગુણ છે, દોષ નહીં. તેમ મારે પણ સ્વામીની આજ્ઞાંકિત પત્ની તરીકે એમની આજ્ઞા પાળવી જ જોઈએ. એટલે લે, હું આ રથમાંથી ઊતરી જાઉ છું. બાકી આમાં તારો તો નહીં, કિન્તુ સ્વામીનો દોષ પણ ન માનીશ. તેમ મારી નિંદા કરનાર લોકોનો દોષ પણ ન માનીશ. કેમકે દોષ મારા પૂર્વનાં એવા કર્મનો છે. મારા અશુભ કર્મ જ એવા કે જે લોકને મારી નિંદામાં પ્રેરે અને સ્વામીને એનાથી ભરમાવાનું થાય.

તું તારે સુખેથી ચાલ્યો જા. અહીં મારું શું થશે ? એની ચિંતા કરીશ નહીં; કેમકે જેમ મહેલવાસમાં મારા કર્મ જ કામ કરતાં હતાં, તેમ અહીં જંગલમાં પણ મારા જેવા કર્મ હશે, તે પ્રમાણે જ થવાનું છે.

જ્ઞાનીભગવંતો કહે છે :

'सव्वं पुव्वकयाणं, कम्माणं पावए फलविवागं ।
अवराहेसु गुणेसु य, निमित्तमित्तं परो होई ।।'

'જીવ દુન્યવી સારું કે નરસું પામે છે, તે બધું પોતાના પૂર્વકૃત કર્મના ફળ વિપાક રૂપે પામે છે. નરસું કે સારું થવામાં બીજાઓ તો નિમિત્તમાત્ર છે. અસલી કારણ પોતાના પૂર્વકૃત શુભાશુભ કર્મ જ છે.'

સીતાજી સેનાપતિને કહે છે : 'મારા એવા અશુભકર્મ વિપાક પામે, ઉદયમાં આવે, ત્યારે એના ફળને ન તું રોકી શકે, ન સ્વામી રોકી શકે. માટે આ બનાવને મારા કર્મ પર છોડી દે ને તું સુખેથી સ્વામી પાસે પહોંચી જા.'

બોલો, આ વચનોમાં સીતાજીનું સમ્યગ્દર્શન કેવું ઝળહળી રહ્યું છે ! સમ્યગ્દર્શન જિનવચન પર અથાગ શ્રદ્ધા માગે છે. એ શ્રદ્ધા હૃદયની હોં; માત્ર મોંઢે બોલવાની નહીં, પણ સારું-નરસું બનવા વખતે સક્રિય શ્રદ્ધા.

સારું બને ત્યાં જાતની વડાઈ ન લાગે, પણ કર્મની બલિહારી દેખાય એટલે 'હું કેવું સારું કમાયો' એવો અભિમાનનો આફરો ન ચડે, પણ સમજે કે 'આ તો કર્મનો ખેલ છે. આજે કર્મ આવો ખેલ ભજવે, ને કાલે કદાચ આથી ઊંધો ય ખેલ ભજવે. માટે સારું બન્યું એમાં બહુ રીઝવાનું નહીં, રાજી નહીં થવાનું.' આ સમ્યગ્દર્શનની શ્રદ્ધા કામ કરે. એને જ્ઞાનીના વચનની હૃદયની શ્રદ્ધા કરી કહેવાય.

ત્યારે નરસું બને ત્યાં પણ રોવા ન બેસે કે કોઈને દોષ ન આપે, કોઈનો વાંક ન જુએ, પણ દોષ-વાંક પોતાના કર્મનો જ જુએ. એટલે નરસું બન્યું એમાં કોઈના પર ગુસ્સો ન કરે, કોઈને ગાળ ન દે. સમજે કે મારા પોતાના કર્મના જ આ ખેલ છે. એ ભોગવાઈ જાય છે, એટલે એ કર્મ રવાના થાય છે !

**ભાઈના હાથે કપાઈ ગયેલા પતિને મહાસતી મદનરેખાએ શું કહ્યું હતું ? :**

આ જ કે, 'ભાઈ પર આ ગુસ્સામાં કાં ચડ્યા ? જોજો, ભૂલા ન પડતાં; આ બન્યું એ તમારા પોતાના પૂર્વકર્મના હિસાબે જ બન્યું છે. ભાઈ તો બિચારો નિમિત્તમાત્ર છે, એના પર ગુસ્સો ન કરશો.'

'ભાઈ તો કુહાડીનો હાથો. લાકડું કાપનાર તો હાથો નહીં, પણ કુહાડીનું ફળું જ છે. લાકડું કપાય એમાં જવાબદાર ફળું છે, હાથો નહીં. એમ અહીં તમે કપાયા એમાં જવાબદાર તમારા કર્મ છે, ભાઈ નહીં. માટે ભાઈ પ્રત્યે ગુસ્સો કર્યો હોય, ખોટું ચિતવ્યું હોય, તો મિચ્છા મિ દુક્કડં કરો.'

'અને ભાઈની માફી માગી લો કે, 'તારું ખોટું ચિંતવ્યું એની ક્ષમા માંગું છું', 'તારું ભલું થાઓ' એવી મૈત્રીભાવના લાવો અને 'અરિહંતા મે સરણં'... એમ ચાર શરણ સ્વીકારી લઈ સર્વ દુષ્કૃતગર્હા કરો, સુકૃતોની અનુમોદના કરો તથા નમસ્કાર મહામંત્રમાં લીન થઈ જાઓ.'

મદનરેખાના આ ઉપદેશે કેવું અજબ કામ કર્યું ! પતિ ક્ષમા અને ઉપશમમાં આવી ગયો ! સમાધિ મૃત્યુ મળ્યું ! અને પાંચમા દેવલોકે દેવ થયો ! અહીં જો મદનરેખાએ કર્મ-સિદ્ધાંત ન સમજાવતાં 'ભાઈ તમારો કેવો હરામખોર ! ...' એમ ભાઈનો વાંક દેખાડ્યો હોત, તો શું થાત ? પતિના કષાયમાં વૃદ્ધિ જ થાત ને ? અને મરીને એ નરકમાં સીધાવત કે બીજું કાંઈ ?

**જિનશાસન પામ્યાની ને સમ્યગ્દર્શન પામ્યાની વડાઈ છે કે જિનશાસન જે કહે છે ને સમ્યગ્દર્શન જે શ્રદ્ધા કરાવે છે, તે આ જ છે કે, 'પોતાને આ દુનિયામાં થતું સારું-નરસું એ પોતાના જ શુભ-અશુભ કર્મના પ્રતાપે જ.'**

આ સિદ્ધાન્ત પરની અવિહડ શ્રદ્ધાવાળું જ્વલંત સમ્યગ્દર્શન મહાસતી મદનરેખાના હૈયે વસ્યું હતું, માટે પોતાને પ્રાણપ્રિય પતિની એના મોટા ભાઈના જ હાથે કતલ થવાના તથા પોતાને વિધવા બનવાના ભયંકર સમયે પણ એ મહાસતી મરતાં પતિને આ કર્મસિદ્ધાન્ત યાદ કરાવી, ભાઈ પરનો દ્વેષ છોડાવીને ભાઈને હૈયાભીની ક્ષમા અપાવવાનું ને ભાઈનું ખોટું ચિંતવ્યું એની ક્ષમા માંગવાનું કહે છે !

વિચારવા જેવું છે કે મદનરેખા એક યુવરાજની રૂપાળી યુવાન પત્ની, એને અત્યારે કેવો મહાકપરો અવસર ! અને એમાં એની કેવી તત્ત્વભરી વિચારણા !

અને મરતાં પતિને કેવો તાત્ત્વિક ઉપદેશ ! શાનો પ્રતાપ ? કહો ઝળહળતી તત્ત્વશ્રદ્ધા અને જાજ્વલ્યમાન સમ્યગ્દર્શનના પ્રતાપે.

એમ મહાસતી સીતાજી વનમાં તરછોડતાં પણ સેનાપતિને આ તત્ત્વદર્શન કરાવે છે કે, 'મારે આ સ્થિતિમાં મુકાવું પડ્યું, એમાં નથી તારો વાંક, નથી સ્વામીનો વાંક, નથી નિંદક લોકોનો વાંક; વાંક માત્ર મારા પૂર્વકર્મનો અને મારી સંસારવાસનાનો છે. માટે તું રો નહીં, ને સ્વામીને પણ કહેજે કે, તમને આ કરવું પડ્યું; એમાં તમારો વાંક નહીં, પણ મારા કર્મનો જ વાંક છે.'

એ મહાસતી સીતાજીને મહાન રાજરાણી છતાં પતિના હાથે જ વિના વાંકે જંગલમાં જે મુકાવું પડ્યું; એ કેટલું બધું આ હોદ્દાવાળાને ભયંકર દુઃખ કહેવાય ?

દુઃખની ભયંકરતા તો આના કરતાં ય એમ વધુ ગણાય કે પોતે પવિત્ર મહાસતી નિષ્કલંક શીલવંતા હતાં, છતાં લોકમાં કલંકિત થાય કે, 'આ સીતા તો પરપુરુષ રાવણના ઘરે રહી આવેલા માટે અસતી જ ગણાય.' આ ખોટા કલંકનું દુઃખ બહુ મોટું એટલા માટે કે પોતે શીલ અખંડ રાખવા માટે કેટલા બધા મોટા પ્રલોભનો અને ભયોને અવગણેલા અને શીલ રક્ષેલું, એના પર આ શિરપાવ !

ત્યારે જોવા જેવું આ છે કે આટઆટલા ભયંકર દુઃખમાં પણ સમ્યગ્દર્શનની આ તત્ત્વશ્રદ્ધા અખંડ જાગતી રાખી ! તો એ સીતાજીની, સાધ્વી થયા પછી, તત્ત્વશ્રદ્ધા તો કેવી ય જોરદાર હોય ! અને એમનું સમ્યગ્દર્શન પણ સંયમનો સહકાર હોવાથી કેટલું બધું જ્વલંત બની ગયું હોય !

આ જોવાનું જરૂરી એટલા માટે છે કે અચ્યુતેન્દ્ર થવા પાછળ અને અસંખ્ય તીર્થંકરોના પ્રથમ જન્માભિષેકનો લહાવો મળવાના અધિકાર પાછળ સાધ્વી-સીતાજીનું સમ્યગ્દર્શન કેટલું જ્વલંત હશે ? એનો ખ્યાલ આવે.

ચારિત્રજીવનના સમ્યગ્દર્શનમાં તો કર્મસિદ્ધાન્તની શ્રદ્ધાને અમલથી સક્રિય કરવાની જેમ બીજા પણ સમિતિ-ગુપ્તિ, પરીષહો, ક્ષમાદિ યતિધર્મ... વગેરે કલ્યાણકારી સંવર તત્ત્વની શ્રદ્ધાને અમલથી સક્રિય કરવાની ભારે ધગશ હોય.

**સમ્યગ્દર્શન જેટલું વધારે જોરદાર, જેટલું વધારે નિર્મળ, એટલી સંવર તત્ત્વોની શ્રદ્ધા અને અમલ જોરદાર બને.** અને એ જોરદાર અમલથી શ્રદ્ધાબળ ઓર જોરદાર વધતું જાય.

સીતા-સાધ્વીએ આ કરેલું; એટલે જ એમને અહિંસા-સંયમ-તપની સાધના પણ જોરદાર, ને સમ્યગ્દર્શન પણ અધિક નિર્મળ, અધિક જ્વલંત બનતું જાય એમાં નવાઈ નથી.

આ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે કે શાસ્ત્રકારો કહે છે કે ચારિત્રજીવનમાં પણ શક્તિ હોય તો સન્મતિતર્ક આદિ શાસ્ત્રોના અધ્યયન કરે, જરૂર પડ્યે દોષિત ભિક્ષા સેવીને પણ કરે. સમ્યગ્દર્શનની અધિક નિર્મળતાને સાધવા માટે એને જરૂરી ગણ્યા છે. પ્રશ્ન થાય :

**પ્રશ્ન :** સમ્યક્ત્વનું ફળ વિરતિ છે, **'ज्ञानस्य फलं विरतिः'**, **'તાણી આણે રે સમકિત વિરતિને'** એમ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે. એ વિરતિ એટલે ચારિત્રમાર્ગ સ્વીકારી લીધો, તો હવે તો અધિકાધિક જોરદાર તો ચારિત્રને બનાવવાનું ને ? હવે સમકિતને વધુ જોરદાર, વધુ નિર્મળ કરવાનું શા માટે ?

**ઉત્તર :** આનો ખુલાસો આ છે કે જેમ જેમ સમ્યક્ત્વને વધુ ને વધુ નિર્મળ બનાવતાં જવાય, અર્થાત્ તત્ત્વશ્રદ્ધા અને જિનવચનશ્રદ્ધા, જિનવચન-રાગનું બળ વધારતાં જવાય, તેમ તેમ એ જિનવચનના પાલનનું અર્થાત્ ચારિત્રના પાલનનું જોમ-જોર વધતું જાય છે. વ્યવહારમાં જુઓ :

**'શ્રદ્ધાબળથી અમલ બળવાન'ના દાખલા :**

- સુશીલ પ્રેમાળ પત્નીને પતિના બોલ પર જેમ રાગ વધારે, એમ એ બોલના અમલમાં જોશ, ધગશ, હોંશ વધારે હોય છે.
- કામાંધ પતિને પત્નીના બોલ પર પ્રેમ-રાગ વધારે, એમ એ બોલ પ્રમાણે અમલ કરવાની હોંશ, ધગશ વધારે હોય છે.
- પ્રસિદ્ધ અને નિષ્ણાંત વૈદ કે ડૉક્ટરના કથન પર જોરદાર શ્રદ્ધાવાળા દરદી દવા કઈ કઈ વિધિથી લેવી ? કુપથ્ય કયા કયા ટાળવા ? ચરી કેવી કેવી પાળવી ? વગેરેના અમલમાં જોરદાર પ્રયત્ન કરે છે.
- નિષ્ણાંત કારીગર પાસે કારીગરી શીખનારો એના શિક્ષણ-વચન પર જોરદાર શ્રદ્ધાના હિસાબે આપમતિ બાજુએ મૂકી શિક્ષણ-વચન પ્રમાણેનો અમલ જોરદાર કરે છે.

જાણો છો ને પેલા ચિત્રકારે પોતાના પુત્રને ચિત્રકામ શીખવતાં, પુત્રને ચિતરી લાવવા આપેલા ચિત્રમાં રોજ ને રોજ નવી ચાર-ચાર ભૂલ બતાવી, સુધારી લાવવા કહેતો. પુત્રને તો આ પોતાના બાપ છે અને નિષ્ણાંત ચિત્રકાર છે એટલે એના વચન પર જોરદાર રાગ, જોરદાર શ્રદ્ધા હોવાથી એ પ્રમાણે ભૂલો સુધારવાનો અમલ પણ જોરદાર કરતો ગયો. છ મહિને તો હોંશિયાર ચિત્રકાર બની ગયો.

બસ, એ જ પ્રમાણે ચારિત્રજીવનમાં જેમ જેમ જિનવચન-રાગનું અર્થાત્ સમ્યગ્દર્શન-ગત શ્રદ્ધાનું બળ વધતું જાય, તેમ તેમ જિનવચન પાલન યાને ચારિત્રપાલન જોરદાર બને, એમાં નવાઈ નથી. એટલે જ ચારિત્રજીવનમાં પણ સમ્યગ્દર્શનને તેવા તેવા ઉપાયો દ્વારા અધિક ને અધિક જોરદાર, વધુ ને વધુ નિર્મળ કરતાં રહેવાનું છે.

મહાસાધ્વી સીતાજીએ આ કર્યું હશે, માટે બારમા દેવલોકના ઇન્દ્રનો અવતાર મળ્યો ! અને એમાં સમ્યગ્દર્શન અધિકાધિક નિર્મળ કરનાર અસંખ્ય તીર્થંકર ભગવાનના પ્રથમ જન્માભિષેક કરવાનો લહાવો મળ્યો.

આમાં જેમ સમ્યગ્દર્શન એટલે જિનવચન-શ્રદ્ધા અને જિનવચન-રાગ કામ કરી ગયા, એમ જિનેશ્વર ભગવાન પરનો ભક્તિ-રાગ પણ જોરદાર કામ કરી ગયો. નહીંતર જો સીતાના ભવમાં એવો જિનભક્તિ-રાગ જોરદાર ન હોય, તો ઇન્દ્રના અવતારમાં એટલો જોરદાર જિનભક્તિ-રાગ શી રીતે આવ્યો હોય ? પૂછો :

**પ્રશ્ન :** તામલિ તાપસ તો મિથ્યાદષ્ટિ હતો, ત્યાં તો જિનભક્તિ-રાગ હતો નહીં ને એ મરીને ઇશાનેન્દ્ર થયો, ત્યાં જે જિનભક્તિ-રાગ ઊભો થયો, એ કયા પૂર્વભવના જિનભક્તિ-રાગથી ઊભો થયેલો ?

**ઉત્તર :** અહીં બે વાત સમજવા જેવી છે.

**તામલિ તાપસની વૈરાગ્ય-વિચારણા :**

(૧) તામલિ તાપસ ભલે મિથ્યાદષ્ટિ હતો, પણ એણે જે પરમાત્માનું માયાજાળથી મુક્ત સ્વરૂપ સમજીને પરમાત્મા પર અથાગ રાગ ઊભો કરેલો, તે બીજા ભવે કામ કરી ગયો. એ ભગવાન પરના રાગને લીધે તો એણે ઘરવાસ છોડી તાપસપણું સ્વીકારેલું.

એમાં આ ભાવ હતો કે 'મોહ-માયાજાળ જનમ-જનમ સેવી. જનાવરના અવતારમાં તો સેવી, પણ અનાર્ય મ્લેચ્છ માનવના અવતારે ય બહુ સેવી; પરંતુ હવે અહીં ઉચ્ચ આર્યમાનવ અવતાર મળ્યો છે, તો જો એમાં પણ એ જ મોહ-માયાજાળમાં બેઠો રહીશ, તો પછી ભગવાનને ક્યારે બીજા કયા જનમમાં ભજીશ, સેવીશ ? એ તો આ માયાજાળ મૂકી દઈ જંગલમાં ચાલ્યો જાઉં, તો જ એકાંતે ભગવાનને ભજવાનું, સેવવાનું થાય.' આમ સમજી એ જંગલમાં તાપસ બનેલો. એમાં મુખ્ય વસ્તુ ભગવાનને ભજવાની હતી એટલે ભગવાન પ્રત્યેની ભક્તિ જ મુખ્ય બની. એ ભવાંતરે વિશેષ પ્રભુભક્તિ કેમ ન આપે ? અહીં પ્રશ્ન થાય :

**પ્રશ્ન :** પણ એને જૈનધર્મ જ મળ્યો નહીં હોવાથી એને ભગવાનની સાચી ઓળખ જ ક્યાં હતી ? એ નહીં, તો એનામાં ભગવદ્ભક્તિ-પરમાત્માભક્તિ શી રીતે આવી, જે પછીના ઇશાનેન્દ્રના ભવે વારસામાં મળી કહેવાય ?

**ઉત્તર :** એને ભગવાનની એટલી ઓળખ હતી કે ભગવાન મોહ-માયાથી પર હોય છે. એવા ભગવાનને એણે નજર સામે આદર્શ તરીકે રાખેલા હતાં.

**સામે આદર્શ જેવો હોય, એવા બનવાનું મન રહે જ.**

તામલિને આદર્શ તરીકે નજર સામે મોહ-માયામુક્ત ભગવાન હતાં, માટે જ જ્યારે એના તાપસપણામાં ભવનપતિની દેવીઓ એને મનાવવા આવી કે, 'તમે અમારા માલિક ઇન્દ્ર થવાનું નિયાણું કરો, અમો તમારી ખૂબ સેવા કરીશું,' એ વખતે તામલિએ આ જ વિચાર કર્યો છે કે :

**'૬૦ હજાર વરસના છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણે એકવીસ વાર પાણીમાં ધોયેલા ભાતના આયંબિલના તપમાં ખાનપાન તથા રસની માયાના ત્યાગ કર્યા, એ આ દેવતાઈ છતાં પણ નાશવંત વિષયોની મોહ-માયા માટે નથી કર્યા, પણ જ્યાં શાશ્વત કાળ માટે આ મોહ-માયાનો સ્પર્શ નથી, એવા મોક્ષ માટે કર્યા છે.'**

બસ, આ સમજથી દેવીઓ સામે નજરે ય ઊંચી ન કરી, પછી જવાબ આપવાની વાતે ય શી ? એ ધ્યાનસ્થ ચક્ષુથી ધ્યાનમાં બેઠેલો તે એમ જ બેઠેલો રહ્યો. દેવીઓ હારી થાકીને અંતે એના પર થૂંકીને ગઈ !

જુઓ, અહીં તામલિ તાપસને આ મોહ-માયાના ત્યાગની અને સંપૂર્ણ મોહ-માયા રહિત મોક્ષની લગન હોય, એ ભગવાનના કેવા સ્વરૂપને મનમાં રાખતો હોય ? શું મોહ-માયાવાળા સ્વરૂપને ? ના; બસ, આ જ કારણ છે કે એના મનમાં ભગવાન આવા મોહ-માયારહિત સ્વરૂપના વસેલા, તે પણ પોતાના એવા અમલથી દિલમાં વસાવેલા, અર્થાત્ પોતે મોહ-માયાનો ત્યાગ કરીને હૈયામાં ભગવાનને વસાવેલા; એનું જ નામ વાસ્તવિક ભગવાનનું ભજન, ભગવાન પ્રત્યે સાચી ભક્તિ, અથાગ નિર્ભેળ ભક્તિ.

બાકી તો ભગવાન આગળ ભક્તિ-ગીતના મંજીરા વગાડ્યા, પરંતુ મોહ-માયા અર્થાત્ આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રા તથા કષાયોની સંજ્ઞા પૂરપાટ પોષ્યે જવી છે, એમાંથી કશો ત્યાગ નથી કરવો, તો એ મંજીરા વગાડ્યાની ભગવદ્-ભક્તિ કયું દળદર ફેડે ? તામલિને આ લાગી ગયું હતું કે :

**'ભગવદ્-ભજન માટે જ મળેલો આ મહાકીમતી માનવજનમ મોહ-માયાની ગુલામીમાં કાં વેડફી નાખું ?** માટે ઊઠ જીવ ઊઠ, છોડ મોહ-માયા અને લાગી જા ભગવદ્-ભજનમાં, ભગવદ્-ભક્તિમાં !' અને એમ લાગીને એ મહાતાપસ બન્યો હતો. એ પરથી સૂચિત થાય છે કે,

**ભગવાન પ્રત્યેની ઉચ્ચકોટિની વાસ્તવિક ભક્તિ કઈ ? :**

**આ જ કે મોહ-માયા યાવત્ પોતાના શરીરની મમતાનો પણ ત્યાગ કરવા પૂર્વક ભગવાનનું જ ધ્યાન, ભગવાનનું જ તાન, ભગવાનના જ ગુણગાન કરવા.**

તામલિ તાપસે ભગવાનની મોહ-માયાથી પર તરીકે ઓળખ કરીને આ ભગવદ્ભક્તિ આરાધી હોય, પછી ઇશાનેન્દ્ર બની ભગવાનનો પરમભક્ત બને અને એને અસંખ્ય તીર્થંકર ભગવંતોના મેરુ પર જન્માભિષેકના લહાવા મળે, એમાં શી નવાઈ ? તામલિ મિથ્યાદૃષ્ટિ તાપસ છતાં ઇન્દ્ર બની પરમાત્મા ભક્તિ પામ્યો, એનું આ એક કારણ.

(૨) તામલિ તપાસને ઇન્દ્ર બની પરમાત્મા ભક્તિ મળ્યાનું બીજું કારણ આ કે, શાસ્ત્રમાં આવે છે કે તામલિ તાપસને જંગલમાં અંતે જૈન ત્યાગી મુનિઓનું દર્શન મળ્યું હતું, અને એમની પાસેથી એ નિર્યામણા, વાસ્તવિક ત્યાગની સમજ અને જૈનધર્મનો પરિચય પામ્યો હતો. એમાં સહેજે

વીતરાગ તીર્થંકર ભગવાનની ઓળખ પામ્યો હોય અને એ ભગવાન પ્રત્યે ભક્તિભાવ પણ ઊલસ્યો હોય, તેથી પછીના એના ઇશાનેન્દ્રપણાના અવતારે અદ્‌ભુત જિનભક્તિ પામે એમાં નવાઈ નથી. થોયમાં બોલાય છે ને કે,

**'તે જિનપૂજાથી આરાધક ઇશાન ઇન્દ્ર કહાયાજી'**

અર્થાત્ ઇશાનઇન્દ્ર પોતાના વિમાનમાંના જિનમંદિરમાં રત્નમય જિનબિંબોની ઊછળતાં દિલે ભક્તિ કરતાં હતાં, શ્રી સિદ્ધાચળજી મહાતીર્થના, ત્યાંના મંદિરો વગેરેના અદ્‌ભુત જીર્ણોદ્ધાર કરવા દ્વારા મહાન ઉદ્ધારક બનેલ. તેથી, એ સ્થાપના જિનની ભક્તિ હતી છતાં, ઇશાનઇન્દ્ર જિનભક્તિના મહાન આરાધક ગણાઈ ગયા. આના મૂળમાં પૂર્વભવની પરમાત્માભક્તિ જોવી જ પડે.

બસ, ત્યારે સીતાજી બારમા દેવલોકના ઇન્દ્ર થયા અને અવ્વલ જિનભક્તિ પામ્યા, એની પાછળ પૂર્વના સીતા સાધ્વીજીના જીવનમાં અરિહંતભક્તિ પણ કેવી અવ્વલ આરાધી હશે ? એ સૂચિત થાય છે. ઇન્દ્રપણું પણ અહીંની અદ્‌ભુત જિનભક્તિનો પ્રભાવ અને અસંખ્ય જિનેશ્વર ભગવંતોના મેરુ પર જન્માભિષેકમાં પહેલાં અભિષેકની અજબ-ગજબનાક જિનભક્તિ, એ પણ અહીંની અવ્વલ જિન-અરિહંતભક્તિનો પ્રભાવ.

**આ પરથી જિનભક્તિને જીવનનું અવ્વલ કર્તવ્ય સમજો.**

ઉત્તમ માનવજનમ જીવીએ છીએ ને ? એમાં આવી અરિહંતભક્તિ કરી જવા જેવી છે. ભગવાને સ્વયં અપનાવેલા અને જગતને ઉપદેશેલા મોહ-માયાના મહાત્યાગને આપણા જીવનમાં બધી શક્તિ ખરચીને આપણા ગજા પ્રમાણે અપનાવીએ, તો અરિહંત-ભક્તિમાં રંગ અને રોનક આવે.

**આવી ત્યાગ સાથેની અરિહંતભક્તિ કરવાનો ભવ આ જગતમાં આ એક જ માનવભવ છે.** એ બરાબર ખ્યાલમાં રહે તો જીવનમાં અનેક પ્રકારના ત્યાગ અને અરિહંતભક્તિના અનેકાનેક પ્રકાર જીવનમાં અપનાવવાની લગન લાગે.



# ૬. દિવ્ય સંદેશ

મહાસતી સીતાજીની યશોગાથા ગાવામાં, પતિ દ્વારા વનમાં એમની હકાલપટ્ટી વખતે એમણે સેનાપતિને જે કર્મથિયરી પર આશ્વાસન આપ્યું એ જોયું.

કોણ કોને આશ્વાસન આપે ? દુઃખ પામેલા સુખીને આપે ? કે સુખી દુઃખ પામેલાને આપે ?

આશ્વાસનને લાયક કોણ ? જેમની હાકલપટ્ટી થઈ એ સીતાજી જ ખરેખર આશ્વાસન પામવા લાયક ગણાય. એના બદલે સીતાજી પોતે ઊઠીને એના સેનાપતિને આશ્વાસન આપે છે. એ સીતાજીના આત્માની કેટલી બધી ઉચ્ચતા !

ત્યારે હવે એ જુઓ કે ત્યાં સીતાજીએ માત્ર આટલી જ ઉચ્ચતા નથી બતાવી, પરંતુ એથી ય આગળ વધીને તો એમણે પતિને મોકલેલા સંદેશામાં વિશેષ ઉચ્ચતા બતાવી છે !

**સીતાજીનો પતિને દિવ્ય સંદેશ :**

સેનાપતિ સીતાજીને વનમાં છોડીને જવા પહેલાં પૂછે છે : ‘મહાસતીજી ! હું જાઉં છું સ્વામી પાસે. આપને કાંઈ સંદેશો આપવો છે ?’

મહાસતી કહે છે : ‘સ્વામીને એટલું કહેજો કે લોકની નિંદાથી તમે મને છોડી એની ચિંતા નહીં, પરંતુ કાલે ઊઠીને લોક તમારા જૈનધર્મની નિંદા કરે કે, ‘આપણા રાજા આ રામચંદ્રજી કેવા અબુઝ છે કે પોતે અઢારેય વર્ણની પ્રજાના માલિક છતાં, એકમાત્ર જૈનપ્રજાના જૈનધર્મનું પૂંછડું પકડીને બેઠા છે !’ આમ કદાચ લોક તમારા ધર્મની નિંદા કરવા દ્વારા તમારી નિંદા કરે, તો મારી તમને પ્રાર્થના છે કે મહેરબાની કરીને એવા અજ્ઞાન લોકના વચનથી તમે તમારા જૈનધર્મનો ત્યાગ કરતાં નહીં.’

**પત્નીત્યાગ કરતાં ધર્મત્યાગ કેમ ખતરનાક ? :**

સીતાજી આગળ ચલાવે છે : 'આનું કારણ એક જ કે મને છોડી તો ભલે છોડી, તેથી કાંઈ તમને સારી રાજકન્યા નહીં મળે એમ નહીં, મારાથી સવાઈ મળશે અને તેથી કાંઈ તમારો મોક્ષ અટકી જ જશે એવું નથી, એ બીજી પરણ્યા પછી પણ તમે સંસારત્યાગ કરી ચારિત્ર પાળીને મોક્ષ મેળવી શકશો. આમ મારા ત્યાગથી તમારો મોક્ષ અટકશે નહીં; પરંતુ જો લોકના વચનથી તમે જૈનધર્મ છોડી દેશો, તો એનાથી વધુ સારો તો નહીં, પરંતુ એની હરોળમાં આવે એવો બીજો ધર્મ નહીં મળે અને તેથી અચૂક તમારો મોક્ષ અટકી જશે. **આમ જૈનધર્મના ત્યાગમાં ચારિત્ર ન મળવાથી તમારો મોક્ષ અચૂક અટકી જઈને આ તમારો ઉચ્ચ માનવ અવતાર વેડફાઈ જશે !'**

સીતાજીનો આ સંદેશો કેવા સંયોગમાં ? કેવી પરિસ્થિતિમાં ? જ્યારે પતિએ પોતાને અત્યંત કરુણ હાલતમાં જંગલમાં તરછોડી દીધા છે, એ વખતે આ સંદેશો ? નહીંતર, સંદેશામાં શું એમ કહેવાનું મન ન થાય કે, 'સંદેશામાં ઝેર મોકલવાનું કહેજે... સંદેશો ? મારી તો નાખ્યા, હવે શો સંદેશો ? આવો દ્રોહ ? આવો વિશ્વાસઘાત ? પરણીને આ વિશ્વાસ આપ્યો હતો કે તમે નિર્દોષ છતાં તમારા માટે કોઈ કાંઈ એવું ગમે તેવું ખોટું ય બોલશે, તો તમારા વગર વાંકે પણ આમ હકાલપટ્ટી કરીશ ? મને તરછોડો છો, તો તમારું શું ભલું થશે ?...' આવું કશુંય સંદેશામાં કહેવાનું મન ન થાય ?

પણ ના, હૈયામાં જિનવચનની શ્રદ્ધાથી સચોટ વસેલું છે કે, 'મને આ સ્થિતિમાં પતિએ નથી મૂકી, મારા કર્મે જ મૂકી છે. આ તો હિસાબી વાત છે કે પૂર્વભવે મેં કોઈને તરછોડેલ, તેના કર્મે એની સામે અહીં મને તરછોડાવી.'

'વળી, જ્ઞાનીઓ જે કહે છે કે, **'આ સંસાર-વાસનાની કોઈ પણ પ્રવૃત્તિ પરિણામે દુઃખદાયી જ છે.'** એ અહીં સત્યાર્થ થતી દેખાય છે. સંસાર-વાસનાથી મારી ઘર માંડવાની પ્રવૃત્તિ અહીં પરિણામે આ દુઃખ આપનારી બની છે.'

આમ હિસાબી વાત જિનવચનથી નજર સામે તરવરતી હોય, પછી પતિનો દોષ જોવાની વાત શાની ઊભી રહે ? દોષ પોતાની મૂળભૂત સંસાર-વાસનાનો જ દેખે.

**કટોકટીમાં દૃષ્ટિ શાના ઉપર ? :**

સીતાજીએ જે સંદેશો આપ્યો, એમાં આ જોવા મળે છે કે કટોકટીમાં ધર્મ સમજનારની દૃષ્ટિ ક્યાં જાય ? કહો, સામો માણસ ધર્મ સમજનારની દૃષ્ટિ ન ચૂકે એના પર. **સીતાજીએ કટોકટીમાં પતિ રામનું ધર્મ અને મોક્ષ તરફ ધ્યાન ખેંચ્યું.**

(૧) તમે મને છોડી, પણ જૈનધર્મને છોડશો નહીં.

(૨) મને છોડવાથી તમારો મોક્ષ નહીં અટકે, પણ જૈનધર્મને છોડવાથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.

આ બે સંદેશા સૂચવી રહ્યા છે કે **ધર્મી જીવે જીવન જીવતાં હંમેશ માટે ધર્મની આરાધના અને મોક્ષનું લક્ષ્ય ધ્યાનમાં રાખવાનું છે.** સીતાજી એ ધ્યાનમાં રાખતાં હશે, એટલે જ આવા કટોકટીના અવસરે એને જ આગળ કરે છે.

**કટોકટીમાં ધર્મ અને મોક્ષ તો જ ધ્યાન પર આવે કે જો સારાસારીમાં પ્રધાન દૃષ્ટિ ધર્મ અને મોક્ષ પર રમતી હોય.**

પૈસા કમાયા; એ સારાસારી થઈ, ત્યાં ઝટ યાદ આવે કે આ ધનપ્રાપ્તિ; એ પૂર્વભવની ધર્મસાધનાનું ફળ છે. પૂર્વભવે બીજાના પૈસા ઝૂંટવા, અસત્ય-અનીતિ આચરવી, હિંસામય આરંભ-સમારંભ કરવા, પરિગ્રહના ઢેર કરવા વગેરે વગેરે પાપ કર્યાનું આ ફળ નથી કે અહીં મનમાન્યા પૈસા વગેરે સુખ મળ્યા. એ તો પૂર્વે ધર્મ કરેલો, પૈસા વગેરેનું દાન કરેલું, પૈસાથી જિનભક્તિ, સાધુસેવા અને પરોપકાર કરેલો, જીવદયા પાળેલી... વગેરે કેઈ ધર્મ આચર્યાનું આ ફળ છે કે અહીં મનમાન્યું બની આવે ને સારાસારી થઈ જાય. એટલે હવે જ્યારે પૂર્વના ધર્મથી આ સારાસારી બની આવી છે, તો આ સારાસારીનો ઉપયોગ પાપાચરણમાં નહીં, પણ ધર્મમાં કરવો જોઈએ.

એ હિસાબી વાત છે. 'પૂર્વના ધર્મથી જો અહીં સારાસારી, તો અહીંના પાપાચરણથી આગળ નરસા-નરસી જ આવવાની. તો શું ધર્મનું ફળ પૈસા વગેરે સુખ-સગવડ મેળવીને એનાથી મારા જ હાથે પાપો કરું ? ને મારી ભાવી નરસી સ્થિતિ ખડી કરું ? ના, હું એવો મૂરખ નથી. હું તો અહીં બને તેટલો ધર્મ જ સાધતો રહું.' આ ભાવના જીવન જીવતાં જીવંત-જાગ્રત રાખવી જોઈએ.

**ધર્માત્માની મોક્ષ તરફ દષ્ટિ :**

જેમ સારાસારીમાં ધર્મ તરફ દષ્ટિ હોય, તો કટોકટીમાં પણ ધર્મ તરફ દષ્ટિ રહે, એમ સારાસારીમાં મોક્ષ તરફ દષ્ટિ હોય, તો કટોકટીમાં પણ મોક્ષ તરફ દષ્ટિ રહે.

સારાસારીમાં મોક્ષ તરફ દષ્ટિ આ રાખવાની કે આ સારાસારીથી બહુ ખીલવાની જરૂર નથી. કેમ કે એ સારાસારી કોઈ અમર નથી, શાશ્વતી નથી રહેવાની. અમર અને શાશ્વતો તો મોક્ષ જ છે. એટલે વાસ્તવિક સારાસારી મોક્ષ જ ગણાય. માટે ધનઆદિની સારાસારીથી કશું ખીલવાનું નહીં કે સંતોષ નહીં વાળવાનો.

**'મારી વાસ્તવિક સારાસારી મોક્ષ જ છે.' આ વિચાર જુઓ,**

સ્થૂલભદ્રજીને રાજા તરફથી મંત્રી-મુદ્રિકાની ભેટ આપવામાં આવેલી. એટલે જ એમણે જોયું કે 'જેમ મંત્રી-મુદ્રિકા સ્વીકારવામાં કોશાના ચોવીસે કલાકના સુખ જાય, તેથી મંત્રી-મુદ્રિકા જતી કરવાની; એમ સંસારવાસમાં પડી રહેવામાં, ચારિત્ર વિના મારે મોક્ષના અનંતા સુખ લેવાના જાય. આ ઉચ્ચ માનવભવ તો મોક્ષના અનંત સુખ લેવા માટે છે, તો એની ખાતર સંસારના ક્ષણિક-નાશવંત સુખ જતાં કરવાના.'

જુઓ, નંદરાજાના મોટા રાજ્યનું મુખ્યમંત્રીપણું મળે છે, એ દુન્યવી દષ્ટિએ કેવી ઊંચી સારાસારી ? છતાં મોક્ષની દષ્ટિ આવીને ઊભી, તો એમણે ત્યાં જ સંસારત્યાગ કરી સાધુવેશ-સાધુપણું લઈ લીધું ! કેવો જબરજસ્ત વિવેક ! અને કેટલું જબરજસ્ત આત્મપરાક્રમ ?

સારાસારીમાં મોક્ષદષ્ટિ જાગ્રત હોય એટલે જ શ્રાવક પરલોક પ્રધાન જીવન જીવે. સારાસારીમાં એવા વાણી-વિચાર-વર્તાવ ન રાખે કે જે અહીં સુખમાં મનને જાહોજલાલી લગાડે અને પરલોક બગાડી નાખે. પરલોક બગડે એટલે પરલોકમાં એવા હલકા ભવ આવવાથી પાપો જ કરવાના મળે અને એથી મોક્ષ તો દૂર, ઊલટું ભવના ફેરા વધી જાય. **ભવ પાર કરવાના, ભવ ટૂંકા કરવાના આ જન્મમાં શું ભવના ફેરા વધારવાના ધંધા કરવા ?**

**સારાસારીમાં મોક્ષદષ્ટિ જીવંત હોય એનું ફળ :**

(૧) મોક્ષને જ વાસ્તવિક સારાસારી તરીકે દેખે,

(૨) એ દેખતો હોવાથી વર્તમાન પૌદ્ગલિક નાશવંત સારાસારીમાં ફુલાઈ ન જાય, અભિમાન ન કરે કે, 'હું કેવો શ્રીમંત ! હું કેવો વિદ્વાન !'

(૩) યા સંતોષ ન વાળી બેસે કે, 'ચાલો, જીવનમાં જોઈતું સારું બની આવ્યું, હવે બેસો નિરાંતે ને આરામથી જીવો.' એમ,

(૪) બીજાની આવી સારાસારી પર ઇર્ષ્યા ન કરે. કેમકે સમજે છે કે, અમર સારાસારી તો મોક્ષની, બાકી; આ સામાની દુન્યવી સારાસારી તો નાશવંત છે. એ બિચારો જોતો રહેશે ને આ સારાસારી ઉપડી જવાની છે, ને એ વખતે આ બિચારો પોક મૂકીને રોવાનો છે. અંતે રોવરાવનારી આ બીજાની સારાસારી તરફ મારે ઇર્ષ્યા શી કરવી ?

**મોક્ષદષ્ટિ આમ અભિમાન, ફુલાવાનું, અતિહર્ષ કરવાનું, ખોટો સંતોષ વાળી ધર્મ ભૂલવાનું ને બીજાની સારાસારી તરફ ઇર્ષ્યા કરવાનું અટકાવે છે.**

(૫) વળી, મોક્ષદષ્ટિ દુન્યવી સારાસારીમાં અભિમાન અટકાવી બીજાને તિરસ્કારવાનું અટકાવે છે. માણસ બીજાનો તિરસ્કાર કેમ કરે છે ? પોતાને પોતાની સારાસારીનો મદ છે, અભિમાન છે, માટે બીજાને તુચ્છ ગણે છે, કિંમત વિનાના સમજે છે; એટલે જ એમનો તિરસ્કાર કરે છે. જો આ સારાસારીનો મદ ન હોય, અહંત્વ ન હોય, તો શેઠીયા નોકરોને તુચ્છ શાના ગણે ? વાતવાતમાં એમનો તિરસ્કાર કેમ કરે ? બાપ છોકરાનો તિરસ્કાર કરે ? માસ્તર વિદ્યાર્થીનો તિરસ્કાર કરે ? ગુરુ શિષ્યનો તિરસ્કાર, કે વિદ્વાન યા અનેક ચેલાવાળો શિષ્ય ગુરુનો તિરસ્કાર કરે ? પરંતુ કહો, મનમાં પોતાની સારાસારીનો મદ છે. ત્યાં મોક્ષની સારાસારી સમજતો હોય, એ વર્તમાન પોતાની દુન્યવી સારાસારીને તુચ્છ લેખે. પછી એનો મદ શો ? અને બીજાને તિરસ્કારવાનું શું ?

જીવનમાં મોક્ષદષ્ટિની ને મોક્ષને જ સાચી સારાસારી માનવાની બલિહારી છે.

દુન્યવી સારાસારીમાં મોક્ષદષ્ટિ જીવંત રખાય એટલે તો જુએ કે **ધર્મનો ઉત્સાહ બન્યો રાખવા માટે આ જ ભાવના : અંતે તો મારે મોક્ષ પામીને જપવાનું છે, તો આ દુન્યવી સારાસારીનો ઉપયોગ મોક્ષને નિકટ કરવામાં કરું.**

મારી જ સારાસારીથી મારો મોક્ષ દૂર થાય એવો એનો ઉપયોગ મારાથી કેમ કરાય ? એ તો કમ અક્કલવાળાનો અને બુદ્ધિહીન મૂઢ માણસનો ધંધો કે પોતાની જ સારાસારીનો એવો ગેરઉપયોગ કરી પોતાના જ મોક્ષને દૂર કરે. જન્મ્યો ત્યારે પોતાના કર્મસ્ટોક અને પાપાનુબંધોના સ્ટોક પર મોક્ષ જેટલો દૂર હતો એના કરતાં જન્મ્યા પછી જીવન જીવતાં-જીવતાં સારાસારીનો એવો ગેરઉપયોગ કરી રહ્યો છે કે એના પર ઊભા થતાં નવા પાપકર્મ અને પાપાનુબંધોના સ્ટોક પર મોક્ષ વધારે દૂર થઈ જાય છે. આવું કરે એમાં બુદ્ધિમત્તા નથી, બુદ્ધિનો સદુપયોગ નથી, પરંતુ બુદ્ધિનું લિલામ છે.

મોક્ષદષ્ટિવાળાને સારાસારીનો સદુપયોગ આ કે સારાસારીના મૂળ કારણભૂત દેવાધિદેવ પર અને એમના વચન પર એ અથાગ રાગ વધારે, એમ સાધુ મહાત્માઓ પર રાગ વધારે અને એ રાગના ફળરૂપે દેવ-ગુરુની ખૂબ સેવા-ભક્તિ કરે, બીજાઓમાં પણ દેવ-ગુરુભક્તિ તથા જિનવચનની આરાધના વધે એવી રીતે પોતાની સારાસારીનો સદુપયોગ કરે. મોક્ષદષ્ટિ જાગતી હોય એનો આ પ્રભાવ પડે. માટે તો જુઓ :

**રાજા સંપ્રતિનો સારાસારીનો સદુપયોગ :**

સંપ્રતિ રાજાએ પોતાની પાસેની સારાસારીનો આ ઉપયોગ કર્યો કે સવા લાખ જિનમંદિર બંધાવ્યા ! કેટલીય ધર્મશાળાઓ ઊભી કરી, દાનશાળાઓ ખોલી ! દૂર દૂર દક્ષિણ દેશમાં લોકોને ધર્મથી અને સાધુથી પરિચિત કરવામાં અઢળક ધન ખર્ચ્યું, જેથી ત્યાં સાધુઓ વિચરી શકે અને લોકોને ધર્મ પમાડી શકે, ધર્મ સધાવી શકે ! ગ્રીસ અને ઇરાન સુધી તત્ત્વજ્ઞાન ફેલાય એવા સુકૃતો કર્યાં ! કેમ આ બધું ? એને જિન-જૈનસાધુ અને જિનવચન-જૈનધર્મ પર એટલો બધો રાગ છે કે એના પ્રત્યે જગતને આકર્ષવું છે અને એમ કરીને પોતાનો મોક્ષ નિકટ કરવો છે.

**આપત્તિમાં મોક્ષદષ્ટિ સમાધિ આપે :**

જેમ મોક્ષદષ્ટિ સારાસારીમાં આ કામ કરે છે, એમ આપત્તિમાં-કટોકટીમાં પણ મોક્ષદષ્ટિ સમાધિ આપવાનું કામ કરે છે. મોક્ષદષ્ટિ આ વિચાર કરાવે છે કે, 'મારે આપત્તિ આવી, દુન્યવી સારાસારી ગઈ, પૈસા ગયા, પરિવાર ગયો,

એ કોઈ મોટી નુકસાની નથી. મોટા ચક્રવર્તીઓને છ ખંડની રાજ્ય-ઋદ્ધિ ગઈ છે અને લાખો-કરોડોના પરિવાર ગયા છે, તો મારે શું મોટું નુકસાન થયું છે ? મારે તો મારો મોક્ષ ન લૂંટાઈ જાય, મોક્ષ આઘો ન થઈ જાય; એ જ જોવાનું છે, એવું જ કરવાનું છે.'

કટોકટીમાં આપત્તિમાં આ વિચાર રાખવો જ પડે, જેથી ચિત્તને વિહ્‌વળતા-વ્યાકુળતા-હાયવોય ન થાય. નહીંતર, બનવાનું તો બને જ છે, એમાં કાંઈ હાયવોય કરવાથી ફરક પડતો નથી, આપત્તિ કાંઈ ટળી જતી નથી કે હળવી થતી નથી. આપત્તિ-સંપત્તિ; એ કર્મના ખેલ છે, એટલે એ Pre-arranged = પૂર્વ-આયોજિત છે. એમાં હવે શો ફેરફાર થાય ?

સીતાજી આ સમજતાં હતાં, એટલે જંગલમાં એકલા અટુલા મુકાવા જેવી કટોકટીમાં પણ વિહ્‌વળ ન થયા, હાયવોયમાં ન પડ્યા; પરંતુ સીતાજી મનમાં કર્મની સામે જે ધર્મનું બળ તથા મોક્ષનું લક્ષ્ય ધરાવતાં હતાં, એના અનુસારે **સીતાજી રામચંદ્રજીને સંદેશો આ મોકલે છે કે 'લોકવચનથી જૈનધર્મ ન છોડતાં. કેમકે જૈનધર્મ છોડ્યે મોક્ષ અચૂક અટકી જશે, માનવજન્મ નિષ્ફળ જશે.'**

સારાંશ આ છે કે દુન્યવી સારાસારીમાં ધર્મદષ્ટિ અને મોક્ષદષ્ટિને જીવંત રાખવાની છે, ને એવું જ આપત્તિમાં-કટોકટીમાં,

(૧) ધર્મદષ્ટિ આ કે, આ સારાસારી પૂર્વના ધર્મસેવનનું ફળ છે, માટે ધર્મસેવન મુખ્ય રાખવાનું.

(૨) મોક્ષદષ્ટિ આ કે, જીવને ખરેખરી સારાસારી મોક્ષ છે, માટે દુન્યવી સારાસારીનો ઉપયોગ એ મોક્ષની સારાસારીને નિકટ કરવા માટે જ કરવાનો. ઉપયોગ કરતાં આ જોવાનું કે આનાથી મારો મોક્ષ નિકટ થાય ને ? દૂર ન થાય ને ?

દુન્યવી સારાસારીમાં આ બે દૃષ્ટિ જાગતી હોય, પછી કટોકટી આવે, આપત્તિ આવે, ત્યાં પણ આ બે દૃષ્ટિ જાગતી રહે; એ સ્વાભાવિક છે. એટલે જ સીતાજીએ જંગલમાં તરછોડાવાની ભારે કટોકટીમાં પણ, તરછોડનાર પતિને સંદેશો મોકલી ધર્મ અને મોક્ષ તરફ એમનું ધ્યાન ખેંચ્યું.

**રામ પર સંદેશાની અસર :**

હવે જુઓ, સેનાપતિ જઈને રામચંદ્રજીને મળે છે, ત્યારે રામ પૂછે છે :

'કેમ સીતાને જંગલમાં મૂકી આવ્યા ?'

સેનાપતિ કહે છે : 'હાજી, મેં આપનો એમને આદેશ કહેતાં એ કશી આનાકાની વિના તરત જ રથમાંથી જંગલમાં ઊતરી પડ્યા ! અને હું તો રોતો હતો, એટલે એમણે મને કહ્યું : 'તું શા માટે રુએ છે ? જો આમાં તારો દોષ નથી. તું તો જો સ્વામીનો સેવક છે અને હું સ્વામીની આજ્ઞાંકિત છું, તેથી તારે ને મારે સ્વામીની આજ્ઞા પાળવાની; એ આપણું કર્તવ્ય છે.'

બાકી, સ્વામીને કહે : 'જો સ્વામીને કહેજે ખેદ નહીં કરતાં. કેમકે આમાં તમારો ય દોષ નથી, તેમ લોકનો પણ દોષ નથી. દોષ માત્ર મારા પૂર્વકર્મનો છે. કર્મે આ કરાવ્યું છે, તેથી તમે શું કામ દુઃખ કરો ?'

રામ આ સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે ! સીતાના ઉમદા દિલ પર ઓવારી જાય છે !

સેનાપતિ કહે : 'નામદાર ! પછી મેં પાછા વળતાં પૂછ્યું કે, 'સ્વામીને કાંઈ કહેવરાવવું છે ?'

ત્યારે સીતાજીએ આ સંદેશો આપ્યો છે. એમણે કહ્યું : 'સ્વામીને કહેજો કે, 'મને લોકનિંદાથી છોડી તો ભલે છોડી, એથી તમારો મોક્ષ નહીં અટકે, પરંતુ કાલે કદાચ લોક તમારા જૈનધર્મની નિંદા કરે, તો તમે ધર્મ છોડતાં નહીં, કેમકે જૈનધર્મનો ત્યાગ કરવાથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.'

ભયંકર કટોકટીમાં સીતાજીના આ વચન સાંભળી રામ ક્યાં ઊભા રહે ? રામને 'આવા ઉત્તમ સીતાજીને મેં છેહ દીધો ?' એ વિચાર પર સખ્ત આઘાત લાગ્યો. રામચંદ્રજી બેભાન થઈ ગયા. કેમ બેભાન ? એમના દિલને જબ્બર આંચકો લાગ્યો એટલે સ્તો. એમણે જોયું કે,

**રામના મન પર સીતાની વિશેષતાઓ :**

'અહો ! સીતાજીનો મારા પ્રત્યે આટલો બધો ઊંચો સદ્‌ભાવ ! એમને મારા એકમાત્ર આત્મહિતની ચિંતા ! તથા એમનો ગજબનાક ક્ષમાશીલ સ્વભાવ વગેરે

એમની આટલી બધી ઉમદા રીતિ-નીતિ અને સદ્ગુણો ! એની સામે મેં પોતે મૂઢ નાદાન લોકથી ખોટી રીતે દોરવાઈ સીતાજીને કારમો છેહ દીધો ? એ નજર સામે તરવરતાં રામ એવો ભારે આંચકો-આઘાત પામ્યા કે ત્યાં બેભાન થઈ ઢળી પડ્યા.

ભારે આઘાત લાગે જ ને ? સીતાજીની લાયકાત કેટલી બધી ઊંચી ! સીતાજીનો વર્તાવ કેટલો બધો ઉમદા ! અને તે પણ ભયંકર કષ્ટ વેઠીને ય ઉમદા વર્તાવ ! એની સામે રામચંદ્રજીનો પોતે સુખે બેઠા, સીતાજી નિર્દોષ છતાં પોતાની અજ્ઞાન-મૂઢ લોકમાં એક સારા રાજા તરીકેની ખ્યાતિ ઊભી રહે એના સ્વાર્થમાં સીતા પ્રત્યે કેટલો બધો ક્રૂર વર્તાવ ?

હવે આ ફરક સીતાજીના ઉમદા બોલ પર ખ્યાલમાં આવતાં હૈયે જબરદસ્ત આંચકો કેમ ન લાગી જાય ? બસ, આ આંચકાએ એમને મૂર્છિત કરી દીધા.

જો કે રામ એક મહાન પુરુષ છે. મહાન પુરુષની ય ભૂલ થઈ જાય, પરંતુ એમની મહાનતા આ કે, ભૂલ ખ્યાલમાં આવતાં પાછા વળી જતાં વાર નહીં ! ત્યાં **હૈયું જો વાસ્તવમાં અધમ હોય, તો ભૂલ જણાયા પછી પણ ગાંઠ ન છૂટે, ભૂલમાંથી પાછા વળવાનું ન સૂઝે.** અધમતાને લીધે અભિમાનથી ભૂલને સાચું-સારું કર્યા તરીકે પકડી રાખે.

પરંતુ અહીં રામચંદ્રજી વાસ્તવમાં મહાન છે. તેથી જુઓ, પહેલું તો ભૂલ સમજીને હૈયે આંચકો એવો અનુભવે છે કે પોતે બેભાન થઈ જાય છે; અને પછીથી માણસો ઠંડા ઉપચારથી એમને ભાનમાં લાવતાં, રામ તરત સેનાપતિને કહે છે :

**રામ સીતાને પાછા લાવવા વિચારે છે :**

'અરે ! આપણે આ શું કરી નાખ્યું ? મૂઢ લોકને ખુશ કરવા ખાતર આવા મહાપવિત્ર નિર્દોષ અને આટલા બધા ઉમદા વર્તાવ તથા ઉચ્ચ ગુણોવાળા સીતાજીને જંગલમાં તરછોડ્યા ? ધિક્કાર છે મને ! અલ્યા સેનાપતિ ! ઊઠ, ચાલ, જલ્દી રથ જોડ. આપણે એ જંગલમાં જઈને સીતાજીને પાછા લઈ આવીએ. ભલે મૂઢ લોકો ગમે તે બોલે.'

પહેલાં પ્રજાની શાબાશી લેવા કે, 'રામચંદ્રજી એક સારા રાજા કે, પરઘર રહી આવેલી પ્યારી પણ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી !' આવી શાબાશી લેવા સીતાજીને એમણે રવાના કર્યા હતાં, એ રામ; એમની મહાનતા જુઓ કે હવે આખી પ્રજા ગમે તે બોલે, નિર્દોષ સીતાજીને પાછા લઈ આવવા તૈયાર થઈ જાય છે ! અહીં પ્રશ્ન થાય :

**લોકાપવાદ કેમ ગૌણ ? :**

**પ્રશ્ન :** તો શું પહેલાં એમણે લોકાપવાદને મહત્ત્વ આપ્યું હતું, તે હવે એને ખોટું કર્યું માને ?

**ઉત્તર :** હા, એનું કારણ છે. પહેલાં પોતે ઈક્ષ્વાકુવંશના એક સારા વારસદાર તરીકેની ખ્યાતિ અખંડ રાખવાના લોભમાં લોકની મૂઢતા એમના મન પર આવી નહોતી. હવે લોકની મૂઢતા-અજ્ઞાનતા સમજી ગયા કે, 'આવા મહાસતી પર આરોપ ચઢાવવો; એ નરી મૂઢતા છે, ગાંડપણ છે. એવા ગાંડા બે-ચાર નહીં, પણ હજારો હોય, તો ય શું ? એના બોલવાના આધારે ન ચલાય.' આમ સમજી ગયા પછી રામ લોકાપવાદને મહત્ત્વ આપવાનું છોડી દે અને મહાસતીને કરેલો ભયંકર અન્યાય પાછો ખેંચી લે; એમાં ખોટું નથી, પણ એમાં એમની મહાનતા છે. શું ?

**નિર્દોષને કરેલો અન્યાય પાછો ખેંચી લેવો; એ ય મહાનતા છે.**

આ પરથી આપણે ધડો લેવા જેવો છે કે આજે જ્યારે અજ્ઞાન અને મૂઢ લોક ધર્મવિરુદ્ધ, સાધુવિરુદ્ધ અને શાસ્ત્રના કાનૂનવિરુદ્ધ બોલે છે, તો એને મહત્ત્વ ન અપાય કે, 'આટલા બધા લોક આમ બોલે છે, તો એના પર વિચાર કરવો જોઈએ.' કેમકે,

**મૂઢ લોકને મહત્ત્વ આપવામાં ધર્મ-સાધુ-શાસ્ત્રને અન્યાય થાય.** માટે જ એવા લોકને મહત્ત્વ આપી આપણી ધર્મ આરાધના, સાધુ પ્રત્યે ભક્તિ-બહુમાન અને શાસ્ત્રનિયમોની શ્રદ્ધાને પડતી ન મૂકાય. મૂઢ-અજ્ઞાની લોકના બોલની કિંમત શી ?

રામચંદ્રજીએ જ્યાં સેનાપતિને કહ્યું : 'ચાલો જલ્દી, આપણે સીતાજીને પાછા લઈ આવીએ.'

ત્યાં સેનાપતિ કહે છે : 'પ્રભુ ! મહાસતીજીને અહીંથી ૫૦૦ ગાઉ દૂર મૂકીને અહીં આવતાં મને સમય બહુ લાગ્યો. એટલામાં તો એ ક્યાંય ચાલી ગયા હોય, તો પત્તો ક્યાં લાગશે ?'

રામ કહે : 'તું ચિંતા ન કર. એ પગે ચાલી ચાલીને કેટલું ગયા હોય ? આપણી પાસે તો રથ છે. પવનવેગી ઘોડા છે, એટલે આખા જંગલમાં સપાટાબંધ ઘૂમી વળશું અને એમને ઢૂંઢી કાઢશું.'

રામને કેટલી બધી તમન્ના લાગી છે સીતાજીને પાછા લઈ આવવાની ! એ જ કારણ કે પોતે નિર્દોષ મહાસતીને અન્યાય કરવાની, દંડી નાખવાની મહાભૂલ કરી છે, તો હવે એમને કષ્ટ વેઠીને પણ એ મહાભૂલનું પરિમાર્જન કરવું છે.

સેનાપતિએ રથ જોડ્યો ને એમાં સપાટાબંધ ઊપડ્યા રામચંદ્રજી જંગલ તરફ. જે જગ્યાએ સેનાપતિએ સીતાજીને છોડ્યા હતાં, એ જગ્યાએ અને આસપાસમાં જંગલમાં ખૂબ ફરી વળ્યા, પરંતુ સીતાજીનો પત્તો ન લાગ્યો. ઘૂમ્યા, ઘૂમ્યા, બહુ ઘૂમી વળ્યા, પરંતુ નિષ્ફળ ! સીતાજી ન મળ્યા; કેમ વારુ ? સીતાજી ત્યાં હતાં જ નહીં.

**જે વસ્તુ જ્યાં ન હોય, ત્યાં એની શોધ માત્ર દિવસો જ નહીં, પણ જન્મારા સુધી કરો, પણ એ ન જ મળે.** જિંદગીની જિંદગીઓ ત્યાં ઢૂંઢો, તો ય ન મળે.

સાપના મોંમાં અમૃત હોય ? ના, તો પછી જિંદગીભર સાપના મોંમાં અમૃતને ઢૂંઢતા રહો, તો ય તે ત્યાં શાનું મળે ? એમ,

(૧) દુન્યવી પદાર્થોમાં વાસ્તવિક સુખ નથી, છતાં જન્મોના જન્મ એમાં સુખ શોધવા જાઓ, સુખ લેવા મથો, તે શાનું મળે ?

(૨) મિત્રોના દિલમાં આપણા પ્રત્યે સાચા નિઃસ્વાર્થ સ્નેહ જેવું હોય જ નહીં, તો ત્યાંથી સ્નેહ લેવા ગમે તેટલો ભોગ આપો, તો ય તે શાનો મળે ? સ્નેહને બદલે અંતે ખાસડાં મળે !

(૩) કુલટા કુભારજાના દિલમાં સુશીલતા હોય જ નહીં, પછી એને હીરા-માણેકના દાગીનાથી લાદી દો અને એના પર ભારે પ્રેમ દેખાડો, છતાં એનામાં સુશીલતા શાની જડે ?

અહીં સીતાજી જંગલમાં હતાં જ નહીં, પછી રામ આખું જંગલ ઘૂમી વળી શોધે, પણ સીતા ક્યાંથી મળે ? અંતે નિરાશ થઈ ગયા અને કલ્પના કરી કે, 'જંગલ બિહામણું છે, શિકારી પશુઓનો અહીં વસવાટ હોય, તેથી લાગે છે કે સીતાજી શિકારી પશુનો ભોગ બની ગયા હોય ! ત્યારે અરરર ! મારી કેટલી બધી મૂર્ખાઈ અને કેટલી બધી ક્રૂરતા કે આવા જંગલમાં મેં એમનો ત્યાગ કરાવ્યો ?' એમને પસ્તાવાનો પાર નથી.

**રામનો સીતા ન મળવા પર કલ્પાંત :**

રામ રોયા, ખૂબ રોયા. કલ્પાંત કરે છે : 'હે ભગવાન ! આ મને કેવી દુર્બુદ્ધિ સૂજી કે આવા મહાસતી, મહાપવિત્ર અને ગુણગણના ભંડાર સીતાજીને આવો છેહ દીધો ? લક્ષ્મણ મને ના જ કહેતો હતો કે ભલે લોક ગમે તેમ બોલે, પણ તમે સીતાજીને મહાસતી માનો જ છો, તો એમને છેહ ન દેવાય; છતાં મેં હાય ! છેહ દીધો ! લાખલાખ ધિક્કાર હોજો મને કે મેં આટલા ઉચ્ચ આત્માને શિકારી પશુના મોંમાં મૂક્યા ! ઓ મારી સીતા ! માફ કરજે મને, હું પાપાત્મા છું, નરાધમ છું અને આ નાલાયક નરાધમને તેં આ જનમમાં પતિ કર્યો, પરંતુ હવે પછીના કોઈ જનમમાં મને કે મારા જેવા નાલાયકને ભૂલેચૂકે પતિ કરીશ નહીં.'

'ઓ મારી ગુણમૂર્તિ સીતા ! તું તો પતિવ્રતા-પતિભક્તા ગુણમય જીવન જીવીને આ ઉચ્ચ જનમ અજવાળી ગઈ, પણ હું પાપી ભયંકર પત્નીદ્રોહ કરીને આ ઉચ્ચ જનમને અંધકારમય કરનારો બન્યો.'

**સીતાનું શું થયું ? :**

રામ કલ્પાંત કરતાં ઘરે પાછા વળ્યા. અહીં સવાલ થાય કે, 'સીતા મળ્યા નહીં, તો શું એ શિકારી પશુથી ભરખાઈ ગયા ? કે બીજે ક્યાંક ચાલી ગયા ? શું દેવતા એમને ઊઠાવી ગયો ?'

જવાબ આ છે કે ભરખાઈ નથી ગયા, પણ નજીકના રાજ્યનો રાજા વજ્રજંઘ બહાર ફરવા નીકળેલો, તે ફરતો ફરતો જોગાનુજોગ અહીં આવ્યો અને સીતાજી આશ્રય માટે આગળ વધી રહ્યા હતાં, એમને જોઈ પૂછે છે :

'તમે તમારા વેશ અને મુખમુદ્રા પરથી કોઈ ખાનદાન ઘરના લાગો છો, તો અહીં એકલા કેમ પડી ગયા ?'

શું સીતાજી અહીં પતિ રામચંદ્રજી કે નિંદક લોક માટે બખાળા કાઢે ? ના, અહીં સીતાજી કહે છે : 'મારું કમભાગ્ય મને અહીં લઈ આવ્યું છે... વધુ પૂછશો નહીં.'

**રુઠેલું ભાગ્ય બળવાન હોય, પછી ઘર ને સગા વહાલા બધાનો વિયોગ થઈ જાય; એ સહજ છે.**

**માણસનું બળવાન ભાગ્ય સામે શું ચાલે છે ?**

રાજા સમજી ગયો કે, 'આ બાઈ માણસ અત્યંત દુઃખમાં ગમે તે કારણે મુકાઈ ગયું હો, પણ ખાનદાનીના લીધે કારણ કહી શકતાં નથી, તો કાંઈ નહીં. આપણે કારણ પૂછીને શું કામ છે ? આપણે તો દુઃખિયારાના બેલી થવું.' એમ વિચારી રાજા એમને કહે છે :

'ચિંતા ન કરશો. તમો મારા ધર્મના બેન છો. મને તમારો ધર્મનો ભાઈ સમજજો. ચાલો મારી સાથે, હું રાજા છું, મારા મહેલમાં મારા બેન તરીકે ખુશીથી રહેજો. તમારી ભાભીઓ આવા તમારા જેવા ઉત્તમ નણંદને પામી ખુશી ખુશી થઈ જશે. તમને સારા આવકારશે.'

# ૭. સક્રિય ધર્મમમતા

આમ રાજા વજ્રજંઘ સીતાજીને મહાન આશ્વાસન આપી રથમાં બેસાડીને પોતાના રાજમહેલ પર લઈ ગયેલો, તેથી અહીં જંગલમાં સીતાજી શાના હોય ? ને રામને એ ત્યાં શાના જડે ? તેમ આ સમાચાર પણ રામને કોણ કહે ?

ત્યારે જુઓ, આ જનમમાં ય જંગલમાં ગુમાવેલા સ્નેહીના સમાચાર નથી મળતાં, તો પછી,

- પરલોકમાં સંસારરૂપી અરણ્યમાં-જંગલમાં ખોવાઈ ગયેલા સ્નેહીના સમાચાર કોણ આપે ? તેમ,
- એ ત્યાં કેવી સ્થિતિમાં હોય ? એની ય ખબર નથી કે એને દુ:ખમાંથી બચાવી શકતાં નથી. તેમ,
- એ સુખમાં હોય તો આપણને ઉપયોગી થતાં નથી.

ત્યાં આ જનમના સગા-સ્નેહી પર ખોટા રાગ, ખોટી મમતા કરી શી કામની ?

સીતાને તો કારણે જંગલમાં ગુમાવ્યા, પરંતુ અહીં સંસારમાં તો કારણ કાંઈ ન આપો, તો ય સગા-સ્નેહી નિશ્ચિતપણે ગુમાવવાના છે અને એ સંસાર-અરણ્યમાં નિશ્ચિતપણે ક્યાંક એવા ગુમ થઈ જવાના છે કે એના સમાચાર મળવાના નથી. અરે ! એનું એડ્રેસ પણ મળતું નથી. પછી એવા,

**સગા-સ્નેહી પર ગાઢ મમતા કરી કરી એમાં દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પર મમતા કરવાનું ગુમાવવું; એ કેટલી બધી મૂર્ખતા અને મૂઢતા છે ?**

**અહીં દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પર કરેલી ગાઢ મમતા પરભવે દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક મળવાનું નક્કી કરી આપે છે.**

હવે વિચારો કે આ મળવાનું નક્કી થયું એટલે શું નક્કી થયું ? મનુષ્યજનમ મળવાનું નક્કી થયું ! કદાચ દેવભવ મળે, તો ય ત્યાં રહ્યા દેવાધિદેવ-સાધુ-સંઘ વગેરેની ભક્તિ કરવાનું સુલભ થાય ને પછી પાછો માનવ-અવતાર મળે, એમાં દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક મળવાનું સુલભ થાય.

એટલે સંસાર-અરણ્યમાં સગા-સ્નેહી ખોવાઈ જવાનો અને એમના સમાચાર કે સરનામું પણ નહીં મળવાનો ખ્યાલ રાખી, એમના પરથી મમતા હટાવીને દેવાધિદેવ, સાધુ મહાત્માઓ, સંઘ તથા સાધર્મિક પર મમતા જમાવવી જોઈએ.

**દેવ-ગુરુ-સંઘ પર મમતાર્થે શું શું કરવાનું ? :**

આ મમતા જમાવવાનું ખરેખર શી રીતે થાય ?

કહો, જેમ સગા-વહાલા પર મમતાથી વરસી જવાય છે, એમ દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પર વરસી જવું જોઈએ. કહો; પત્ની-પુત્ર-પુત્રી વગેરે ને સાળા-જમાઈ-ભાણેજા વગેરે સગા ઉપર સમય-સંપત્તિ વરસાવવાનું ઓછું કરી દેવાધિદેવ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા વગેરે પર સારો સમય અને સંપત્તિ વરસાવવાનું તથા એમની સેવામાં શ્રમ ઉઠાવવાનું કરાય, તો એમના પર મમતા વાસ્તવિક ઊભી થાય. એ વિનાની મમતા તો માત્ર કહેવાની મમતા રહેશે, સાચી મમતા નહીં, માટે કહો :

પરભવે દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક સુલભ કરવા છે ? એમના પર મમતા સુલભ કરવી છે ?

તો અહીં મળી ગયેલ દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પર સક્રિય મમતા ઊભી કરો, સક્રિય મમતા એટલે એમની ખાતર સમયનો ભોગ આપવાનું કરાય, સંપત્તિનો ભોગ આપવાનું કરાય, શ્રમ ઉઠાવીને શરીરનો કાંઈક ભોગ અપાય. એવી મમતાર્થે સમય-સંપત્તિનો સારો ભોગ આપવાની તથા સારો શ્રમ કરવાની તમન્ના રહેતી હોય, એવી મમતા એ સક્રિય મમતા છે.

**સક્રિય મમતાના દાખલા :**

- માતાને પુત્ર પર મમતા રહે છે. એ કેવી મમતા ? આવી જ કે પુત્ર ખાતર પોતાનો સમય ગાળવાની, પોતે શ્રમ લેવાની અને પોતાની ચીજ વસ્તુ

પુત્રના કામે લગાડવાની એને તમન્ના રહે છે. ઓરમાયા દીકરા પર એવી મમતા નથી, તો એવી ભોગ આપવાની તમન્ના રહેતી નથી.

- પત્નીના મનને એમ રહે છે કે, 'આ મારા પતિ છે.' એને પતિ પર મમતા છે, તો પતિ ખાતર એને સમય-શ્રમ-સંપત્તિનો કેટલો બધો ભોગ આપવાની તમન્ના રહે છે !
- એમ વફાદાર નોકરને લાયક શેઠ પર કેટલી બધી સક્રિય મમતા રહે છે !

બસ, આવી તમન્ના દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક ખાતર ભોગ આપવાની રહે : 'કેમ હું આમની ખાતર સમય કાઢું, શ્રમ કરું અને મારી ચીજ, વસ્તુ, પૈસા કામે લગાડું !' આવી તમન્ના-તત્પરતા-ધગશ રહે. જો આ તમન્ના નથી તો મમતા શી ?

**મહારાજા શ્રેણિકને** મહાવીરપ્રભુ મળ્યા નહોતાં, એમને પ્રભુ ઓળખાયા નહોતાં, ત્યાં સુધી એમના પર મમતા નહોતી; પરંતુ પ્રભુ મળ્યા, ઓળખાયા, પછી તો મમતા એવી જાગી કે :

'વાહ ! આ તારણહાર પ્રભુ મને મળ્યા ? જગતમાં ખરેખર મારા ગણું તો આ દેવાધિદેવ મારા છે !' આ મમતા એવી જાગી કે રોજ ત્રિકાળ પ્રભુભક્તિ સમય કાઢીને અને સંપત્તિ ખરચીને કરવાની તમન્ના રહેતી. પ્રભુની કોઈ સુખશાતાના સમાચાર લાવી દેતું, તો એને સારું ઇનામ આપી દેતાં.

પ્રભુ પર ઊછળતો રાગ, પ્રભુ પર હાર્દિક મમતા શું ન કરાવે ? સંપત્તિનો ભોગ કેમ ન અપાવે ? ત્યાં જો મનને એમ થાય કે આટલા સમાચારમાં પૈસા શા ખરચવા હતાં ? તો એનો અર્થ એ કે, પ્રભુ કરતાં સંપત્તિ પર વધુ મમતા છે. મન કહે છે : 'પ્રભુની ખાતર એમ પૈસા જતા ન કરાય, પૈસા જતા કરવાની જરૂર નહીં.'

**પ્રભુ કરતાં પૈસા વધારે ગમતાં હોય ત્યાં પૈસા ખાતર પ્રભુનો ઉપયોગ કરશે, પણ પ્રભુ ખાતર પૈસાનો ઉપયોગ નહીં.'**

અગર પ્રભુની ભક્તિમાં કદાચ પૈસાનો ખરચ પણ કરશે, તો ય ત્યાં ય મનમાં બેઠું હશે કે, 'આ પ્રભુની કૃપાથી મને સારા પૈસા મળો.' કહેશે : 'શંખેશ્વર દાદા !

તમારી ૧૫૦ રૂપિયા ખરચીને આંગી કરાવી છે, તો દાદા! એના પર બે મીંડા ચડાવીને મને દઈ દેશો.' એટલે કેટલા માંગ્યા ? ૧૫૦૦૦ ! છે ને વાણિયો હોંશિયાર ! પ્રભુ કરતાં પૈસા પર વધારે મમતા છે, એટલે દોઢસો ખરચીને તો પાછા મેળવવા છે.

ઉપરાંત ચૌદ હજારને સાડી આઠસો રૂપિયાનો વધારો જોઈએ છે ! આણે પ્રભુ ખાતર પૈસાનો ઉપયોગ કર્યો ? કે પૈસા ખાતર પ્રભુનો ઉપયોગ કર્યો ? કહો, પૈસા ખાતર પ્રભુનો ઉપયોગ કર્યો; એ પ્રભુ કરતાં પૈસાની વધારે મમતા સૂચવે છે.

**શ્રેણિકે પ્રભુ પરની મમતામાં શું શું કર્યું ? :**

મહારાજા શ્રેણિકને પ્રભુ પર વધારે મમતા હતી એટલે પોતાના મેઘકુમાર-નંદીષેણ-અભયકુમાર વગેરે પુત્રો તથા કાલી-મહાકાલી વગેરે રાણીઓ પ્રભુ પાસે ચારિત્ર લઈ પ્રભુના શિષ્ય બનવા માગે છે, તો શ્રેણિકે તરત એમને ચારિત્ર અપાવી પ્રભુને સોંપી દીધા છે ! શ્રેણિક એમ ને એમ ભગવાન નથી થવાના. ભગવાન પર આ મમતા હતી કે, 'મારા ભગવાન કરતાં દીકરા કીમતી નહીં, દીકરા કરતાં ભગવાન કીમતી; તેથી મારા ભગવાનની સેવામાં દીકરા જતા હોય, તો ભલે જાઓ,'

'ના, મારા દીકરા તો મારી સેવામાં રહેવા જોઈએ, ભગવાનની સેવામાં નહીં મોકલવાના, ભગવાનને તો ઘણાય શિષ્યો છે અને બીજા પણ મળે છે.' જો આ ગણતરી હોય, તો આમાં ભગવાન પર મમતા ક્યાં રહી ?

કોઈ મોંઢેથી સવાસલો કરે કે, 'મને મારા બાપાજી પર બહુ મમતા છે.' પણ પોતાના દીકરાને પોતાની સેવામાં જ રોકી રાખે ને બાપની સેવામાં ન જવા દે, તો એની બાપ પર મમતા કેવી ? ખાલી શબ્દાડંબર જ ને ? એવાને વાસ્તવમાં જાત પર મમત્વ છે, બાપ પર નહીં. શ્રેણિક પરિવારની જેમ પૈસા પણ પ્રભુની ભક્તિ પાછળ સારા લગાવતાં.

વાત આ છે, દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પર મમતા સક્રિય જોઈએ, સમય-શ્રમ-સંપત્તિનો ભોગ આપવાની તમન્નાવાળી જોઈએ. મન હંમેશા ઉત્સુક રહે કે, 'આપની સેવામાં ક્યારે સમય કાઢું ? શ્રમ લઉં ! સંપત્તિ લેખે લગાડું !'

**કુમારપાળની ગુરુ પર સક્રિય મમતા :**

મહારાજા કુમારપાળને સાધર્મિક પર ખરી મમતા હતી તો દર વર્ષે એક ક્રોડનું ધન તો સાધર્મિક ઉદ્ધારમાં વાપરતાં ! ગુરુ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજ પર મમતા હતી, તો એમના રચેલા શાસ્ત્રો લખાવવા કાયમી ૭૦૦ લહિયા ગોઠવી દીધેલા અને એની પ્રતિઓ લખાવવામાં ક્રોડોનું ધન ખરચ્યું !

એકવાર લખાવવા માટે તાડપત્ર ખૂટ્યા તો એ ન મળે ત્યાં સુધી માટે અન્ન-જળનો ત્યાગ કરી બેઠા ! 'મારા ગુરુમાં જબરદસ્ત વિદ્વત્તા છે, તો શું હું એમના શાસ્ત્ર લખાવવામાં પૈસા પાણીની જેમ ન રેલાઉં ? ન રેલાઉં તો હું ગુરુનો ભક્ત શાનો ?' આ મમતા ગુરુ માટે હતી. તમને છે ને મમતા ? હા, છે મમતા ઘરવાળા પર, ગુરુ પર નહીં !

**કુમારપાળની દેવાધિદેવ પર સક્રિય મમતા :**

મહારાજા કુમારપાળે મોટો સિદ્ધાચળજીનો સંઘ કાઢ્યો. સિદ્ધગિરિ પહોંચ્યા અને એની તીર્થમાળ પહેરવાનો પોતાનો હક જતો કરી 'જે વધુ ઉછામણી બોલે એ તીર્થમાળા પહેરે' જાહેર કર્યું. કારણ કાંઈ ?

દેવાધિદેવ પરની ઉત્કટ મમતાથી એ વિચાર્યું કે, 'અત્યારે ખરેખરો અવસર છે, તો હું એમ ને એમ માળ પહેરી લઉં, એના કરતાં માળની ઉછામણી દ્વારા મારા આદીશ્વરદાદાનો ભંડાર ન ભરાવું ?' ભરાવ્યા, કેટલા ભરાવ્યા ? સવા ક્રોડ રૂપિયા ! 'હાશ ! મારા પ્રભુનો ભંડાર સારો ભરાયો !' એમ સવા ક્રોડ ભરાવીને કેટલા રાજી થયા હશે ?

લાખો ખરચીને સંઘ પોતે કાઢે અને માળ બીજો પહેરી જાય, એમાં રાજી ? હા, પ્રભુ પરની મમતા ભોગ આપવાની તમન્નાવાળી હતી, પોતાના હકનો ભોગ આપી દઈ પ્રભુનો ભંડાર ભરાવવાની તત્પરતા હતી, પછી ભંડાર સારો ભરાયો તો રાજીના રેડ કેમ ન થઈ જાય ?

**ભોગ આપવાની તમન્નાવાળી મમતા એ સાચી મમતા.**

**પ્રશ્ન :** શું મનને એમ ન થાય કે લોક વાત કરશે કે, 'કુમારપાળ કેવા મૂરખ કે સંઘનો ખર્ચ પોતે કરી માળ બીજાને પહેરવા દીધી ?'

**ઉત્તર :** ના, કેમકે એમણે જોયું કે જાતે માળ પહેરી લેવામાં જાતની મમતા આગળ થાય. બીજાને માળ પહેરવા દઈ ઉછામણીની રકમથી મારા પ્રભુનો ભંડાર ભરાવા દઉં, તો મારા પ્રભુ આગળ થાય. આમ જાત કરતાં દેવાધિદેવ પર મમતા વધારે હતી.

**કુમારપાળને પૂર્વભવની દેવ-ગુરુ પરની મમતાનો વારસો :**

તો વિચારો, કુમારપાળમાં દેવાધિદેવ પર, ગુરુ પર, સંઘ-સાધર્મિક પર, આટલી બધી મમતા શી રીતે બની ? કહો, પૂર્વભવે દેવ-ગુરુ પર ભારે મમતા કેળવી હતી.

ગુરુએ શીખવાડ્યું છે કે, 'દેવાધિદેવની ભક્તિ પોતાની શક્તિ ખરચીને પોતાના દ્રવ્યથી કરવી.' 'મારા ગુરુ જો આમ કહે છે, તો ભલે મારી માત્ર પાંચ કોડીની સંપત્તિ બધીય પ્રભુની ભક્તિમાં જાય.' એમ કરી પાંચેય કોડીનાં ફૂલ લઈ પ્રભુને ચડાવ્યા ને રાજીનો રેડ થઈ નાચ્યો કે, 'ધન્ય ભાગ મારા કે મારા પ્રભુની ભક્તિમાં મારી નાની પણ બધી જ મૂડી લેખે લાગી. મહાઉપકાર ગુરુનો કે મને જૈનધર્મ પમાડ્યો ! મને દેવાધિદેવ ઓળખાવ્યા !'

આ દેવ-ગુરુની ભક્તિસંપન્ન મમતાએ એને ભવાંતરે કુમારપાળ રાજાના અવતારે દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક સુલભ બનાવ્યા ને એમના પર મમતા ઊભી કરાવી.

**અહીં દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પરની મમતા અને એની પાછળ અપાતો સમય-શ્રમ-સંપત્તિનો ભોગ ભવાંતર માટે દેવ-ગુરુ-સંઘનું રીઝર્વેશન કરી આપે છે.**

વાત એ હતી કે સીતાજીને જંગલમાં રાજા મળ્યો, એ એમને બેન કરીને લઈ ગયો અને સીતાજીને બહુ આદર-સત્કારથી પોતાને ત્યાં રાજમહેલમાં રાખ્યા ! એની રાણીઓ પણ એમની બહુમાનભેર સેવા કરે છે !

પુણ્યનો ઉદય કેવું અજબ કામ કરે છે ! રામે એમનો ત્યાગ કર્યો ત્યારે રામને કશી કલ્પના નહીં, કે રામની કશી ગોઠવણ નહીં, કે 'સીતાને બીજે રાજાશાહી માન-સન્માન મળો.' એટલે રામનો આ બાબતમાં કશો પ્રયત્ન કે વિચાર પણ નથી, તેમ સીતાનો પણ કોઈ તેવો પ્રયત્ન નથી. અર્થાત્ સારો રાજા આશ્રયદાતા તરીકે શોધવાનો કોઈ પ્રયત્ન નથી. તો આ કેમ બની આવ્યું ? કહો, સીતાજીના પોતાના પૂર્વપુણ્યના ઉદયે બની આવ્યું.

**અકાટ્ય કર્મસત્તા :**

કર્મસત્તાનો હિસાબ ન માનનાર નાસ્તિકો આનો શો જવાબ દે કે 'જંગલમાં સીતાને બરાબર એ વખતે આશ્રયદાતા કેમ મળી આવ્યો ? તે પણ કોઈ સામાન્ય માણસ નહીં, કિન્તુ રાજા જ આશ્રય આપનાર કેમ મળી આવ્યો !' એ 'બાય ચાન્સ' કહે, પણ આ ચાન્સ શું ?

**જગતમાં કાર્યો એમ જ વિના કારણ નથી બનતાં, કારણો મળે તો જ કાર્ય થાય.**

એટલે જ અહીં માનવ-પ્રયત્ન વિના જંગલમાં સીતાજીને જે બને છે, એમાં સીતાજીના કર્મ જ કારણ કહેવા પડે. એમને ત્યાં જંગલમાં એકલા અટુલા તરછોડવા છતાં રાજમહેલમાં વાસ અને રાજમહેલમાં પ્રસૂતિ થાય છે. એ પણ પુણ્યોદય. નહીંતર જંગલમાં પ્રસૂતિ થાય, તો એમાં કેટલી બધી તકલીફ અને કષ્ટનો પાપોદય હોય ?

પુણ્ય-પાપનો વિપાક જીવને જીવન જીવતાં કેટલું બધું કામ કરી જાય છે ! માટે જ અનુકૂળ સગવડ-સામગ્રીનો એટલે પુણ્યના ઉદયનો મહિમા હોઈ એ અનુકૂળ સામગ્રીનો ઉપયોગ વિષયવિલાસ અને કષાયોના પોષણ કરવામાં નહીં, પરંતુ ત્યાગના વ્રત-નિયમ, પરોપકાર, જિનભક્તિ, સામાયિક, સ્વાધ્યાય ને ક્ષમાદિ ગુણોની કેળવણી કરવામાં કરવો જોઈએ. મનને એમ થાય કે :

આ અનુકૂળ સગવડ-સામગ્રી; એ પૂર્વપાપનું ફળ નહીં, પણ પુણ્યનું જ ફળ છે. પુણ્યે આપેલા છે, તો પુણ્યનું ફળ મેળવી એનો ઉપયોગ પાપપોષણમાં કરું ? પુણ્યકાર્યોને વિસરવામાં કરું ?

**બે પુત્રો લવણ-અંકુશ :**

સીતાજીએ બે બાળકોને જન્મ આપ્યો, એ જ લવણ અને અંકુશ; જેમને લોકભાષામાં લવ અને કુશ કહે છે. લવણ અને અંકુશ અહીં સારી રીતે ઊછેરાય છે. મામા બનેલા રાજા એમને વિવિધ કળા-વિજ્ઞાનની તાલિમ માટે બધી સગવડ કરી આપે છે.

અલબત્ત લવણ-અંકુશ પૂર્વજન્મની જબરદસ્ત ધર્મસાધનાના પ્રતાપે એવી બુદ્ધિશક્તિ ને એવી ચકોરતા તથા એવી વિવેકશક્તિ લઈને આવેલા છે કે

એમને શું શીખવવું પડે ? છતાં સામાન્ય નિમિત્તરૂપે અધ્યાપકની જરૂર રહે છે, પરંતુ સહેજ સહેજ ઇશારો પામી જે રીતે નિષ્ણાંતતા મેળવે છે, એથી એમ કહેવાય કે એમને વિદ્યાદેવીની સાધના નથી કરવી પડી, કિન્તુ વિદ્યાદેવી ખુદ આવીને એમને વરે છે !

એટલે જ્યારે કોઈક વાર રાજાએ અધ્યાપકને પૂછ્યું હશે કે લવણ અને અંકુશનું કેમ ચાલે છે ? એ કેટલું ભણ્યા ? ત્યારે અધ્યાપક કહે : 'મહારાજા ! એ ભણ્યા જ નથી !'

રાજા આ સાંભળી ચોંકી ઉઠે છે, પૂછે છે : 'હેં ! આ શું કહો છો ? તો શું એ ભણવાના સમયે બહાર ખેલતાં-રમતાં જ રહ્યા ને મૂર્ખ રહ્યા !'

અધ્યાપક કહે છે : 'મહારાજા ! એમ નથી. એ તો કળા-વિદ્યાના પારંગત થઈ ગયા છે.'

રાજા કહે : 'તે શું ભણ્યા વિના જ કળા વિદ્યાના પારંગત થઈ ગયા ?'

**વગર ભણ્યે કળા-વિદ્યાના નિષ્ણાંત :**

અધ્યાપક કહે : 'મહારાજા સાહેબ ! 'એ ભણ્યા નથી' એમ કહેવાનો ભાવ એ છે કે એમને બીજા વિદ્યાર્થીઓની માફક વિદ્યાનો અભ્યાસ કરવાની મહેનત જ નથી કરવી પડી. એમને તો માત્ર કળા-વિદ્યાનું દિગ્દર્શન કર્યું કે તરત એમણે એ પકડી લીધી ! અને એનો પ્રયોગ વિદ્યાસિદ્ધ થયેલાની જેમ કરવા લાગ્યા ! એટલે કહેવાય કે ધનુર્વિદ્યા વગેરે એમને ભણવાની, અભ્યાસ કરવાની જરૂર ન પડી, કિન્તુ વિદ્યા સામેથી આવી એમને વરી ગઈ.'

રાજા આ સાંભળીને ખુશખુશાલ થઈ ગયા અને બે કુમારોની કુશળતા, ચકોરતા અને વિદ્યાસિદ્ધિ પર ઓવારી ગયા !



# ૮. વિશેષતા : આમન્યા + ગૌરવ

અહીં એક સવાલ થાય કે : ‘રાજાના પોતાના પુત્રો કરતાં આ બે કુમારોની આટલી બધી ઊંચી કુશળતા અને વિદ્યાસિદ્ધિ જોઈ રાજાને આમના પર ઇર્ષ્યા ન થાય ?

ના, કેમકે રાજાને ઇર્ષ્યા ન થવામાં સીતાજીની વિશેષતા કારણભૂત હતી.

**રાજાને ઇર્ષ્યા ન થવામાં સીતાજીની વિશેષતા :**

વિશેષતા એ છે કે :

(૧) ઉમદા સ્વભાવના અને
(૨) સુશીલ હોવા ઉપરાંત અહીં રાજાની ધર્મની બેન થઈને જ રહેલા છે.
(૩) તે રાજાને એક મોટા ભાઈ તરીકે સમજી એની આમન્યા અને એનું ગૌરવ સાચવીને રહેલા છે.

તેમજ એની રાણીઓ પ્રત્યે એક પીઢ પ્રેમાળ નણંદરૂપે ખૂબ સહાનુભૂતિ અને ગુણાનુરાગ દાખવતાં રહેલા છે.

તેથી રાજાનો સીતાજી પર ભારે સદ્‌ભાવ અને ભારે ગુણાનુરાગ છે.

અહીં એ વિચારો કે સીતાજી રાજાની આમન્યા પાળતાં હશે એટલે શું કરતાં હશે ? અને રાજાનું ગૌરવ સાચવતાં હશે એટલે શું કરતાં હશે ? આ સમજવા માટે પહેલાં જનરલ નિયમ સમજવા જેવો છે કે,

**વડીલની આમન્યા જાળવવામાં શું શું કરવાનું આવે ? :**

વડીલની આમન્યા માથે રાખી હોય ત્યાં

(૧) પહેલાં તો વડીલ પ્રત્યે વિનયપૂર્વકનો વર્તાવ હોય. એટલે વડીલ બોલાવે તો ‘શું છે ?’ એમ ન બોલે, પરંતુ ‘હાજી’ એમ બોલે અને

(૨) પાસે જઈને ઊભો રહી કહે : 'ફરમાવો !' ત્યાં વડીલે ફરમાવ્યા પછી,
(૩) 'તહત્તિ' કહે, 'ભલે' કહે અને
(૪) ફરમાવ્યા પ્રમાણે અમલ કરે.

આજે શાળાઓમાં વડીલ પ્રત્યે આ વિનય ક્યાં શીખવાય છે ? તો વિનયના શિક્ષણ વિનાનું શિક્ષણ કેવું ? મોટા મંત્રી પણ આ કરે છે, તો જ રાજાની આમન્યામાં ગણાય છે. તો પછી બીજાઓ માટે શું પૂછવાનું ? વડીલની કદાચ ભૂલ થતી હોય, છતાં એમની જો આમન્યા માથે રાખી છે, તો એકવાર તો 'હાજી' કહેવું જ જોઈએ; પછી વિનયપૂર્વક પરિસ્થિતિ પર એમનું ધ્યાન ખેંચવાનું.

**શાસ્ત્રમાં શિષ્યની આમન્યાનું દૃષ્ટાન્ત :**

ઉપદેશમાળા શાસ્ત્રમાં ગુરુ શિષ્યને કદાચ કહે : 'જો પેલો સફેદ કાગડો કેવો કાગારોળ મચવે છે !'

ત્યાં ગુરુની આમન્યાવાળો શિષ્ય તરત કહે : 'હાજી.'

શેમાં હાજી ? કાળા કાગડાને ધોળો કહે એમાં ? શું શિષ્ય જોઈ શકતો નથી ? યા શિષ્ય શું એવો અડબંગ છે કે કાગડો ધોળો ન હોય, કાળો જ હોય, એટલું સમજી શકતો નથી ? ના, જોઈ શકે છે, સમજી શકે છે; પરંતુ ગુરુની પ્રત્યે આ આમન્યા કે શિષ્ય ગુરુવચનનો સામનો ન કરે, 'તથાસ્તુ' કરી સ્વીકારી લે; પછી ન સમજાયું હોય, એ એકાંત મળતાં ગુરુને વિનયપૂર્વક ખુલાસો પૂછે.

દા.ત. પ્રસ્તુતમાં પૂછે : 'સાહેબજી ! મને તો કાગડો કાળો દેખાય છે, તો આપશ્રીએ ધોળો કહ્યો; એનો ભાવ હું સમજી શક્યો નહીં.'

ત્યાં ગુરુ સમજાવે કે, 'જો મહાનુભાવ ! કાગડો બહારથી રંગે કાળો છે, પરંતુ અંતરથી એ ગુણે કરીને ધોળો છે. કેમ કે એને જો રસ્તા પર કશું ખાવાનું પડેલું મળે, તો એ એકલો નહીં ખાય, પરંતુ ઝાડ પરથી કે મકાનના છાપરા પરથી કાગારોળ મચાવી પોતાના જાતભાઈઓને એ ખાવા માટે ત્યાં ભેગા કરે છે. આમાં એની પરાર્થવૃત્તિ છે, એ ગુણ છે; માટે એ ધોળો અર્થાત્ ઉજ્જવળ છે.'

**જેને એકલી સ્વાર્થ-માયા હોય, એ અંતરથી મેલા છે, કાળા છે; બહારથી ભલે ઊજળા હોય.**

**પરાર્થવૃત્તિમાં માણસાઈ છે :**

માણસ જાતને કાગડાના આ દિલમાંથી શીખવા મળે છે કે ભલે તમે બાહ્ય રૂપે-રંગે કે કપડે સારા રૂપાળા, ઉજળા ન હો, પરંતુ તમે હૈયાથી ઊજળા રહો. એ માટે સ્વાર્થ-માયા ગૌણ કરી દઈ પરાર્થવૃત્તિવાળા બનો.

- બીજાનું ભલું કરી છૂટવું.
- બીજાને આપણે કે આપણી ચીજ-વસ્તુ કામમાં આવો.
- તમારા કામકાજ સાધતાં બીજાનો વિચાર ઊભો રાખો, જેથી તમે એને વિઘ્નરૂપ ન બનો.
- એનું બગડે એવું તમારા હાથે કે તમારા બોલથી કાંઈ ન થાય.

જો આ પરાર્થવૃત્તિ નહીં હોય, તો તમે કાગડાથી પણ હલકા ગણાશો. અજ્ઞાન-અબૂઝ કાગડામાં આટલી અક્કલ હોય, તો સમજદાર હોવાનો ઠેકો રાખનાર આપણામાં એટલી અક્કલ ન હોય ? તો પછી આપણામાં માનવતા શી ? માણસાઈ શી ?

ગુરુના ખુલાસા પર શિષ્ય સ્તબ્ધ થઈ ગયો. વિચારે છે :

**'અહો ! જિનશાસનનો કેવો કલ્યાણકારી આમન્યાધર્મ !'** મેં ગુરુની આમન્યાથી ધોળા કાગડાનું ગુરુવચન 'હાજી' કહીને સ્વીકારી લીધું, તો ગુરુની આશાતનાના પાપથી બચ્યો !

નહીંતર, બીજાઓની વચ્ચે હું ગુરુવચનનો સામનો કરવા જાત કે 'કાગડો ધોળો શાનો ? કાગડો તો કાળો જ હોય,' તો ગુરુની અવગણના થાત, બીજાઓ આગળ ગુરુની હલકાઈ થાત.

ગુરુ ખુલાસો કરત કે 'એકલી બહારની કાળાશ શું જુએ ? અંતરની ધોળાશ-ઉજ્જવળતા જો કે જ્યાં માણસ જેવો માણસ હલકા હૃદયથી પરાર્થવૃત્તિ ગુણ કેળવવાનું ચૂકે છે, ત્યારે કાગડા જેવી અજ્ઞાન પંખીડાની જાત ઉત્તમ દિલથી પરાર્થવૃત્તિ દાખવે છે. ગુરુ એવો ખુલાસો કરત, ત્યાં બધાની વચ્ચે મારા સામનાની શી કિંમત રહેત ?

ધન્ય આમન્યા ! ધન્ય જિનશાસન ! આમન્યાધર્મમાં આમ વડીલનું વચન 'તહત્તિ' - 'તથાસ્તુ' - 'હાજી' કહી સ્વીકારી લેવાનું આવે. એમ

(૫) વડીલ બેઠા હોય, ત્યાં ઊંચે ચડીને નહીં બેસવાનું, લાંબા પગ ઘાલી નહીં બેસવાનું, મોટા અવાજે નહીં બોલવાનું, રાડારાડ નહીં કરવાની... વગેરે વગેરે આવે.

(૬) એમ, કોઈ કાંઈ પૂછે અને ત્યાં મોકો હોય તો આમન્યામાં એમ કહેવાનું આવે કે, 'વડીલને પૂછો.' 'આમાં વડીલ જાણે.' 'વડીલ કહે તે પ્રમાણ.'

(૭) એમ, વડીલે કાંઈ કર્યું અને પછી આપણને એ જણાવે કે 'મેં આમ કર્યું છે' તો ત્યાં આમન્યા એ કે આપણે કહીએ કે, 'પૂજ્યશ્રી ! એમાં આપશ્રીએ મને પૂછવાનું શાનું હોય ? આપ અધિકારી છો. આપે કર્યું તે બરાબર જ કર્યું છે.'

**દશરથ પ્રત્યે રામની આમન્યા કેટલી હદની ? :**

જુઓ, દશરથે કૈકેયીને આપેલા વચન પ્રમાણે કૈકેયીએ માંગણી કરી અને દશરથ રાજાએ અયોધ્યાનું રાજ્ય મોટા દીકરા રામચંદ્રને આપવાનું હતું, તે કૈકેયીના પુત્ર ભરતને આપી દીધું ! પછી દશરથ રામને બોલાવી આ વાત જણાવે છે, ત્યારે રામ આ જ કહે છે કે, 'પિતાજી ! આમાં મને પૂછવાનું-જણાવવાનું હોય જ નહીં; કેમ કે આપ રાજ્યના માલિક છો, માલિક ફાવે તેને પોતાની વસ્તુ આપી શકે છે. આપ એક હવાલદારને પણ રાજ્ય આપી દો, તો તે મારે મંજૂર છે. આપે ભરતને રાજ્ય આપ્યું, તે મને સહર્ષ માન્ય છે.'

'સારું થયું મારી માતા કૈકેયીનું દેવું આપે ચૂકવી દઈ માથેથી દેવાનો ભાર ઊતારી દીધો. આમ તો પિતાના મર્યા પછી પણ સુપુત્રની ફરજ છે કે પિતાનું દેવું ચૂકવી દે, તો પિતાજીના જીવતાં પિતાના માથેનું દેવું ચૂકવાય, એમાં સુપુત્ર આનંદ જ પામે, પછી ભલે પુત્રે પોતાનો લાભ જતો કરવો પડતો હોય.'

આ બધું કોણ બોલાવે છે ? કહો, રામચંદ્રજીના દિલમાં રહેલો, રામે માથે ધરેલો, પિતૃ-આમન્યાનો ભાર બોલાવે છે.

સીતાજી રાજા વજ્રજંઘના આશ્રયે રહેલા તે અનેક બાબતોમાં આ રીતે રાજાની આમન્યા પોતે માથે ધરે છે. આમ આમન્યા-વિનય વગેરે અદ્ભુત ધરાવતાં હોય

તેમજ મુલાયમ-ઉમદા સ્વભાવ દાખવતાં હોય, પછી રાજાને એમના પર કેટલો બધો સ્નેહ-સદ્‌ભાવ હોય ? એ પછી સીતાજીના પુત્રો પર ઇર્ષ્યા શાની કરે ?

**વડીલ માટે ગૌરવ રાખવામાં શું શું કરવાનું ? :**

વડીલની આમન્યા સાચવવાની સાથે હૃદયમાં વડીલ પ્રત્યે ગૌરવ ધારણ કરવું પણ જરૂરી છે. ગૌરવ વળી સક્રિય બનાવવાનું હૃદયમાં ગૌરવ ધારણ કર્યું હોય એ સમજે કે 'મારા વડીલ ગુણસંપન્ન છે. મારે પૂજ્ય છે. મારે પ્રસંગે પ્રસંગે પૂછવા યોગ્ય છે. આગળ કરવા યોગ્ય છે.' વડીલ પ્રત્યે પોતાના હૈયામાં આ ગૌરવ હોય એટલે પછી એ પ્રમાણે વર્તાવ થાય.

ગૌરવના વર્તાવમાં શું કરવું જોઈએ ? આ જ કે :

**(૧) પોતાને કોઈ સારી ચીજ કે માન-પ્રશંસા-યશ મળતાં હોય, તો તે બને તો વડીલને મળે એવું કરે.**

જુઓ, ભરત-લક્ષ્મણને હૈયે રામ પ્રત્યે ગૌરવ હતું, તો જો રામની હાજરીમાં ભરતને રાજ્યગાદી મળે છે', તો પોતે રાજ્યગાદી બેસવા તૈયાર નથી. એટલે જ રામે પોતે જ પિતાજી પાસે વનવાસ માંગી લીધો ! અને વનવાસ માટે નીકળી પડ્યા ! કેટલો મહાન ત્યાગ !

**(૨) વળી ગૌરવ છે, તો વડીલનું વચન પળાય જ; એવો પ્રબંધ કરે.**

જુઓ, રામને હૈયે પિતાનું ગૌરવ હતું, તો પિતાએ આપેલ વરદાન, ભરત રાજ્યગાદીએ બેસે તો જ પળાયું ગણાય; એટલે પોતે વનવાસ સ્વીકારી ભરતને રાજ્યગાદીએ બેસવાનો પોતે ફોર્સ પાડ્યો.

**(૩) વડીલ પ્રત્યે આ ગૌરવ કે વડીલનું વચન પળાય, એ માટે મહાન ત્યાગ પણ કરે.**

લક્ષ્મણજીના હૈયે રામનું ગૌરવ હતું, તો પોતે મોટાભાઈ રામ સાથે વનમાં નીકળી પડ્યા. 'પૂજ્ય મોટાભાઈ વનમાં ભટકે, તો મારાથી મહેલમાં કેમ બેસી રહેવાય ?'

**(૪) વડીલ પ્રત્યે આ ગૌરવ કે વડીલને આપત્તિમાં સહકાર આપવો.**

દમયંતીના હૈયે પતિ નળ રાજા પ્રત્યે ગૌરવ હતું, તો પોતે નળને પોતાના ભાઈ પુષ્કર સાથે જુગાર ખેલતાં ચાલ્યું ત્યાં સુધી રોકતાં ગયા, પણ નળ ન રોકાયા, તો અંતે રાજપાટ વગેરે બધું ગુમાવ્યું ! હવે જંગલમાં પડ્યા, પણ દમયંતીના હૈયે પતિ પર ગૌરવ ઊભું હોવાથી એમણે એમને એક ટોણો નથી માર્યો કે, 'હું તો તમને ના કહેતી હતી, તે ન માન્યું તો આ કેવું પરિણામ આવ્યું ?'

**(૫) જેના પ્રત્યે ગૌરવ હોય, એની ભૂલ ન જોવાય.**

દમયંતીએ આ કર્યું. એને પતિ માટે ગૌરવ છે, એટલે પતિની ભૂલ નથી જોવી, પતિનું સ્વામીપણું જ જોવું છે. સ્વામી એટલે સ્વામી, એ સ્વતંત્ર છે, હું એમને પરતંત્ર છું. આપણા હૈયે જેના પ્રત્યે ગૌરવ હોય, એની ભૂલો ન જોવાય. વળી,

**(૬) જેનું ગૌરવ હૈયે વસ્યું હોય, એની વિશેષતાઓ જોવાય અને બીજા આગળ એના ગુણ ગવાય.**

બહાર બોલવામાં પણ એમના માટે માનભર્યું બોલાય, એમનો યશ ગવાય અને બીજો કોઈ એમના માટે હલકું બોલતો આવે તો તે સંભળાય નહીં ને એને જરાય મહત્ત્વ ન અપાય, શક્ય હોય તો એનો પ્રતિકાર કરાય.

સીતાજી રાજા વજ્રજંઘ પ્રત્યે પૂર્વોક્ત આમન્યાના પ્રકાર સાથે આ ગૌરવના પ્રકાર બજાવતાં હોય તેમજ એની રાણીઓ પ્રત્યે સહાનુભૂતિ, ગુણાનુરાગ વગેરે ધરતાં હોય, એટલે રાજાના મન પર સીતાજી માટે કેટલો બધો ઊંચો સદ્ભાવ હોય ! પછી રાજાને એમના દીકરાની પોતાના પુત્રો કરતાં વિશેષતા દેખીને ઇર્ષ્યા શાની હોય ?

**રાજાને ઇર્ષ્યા ન થવાનું બીજું કારણ લવણ-અંકુશની ગુણિયલતા :**

રાજાને એમ પણ ઇર્ષ્યા થાય નહીં, તેમજ સીતાજીના પુત્રો લવણ-અંકુશમાં લાયકાત-વિનય-આમન્યાદિ ગુણો એવા છે કે રાજાને એનું ભારે અંજામણ છે. એ અંજામણમાં રાજાને એમના પ્રત્યે ઇર્ષ્યા શાની થાય ?

**બીજાને આપણી ઇર્ષ્યા થવામાં વાંક આપણો :**

આ પરથી એ શીખવા મળે છે કે બીજાની ઇર્ષ્યાના ભોગ ન બનવું હોય, તો આપણે વિનય, આમન્યા, ઉમદા દિલાવર સ્વભાવ, પરગુણ-પ્રશંસા, સેવા, સહાનુભૂતિ, સુશીલતા... વગેરે ગુણો કેળવવા જેવા છે, અપનાવવા ને અનુમોદવા જેવા છે. મૂળ પાયામાં આમાં જ ખામી હોય પછી બીજા આપણી ઇર્ષ્યા કરે, ત્યાં આપણે ઊંચા-નીચા થઈએ, સંતાપ કરીએ, એ કેટલું વ્યાજબી ? અને એથી વળે પણ શું ? અસ્તુ.

લવણ-અંકુશ પર રાજાને ઇર્ષ્યા ન થાય, એમાં રાજાની વિશેષતા ખરી, લવણ-અંકુશની ય વિશેષતા ખરી, ઉપરાંત સીતાજીની પણ વિશેષતા છે, એ જોયું.

# ૯. મહાનતા : તરછોડનાર પર સદ્ભાવ

હવે સીતાજીની વળી એક મહાન વિશેષતા જુઓ.

લવણ-અંકુશને હજી સુધી ખબર નથી, પણ બહારથી સાંભળી લાવી સીતાજીને કહે : 'મા ! તેં તો અમને અત્યાર સુધી અંધારામાં રાખ્યા ! આજે અમને ખબર પડી અમારા પિતાજી અને કાકાએ તને જંગલમાં કાઢી મૂકેલી, તો કેમ તેં અમને આજ સુધી કહ્યું જ નહીં ?'

**સીતાજીનો ગંભીર ખુલાસો :**

બોલો, સીતાજીની કેટલી ગંભીરતા હશે ! કે આટલા બધા વરસો થયા પુત્રોને પોતાની થયેલી કારમી વિટંબણા હજી સુધી કહી નથી ? નહીંતર ધણીના વિરહકાળમાં તો પેટના વહાલસોયા દીકરા આશ્વાસન અને વિશ્વાસનું સ્થાન હોય છે, તો શું એમને કહેવાનું મન ન થાય ? દુઃખમાં માણસને આશ્વાસનરૂપે પોતાનું દુઃખ બીજા આગળ ગાવાનું મન થાય છે અને એમ ગાઈને હૈયું હળવું થવાનું માને છે, પરંતુ આ ભ્રમણા છે. કેમકે,

**જૂનું દુઃખ વારે વારે યાદ કરવાથી**

- **આર્તધ્યાન થાય છે,**
- **અસમાધિ થાય છે,**
- **કાયરતા આવે છે,**
- **સત્ત્વ હણાય છે.**

આવા નુકસાનો દેખી જૂના દુઃખ યાદ જ નહીં કરવા જોઈએ અને અચાનક યાદ આવી જાય, તો ઝટ મનમાં લાવવું કે, 'ચક્રવર્તીઓને છ ખંડ ગયા, મારે તો શું એવું ગયું છે ? મારે એવી શી મોટી ખોટ આવી છે ? સગર ચક્રીને એકી કલમે પોતાના ૬૦,૦૦૦ દીકરા મરી ગયા સાંભળવાનો અવસર આવ્યો,

મારે ક્યાં એવો અવસર આવ્યો છે ?' આમ પૂર્વપુરુષોને આવેલી ભયંકર આપદા યાદ કરી પોતાના દુઃખને નજીવું લેખવું જોઈએ, તો પછી એ દુઃખ વારે-વારે યાદ નહીં આવે તેમજ એનું આર્તધ્યાન નહીં થાય.

દુઃખ બહુ યાદ કરાય છે, એટલે જ બીજા આગળ એના રોદણાં રોવાનું મન થાય છે. સીતાજીએ મહાદુઃખને પણ મનથી કેવું નહીંવત્ કરી દીધું હશે કે પોતાના પુત્રોને ય વર્ષોમાં એકવાર પણ કહેવાની વાત નથી !

**દુઃખ નહીંવત્ કરાય, તો એના રોદણાં નહીં રોવાય.**

**દુઃખ નહીંવત્ લગાડવાના ઉપાય :**

**પ્રશ્ન :** સીતાજીએ એટલું મોટું દુઃખ પોતાના મનને નહીંવત્ શી રીતે લગાડ્યું હશે ?

**ઉત્તર :** દુઃખ નહીંવત્ લગાડવા એમણે એમ ચિંતવ્યું હોય કે :

(૧) રાજરાણી છતાં જંગલમાં એકલા અટૂલા તરછોડાવાનું દુઃખ ભારે ગણાય, પરંતુ આ દુઃખ કરતાં મારે સંસારભ્રમણના દુઃખ ક્યાં નાના છે ? તે એને યાદ ન કરતાં આ એક જનમના તરછોડાવાના દુઃખને રોઉં ? સંસારમાં તો મોટા ઇંદ્ર કે દિવ્ય સમૃદ્ધિમાન દેવ થયેલાને પણ મૃત્યુ થતાં એકલા અટૂલા ક્યાંય મુકાવું પડે છે !

અહીં તો જંગલમાં મૂકાયે બધું સુખ ગયું દેખાય, પરંતુ સારી હવા-અજવાસ, બેસવા સરખી જગા, ખાવા ફળ-ફૂલ આદિ, વળી મારપીટ છેદન-ભેદનાદિ નહીં વગેરે સુખ હયાત છે. ત્યારે મોટા ઇન્દ્રને પણ મર્યા પછી માતાની કુક્ષિમાં પૂરાયે, ત્યાં હવા-અજવાસને આમાંનું કશું જ ન હોય; ઇત્યાદિ સંસાર દુઃખ આગળ વર્તમાન જંગલમાં ત્યજાવાનું દુઃખ શી વિસાતમાં છે ? એમ વિચારી વર્તમાન વન-ત્યાગ દુઃખ નહીંવત્ લગાડ્યું હોય.

(૨) અથવા એમ વિચાર્યું હોય કે, 'હું આ સાંસારિક સુખ-સગવડો જવાના બાહ્ય દુઃખને શું રોઉં ? એના કરતાં મારા આત્માને અહિંસા-સંયમ-તપ-શાસ્ત્રબોધ વગેરે આધ્યાત્મિક સંપત્તિઓથી હજી સુધી વંચિત

રહેવાનું દુઃખ કેટલું બધું મોટું છે ! સંસારના સત્તર પાપસ્થાનકના ફાંસલામાં ફસ્યા રહેવાનું દુઃખ કેટલું મોટું છે ? સારું થયું આ બાહ્ય દુઃખ આવ્યું, તો આંખ ઊઘડી, તે હવે આભ્યન્તર દુઃખને ટાળવાની બુદ્ધિ થશે, આંતર દુઃખ ટાળવાની સોનેરી તક સમજી એનો પ્રયત્ન થશે. આમ વિચાર્યાથી પણ વર્તમાન દુઃખ નહીંવત્ લાગ્યું હોય.

(૩) અથવા 'સંસારના નરકાદિ ગતિના દુઃખો કેટલા બધા જાલિમ છે કે જેની આગળ આ વર્તમાન દુઃખ કશી વિસાતમાં નથી' એમ વિચારી દુઃખ નહીંવત્ લેખ્યું હોય. મનને થાય કે, 'જે વખતે હું આ દુઃખ અનુભવું છું, એ જ વખતે નીચે સાત પાતાળમાં અસંખ્ય નારક જીવોથી નરકના રૌરવ દુઃખોમાં ભયંકર ચીસો પડી રહી છે ! એ રૌરવ દુઃખોમાં રીબાતાં જીવોની સામે હું શી દુઃખી છું ?' એમ વર્તમાન દુઃખ નહીંવત્ લાગે.

(૪) અથવા સીતાજી એ જોતાં હોય કે, 'સંસારના સુખ કરતાં દુઃખ તો આત્માને જગાડનારા છે, ભગવાનને અને ધર્મને યાદ કરાવનારા બને છે, એવી જાગૃતિ આપનાર દુઃખ તો આશીર્વાદરૂપ ગણાય.' એમ સમજી વર્તમાન દુઃખને કોઈ મોટા દુઃખરૂપ ન ગણતાં હોય. તેથી પુત્રો આગળ શું કામ એનું રોદણું રુએ.

(૫) અથવા 'દુઃખ તો પાપકર્મોનો નાશ કરનાર છે. કર્મ ખપાવાનો અવસર એવો ફરી નહીં મળશે પ્રાણી' આમ વિચારી દુઃખના રોદણા ન રુએ.

આવા આવા વિચારે સીતાજી જંગલમાં તરછોડાવાના દુઃખને નહીંવત્ લેખે એમાં નવાઈ નથી.

**નવકારનો ગણનારો કેમ દુઃખી ન હોય ? :**

એનું આ જ કારણ છે કે નવકાર ગણે છે, તે પંચપરમેષ્ઠીને ઓળખીને ગણે છે. એ પંચપરમેષ્ઠીનું સ્વરૂપ વિચારતાં વર્તમાન દુઃખ નહીંવત્ લેખવાની આ વિચારણાઓ મળે છે. જો એ વિચારો એટલે વર્તમાન મોટા દુઃખ પણ નહીંવત્ લાગે. તેથી મનથી એ દુઃખી ન હોય. મહાવીર ભગવાન પર દુઃખો જાલિમ વરસ્યા, છતાં ભગવાન દુઃખી નહોતાં, કેમ વારુ ? ઉપરોક્ત વિચારણાઓ મગજમાં રમતી હોય એટલે વર્તમાન દુઃખ દુઃખરૂપ જ ન લાગે. એ તો સમજે છે કે :

**આ બાહ્ય દુઃખ; એ અશુભ કર્મનો ઉદય નહીં, પણ અશુભ કર્મનો નિકાલ છે.**

અશુભ કર્મ એ તો આત્માની અંદરનો કચરો છે. એ કચરાની દુઃખમાં હોળી થાય, એ તો ખેદનો વિષય નહીં, પણ આનંદનો જ વિષય માનવો જોઈએ.

સીતાજી આ વિચારણા પર મસ્ત રહે, પ્રસન્ન રહે, દુઃખને નહીંવત્ લેખે એમાં નવાઈ નથી... દુઃખને નહીંવત્ લેખ્યા પછી એના રોદણાં શાના ગાવાના હોય ?

વર્તમાન જીવનમાંના દુઃખોને નહીંવત્ માનવા અંગેની આ વિચારણાઓ ઊંચા તત્ત્વજ્ઞાન જેવી લાગે ! એટલે એના અમલ કઠણ દેખાય; પરંતુ એને અમલમાં લાવ્યા વિના છૂટકો નથી. કેમકે કઠણ કર્મોના હિસાબે જ્યારે દુઃખ માથે જ પડ્યા છે અને એ એમ જાય એવા નથી, તો પછી શું એનાથી શેકાયા રોતાં બેસી રહેવાનું વ્યાજબી છે ?

ના, આ તાત્ત્વિક ચિંતન દુઃખમાં મનને રાહત આપે છે. મનને આર્તધ્યાનથી બચાવી લે છે. મન જેવા તેવા રોતડ વિચારો કરે, કાયરતાના વિચાર કરે, એના કરતાં તાત્ત્વિક વિચારસરણી રાખવી શી ખોટી ? મનને રોતડ તો ન બનવા દે.

**પ્રશ્ન** : શું તત્ત્વચિંતનથી દુઃખ ઓછું થાય ?

**ઉત્તર** : હા, ક્ષત્રિય બચ્ચો લડાઈમાં ભારે ઘવાયો હોય, પણ વિજય મેળવ્યો છે, તો એને ઘવાવાનું દુઃખ નથી લાગતું. કેમ કે મન પર વિજયનો આનંદ જોરદાર છે. બસ,

**એવા દુઃખમાં જો કર્મકચરાનો નિકાલ થવાનો આનંદ રહે, તો દુઃખમાં રોતડતા શાની આવે ?**

પેલો લડાઈમાં જરૂર પડ્યે મૃત્યુ થવા સુધી લડે છે. મન પર કોઈ દેશસેવા, આશ્રિતસેવા કે અન્નદાતા રાજા પ્રત્યે નિમકહલાલ બનવાના કર્તવ્યનો ભાર હોય, તો તે મનને દુઃખી નથી થવા દેતું. આ બધા દાખલા સૂચવે છે કે ઘરાર મોત સુધીના દુઃખ વેઠે છે, છતાં એમાં મનને કાયરતા નથી આવતી, મન રોતડ નથી બનતું. કહો,

**દુઃખ છતાં મન પર બીજો કોઈ આનંદ હોય કે કર્તવ્ય બજાવવાનો ભાર હોય, તો દુઃખ નહીંવત્ લાગે છે.**

સખ્ત ઉનાળામાં રસોઈ કરનારી બાઈઓ ગરમીના દુઃખના ક્યાં રોદણાં રુએ છે ? ધાર્યા કરતાં ડબલ-ત્રિપલ પગાર મેળવનારો ક્યાં નોકરીના કષ્ટના રોદણાં રુએ છે ? એ તો એ કષ્ટને નહીંવત્ લેખે છે.

બસ, તાત્ત્વિક ચિંતન આ બળ આપે છે કે મન પરથી દુઃખનો ભાર હટી જાય.

સીતાજીને તાત્ત્વિક ચિંતનથી જંગલમાં ત્યજાવાના મહાદુઃખોનો પણ મન પર ભાર નહોતો, તેથી એમણે દુઃખને નહીંવત્ લેખ્યું હતું, એ હવે દીકરા આગળ એનું રોદણું શું કામ રુએ ? પરંતુ હવે જ્યારે દીકરા બહારથી જાણી લાવીને પૂછે છે, ત્યારે સીતાજી એમને કહે છે :

**સીતાજીનો ભવ્ય ઉત્તર :**

'જુઓ વત્સ ! જંગલમાં મુકાવાનું તો મારા તેવા પૂર્વના કર્મે સર્જેલું, તેથી તમારા બાપુજીને દોષ શાનો અપાય ? એ તો ઉત્તમ પુરુષ છે. મારે અને એમના સામ્રાજ્યમાં સૌને લીલાલહેર છે. એમની આટલી બધી ઉત્તમતા છતાં મારે કેમ લીલાલહેરમાં ભંગ થયો ? તો કહેવું જ પડે કે એમાં એમની ઉત્તમતામાં ખામી નહીં, પરંતુ આપણી પુણ્યાઈમાં ખામી આવીને ઊભી રહી.'

સીતાજીના મનમાં કેટલી બધી સ્વસ્થતા હશે, ત્યારે એમના મોમાંથી પોતાને તરછોડનાર પણ પતિને માટે આટલા બધા ઉત્તમ બોલ નીકળે છે. આટલું સમજી રાખો,

**હૈયે તેવું હોઠે. મોંમાંથી અધમ બોલ નીકળવા પાછળ દિલમાં અસ્વસ્થતા, અધમતા કામ કરી રહી છે.**

સીતાજીના દિલમાં એ નથી, પછી અધમ બોલ કે પતિ પ્રત્યે રોષના બોલ શાના નીકળે ? મનમાં એની સ્વસ્થતા અને ઉત્તમતા હતી, તેથી જ મનમંદિરમાં પ્રભુનો વાસ્તવિક વાસ હતો. જેના બળ ઉપર દિવ્ય કર્યા પછી ફત્તેહના જય જયકારના ડંકા બજવા છતાં સીતાજીએ પ્રભુનો માર્ગ લીધો. આપણે ય સવાલ તો કરીએ કે :

**પ્રશ્ન :** મારા મનમાં પ્રભુ તો વસે છે, પ્રભુનું નામ જપું છું, પરંતુ પ્રભુનો માર્ગ લેવાના કોડ કેમ નથી ? અવસરે ઉત્તમ બોલ અને સ્વસ્થતા કેમ નથી રહેતી ?

**ઉત્તર :** એ પરથી સમજી લો કે માટે જ જ્ઞાનીઓનો આ ઉપદેશ છે કે, 'મનમાં પ્રભુનું નામ વસાવવું છે ? પ્રભુ વસાવવા છે ? તો મનમાંથી કામ-ક્રોધ-લોભ-મદ-ઇર્ષ્યા-વેરઝેર વગેરે અધમતાઓને રવાના કરો, તો જ મનમાં પ્રભુનામ સાચું વસશે, મનમાં પ્રભુ ખરેખર વસશે.'

**મનમાં સાચો પ્રભુનો વાસ હોય, તો પ્રભુનો માર્ગ લેવાની ઝંખના રહે અને ઉત્તમ બોલ તથા સ્વસ્થતા સુલભ બને.**

માટે હવે કહો, દીક્ષા એ પ્રભુનો માર્ગ છે, તો એ લેવાની ઝંખના કેમ નથી ? માનવું જ પડે કે હજી મનમાં પ્રભુ ખરેખર વસ્યા નથી અને નહીં વસવાનું કારણ આ જ કે મનમાં કામ-ક્રોધ-લોભ-વેરઝેર-ઇર્ષ્યા વગેરે અધમતાઓ ઊભી રાખી છે.

સીતાજીએ મનમાં અધમતાઓ રાખી નહોતી, એટલે એમના મનમાં પ્રભુ સાચા વસેલા; તેથી છેવટે દિવ્ય કર્યા બાદ દુન્યવી જયજયકાર તરફ ન જોતાં, પ્રભુના ચારિત્રમાર્ગને અપનાવી લે છે ! અને અત્યારે પણ પુત્રોને પતિની ઉત્તમતા બતાવી રહ્યા છે. પરંતુ પુત્રો એવા માતૃભક્ત છે કે માતાને કહે છે :

**લવણ-અંકુશનો પ્રત્યુત્તર : પિતા સાથે લડાઈ :**

'મા ! તત્ત્વથી તમે ભલે માનો કે જંગલમાં ત્યજાવાનું બન્યું તે કર્મે બન્યું, પરંતુ એ તો હકીકત બની જ છે કે લોકનિંદાથી દોરવાઈ અમારા બાપુજીએ તમને જંગલમાં તરછોડાવી દીધા ! તો શું એ એમ સમજે છે કે, 'સીતાજીનો કોઈ રખેવાળ-બેલી નથી, માટે એમને આમ તરછોડાવી શકાય ? હવે અમે રખેવાળ-બેલી તૈયાર થઈ ગયા છીએ, એ અમે એમને લડાઈથી બતાવી આપશું. માટે મા ! અમે પિતાજી અને કાકાજી સામે લડાઈ આપવા જઈએ છીએ, તો અમારા માથે હાથ મૂક અને આશીર્વાદ દે કે, 'દીકરા જાઓ ફત્તેહ કરો.'

**લવણ-અંકુશની હિંમત શેના પર ? :**

લવણ અને અંકુશ બચ્ચા જેવા તે એવા મોટા મહારથી રામ-લક્ષ્મણ સામે લડવાની હિંમત કેમ કરી શકે છે ? કયા વિશ્વાસ પર હામ ભીડી શકે છે ?

વિશ્વાસ આ હિસાબે છે કે એ કળા-વિદ્યા-વિજ્ઞાનમાં પાવરધા થઈ ગયા પછી એમણે આશ્રયદાતા મામા પાસેથી લશ્કર લઈને માંધાતા રાજાઓ સાથે વિજયવંતી લડાઈઓ કરી છે, ને એ રાજાઓને કાનપટ્ટી ઝાલીને મામારાજાના શરણે લાવી મૂક્યા છે.

લવણ-અંકુશ લડાઈ લડવા જતાં પહેલાં તો, મામા રાજા સમજતાં કે, 'હું મોટી ઉંમરનો પણ એ રાજાઓને જીતી નથી શક્યો, તો આ બચ્ચાઓ શી રીતે જીતી શકશે ? નાહકના આ બાળરત્નો રખે યુદ્ધમાં ખત્મ થઈ જાય તો ? મારે એમ એમનો નાશ ન થવા દેવાય.' એમ કરી મામા એમને ના પાડતાં.

પણ આ બાળ ભડવીરો કહે : 'મામાજી ! અમે એ જ પરાક્રમી બાપના દીકરા છીએ. સિંહના બચ્ચા ભલે વયમાં નાના, પરંતુ મોટા હાથીને હંફાવી દે છે. આપ ફિકર ન કરો, લડાઈ જીતીને જ આવીશું, પછી અમને કહેજો.'

આમ યુદ્ધો કરી કરી એકેક રાજાને કાનપટ્ટી ઝાલી લાવીને મામારાજાના પગમાં પાડી દીધેલા, તેથી હવે મોટા રામચંદ્રજી અને લક્ષ્મણ સામે લડવાની હિંમત કેમ ન કરી શકે ? અને એમાં ફત્તેહ મેળવવા માટે માતા સીતાજીના આશીર્વાદ માંગે છે.

શું સીતાજી આશીર્વાદ આપે છે ?

**સીતાજીની મહાનતા : તરછોડનાર પતિ પર સદ્‌ભાવ :**

અહીં સીતાજીની મહાનતા જોવા મળે છે. એ કેવો ઉમદા ઉત્તર કહે છે ? એ જોવા જેવું છે. ખરેખર તો દુનિયાના સામાન્ય માણસને આ વખતે કહેવાનું મન થાય કે : 'ભલે, તમારી એવી ઇચ્છા હોય તો જાઓ, મારા આશીર્વાદ છે, પાણી દેખાડો. માત્ર એટલું જોજો કે તમારા બાપુજી કે કાકાજીના શરીરે ઇજા ન થાય.'

બીજી બાઈ પર આટલી વીતી હોય તો સંભવ છે કે આવું બોલી આશીર્વાદ આપે, પરંતુ સીતાજીના મનમાં ય આવું કાંઈ લેશ પણ સ્ફુરતું નથી ! કારણ આ જ કે પોતાના દિલમાં પોતાના ઉપર વીતેલા અંગે સ્વામી રામચંદ્રજી ઉપર લેશમાત્ર અભાવ નથી. કેમકે સીતાજી પોતાની વિટંબણામાં પતિને જરાય જવાબદાર લેખતાં જ નથી, એટલે જ મનમાં પતિ અંગે કશી ગાંઠ જ નથી રાખી,

મન કશું ભારે નથી રાખ્યું, પછી પતિ-વિરુદ્ધની વાત આવી તો શાના એમાં ટાપસી પૂરાવે ? તમને લાગશે કે :

**પ્રશ્ન :** પતિ અંગે તો મન પર ભાર ન હોય, પરંતુ પોતાની જે વિટંબણા થઈ એ અંગે તો મન પર ભાર રહે ને કે આ મારી કેવી વિટંબણા થઈ ?

**ઉત્તર :** ના, સીતાજી સમજતાં હતાં કે એવો ભાર રાખી મનને સંતાપથી બાળ્યા કરાય; એમાં શો લાભ ? વળી, જગતના જીવો તરફ દૃષ્ટિ નાખીએ, તો નરકની અસંખ્ય વરસો સુધીની અને તે પણ એક ક્ષણના પણ અંતર વિના નિરંતર વરસી રહેલ કારમી યાતનાઓ-વેદનાઓની જે ઘોરાતિઘોર વિટંબણા થઈ રહી છે, એની સામે આ વનમાં હકાલપટ્ટી શી બહુ વિટંબણારૂપ લાગે ?

**નરકની પીડાઓ કેવી ? :**

- લોખંડની જેમ નરકના જીવના માથે મોટા લોખંડી ઘણના ઘા ઠોકાય છે.
- શેરડીની માફક નરકના જીવ યંત્રમાં પીસાય છે.
- મકાઈડોડાની જેમ ધગધગતી અગ્નિમાં આખા ને આખા શેકાય છે, બળે છે.
- પપૈયાની જેમ છીણી પર નરકના જીવ છોલાઈ છોલાઈ કચુંબર બને છે.
- કાકડીની જેમ છરાથી નરકના જીવના ટુકડે ટુકડા થાય છે.
- જંગલમાં હરણીયાને ચારે બાજુથી વાઘ-વરુ ઘેરાઈ વળે ને એ એમનાથી ચારે બાજુથી બટકાય, એમ નરકનો જીવ ચારેબાજુથી વાઘ-વરુથી બટકાય છે...

આવી આવી ભયંકર વેદના વર્તમાન અસંખ્ય નારકો ભોગવી રહ્યા છે. એ નજર સામે રહે, તો વર્તમાન માનવજનમની કઈ વેદના કે વિટંબણા મહત્ત્વની લાગે ?

બસ, સીતાજીની નજર સામે આ નરક વેદનાઓ તરવરતી હોય, એટલે પોતે કર્મવશ વનમાં તરછોડાયાની વિટંબણા શી બહુ મહત્ત્વની માને ? મન પર એનો શો બહુ ભાર રહ્યા કરે ? એ કશી ય મહત્ત્વની ન લાગે અને કશો ય એનો મન પર ભાર ન રહે. એટલે પછી મન સ્વસ્થ રહે, એમાં નવાઈ નથી.

બીજી પણ એ વાત છે કે આપણે કાયાની વેદના-વિટંબણા-તકલીફો ઝટ મન પર લઈ એના અંગે વિચાર્યા કરીએ છીએ, પરંતુ આપણા આત્માની

વિટંબણાઓને મન પર લેતાં નથી, એના અંગે વિચાર્યા કરતાં નથી, એટલે જ મન અસ્વસ્થ-અસ્વસ્થ રહ્યા કરે છે.

**આત્માની મહાવિટંબણાઓ આગળ સાંસારિક વિટંબણા વિસાતમાં નથી.**

**સંસારમાં આત્માની કેટકેટલી વિટંબણા થઈ રહી છે ! :**

- મોટો ઇન્દ્રનો અવતાર મળ્યા પછી પણ મરવું પડે છે ને ત્યાંની દિવ્ય સમૃદ્ધિઓ અને દિવ્ય શરીરમાંથી ડીસમીસ થવું પડે ! એ આત્માની વિટંબણા ઓછી છે ?
- પછી ગમે તે ગમે તે અવતારમાં જનમવું પડે, એ આત્માની વિટંબણા નથી ?
- આત્માને રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભ-માન-મદ વગેરે લાગણીઓમાં તણાવું પડે; એ કેટલી કારમી વિટંબણા છે ? વીતરાગભાવના મૂળ સ્વરૂપવાળો આત્મા અને એને આ જગતના નાશવંત પદાર્થો પ્રત્યેના રાગ-દ્વેષ આદિ અધમ ભાવો સતાવ્યા કરે ! એ એની મહાવિટંબણા નથી, તો શું છે ?
- આત્મા મૂળ સ્વરૂપે અનંત-જ્ઞાન અનંત-દર્શનવાળો, છતાં સંસારવાસમાં અજ્ઞાનતાનો પાર નહીં ! ભીંત પાછળની વસ્તુનું કશું દર્શન એને થાય નહીં ! પોતાના પૂર્વ જનમ કે પછીના જનમનું કશું દર્શન કે સ્મરણ એને થાય નહીં ! એ આત્માને વિટંબણા જ છે ને ?
- ત્યારે એ ખાસ વિચારવા જેવું છે કે જે જિનશાસનને અરિહંત ભગવાનના આત્માએ આરાધ્યું ! મોટા સમ્રાટ-રાજા-રાજકુમારો અને શેઠ-શાહુકારોએ આરાધ્યું ! એ જિનશાસન આપણને મળવા છતાં હજી એના એકેક કષ્ટમય માર્ગ પર એવી શ્રદ્ધા ન થાય ? આ જ આરાધવા યોગ્ય છે, એમ ન લાગે ? શ્રદ્ધાથી લીલ-ફૂગ-કંદમૂળ વગેરેના કણ-કણમાં અનંત અનંત જીવ તરફડતાં દેખાય નહીં, શ્રદ્ધાથી પાણીના ટીંપે ટીંપે અસંખ્ય-અસંખ્ય જીવ કંપતાં-તરફડતાં દેખાય નહીં, એ કેવી વિટંબણા ! અલબત્ત; કેવળ દર્શનથી તો નહીં, પરંતુ ઉત્કટ શ્રદ્ધાથી ય દેખાય નહીં; એ આત્માની કેવી મહાવિટંબણા છે ?
- એમ, આત્માના મૂળ સ્વરૂપમાં અનંતું સુખ ભર્યું છે, છતાં દા.ત. કડવા થયેલા મોંમાં મીઠાશનું સુખ લાવવા માટે ગોળ સાકરની ગુલામી કરવી પડે કે

'ગોળ સાકર ! તું જરા મારી જીભ પર આવ ને ? તો મારું મોં મીઠું થાય, એમ એકેક ઇન્દ્રિયના મનગમતા વિષયોની સુખ માટે ગુલામી કરવી પડે કે 'તમે મારી ઇન્દ્રિયોના સંપર્કમાં આવો ને ?' આ ઓછી વિટંબણા છે ?

**અનંત સુખનો માલિક જીવ તુચ્છ વિષયોની આગળ આ લાચારી બતાવે; એ કેવી મહાવિટંબણા છે ?**

દટાયેલા ક્રોડના ખજાનાવાળો માણસ કોઈ ગરીબને આંગણે એંઠા-જૂઠા રોટલાના ટૂકડાની ભીખ માંગે, એવો આ સંસારમાં આપણા આત્માનો ઘાટ છે. આ મહા આત્મવિટંબણા મનને ખૂંચતી નથી અને કાયાની સામાન્ય-સામાન્ય વિટંબણા ખૂંચે છે, એટલે એ વિટંબણામાં મન ભારે થાય છે અને અસ્વસ્થ-અસ્વસ્થ રહ્યા કરે છે.

સીતાજી પોતાના આત્માની એ બધી વિટંબણાઓ નજર સામે રાખ્યા કરતાં હોય, પછી જંગલમાં તરછોડાયાની કાયવિટંબણાને શી બહુ મહત્ત્વની લેખે ? શા એના ભાર મન પર રાખે ? કશા ય ભાર રાખવાના નહીં, તેથી મન એની કશી અસ્વસ્થતા અનુભવે નહીં.

બસ, આ જ વાત છે કે બે વહાલસોયા દીકરા લવણ-અંકુશ પૂછે છે : 'મા ! તેં તો અમને કહ્યું નહીં કે અમારા બાપુજીએ તને કાઢી મૂકેલી ? તોય હવે અમે તૈયાર થઈ ગયા છીએ, તે એમને યુદ્ધ આપી બતાવી આપશું કે, 'આ સીતાજીનો કોઈ બેલી નહીં માટે કાઢી મૂકેલી ?' તો જુઓ આ અમે રખેવાલ તૈયાર થઈ ગયા છીએ. આવો સામે, એટલે સમજાશે કે સીતાજીને કેમ કાઢી મૂકાય છે ? મા ! અમે જઈએ છીએ બાપુજી સાથે યુદ્ધ કરવા; તું અમને વિજયના આશીર્વાદ આપ, અમારા માથે હાથ મૂક !'

અહીં સીતાજી પતિએ વિટંબણા કરી એવું સમજતાં જ નથી, એટલે પતિને હંફાવવાનું એને શાનું વ્યાજબી લાગે ? સીતાજી તો સ્વસ્થતાથી કહે છે :

**સીતાજીના ઉમદા બોલ :**

'દીકરાઓ ! બાપુજી સાથે લડવા જવાતું હશે ? અને એમાં મારા આશીર્વાદ ? ભૂલા પડી ગયા ! જાઓ તમારે એમના દર્શને જવું હોય, એમને પગે પડવા જવું હોય, તો જાઓ, મારા આશીર્વાદ છે. લાવો, એ માટે તમારે માથે હાથ મૂકું.'

વિચારજો, સીતાજી પોતાને જંગલમાં તરછોડનાર પતિ માટે દિલમાં કેવું બહુમાન ધરાવતાં હશે ! એ દીકરાને કેવો સુંદર વિવેક શીખવાડે છે ! ક્યારે બને આ ? મન ભારે સ્વસ્થ હોય તો જ બને. જીવનમાં વિચારજો; દુ:ખ સંકડામણ વખતે દીકરા-દીકરીને કે દીકરાની માતાને અવસરોચિત વિવેક શીખવવાનું કર્યું છે ખરું ? યા સ્વયં અવસરોચિત વિવેક સૂઝે છે ખરો ? માટે કહો,

**અવસરોચિત વિવેક માટે સ્વસ્થતા જોઈએ.**

શ્રેણિકરાજાને મહા નાલાયક પુત્ર કોણિક મળ્યો છે અને મહાલાયક પુત્ર અભયકુમાર મળ્યો છે, એમાંથી મહાલાયક અભયકુમાર દીક્ષાની માંગણી કરે છે, કહે છે :

'કહો પિતાજી ! હું રાજ્ય લઉં, તો મને દીક્ષા ન મળે; એમ ભગવાન કહે છે અને રાજ્યશ્રી એ નરકશ્રી, તો મહાવીરપ્રભુના ભક્ત તમે હું રાજ્ય લઈને નરકે જાઉં; એવું ઇચ્છો છો  કે હું ચારિત્ર લઈને સદ્‌ગતિ પામું, મોક્ષ પામું; એવું ઇચ્છો છો ?'

રાજા શ્રેણિકે તરત જ વિવેક દર્શાવ્યો કે : 'ના દીકરા ! તું રાજ્ય લઈને નરકે જાય; એવું હું ઇચ્છતો નથી. હું તો ઇચ્છું છું કે તું ચારિત્ર લઈને મોક્ષે જાય.'

બસ, ત્યાં તરત જ અભયકુમાર પિતાને ચારિત્ર અપાવવા વિનંતી કરે છે ! અને શ્રેણિક તરત એનો વરઘોડો કાઢી પ્રભુ પાસે લઈ જઈ પ્રભુને કહે છે : 'ભગવાન ! આ આપને હું શિષ્ય ભિક્ષા આપું છું, આને ચારિત્ર આપવા કૃપા કરો.' આ પિતા-પુત્ર કઈ દુનિયાના માનવીઓ ?

**શ્રેણિકની ઉચ્ચ ગણતરી :**

હવે કોણિકની જોહુકમી કદાચ ચાલે એવી શ્રેણિક પર આપત્તિ આવે તો ? છતાં શ્રેણિકરાજાએ આ વિવેક કર્યો કે, 'પોતાની સુંદર સેવા કરનારો મહાલાયક પુત્ર અભયકુમાર રાજ્ય પામીને દુર્ગતિમાં જાય; એ બરાબર નહીં. ભલે એ ચારિત્ર પામીને મોક્ષે જાય. મારું તો મારા કર્મે થવું હશે તે થશે. મારા સ્વાર્થમાં હું એનું આત્મહિત હણી ન નાખું. એના આત્મહિતમાં હું અંતરાય ન કરું.' સ્વસ્થ મન વિના આ અણમોલ વિવેક ન આવડે.

જુઓ છો ને આજે કેટલાય મા-બાપ વિરાગી દીકરાને દીક્ષામાં અંતરાય કરે છે ! કેમકે એ સ્વાર્થ માયામાં અસ્વસ્થ છે.

**અસ્વસ્થતા અનેક પ્રકારની અસત્ કલ્પનાઓની વિટંબણાને લીધે છે.**

'છોકરો દીક્ષા લઈ લે, તો મારું શું થાય ? મને ઘડપણમાં પાળે-પોષે કોણ ?' પણ એને ખબર નથી કે તારું પુણ્ય નહીં હોય, તો છોકરો પરણીને તારાથી જુદો થશે અને તારી સામું ય નહીં જુએ. આમાં અસત્ કલ્પના આ કે જો કે પોતાનું નભવાનું તો પોતાના પુણ્યના આધારે જ છે, છતાં તે છોકરાના આધારે કલ્પે છે.

એમ અસત્ કલ્પના એ કે, 'છોકરો બિચારો દીક્ષા લઈ દુઃખી થાય, એના બદલે સંસારમાં રહીને સુખી થશે !' આ કલ્પના પણ અસત્ એટલા માટે કે 'સંસારમાં નકરું સુખ કોઈ પામ્યું જ નથી, તો આ દીકરો શું પામવાનો હતો ?

જ્યાં દુઃખ-ચિંતા-સંતાપના પોટલાં છે, વળી જ્યાં અહીંનું બધું મૂકી પરભવે દુઃખના ડુંગરામાં રવાના થવાનું હોય, દુર્ગતિઓની કેદમાં પુરાવાનું હોય, ત્યાં પણ શું સુખ ? ચારિત્રથી જ સાચો સુખી થાય.

આ ઊંચા માનવજનમ વિના ચારિત્ર ક્યાં મળે એમ છે ? અને ચારિત્ર વિના જનમ-જનમ ભટકવાનું ક્યાં મટે એમ છે ?

સ્વાર્થ-માયા અને મિથ્યાત્વનું જોર હોય, ત્યાં અસ્વસ્થતા જ છે ને એ હોય તો જાતે વૈરાગ્ય શાનો પામે ? ને આશ્રિતને વૈરાગ્ય શાનો પામવા દે ? કે શાનો ચારિત્ર લેવા દે ?

ત્યારે સીતાજીની ગંભીરતા અને પુત્રોને વિવેકની શિખામણ પર તમને એમ થાય કે :

(૧) આટલી હદ સુધીની પોતાના પુત્રો આગળ પોતાને પતિએ કાઢી મૂક્યાની જગજાહેર વાત પણ ન કહેવાની ગંભીરતા શી રીતે રાખી શકાય ? તેમ,

(૨) પુત્રોને પિતા સાથે લડવા નહીં, પણ એમને પગે પડવા જવાનો વિવેક શીખવાડવાની વાત પણ કેમ બની શકે ?

આ બંને મૂંઝવણનું સમાધાન આ છે કે :

**સીતાજીની મહાગંભીરતા અને વિવેક; એ આર્યસંસ્કૃતિ અને જૈનધર્મ દિલમાં વસ્યાનું ફળ છે.**

અનાર્ય સંસ્કારોમાં ઉછરેલાને આવી ગંભીરતા અને વિવેકની કલ્પના ય ન આવે, પછી આચરવાની તો વાતે ય શી ? એને તો આ જ કલ્પના હોય : 'આપણને જગજાહેર ખોટી રીતે દંડનારની વાત તો જો બીજા સ્નેહી આગળ પણ ખુલ્લી પાડવાની જ હોય, તો પોતાના પુત્રો આગળ તો સહેજે ખુલ્લી પડાય.' અહીં ગંભીરતા રાખવાનું તો અનાર્ય સંસ્કારવાળાને અજુગતું લાગે !

એમ, મહાવિટંબણા કરનાર પતિની સામે જ્યારે પુત્રો સશક્ત અને પગભર બની લડવા જવા ઇચ્છતાં હોય, ત્યારે પુત્રોને પિતાની સામે લડવા નહીં, પણ પગે પડવા જવાનો વિવેક શીખવવાનું પણ અનાર્ય સંસ્કારવાળાને અજુગતું લાગે. એ તો એમજ માને કે 'આમ વિના વાંકે ભયંકર સજા ઠોકનારને પગે પડવાનું શું ?' અનાર્ય સંસ્કારવાળાને આ અજુગતું લાગવાની વસ્તુ આપણા જીવનમાં તપાસવા જેવી છે કે આપણને ય એ અજુગતું લાગે કે નહીં ?

અહીં જ આ વિચારવા જેવું છે કે અનાર્ય અને આર્યસંસ્કૃતિ વચ્ચે કોઈ ફરક હોય કે નહીં ?

જો મનુષ્ય અને પશુ વચ્ચે વર્તાવના ફરક હોય છે, કલ્પનાના ફરક હોય છે, તો આર્ય અને અનાર્ય વચ્ચે કશો ફરક ન હોય ? અથવા ફરક હોય, તો શું આટલો જ ફરક કે, 'આર્ય પ્રભુનું નામ જપે, પ્રભુભજન કરે અને અનાર્ય એ ન કરે' શું આટલો જ ફરક હોય ? બાકી, હિંસા-જૂઠ-ચોરી-અનીતિ-દુરાચાર-વૈર-કલહ-ચાડીચુગલી-ઇર્ષ્યા વગેરે જેમ અનાર્ય આચરે એમ શું આર્ય આચરે ?

મહાન પુણ્યના ઉદયે આર્યદેશ, આર્યકુળ અને આર્યસંસ્કારોમાં આવી વસ્યા છો, તો આ પુણ્યોદયની કદર કરો, મૂલ્યાંકન કરો.

અનાર્યો જે કરી રહ્યા છે, એ માત્ર આ જનમની જાહોજલાલી કરવાના હિસાબનું કરી રહ્યા છે. કેમ કે એમની પાસે આત્મા-પરલોક અને પુણ્ય-પાપની માન્યતા જ નથી. ત્યારે આપણે આર્યસંસ્કારોના હિસાબે આત્મા-પરલોક-પુણ્ય-પાપ વગેરે માનનારા છીએ. એટલે,

**આપણે આર્ય આ જનમની જાહોજલાલી કરી પરલોકમાં આપણા આત્માની ઘોર બાદબાકી થાય; એવું કરવામાં ડહાપણ ન માનીએ.**

આપણે જો સાચા આર્ય છીએ, તો આર્ય એટલે જનમ જનમમાં ગમન કરનાર આત્માને માનનારા હોવા જોઈએ. આ માનીએ એટલે આપણા જ આત્માને દુર્ગતિની જેલમાં પુરાઈ જવું પડે, શું એવી આ જનમની પાપકરણી જાહોજલાલી કરીએ ? એ અનાર્યને છાજે, આર્યને નહીં.

**આર્ય તરીકેનું મહત્ત્વ આત્માના સદ્‌ગુણો કેળવવા પર અને પરલોક ઉજ્જવળ કરવા પર છે.**

આત્માને નહીં માનનાર અને માત્ર દેહ પર દૃષ્ટિ રાખનારને સંબંધ દેહહિતકર સમૃદ્ધિ-સન્માન સાથે રહેવાનો. સીતાજી આર્ય હતાં અને આર્યત્વની મહત્તા સમજનારા હતાં. એટલે પોતે આત્મહિતકર ગંભીરતા તથા વિવેક વગેરે સદ્‌ગુણ સાથે જ મુખ્ય સંબંધ રાખે, એમાં નવાઈ નથી. નવાઈ તો આપણે આત્માને માનવાનો દાવો રાખવા છતાં ગંભીરતા ને વિવેકના બદલે ક્ષુદ્રતા અને અવિવેકાદિ દોષ-દુષ્કૃત્યોનું જીવન જીવીએ એમાં છે. એટલે હવે પ્રશ્ન આવે કે :

**પ્રશ્ન** : સીતાજી આટલી બધી ગંભીરતા અને વિવેક શી રીતે રાખી શક્યા ?

**ઉત્તર** : તો એનો આ જ ઉત્તર કરીએ કે સીતાજી આર્ય હતાં, આર્યત્વને શોભે ને પરલોક ઊજળો કરે, એવી આત્મહિતની વાતને મુખ્ય કરનારા હતાં, એની સાથે મુખ્ય સંબંધ રાખનારા હતાં. તેથી જ આત્મહિતકર ગંભીરતા અને વિવેક રાખે; એ સહજ છે.

# ૧૦. સત્ત્વશીલ સીતાજી

**સીતાજીનો વિવાહ પ્રસંગ :**

સીતાજીનો આ ગંભીરતાગુણ અને વિવેક એ માત્ર પાછળથી પ્રગટ્યા એવું નથી. એમના વિવાહની વાત આવી, ત્યારે પણ એ ગુણી હતાં. કેમકે સ્વયંવર મંડાયો, એમાં શરત આ હતી કે, 'દેવાધિષ્ઠિત ધનુષ્ય જે ઉઠાવે, વાળે અને એના પર પણછ ચડાવી બાણનો એમાં ટંકાર કરે, એના ગળામાં વરમાળા આરોપવાની.'

સીતાજીએ આ શું જોઈને મંજૂર રાખ્યું ? કેમકે એવું ધનુષ્ય પર બાણ ચડાવનાર કોઈ ન નીકળે તો ? અથવા નીકળે, પણ એ ભીલ જેવો માણસ હોય તો ? ત્યારે સીતાજીએ આવો સ્વયંવર મંજૂર કેમ રાખ્યો ?

કહો, પહેલી વાત તો આ કે, ગંભીર અને વિવેકી સીતાજી વિવાહનો વિષય વડીલોનો માનતા હતાં.

બીજું એ કે, સીતાજી સમજતાં હતાં આટલું સત્ત્વ ન હોય, એવા નિઃસત્ત્વને પરણીને શો લાભ ? અને ધનુષ્ય પર બાણનો ટંકાર કરનાર કદાચ બીજી રીતે સામાન્ય જેવો હોય, તો ય એ સાત્ત્વિક છે, સત્ત્વશીલ છે, તેથી વાંધો નહીં.

**જીવન સાત્ત્વિકને સોંપાય, નિઃસત્ત્વને નહીં.**

આપણે અરિહંતનું શરણ લઈએ છીએ એટલે કે જીવનદોરી અરિહંતને સોંપીએ છીએ, એ શા માટે ? તો કે અરિહંત અનંત સત્ત્વવાળા છે માટે. એ સત્ત્વથી જ પોતે વીતરાગ બન્યા અને કેવળજ્ઞાન સુધી પહોંચ્યા છે. એવા સાત્ત્વિકને શરણે જઈએ.

શ્રેણિક પહેલાં જૈનધર્મી નહોતાં, છતાં ચેલણા એમને વરી તે એમનું સત્ત્વ જોઈને વરેલી. બાકી, રૂપાળા તો જગતમાં નિઃસત્ત્વ માણસો ય હોય, પરંતુ એમની કિંમત શી ?

મહાસતીઓ કપરા સંયોગોમાં પણ શીલરક્ષા શી રીતે કરી ગઈ ? કહો, એ સત્ત્વશીલ હતી માટે.

**દમયંતીને** પતિ નળની સાથે રાજ્યભ્રષ્ટ થઈ વનમાં ભટકવાનો પ્રસંગ આવ્યો, તો ગભરાયા નહીં. કેમ કે એ નિઃસત્ત્વ નહોતાં, સત્ત્વશાળી હતાં.

તેથી જ પતિ જ્યારે કહે છે : 'મારે હમણાં બહાર ગમે ત્યાં ભટકવાના દિવસ આવ્યા છે, તો તમે નાજુક શરીરવાળા તમારું આ કામ નહીં, તમે તમારા પિયરે ચાલ્યા જાઓ.'

ત્યારે નાજુક કાયાના પણ સત્ત્વશાળી દમયંતીએ પિયેર જવાની ઘસીને ના પાડી ! અને કહ્યું 'જ્યાં વૃક્ષ ત્યાં જ છાયા, હું તમારી સાથે આનંદથી ભટકીશ.'

સત્ત્વ શું કામ કરે છે ! દમયંતી મહાસતીને પતિ નળ જંગલમાં ઊંઘતા મૂકીને ચાલ્યા જાય છે અને સવારે જાગતા દમયંતી જુએ છે કે, 'પતિ મારે પિયેર જવાના આગ્રહથી મને છોડી ગયા છે, તો હવે મારે શીલની રક્ષાર્થે કિલ્લેબંધી કરવી જોઈએ. તેથી એમણે એ માટે આ ચાર કડક નિયમ કરી લીધા.

**પતિ ન મળે ત્યાં સુધી દમયંતીના શીલરક્ષાર્થે ૪ નિયમ :**

(૧) છ વિગઈઓનો ત્યાગ.
(૨) ગાદી પર સૂવું નહીં.
(૩) રંગીન વસ્ત્ર પહેરવા નહીં.
(૪) શૃંગાર સજવા નહીં.

શી રીતે આ કરી શક્યા ? કહો, સત્ત્વશાળી હતાં, તેથી કરી શક્યા. પછી તો આગળ વધતાં તાપસોના આશ્રમ પાસે એકાંત ગુફા મળી, તો એમાં શાંતિનાથ ભગવાનની ઉપાસના કરતાં પર્વતની ગુફામાં સાત વરસ રહી ગયા !

'અહીં શું ખાવા ને શું પીવા મળશે ?' એની ચિંતા ન કરી. કેમકે સત્ત્વશાળી હતાં. તેથી જ ત્યાં અખંડ શીલ સાચવી પ્રભુભક્તિમાં તન્મય બની રહ્યા. ત્યારે એનો પ્રભાવ કેવોક પડ્યો ? કે

**દમયંતીના શીલ-સમકિતનો કેવો પ્રભાવ ! :**

એકવાર ભારે વરસાદ અને પાણીના પૂરમાં તાપસોનો આશ્રમ તણાઈ જાય એવું હતું.

એ વખતે મહાસતી દમયંતીએ ગુફામાંથી બહાર આવી સંકલ્પ કર્યો કે, 'મારા શીલ અને સમ્યક્ત્વના પ્રભાવે તાપસોને વરસાદ ને પૂરથી રક્ષણ મળો,' એમ કરી આશ્રમની ચારે બાજુ જમીન પર લાકડી ફેરવી બાઉન્ડરી (સીમા) બાંધી.

બસ, મહાસતીના શીલ અને સમ્યક્ત્વના પ્રભાવે આશ્રમ પર જાણે મોટું છાપરું ન બની ગયું હોય ! તેમ આશ્રમ પર વરસાદ પડતો બંધ થઈ ગયો અને પાણીના પૂર આવ્યા તે આશ્રમની બાજુએ થઈને ચાલ્યા ગયા !

તાપસો આ જોઈ આભા બની ગયા કે, 'હેં ! અમે આટલો તપ તપીએ અને ઘરવાસ છોડીને રહીએ, છતાં એનો પ્રભાવ નહીં ? ને આ એક ગૃહસ્થ બાઈ માણસનો આ પ્રભાવ ?' પૂછે છે મહાસતીને :

'હેં ! આ તમે શો જાદુ કર્યો ? પૂર અને વરસાદ આશ્રમને અડ્યા જ નહીં ?'

દમયંતી કહે : 'આ બધો જૈનધર્મનો પ્રભાવ છે. તમે તપ તપો છો; એ ઉત્તમ છે, પરંતુ એના મૂળ પાયામાં જૈનધર્મની શ્રદ્ધા હોય, તો એ પ્રભાવવંતો બની જાય.'

ત્યાં તાપસો જૈનધર્મનું સ્વરૂપ પૂછે છે અને મહાસતી એની ઓળખ આપે છે. તેથી તાપસો જૈનધર્મથી પ્રભાવિત થઈ જાય છે.

દમયંતીની આ શ્રદ્ધા કેવી કે, 'મારા શીલ અને સમ્યક્ત્વનો આશ્રમ પર પાણીના ઉપદ્રવને અટકાવવાનો પ્રભાવ પડવો જ જોઈએ !'

આના પર મનને પૂછો કે આપણે ઘણી બધી સાધના કરીએ છીએ, જેવી કે,

- રોજ ને રોજ વીતરાગદર્શનની,
- પ્રભુપૂજાની,
- નવકાર જાપની,
- કોઈને કોઈ નિયમોની,
- તિથિએ તપની,
- ગુરુ માન્યતાની...

આ બધી આરાધનામાં કઈ એવી આરાધના છે કે જેના પર શ્રદ્ધા રાખી સંકલ્પ કરી શકીએ કે, 'આ સાધનાના પ્રભાવે અમુક વસ્તુ અવશ્ય બનો !' કહો, હિંમત નથી. કેમકે એવી શ્રદ્ધા જ ક્યાં છે ?

રોજ દેવદર્શન તો કર્યા, પરંતુ એવું કયા દિવસનું દર્શન યાદ આવે છે કે જેમાં કદાચ કોઈ દેવતા એના બદલામાં લાખ રૂપિયા આપવા માંગે, તો એ દર્શનને ન વેચવાનો નિર્ધાર કર્યો હોય ? અથવા દર્શનમાં દિલ પ્રભુમાં તરબોળ થઈ ગયું હોય ? તરબોળ તે એવું કે દિલને 'અહો ! અહો !' થઈ ગળગળું થઈ ગયું હોય !

'અહો ! અહો ! પ્રભુ ! તું મને મળ્યો ? મારા પર કેટલી બધી તારી કૃપા ! મારા નાથ ! તું જ મારે આધાર છો, તું જ મારે જીવન છો, તારી આગળ જગતભરની સંપત્તિઓ અને સત્તા સન્માન તુચ્છ છે...' આમ દર્શનમાં દિલ ગદ્‌ગદ્ થઈ ગયું હોય, એવા દર્શન કેટલા ? જો નથી, તો શી રીતે એ દર્શન પર વિશ્વાસ રાખી શકાય કે 'આ દર્શનના પ્રભાવે અમુક વસ્તુ ચોક્કસ બનો !'

સવાલ આ છે કે :

**સાધના કરો એમાં એની આગળ સ્વર્ગ-સંપત્તિને ય તુચ્છ ગણો. તેમજ સાધનામાં એવા એકતાન થાઓ કે ત્યાં જગતનું બધું ભુલાઈ જાય.**

કોઈ એક પણ સાધના જો આવી કરો કે જેમાં દ્રવ્ય સચોટ જામી પડતું હોય, દિલ એકાકાર થતું હોય ને એની આગળ જગતનું બધું તુચ્છ લાગે. આવા દમયંતી જેવા મહાન સત્ત્વશાલી પૂર્વજો એટલા માટે જ મળ્યા છે કે એને નજર સામે રાખી એકાકાર સાધના કરીએ, એમની નિસ્પૃહતાભરી સમ્યક્ત્વ અને શીલની જ્વલંત સાધનાને અનુસરીએ.

સીતાજીમાં સત્ત્વ હતું એટલે જ સાત્ત્વિકને વરીને જે પરિણામ આવે, તે વધાવી લેવાની તૈયારી હતી.

મયણાસુંદરીમાં સત્ત્વ હતું એટલે પિતા આગળ જે કર્મસિદ્ધાંત રજૂ કર્યો હશે કે, 'દીકરીને સારી જગાએ વરાવી સુખી કરવામાં મા-બાપ તો નિમિત્તમાત્ર છે, બાકી તો દીકરીના શુભાશુભ કર્મના હિસાબે જ એને સુખ-દુઃખ મળે છે.'

આ કર્મ-સિદ્ધાન્તને અમલી કરવાનો અવસર આવ્યો અને પિતાએ કોઢિયા માણસને હાજર કરી કહ્યું : 'લે, તારા કર્મના અનુસારે જ બધું બનવાનું છે ને ? તો તારા કર્મે આ કોઢિયો પતિ હાજર કર્યો છે, વરી લે એને.'

તો અહીં મયણામાં સત્ત્વ હતું એટલે પોતે રજૂ કરેલ કર્મ-સિદ્ધાન્તના પરિણામને વધાવી લીધું ! અને કોઢીયો શ્રીપાળ એને વરવા આનાકાની કરતો હતો, છતાં મયણાએ પતિ તરીકે ઝટ એનો હાથ પકડી લીધો અને બોલી :

'ચાલો, પિતાજીએ જે પસંદ કર્યા તે મારે પ્રમાણ' એમ બોલી કોઢિયાને પતિ તરીકે સ્વીકારી લઈ ચાલી !!

કેટલું બધું સત્ત્વ ! રૂપરૂપની અંબારસમી અપ્સરા જેવી આ રાજપુત્રી પિતાએ આપેલ કોઢિયાને પ્રમાણ કરી લઈ ચાલે ! એ શાની ખાતર ? પોતે રજૂ કરેલ કર્મ-સિદ્ધાન્તને અમલથી સત્યાર્થ કરી બતાવવા ખાતર; એ એનું મહાસત્ત્વ હતું અને ઝળહળતું સમ્યગ્દર્શન હતું.

**જીવન સત્ત્વ અને સમ્યક્ત્વની સુવાસથી મઘમઘે છે.**

એ મઘમઘાટ હજારો વર્ષો સુધી જનતામાં પ્રસરે છે. માટે જ હજારો વર્ષ પૂર્વે થયેલા આ મયણાસુંદરી-શ્રીપાલને યાદ કરીએ છીએ. મયણામાં અક્કલ હશે કે નહીં ? કે આપણામાં જ બધી અક્કલ ભરી મૂકી છે ? આજે કાંઈક આવું બને, તો તમે આવી કન્યાને બુદ્ધિમાન ગણો ? કે અક્કલ વિનાની ગણો ? દિલમાં એકલા વિષયસુખની મહત્તા વસી હશે, તો આવી કન્યાને મૂર્ખ જ માનવાના.

**એ તો જે વિષયસુખ કરતાં સમ્યક્ત્વની મહત્તા માને, જિનોક્ત સિદ્ધાન્તની શ્રદ્ધા અને આદરની મહત્તા માને, એ જ મયણાસુંદરી જેવી કન્યાને બુદ્ધિમાન ગણે. એટલે કહો,**

**મહાપુરુષની મહાન ચર્યાને આવકારવા, પ્રશંસવા માટે પણ દિલ વિષય-પક્ષપાતી નહીં, પણ ગુણ-પક્ષપાતી જોઈએ.**

મહાવીર પ્રભુએ પોતાના કાંઈ જ વાંક વિના ગોવાળિયો કાનમાં ખીલા ઠોકવા આવ્યો, તો એને દૂર હટાવવાની શક્તિ છતાં દૂર ન હટાવ્યો, પણ વધાવી લીધો ! પોતાના કાનમાં એકલો ગોવાળિયો ખીલા ઘૂસાડી શકે, એ માટે એને સહાયક થયા ! પ્રભુની આ મહાન સંયમ-ચર્યા હતી.

'એ ચર્યા યોગ્ય હતી. એવા પ્રસંગમાં એજ કરવું જોઈએ' એમ આપણા મનમાં ક્યારે બેસે ? કહો, આપણું દિલ વિષયસુખ-દેહસુખનું પક્ષપાતી નહીં, પણ ક્ષમા-સમતા-સહિષ્ણુતાદિ ગુણોનું પક્ષપાતી હોય, તો જ.

તપાસી જુઓ, આપણું દિલ કોનું પક્ષપાતી છે ? સંસાર સુખનું કે ગુણનું ને ધર્મનું ? ભલે સુખના લોભિયા હોઈએ, પરંતુ હૈયે મહત્તા શાની માનીએ ? સુખની કે ગુણની ને ધર્મની ?

**'સુખ ગોઝારાં મારણહાર છે, ધર્મ અને ગુણ દુલારા તારણહાર છે' એમ દિલ પોકારે છે ?**

**'સુખમાં જીવની વિટંબણા છે, ત્યારે ગુણમાં ને ધર્મમાં જીવની શોભા છે, ઉન્નતિ છે' એવું હૈયું કબૂલ કરે છે ?**

હૈયે ગુણનો ને ધર્મનો પક્ષપાત હોય, તો જરૂર કબૂલે. જેનો પક્ષપાત હોય, એની મહત્તા મનાય છે, પ્રશંસા કરાય છે, દલાલી કરાય છે. કદાચ સંજોગવશ એ આદરવાનું બની ન શકે, છતાં હૈયું તો એની તરફ ઢળેલું હોય.

**ધર્માત્માને ધર્મ અને ગુણનો પક્ષપાત હોય, માટે એને હૈયે સંસારસુખની મહત્તા નહીં એવી ધર્મની ને ગુણની મહત્તા હોય છે. પાપાત્માને સંસારસુખની મહત્તા, એટલે સુખ ખાતર ધર્મને ને ગુણને ઠેબે ચડાવે છે.**

અલબત્ત; કર્મવશ ધર્માત્મા સંસારસુખ ભોગવતો હોય, પરંતુ એનો એ અર્થ નથી કે હૈયું સંસારસુખમાં ઢળેલું હોય ને એ દલાલી સુખની કરતો હોય. ના, આચરણ જુદું છે, પક્ષપાત જુદો છે.

મિથ્યાત્વીને તો ખપ એનો શોષ નહીં. મિથ્યાત્વીને આરંભ-પરિગ્રહાદિ પાપોનો ખપ છે, તેથી એનો અફસોસ નથી, પરંતુ સમકિતી ધર્માત્માને એવું નથી, એને સંસારસુખનો ખપ છે ખરો, પરંતુ એની પારાવાર અફસોસી છે કે, 'અરેરેરે ! હું ક્યાં સુધી આ ગોઝારા સંસારસુખનો ખપ કર્યા કરીશ ?' માટે જ એના હૈયાનો પક્ષપાત સુખનો નહીં, પણ ધર્મનો હોય છે.

કોઈની માસખમણની તપસ્યા પર હૈયું ક્યારે ઓવારી જાય ? હૈયાને તપનો પક્ષપાત હોય, ખાનપાનનો નહીં, ત્યારે. ભલે પોતે એકેય ઉપવાસ શું, એક એકાસણું-બેસણું પણ ન કરતો હોય, છતાં એના હૈયે સૂક્ષ્મ પણ બેઠું હોય કે 'ખાવું ખોટું, તપ સારો.' હૈયે મહત્તા ખાવાની નહીં, પણ તપની લાગતી હોય.

એમ, હૈયે મહત્તા સહિષ્ણુતા રાખવાની લાગતી હોય, સામાને હરાવવાની નહીં,

તો જ 'મહાપુરુષોએ દુષ્ટોનો સામનો કરવાની શક્તિ છતાં સામનો ન કર્યો, પણ સહી લીધું; એ યોગ્ય જ કર્યું.' એમ દિલને એ જચે.

**'જીવનમાં સુખ એ સાધ્ય નહીં, પણ ધર્મ અને ગુણ એ સાધ્ય છે.' એમ દિલ બોલે.**

એટલે જ મહાન આત્માઓ અવસર મળતાં મુખ્યપણે સુખ સાધવા નહીં, કિન્તુ ધર્મ અને ગુણ સાધી લેવા સજ્જ રહેતાં, ધર્મ અને ગુણ માટે મથતાં.

રોજ પ્રભાતે ઊઠીને આ ધારણા કરો કે, 'મને આજનો નવો દિવસ મળે છે, એમાં મુખ્ય સાધ્ય મારે ધર્મ અને ગુણને બનાવવા છે, સંસારસુખને નહીં. એટલે આજે શક્ય હોય, ત્યાં ધર્મ અને ગુણ સાધું.' પ્રભાતની આ ધારણા બળ આપે છે, ઉત્તેજના આપે છે. દિવસ પસાર કરતાં 'ક્યાં ધર્મ સાધી લઉં ? ક્યાં ગુણ કેળવી લઉં ?' એ જાગૃતિ આપે છે. જીવનના હજારો દિવસ જો રોજ આ ધારણા અને જાગૃતિ રહે, તો શક્ય હોય ત્યાં ત્યાં... વિચારથી, વાણીથી અને વર્તાવથી તથા પોતાની સંપત્તિ ને પરિવારથી ધર્મ સાધી લેવા ચોંટ રહે. માત્ર ચોંટ નહીં, સાધી લેવાનું કરાય. ફક્ત સાધ્ય નક્કી રહેવું જોઈએ, નજર સામે તરવરતું જોઈએ.

એ હતું મહાવીર પ્રભુમાં એટલે ઘરમાં રહ્યા, ત્યાં સુધી કશી ચોંટ સુખ ભોગવી લેવા પર ન રાખી. ચોંટ રાખી વૈરાગ્ય-ધર્મ ઝગમગતો રાખવા પર; અને વીર પ્રભુ સંસાર ત્યજી અણગાર બન્યા, પણ અહિંસા-સંયમ-તપ શક્ય એટલો સાધી લેવા પર જ ચોંટ રાખી. કાયોત્સર્ગ ધ્યાન સાધી લેવા પર ને દુષ્ટોના પરીષહ-ઉપસર્ગમાં ક્ષમાદિગુણો નક્કરપણે પાળવા પર ચોંટ રાખી.

**જીવનનું સાધ્ય નક્કી થઈ જાય, સાધ્ય નજર સામે રમ્યા કરે, એટલે સતત ચિંતા ને ચોંટ ધર્મ અને ગુણો સાધી લેવા પર રહે.** સાધ્ય વિનાનું જીવન જીવાય છે અથવા સાધ્ય તરીકે પૈસા અને વિષયસુખો મનમાં રમ્યા કરે છે, એટલે વિચારથી, વાણીથી કે વર્તાવથી શક્ય એવા ઘણા ય ધર્મ જતા કરાય છે. ક્ષમા-પરોપકાર-કૃતજ્ઞતા વગેરે ઘણા ય ગુણો સાધતા રહેવાનું હાથવેંતમાં છતાં કરાતું નથી. આવું જીવન એ માનવજીવન છે કે પશુ જીવન ?

**પશુને સાધ્ય વિષયસુખો જ હોય છે, ધર્મી માનવને પણ એ જ ?**

**ધર્મી માનવજીવન તો આ જ હોય કે સાધ્ય ધર્મ અને ગુણ રાખી એ જ નજર સામે તરવર્યા કરે.**

મયણાસુંદરીમાં એ હતું એટલે મોકો આવ્યો, ત્યાં સમ્યક્ત્વને ને સિદ્ધાન્તની શ્રદ્ધાને અમલી કરી ! કોઢિયા પતિને સ્વીકારી લીધો ! સત્ત્વ વિના આ ન બને, માટે સત્ત્વ સાધો.

સીતાજીમાં આ સત્ત્વ હતું એટલે કપરો સ્વયંવર મંજૂર કર્યો. પણ પુણ્યશાળી હતાં એટલે સ્વયંવરમાં રામચંદ્રજી જ પતિ તરીકે મળ્યા !

**મનમાન્યું મળવા પર કર્મની કસોટી ય આવે :**

રામ પતિ તો મળ્યા, પણ કર્મની કસોટી કેવી થઈ ? પતિને અયોધ્યાનું મોટું રાજ્ય મળવાનું હતું એટલે સીતાજી પટ્ટરાણી-મહારાણીપણાનો દમામ ભોગવવાના હતાં. તે તો ઊડ્યું, પણ હવે પિતા દશરથ કૈકેયીના વચનથી રાજ્ય ભરતને આપે છે, ને ભરત રાજ્ય ગાદીએ બેસવા તૈયાર નથી એટલે રામ સ્વતઃ વનવાસ માંગી લે છે. એટલે હવે પતિ વનવાસ જાય, ત્યારે સીતાજીને ભાગે શું ? આવી કર્મની કસોટી !

ક્યાં મોટા ઉપાડે સ્વયંવરમાં અનેકાનેક રાજા-રાજકુમારો વચ્ચે સીતાજી રામચંદ્રજીને વરેલા ! અને હવે રામ રાજ્ય મળવાનું ગુમાવી વનવાસ જાય !

ત્યારે સીતાજીને કહેનારા મળે, તો એ શું કહે ? આવું જ કાંક ને 'કેમ મોટા ઉપાડે રામને પરણ્યા, તે લ્યો શો સાર કાઢ્યો ?' ભલે કદાચ કોઈ સામે કહેનાર ન મળે, તો પણ સીતાજીના મનને આવો લોકાપવાદ આવવાનો ભય રહે ને ? માણસના મનને આવા આવા ભય નડે છે, એટલે જ મનને વિહ્વળતા કેટલી બધી રહે ? એમાં જીવન સ્વસ્થતાથી શી રીતે જીવી શકે ?

પરંતુ અહીં સીતાજીના મનને કોઈ વિખવાદ નથી કે, 'હાય ! પતિ વનવાસમાં જાય ?... લોકમાં મારી હાંસી થાય ?... અરે ! મેં ધાર્યું હતું શું ? ને આ શું બની ગયું ?...' આવો કોઈ વિષાદ એમના મનને નથી. કેમકે સમજે છે કે,

**જગતના ભાવો કર્મ અને ભવિતવ્યતા અનુસાર બન્યા જ કરે છે, એના પર ખોટા ખેદ શા કરવા ?**

**હૈયે સ્વામીના ગૌરવથી સહિષ્ણુતા આવે :**

બીજી વાત એ છે કે સીતાજીએ માથે સ્વામી ધર્યા એટલે હૈયે સ્વામી પ્રત્યે ભારે ગૌરવ ઊભું કરી દીધું છે. 'શી વાત મારા સ્વામી ! સ્વામી મારા લાખ રૂપિયાના.

એ જે કરે, તે મારે પ્રમાણ. એમનું કહેલું મારે બરાબર માનવાનું. એટલે પછી લોક એમના કોઈ કૃત્ય માટે ગમે તેમ બોલે, તો તે મારે કાન પર લેવાનું જ નહીં. શક્ય હોય, તો મારે એનો પ્રતિકાર કરવાનો. બાકી, બીજું કાંઈ વિચારવાનું જ નહીં. લોકનો હિસાબ મારે શું કામ માથે લેવો ?'

'શા સારુ વિચારવું કે સ્વામીએ આમ કેમ કર્યું ? કેમ વનવાસ માંગી લીધો ? એમણે કર્યું, તે સમજીને જ કર્યું છે, તો કર્યું એ રૂપાળું. માટે એ જ માથે ચડાવવાનું !'

સીતાજીના હૈયે રામ પ્રત્યે આ ગૌરવ હોય પછી એ મનમાં શાનું લાવે કે, 'પણ લોક આમ બોલે છે ને ?' હૈયે જેના પર ગૌરવ હોય એનું હલકું વિચારવાનું મન ન થાય, એની ખામી જોવાનું દિલ જ ન હોય. એટલે લોક બોલે એટલા માત્રથી સીતા કાંઈ રામે ભૂલ કર્યાનું ન જુએ.

અલબત્ત; અહીં સીતાને પૂછ્યા વિના રામે વનવાસ માંગી લીધો, એના પર એક પ્રશ્ન થાય, કે

**પ્રશ્ન** : સીતાજીના મનમાં એમ કેમ ન આવ્યું કે, 'ભલે સ્વામીને ગમ્યું ને એમણે વનવાસ માંગી લીધો, પરંતુ એમણે મને પૂછવું તો જોઈએ ને ? પરણીને મને જીવનસાથી બનાવી લાવ્યા, તો એટલું પૂછવાનું પણ નહીં ? આવો વિચાર સીતાજીને કેમ ન આવ્યો ?

**ઉત્તર** : એનું કારણ સ્પષ્ટ છે. જેમ આજના જમાનાની બાઈઓ પોતાને પતિની જીવનસાથી એટલે ભાગીદાર સમજે છે, એમ સીતાજી સમજતાં નહોતાં; એ તો પતિને સ્વામી તરીકે અને પોતાને પતિની સેવિકા-આજ્ઞાંકિત-ચરણકિંકરી તરીકે સમજતાં હતાં, પછી એક સેવિકા તરીકે પોતે સ્વામી પર એવો હક-દાવો શાનો સમજે કે સ્વામીએ કાંઈ કરતાં મને પૂછવું જોઈએ ?

**પતિ-પત્ની; એ ભાગીદાર નહીં, પણ સ્વામી-સેવક :**

આર્યદેશના જીવનની બલિહારી છે. જ્યાં પતિ-પત્ની, પિતા-પુત્ર, શેઠ-નોકર વચ્ચે ખરેખર સ્વામી-સેવકભાવનો સંબંધ રહેતો. તેથી પતિ-પિતા-શેઠના મન પર સ્વામીપણાનો ભાર રહેતો. તે અભિમાન કરવા માટે નહીં કે 'હું માલિક છું,'

પરંતુ આજ્ઞાંકિત પત્ની-પુત્ર-નોકરની રક્ષણ-પોષણ-વિકાસની જવાબદારી પ્રત્યેક પળે વહન કરવા માટે.

'મારે આમના રક્ષણ-પોષણ-વિકાસ કરવાનું ધ્યાન રાખવું જ જોઈએ; એ મારું કર્તવ્ય છે. એ કર્તવ્ય બજાવું, તો જ મારામાં સાચું સ્વામીપણું' એમ એ સમજતાં અને વર્તતાં.

તો, પત્ની-પુત્ર-નોકર માથે સેવકપણાના ભારથી એમની આમન્યા સાચવતાં ને આડું અવળું કરી શકતાં નહોતાં, જ્યાં ત્યાં ભટકી શકતાં નહોતાં અને સ્વચ્છંદતા છોડી શિષ્ટતાનું જીવન જીવતાં. ત્યારે પત્ની-પુત્ર-નોકરના મન પર સેવકપણાનો ભાર રહેતો; તેથી વડીલની ખૂબ આમન્યા રાખીને જ જીવન જીવતાં.

**આમન્યા રાખવી; એ કોઈ દીનતા કે લાચારી નથી, પરંતુ વડીલ પ્રત્યે દિલમાં પ્રશસ્ય વિનયભાવ છે,** વડીલ પ્રત્યે એ પરતંત્રતા છે. એથી દિલના મદ-અભિમાન-સ્વચ્છંદતા-સ્વતંત્રતા વગેરે અશુભ ભાવો તૂટે છે. આવું સુંદર ફળ આપનાર આમન્યા-દાક્ષિણ્યને હલકી કેમ ગણાય ? દોષરૂપ કેમ લેખાય ?

જીવનમાં સ્વતંત્રતા-સ્વચ્છંદતા અર્થાત્ પોતાની ઇચ્છા મુજબ વર્તવાનું, પોતાની મરજી મુજબ ચાલવાનું; એ દોષરૂપ છે; કેમકે **અનાદિકાળથી આત્મહિતથી અવળા માર્ગે ચાલવાની જીવને આદત છે, એ જીવને ઉન્માર્ગે લઈ જાય છે. એમાંથી બચાવનાર છે વડીલની પરતંત્રતા.**

કેમકે આ ઉન્માર્ગ-ગમન સ્વતંત્રતા-સ્વછંદતા કરાવે છે. પણ જો વડીલની આધીનતા હોય, તો વડીલ એ ઉન્માર્ગ-ગમનથી બચાવી લે છે.

વ્યવહારમાં જુઓ; બાળક સ્વતંત્રતાથી વર્તે, તો શું કરવાનો ?

- સારું કરવાનો કે ખોટું ?
- સાચું જ બોલવાનો કે જૂઠું પણ પોતાની સ્વાર્થ લાલસા પોષવા ખાતર બોલવાનો ?
- ન્યાય-નીતિથી વર્તવાનો કે જરૂર લાગી ત્યાં ચોરી-અનીતિ ય કરવાનો ?
- મીઠાઈ વગેરે ખાવાનો તે શરીર-તબિયત સાચવીને જ સંતોષથી જ ખાવાનો કે વધારે પડતું ખાઈ નાખવાનો ?

- ૫-૬ વર્ષનો નાનો બાળક રમતગમતમાં પડવાનો કે ભણવામાં લાગવાનો ?
- પોતાના ભાઈ-બેનનું ખમી ખાવાનો કે એમની સાથે ઝઘડવાનો ?

આ બધે ઊંધું છે, જૂઠ-ચોરી-અકરાંતિયાપણું-રમત-કલહ વગેરે ઉન્માર્ગે ચાલવાની એની રુચિ હોય છે.

ત્યાં એ જો મા-બાપને આધીન ન હોય, એનામાં આ પરતંત્રતાને બદલે સ્વચ્છંદતા હોય, તો બોલો ઉન્માર્ગથી બચી શકે ખરો ? ના, તો પછી બાળક મોટો થતાં સારો ગુણિયલ કેમ તૈયાર થાય છે ? કહો, માતા-પિતાદિ વડીલને આધીન છે, પરતંત્ર છે, એટલે જ એના ઠોકા ખાઈ-ખાઈને સારો તૈયાર થાય છે.

આજના જે મા-બાપને આની પડી નથી અને બાળકને મનફાવે એમ વર્તવાનું મળે છે, એ બાળકો જુઓ; જૂઠાબોલા-ચોર-અનીતિખોર-ઝઘડાળું-ખાઉધરા... વગેરે વગેરે દોષભર્યા બને છે.

**સ્વતંત્રતા-સ્વચ્છંદતા એ શ્રાપરૂપ છે.**

વ્યવહારમાં જેવી બાળકની દશા થાય છે, એવી આત્મહિતની દૃષ્ટિએ મોટાઓની દશા થાય છે. અર્થાત્ બાળક જો મા-બાપ-વડીલને પરાધીન રહે, તો ગુણિયલ તૈયાર થાય અને જો સ્વતંત્ર-સ્વચ્છંદ વર્તો, તો દોષભર્યો બને છે.

એમ આપણે જો વડીલોની આમન્યા રાખી વડીલને આધીન હોઈએ, ગુરુઓને આધીન હોઈએ, તો સારા આત્મહિતમાં પ્રવર્તનારા બનીએ ને એ જો નહીં, પણ સ્વતંત્ર-સ્વચ્છંદ હોઈએ, મનફાવે એમ વર્તનારા હોઈએ, તો આપણે પણ દોષભર્યા અને ઉન્માર્ગગામી જ બન્યા રહીએ; ગુણિયલ બનવાની વાત નહીં.

માણસ ધર્મ શી રીતે પામે છે ? સંત પુરુષોને અને સદ્‌ગુરુને આધીન બની, એમની હિતશિક્ષા માને છે, તો જ ધર્મ પામે છે. 'ના, હું કોઈ આવો પરાધીન ન બનું, સંતને ને સદ્‌ગુરુને પરતંત્ર ન બનું, હું તો મને ઠીક લાગે તેમ વર્તવાનો' આવી સ્વચ્છંદતા અને આપમતિ રાખે, તો શું એ ધર્મ પામે ?

અરે ! ગુર્વાધીન બની એકવાર ધર્મ પામી પણ ગયો, તો ય પછી ગુર્વાધીનતા મૂકી સ્વતંત્રતા ચલાવે, તો શું એ ધર્મને હૈયામાં બરાબર પરિણામી શકે ? ધર્મમાં આગળ વધી શકે ? ના રે ના. એ 'મારે ગુરુની શી જરૂર ?' એ અહંત્વ આગળ વધવા જ ન દે.

**વીતરાગ બનવા સુધી ગુર્વાધીનતા જોઈએ.**

મોટા ગણધર ગૌતમ સ્વામીજી મહારાજા કેમ સારા ગવાઈ ગયા ? કહો, ગુરુ મહાવીર પ્રભુને સર્વેસર્વા આધીન બન્યા રહીને જીવન જીવ્યા, તો જ મહાયશ અને ઉચ્ચ પદવી અને લબ્ધિઓ પામી ગયા. પરાધીનતામાં જીવન જીવવાની એમણે મજા માની, તો જ આગળ ને આગળ વધતાં ગયા. મનમાં એ પરાધીનતાની મજા હતી એટલે જ મહાવીર પ્રભુ મોક્ષે પધારતાં એમણે કલ્પાંત કર્યો કે, 'પ્રભુ ! આપના વિના મારું શું થશે ? કોણ મને 'ગૌતમ ! ગૌતમ !' કહીને હિતમાર્ગે ચીંધશે ? પરાધીનતા-પરાશ્રિતતા ન હોત અને સ્વતંત્રતા ગમતી હોત, શું કામ અત્યારે રોવા બેસત ? હવે તો પ્રભુના મોક્ષે જવાથી ગૌતમ મહારાજે, એમણે કોઈને પૂછવાનું નથી, સ્વતંત્રતા મળે છે, તો શું કામ અંતરમાં રાજી ન થાત ? પણ ના,

**સ્વતંત્રતા-સ્વચ્છંદતાને તો જંગલી પશુજીવનની વડાઈ માનતાં; ને માનવજીવનની વડાઈ પરતંત્રતા-પરાશ્રિતતાને માનતા.**

તેથી ગૌતમ મહારાજ પ્રભુના જતાં પોતાની પરાધીનતા-પરાશ્રિતતાને સહી જતી જોતાં કલ્પાંત કરે છે. અરે ! પ્રભુ પાસેથી માત્ર ત્રણ પદ પામીને દરિયા જેવા દ્વાદશાંગી-આગમોની રચના પોતે કરી, છતાં આગમના પ્રારંભે એમ કહ્યું કે 'પ્રભુ પાસે મેં આમ સાંભળ્યું છે' એમ કહીને પોતાની પ્રભુને આધીનતા-આશ્રિતતા બતાવી.

**ધર્મબિન્દુ શાસ્ત્ર કહે છે** : 'વડીલની નિશ્રાનું, વડીલની આધીનતાનું જીવન જીવવું.' માતા-પિતા ગુજરી જાય, તો જ્ઞાતિમાં ગામમાં જે સારા પીઢ ગુણિયલ બુઝર્ગ હોય, એમની નિશ્રા લેવી અને જીવન એમને નિશ્રિત જીવન જીવવું. અવસરે અવસરે એમની સલાહ-સૂચના-માર્ગદર્શન લઈએ અને એ આપણને ઉન્માર્ગે જતાં કે ભૂલ કરતાં અટકાવે એવા આપણા માથે એમને વડીલ કરી રાખીને જીવન જીવવું; એ ગુણ છે, પ્રારંભિક ધર્મ છે.

સીતાજી આ સમજતાં હતાં, માટે પોતાને પતિની આશ્રિત માનતાં, પતિને આધીન માનતાં, પતિની સેવિકા માનતાં, પણ પતિની જીવનસાથી ભાગીદાર નહીં, એટલે પછી પોતાના સ્વામી રામચંદ્રજી પિતા પાસે વનવાસ માંગી લે,

એમાં સીતા સવાલ શાનો ઉઠાવે કે, 'મને પૂછ્યા વિના તમે વનવાસ કેમ માંગી લીધો ?' પોતે સ્વામીને આધીન એટલે 'સ્વામીએ પોતાને નહીં પૂછવાનું, પોતે સ્વામીને પૂછતાં રહેવાનું' આવી એમની સમજ હતી. આ એમની પરાશ્રિતતાની વિશેષતા હતી.

**પરાશ્રિત જીવન જીવવાની મજા ઓર છે.**

# ૧૧. વનવાસ : કર્તવ્યપાલન !

**સીતાજીની હજી આગળ વિશેષતા જુઓ :**

રામચંદ્રજી પિતા પાસે વનવાસ માંગી લઈ હવે વનમાં જવા માટે સીતાને પૂછવા-જણાવવા નથી આવતાં, પરંતુ સીધા માતાને જણાવવા આવે છે અને ત્યાં માતા સીતાને પોતાની પાસે રહેવા કહે છે, તો રામ પણ એનું સમર્થન કરતાં સીતાને કહે : 'એ બરાબર છે, તમે અહીં રહી માતાજીની સેવા કરજો !'

સીતાજી અહીં સાસુને કહે છે : 'પતિ જંગલમાં વસવાના કષ્ટમય જીવન જીવતાં રહેવાના હોય, તો મારાથી મહેલમાં વસવાટના સુખમય જીવનમાં રહેવાય જ નહીં. એમને વનવાસ, તો શું મારે મહેલવાસ ? એ શોભે જ નહીં. મારે ય એમની હારોહાર વનવાસ જ સેવવાનો. માટે એમની જેમ મને પણ કૃપા કરી વનવાસના આશીર્વાદ આપી દો.'

એ સમજે છે :

**'સ્વામીને કષ્ટ અને પોતાને લહેર' તો પોતે સેવિકા શાની ?**

સીતાજીની યશોગાથા ગાવી છે ? તો એમના જીવનમાંથી ઘણી બધી અદ્‌ભુત ગુણમય વિશેષતાઓ ગાવા મળે એમ છે; માત્ર સૂક્ષ્મતા અને નિપુણતાથી એ વીણી વીણી શોધી કાઢવી જોઈએ.

અહીં જ જુઓ, સીતાજી આ રીતે સ્વકીય ઇચ્છાથી રામની સાથે વનવાસ ગયા, તો અલબત્ત પતિવ્રતા ધર્મ બજાવવા માટે ગયા, પરંતુ પછી પતિને શું ક્યારેય ટોણો મારવાનું મન ન થાય કે : 'લ્યો તમને પરણીને આ જોવા મળ્યું ?' પરંતુ સીતાજીએ ક્યારેય આવો ટોણો માર્યો નથી. અરે ! મનમાં ય લાવ્યા નથી કે 'લાવ, ગમ્મત્તમાં જરાક આટલું એમને સંભળાવું.' કેમ વારું ટોણો નહીં ?

**વનવાસમાં સીતાનો પતિને ટોણો કેમ નહીં ? :**

કહો, વનવાસ અંગે ક્યારે એમના મનમાં ઓછું આવ્યું જ નથી કે, 'ક્યાં સુખમય મહેલવાસ મૂકીને આ કષ્ટમય વનવાસ આવ્યો.' જો મનને ઓછું આવ્યું હોત, તો મનમાં સમસમી રહી ભલે રોજ ટોણો સંભળાવવાનો નહીં, પણ ક્યારેક તો ટોણો લગાવવાનું મન થઈ આવે. પરંતુ મનને ઓછું લગાડવાની વાત જ નથી. મન 'બધું બરાબર છે.' કરી ખુશાખુશાલ રાખવાનું કર્યું હોય, ત્યાં શાનો એકાદ વાર પણ ટોણો સંભળાવવાનો કે મેણું મારવાનો પ્રસંગ જ ઊભો થાય ? હૈયે તેવું હોઠે ને ? હૈયામાં વનવાસનું દુઃખ કરવાનું રાખ્યું જ નથી, પછી હોઠ પર એ દુઃખના બોલ આવે જ શાના ? પૂછો,

**પ્રશ્ન :** મહેલવાસને યોગ્ય એવા એમને આટલા મોટા કષ્ટમય વનવાસના દુઃખ હૈયે કરડે નહીં ?

**ઉત્તર :** હા, ન કરડે. એનું કારણ આ જ કે સીતાજી વનવાસને એક કર્તવ્ય સમજે છે. 'હેં ? પતિને વનવાસ ?' તો મારે પણ એ જ કર્તવ્ય. આમ જ્યાં વનવાસને કર્તવ્ય સમજતાં હોય, પછી **'કર્તવ્યની બજવણી; એ માનવજીવનની એક શોભા છે.' એટલે એ કર્તવ્ય બજાવવામાં આવતા કષ્ટની બહુ કિંમત નહીં.**

કર્તવ્યનું પાલન એ જ જીવનમાં મહાન વસ્તુ છે. કર્તવ્ય ગુમાવી કષ્ટથી ભાગી સુખશીલતા રાખવી; એ કશી મહાન વસ્તુ જ નથી. એ તો તુચ્છ વસ્તુ છે. મહાન વસ્તુ તો કર્તવ્યપાલન, ભલે કષ્ટ વેઠીને. આમ મન ફોરું રાખ્યું હોય, પછી વનવાસનાં કષ્ટ મનને શાના કરડે ? ત્યાં કર્તવ્ય પાલનનો આનંદ જ હોય.

**પશુની જેમ એકલા વિષયસુખના આનંદ હૈયે વસ્યા હોય, એને કર્તવ્યપાલનના આનંદ સમજવા હૈયું જ ન હોય.**

**કર્તવ્યમાં આનંદના દાખલા :**

- રસોઈના કર્તવ્યના પાલનને મહાન વસ્તુ સમજનારી બાઈઓ વૈશાખ-જેઠમાં રસોડાની ભારે ગરમીના કષ્ટને ક્યાં વિસાતમાં લેખે છે ? એને તો રસોઈનું કર્તવ્ય બજાવવાનો મહાન આનંદ હોય છે.

- અવસરે ક્ષેત્રવટ બજાવવાના કર્તવ્યને મુખ્ય માનનાર ક્ષત્રિય બચ્ચો યુદ્ધના કષ્ટને ક્યાં મન પર લે છે ? એને તો યુદ્ધનું કર્તવ્ય બજાવવાનો મહાન આનંદ હોય છે.
- નોકરીના કર્તવ્યને મુખ્ય માનનાર નોકર ક્યાં નોકરીના કષ્ટની હાયવોય કરે છે ? એ તો સમજે છે કે, 'જીવનમાં કષ્ટ ન હોય, એ કોઈ મોટી વસ્તુ નથી, પરંતુ કર્તવ્ય બજાવાય; એ જ મોટી વસ્તુ છે.' તેથી મોટા કષ્ટોને ય મન પર ન લેતાં શેઠની નોકરીના કાર્યો કરી દેવાના કર્તવ્યના પાલનમાં એને આનંદ આનંદ હોય છે.

સીતાજી પણ આમ પતિ સાથે વનવાસ-વિહરણને મહાન કર્તવ્ય બજાવવાનું સમજતાં હોય અને એ કર્તવ્યપાલનનો આનંદ માણતાં હોય, પછી એમને વનવાસના દુઃખ મનને શાના કરડે ?

બાર-બાર વરસ પતિ સાથે વનમાં ભટકવું ને એક દિવસ પણ વનવાસના કષ્ટથી મનને ઓછું ન આવે, મનને એ કરડે નહીં, એવી સ્થિતિ હોય, પછી પતિને ટોણો મેણો મારવાની તો વાતે ય શાની ? આ પરથી વર્તમાનમાં બેનોએ બહુ શીખવા જેવું છે.

**જીવન જીવતાં કષ્ટ આવ્યા, એ વખતે એ જુઓ કે એની સામે કોઈ મહત્ત્વની સિદ્ધિ કે સાધના છે કે નહીં ?**

જેમકે અહીં સીતાજીને વનવાસના કષ્ટ આવ્યા, પરંતુ એની સાથે એમણે પતિવ્રતા ધર્મના પાલનની મહાન સિદ્ધિ અગર સાધના જોઈ, તેથી કષ્ટને નગણ્ય કર્યા. એમ વર્તમાનમાં કષ્ટ ગમે તે આવે, એની સામે કોઈ કર્તવ્યપાલન યા કોઈ ધર્મસિદ્ધિ કે ધર્મસાધના થઈ રહી છે, એ જોઈએ તો એનો જ મહાઆનંદ માનવાનો રહે.

**દુઃખમાં સુખ અનુભવવાની આ ચાવી છે કે આપણા ધર્મસ્થાનને યાદ કરી એની રક્ષાનો આનંદ માનીએ. ધર્મની પરીક્ષા પણ આમાં થાય.**

**આપણા ધર્મપ્રેમની પરીક્ષા આ રીતે થાય છે કે દુઃખના-કષ્ટના પ્રસંગોમાં આપણે આપણા ધર્મસ્થાનને કેટલું યાદ કરીએ છીએ ? અને એનો આનંદ કેટલો માનીએ છીએ ?**

દા.ત. પૈસા ગુમાવ્યાનું દુઃખ આવ્યું, તો ઝટ મનને એમ થવું કે જેમ સીતાને વનવાસના કષ્ટ આવ્યા, તો એમણે માન્યું કે આમાં મારે મહાન પતિવ્રતા ધર્મ બજાવવાનો અમૂલ્ય અવસર મળે છે, પછી આ કષ્ટ એ દુઃખ શું ? એમ મારે આ પૈસા જવા છતાં જિનેશ્વર ભગવાનું શાસન આરાધવા મળે છે અને કર્મવિપાક સમજનાર એક શ્રદ્ધાળુ શ્રાવકનો સ્થિતપ્રજ્ઞતાનો ધર્મ આરાધવા મળે છે, તો પૈસા ગુમાવ્યાનું કષ્ટ એ દુઃખ શું ?

જેમ બીજી સામાન્ય સ્ત્રીઓ આવા કષ્ટને રુએ અને તેથી પતિ પર અભાવવાળી થાય, એમ જો સીતા પણ કરે, તો એમનામાં પતિવ્રતા ધર્મનું હોંશથી પાલન ક્યાં રહ્યું ?

એમ, સામાન્ય ગૃહસ્થો ધનનાશને રુએ, હાયવોય કરે અને ધર્મશ્રદ્ધા ઢીલી કરે, એવી રીતે જો હું રોઉં, હાયવોય કરું, તો મારામાં સ્થિતપ્રજ્ઞ શ્રાવકપણાનો ધર્મ પાળવાનું ક્યાં રહ્યું ?

# ૧૨. સ્થિતપ્રજ્ઞતા

**'સ્થિતપ્રજ્ઞ'** એટલે જેની પ્રજ્ઞા યાને નિર્ધારિત સદ્‌બુદ્ધિ-સુમતિ. 'સ્થિત' યાને સ્થિર. છે શેમાં સ્થિર ? કોઈ ખાસ ખાનપાનના પદાર્થમાં નહીં, કે કોઈક સંગીત યા કોઈ ખાસ રાચરચીલું કે કોઈ સુંવાળા સ્પર્શની વસ્તુમાં નહીં, કે કોઈ નિશ્ચિત ધંધા કમાઈમાં નહીં; કેમકે એ બુદ્ધિ તો સંજ્ઞા છે, પ્રજ્ઞા નહીં, આપણે તો સ્થિરપ્રજ્ઞા લેવી છે, એટલે સ્થિરબુદ્ધિ તો કોઈ ક્ષમાદિ ગુણની લેવાય, યા દાનાદિ ધર્મની લેવાય, કે દેવદર્શનાદિ જિનભક્તિની સ્થિરબુદ્ધિ યા સાધુસેવા-ગુરુસેવાની, ગુરુબહુમાનની સ્થિરબુદ્ધિ લેવાની. દા.ત.

**ક્ષમાની સ્થિરબુદ્ધિ** એટલે કે મનમાં નિર્ણય કર્યો કે, 'મારે સગાસ્નેહી કે સાથેના માણસો પર ગુસ્સો નથી કરવો, પછી એમની ગમે તે ભૂલ થાઓ તો ય એના પર ખામોશી રાખીશ. એમને જરૂર લાગે શાંતિથી સમજાવીશ કે, 'આવું ન કરાય અને કદાચ ભૂલ સમજવાને બદલે ઉપરથી બચાવ-દલીલ કરશે, તો ય હું સમજીશ કે, 'જેવા ભાવી ભાવ. આ બિચારા તેવા પ્રકારના કર્મરોગથી પીડાય છે, તેથી ભૂલ સમજતાં નથી; આ કરુણાપાત્ર છે યા ઉપેક્ષાપાત્ર છે' એમ મન વાળીશ, પરંતુ ગુસ્સો નહીં કરું.'

આવો નિર્ધાર કરી રાખ્યો અને પછીથી ક્યારેક કોઈએ કાંઈક ભૂલ કરી, કોઈકે આપણું કાંઈક બગાડ્યું, નુકસાન કર્યું, તો ત્યાં જરાય ગુસ્સો નહીં કરવાનો. સામો ભૂલ કરીને ઉપરથી શાહ થવા ગયો તો ય ગુસ્સો નહીં, ક્ષમા જ પકડી રાખવાની. એ ક્ષમાની સ્થિરપ્રજ્ઞા કહેવાય, ત્યાં આપણે સ્થિતપ્રજ્ઞ કહેવાઇએ.

**સુલસાની સ્થિતપ્રજ્ઞતા :**

જુઓ, સુલસા શ્રાવિકા ધર્મમાં સ્થિતપ્રજ્ઞ હતી, તો દેવતાએ એના ધર્મસત્ત્વની, એની ધર્મમાં સ્થિતપ્રજ્ઞતાની પરીક્ષા કરવા સાધુરૂપ કરી લક્ષપાક તેલ વહોરવા

એના ઘરે આવ્યો, સુલસાએ આવકાર્યા : 'ધન્ય ભાગ્ય ! મને આવો સુપાત્ર દાન અને ગ્લાનસાધુ-સેવાનો લાભ મળે છે !' પછી દાસી પાસે કબાટમાંથી તેલનો શીશો મંગાવ્યો અને દેવતાએ દાસીના હાથમાંથી અદશ્ય રીતે શીશો પડાવી નાખ્યો ! એમ બીજો ને ત્રીજો શીશો પણ ! એમ ત્રણે ય શીશા ફોડાવી નાખ્યા ! પરંતુ એકે ય વારમાં સુલસાએ દાસી પર ગુસ્સો ન કર્યો. શીશા ત્રણ જ હતાં, તે ગયા, દાન પણ ન દઈ શકાયું અને પોતાને ઘરમાં વાપરવા માટે પણ ન રહ્યો, છતાં દાસી પર જરાય ગુસ્સો કે ઉકળાટ નહીં ! કેમકે સુલસાની ક્ષમાની પ્રજ્ઞા સ્થિર હતી, પ્રજ્ઞા સ્થિર રાખવાનું એનામાં સત્ત્વ હતું.

એટલે તો ઇન્દ્રે દેવસભામાં એના ધર્મસત્વના ગુણ ગાયા હતાં કે, 'આજકાલ પૃથ્વીલોક ઉપર સુલસા શ્રાવિકાનું ધર્મસત્ત્વ જે છે, તેમાંથી એને ચલાયમાન કરવા કોઈ મોટો દેવતા પણ સમર્થ નથી,' ને દેવતા સુલસાનું પારખું કરવા અહીં આવેલા અને એણે આ પેંતરો કરેલો; એમાં એ કીમતી ત્રણે ત્રણ શીશા દાસીના હાથે ફૂટી જવા છતાં સુલસાની દાસી પર ક્ષમા રાખવાનું સત્ત્વ જોઈ સુલસા પર ઓવારી ગયો ! અને વરદાન આપે છે કે, 'બોલો સુલસા ! હું તમારું શું પ્રિય કરું ? તમે માંગો, તે આપું.'

સુલસાની આ સ્થિતપ્રજ્ઞતા હતી કે દાસીના હાથે ગમે તેવું નુકસાન થયું અને દાસીએ ધર્મમાં અંતરાય કર્યો, છતાં પણ દાસી ઉપર ઉકળાટ નહીં કરવાનો તે નહીં જ કરવાનો.

**દમદંતમુનિની સ્થિતપ્રજ્ઞતા :**

દમદંત મુનિ હતાં. હસ્તિનાપુર નગરની બહાર કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા હતાં. નગરીમાંથી કૌરવો બહાર નીકળ્યા અને મુનિની મશ્કરી કરે છે; પરંતુ મુનિ પ્રભાવવંતા છતાં કૌરવો સામે અભિમાન ન દેખાડ્યું, મુનિની નિરહંકારની પ્રજ્ઞા સ્થિર હતી; એટલે ઉપદ્રવમાં પણ તે જ નિરહંકાર રાખવાનું કર્યું. કૌરવોએ એકેક ઇંટ લઈ મુનિની આસપાસ ઢગલો કરી મુનિને એમની વચ્ચે ઢાંકી દીધા ! છતાં મુનિએ કશું અભિમાન કે ઉકળાટ ન કર્યો. પછી પાંડવો આવ્યા એમને આ ખબર પડી એટલે ઇંટો હટાવી દઈ મહાત્માની ક્ષમા માંગી ગુણ ગાયા. અહીં પણ મહાત્મા ફુલાયા નહીં.

કારણ ? મહાત્મા સ્થિતપ્રજ્ઞ હતાં. દીક્ષા લઈ નિરભિમાની-નમ્ર-લઘુ-સ્વસ્થ રહેવાનો નિર્ધાર કર્યો, તે બરાબર પાળવામાં મક્કમ હતાં. એમની નમ્રતાની નિરહંકારની પ્રજ્ઞા ભારી ઉપસર્ગ વખતે પણ સ્થિર હતી અને સ્વસ્થ-સમભાવ રહેવાની પ્રજ્ઞા કષ્ટનાશ વખતે પણ સ્થિર હતી. એ સ્થિતપ્રજ્ઞ હતાં.

**શાલિભદ્ર મુનિ અને ધન્નાજી મુનિ તપમાં સ્થિરપ્રજ્ઞ હતાં,** તે ચારિત્ર લઈને તપસ્યા કર્યે ગયા, કર્યે જ ગયા; તે શરીર સુકાવા માંડ્યું, શરીરની લાલી સાવ ઊડવા માંડી, શરીરની શક્તિ ઘસાવા માંડી, છતાં એમણે તપસ્યા બંધ ન કરી.

ઊલટું, માસખમણ સુધીની તપસ્યા પણ કરતાં રહ્યા. એમાં શરીર કેવું હાડપિંજરશું ને શ્યામ બની ગયું કે શાલિભદ્રજી ઘર આંગણે પારણે ગોચરી આવ્યા, તો ત્યાં ઓળખાયા જ નહીં ! એટલે કોઈએ બોલાવ્યા નહીં ! **શરીરના હાલ કેવા કથિરના કરી નાખ્યા હશે કે એ ઓળખાયા જ નહીં !**

શાથી કર્યા ? કહો, તપની સ્થિરપ્રજ્ઞાવાળા એટલે કે તપમાં સ્થિતપ્રજ્ઞ હતાં, તેથી 'તગડું શરીર સાવ નંખાઈ જાઓ, તો ય તપસ્યા છોડવાની વાત નહીં,' આ પાક્કો નિર્ધાર હતો. આ ક્યાં સુધી ? અંતિમ અનશન કરવા સુધી !

ભગવાને કહ્યા મુજબ માતાએ વહોરાવ્યું નહીં, પરંતુ પૂર્વભવની માતાએ વહોરાવ્યું અને પ્રભુ પાસે આવીને પૂછે છે, તો પ્રભુએ એમનો પૂર્વભવ સંભળાવી કહ્યું :

'આ ગોવાળણ તે તમારી પૂર્વભવની માતા. તમે સુપાત્રદાન-ધર્મ કરી અહીં શાલિભદ્ર થયા અને એ બિચારી હજી એ જ ભવમાં ગોવાલણપણાની મોહ-માયામાં ફસેલી છે !'

ત્યાં ધર્મનો મહિમા સમજી તપમાં સ્થિતપ્રજ્ઞ એ મહાત્મા શાલિભદ્ર-ધન્નાજી મુનિઓ અંતિમ અનશન અર્થે માસખમણનું પારણું કરી લઈ પ્રભુ પાસે આવીને પ્રભુને વિનંતી કરે છે :

'ભગવન્ ! હવે ઘસાઈ ગયેલા દેહનો ભરોસો નથી કે એ ક્યારે નહીં પડી જાય ! માટે હવે આ દેહમાંથી છેલ્લો કસ ખેંચી લેવા માટે જીવનભરના અનશનની આજ્ઞા આપો.'

પ્રભુએ આજ્ઞા આપી દીધી કે, **'जहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं कुणह'** અર્થાત્ 'હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો. ક્યાંય મમતા રાખશો નહીં, વિલંબ કરશો નહીં.'

બસ, વૈભારગિરિ પર સાળા-બનેવી મુનિની જોડલીએ અંતિમ જીવનભરનું 'પાદપોગમન' અનશન સ્વીકારી લીધું ! અને જીવે ત્યાં સુધી કાયમ માટે ગિરિની એક શિલા પર એક સ્થિર આસને સૂઈ ગયા ! કેવી સ્થિતપ્રજ્ઞતા !

આમની સામે આપણી જાતનું વિચારો કે એક પોરિસિની સ્થિતપ્રજ્ઞતા છે ? તિથિએ તપ ચોક્કસ કરવો, એની સ્થિતપ્રજ્ઞતા ખરી ? 'ભગવાનને પલ્લે ભગવાનની ભક્તિમાં આપણું અમુક દ્રવ્ય તો કશું ચડે જ' એવી સ્થિતપ્રજ્ઞતા યાને સ્થિર બુદ્ધિ ખરી ? 'સાધુ-સેવા અને સાધર્મિકનું કાર્ય કાંઈનું કાંઈ રોજના માટે કરવું જ' એવો સ્થિર નિર્ણય ખરો ?

વિચારવા જેવું છે કે આગલી રાત્રે યા પરોઢિયે ઊઠીને ભાવના કરી હોય કે, 'મારા જીવનમાંથી અમુક અમુક દોષ દા.ત. હાસ્ય મશ્કરી, ખોટું-જૂઠું બોલવાનું, પરસ્ત્રી, પિક્ચર, નોવેલ-નવલિકાના વાંચન, બહારના પીણાં કે તેવા અભક્ષ્યના ભક્ષણ, વધારે પડતો ગુસ્સો-અભિમાન, આપબડાઈ... વગેરે વગેરે દોષ હવે નથી સેવવા' આવી ભાવના કર્યા પછી એમાં સ્થિતપ્રજ્ઞ સ્થિરબુદ્ધિવાળા રહેવાનું ખરું ? ને તે પ્રમાણે અમલ અવશ્ય કરવાનો જ ? કે પછી ભાવના ભાવનાના ઠેકાણે અને આપણે એ દોષ ટાળવામાં સાવ સુસ્ત ? એ રોજિંદા કર્તવ્ય બજાવવામાં તદ્દન આળસુ યા પરવા વિનાના ? તે એ દોષ એમ જ સેવાતાં રહે ? અને એ રોજિંદા કર્તવ્યમાં દેવાળું એમ જ ઊભું ?

ક્યાં ક્યાં સ્થિતપ્રજ્ઞતા છે ? એ તપાસવા જેવું છે. મહા મોંઘેરું જીવન તો પાણીના રેલાની જેમ વહી રહ્યું છે અને આ દોષ-ત્યાગ તથા કર્તવ્ય-પાલનની મહાન સાધનાઓ હાથવેંતમાં છતાં સ્થિતપ્રજ્ઞતાથી સાધવાની રહી જાય છે ! પણ એટલું ખાસ ધ્યાનમાં લેવા જેવું છે કે,

**વીતી ગયેલી ક્ષણો પાછી નથી આવતી.** શાસ્ત્ર કહે છે :

''घोरा मुहूत्ता, अबलं सरीरं । नो हु विणंमति राइओ, णो पुणरवि जीवियं ।।''

મુહૂર્તો-સમયો ઘોર છે. શરીર દુર્બળ છે. વીતેલ રાત્રિઓ પાછી નથી વળતી. આયુષ્ય પણ ફરીથી પાછું નથી આવતું.

**ઘોરા મુહૂત્તા :**

મુહૂર્તો એટલે કે સમય. સમય એવો ભયાનક છે કે,

(૧) એક તો જીવને ભાવી સમયના અનર્થનો વિચાર ન રહે, એ રીતે ગફલતમાં રાખી વર્તમાન સમય અશુભ પ્રવૃત્તિ અને અશુભ અધ્યવસાયમાં ડુબાડી દે છે !

(૨) બીજું એ, કે વીતી ગયેલ કે એક સમય પણ ફરીને પાછો આવતો નથી. તો ઘડીઓ, પ્રહરો કે દિવસો પાછા વળવાની વાત જ ક્યાં ? ત્યારે એમાં માનવ-જનમમાંથી જ મોક્ષે જઈ શકાય છે અને મોક્ષનું અનન્યસાધન સંયમ એકમાત્ર માનવ જનમમાં જ સાધી શકાય છે, એવા અમૂલ્ય માનવ જનમના સમયો જો વીતી ગયેલા પાછા ન જ આવવાના હોય, તો અસંયમ, અશુભ પ્રવૃત્તિ અને અશુભ અધ્યવસાયોમાં વીતાવેલા એ સમયો કેટલા ભયંકર નીવડે ?

ચક્રવર્તી તો બંને હતાં, પહેલાં ચક્રવર્તી ભરત મહારાજા અને છેલ્લા ચક્રવર્તી બ્રહ્મદત્ત. પરંતુ ભરતના સમય તો એવા વીત્યા કે અંતે એ કેવળજ્ઞાન પામીને કેવળી ભરત મહર્ષિ તરીકે વિચરી મોક્ષે ગયા ! ભવ પાર કરી ગયા. સંસારની જનમ-મરણ વગેરે આપદાઓથી સર્વદાને માટે મુક્ત થઈ ગયા ! ત્યારે બ્રહ્મદત્તના સમયો એવી રીતે વીત્યા કે એ બિચારો સાતમી નરકમાં જઈ પડ્યો!

માનો કે કદાચ બ્રહ્મદત્તને 'એન્ડ ટાઇમે' - અંત સમયે ધર્મનું ભાન થયું હોત અને એ વિચારત કે, 'હું ભૂલ્યો, ને એકલા પાપોમાં સબડ્યો; તો લાવ, હવે જિંદગીના વીતેલા સમય પાછા લાવી એમાં ખૂબ ધર્મસાધના કરું,' તો શું એ પોતાનું છ ખંડનું આખું સામ્રાજ્ય તથા ખજાના આપીને પણ વીતેલા સમયને પાછા લાવી શકત ? ના, જરાય નહીં, હજારો લાખો સમય શું, એક સમય પણ પાછો ન લાવી શકત.

માટે જ એ સમય વીતી જાય, એ પહેલાં એનો સદુપયોગ કરવો હોય તો કરી લો. નહીંતર એ વીત્યા એટલે કાયમ માટે એ ગયા ! પાછા વળે જ નહીં.

પ્રત્યેક સમય તો આવ્યો એટલે જાણે કહે છે : 'હમણાં જ સાધી લો, સાધી લો સારી સાધના. નહીંતર હું તો આ ચાલ્યો, પછી મારી પાછા આવવાની આશા રાખતાં નહીં.'

**'અબલં સરીરં' :**

'ઘોરા મુહૂત્તા' - સમયો ઘોર છે. તેમ, 'અબલં સરીરં' એટલે કે શરીર બલહીન છે. એવા શરીરના જો ભરોસે રહ્યા કે, 'જોઈશું, આગળ પર સાધશું.' તો સમજી રાખો કે આ બલહીન શરીર ક્યારે ઢળી પડશે; એ કહેવાય નહીં. કેમકે જગતમાં અકસ્માત્ બનતાં ભાવોમાં આ શરીરને કોઈ ધક્કો લાગવાનો પ્રસંગ ક્યારે બને ? તેનો પત્તો નથી ! એટલે એ ધક્કો લાગતાં આ સશક્ત દેખાતું પણ શરીર લકવો, કેન્સર...આદિ વ્યાધિથી ગ્રસ્ત થઈ જાય ! યા ધર્મ આરાધના માટે તદ્દન નાકામિયાબ-નિષ્ક્રિય બની જાય ! ત્યાં પછી હવે એ કશી સાધના નહીં કરી શકે.

માટે જો સમય નષ્ટ તે નષ્ટ જ અને શરીર બળહીન હોઈ ગમે ત્યારે પડવાની સ્થિતિમાં છે, તો વર્તમાન સમયોમાં શરીરમાંથી જે સધાયું તે સાચું. માટે જ વર્તમાનમાં જે કોઈ શક્તિ છે :

- તપ માટે તનની,
- શુભ ભાવ-ભાવના માટે મનની,
- ત્યાગ-વ્રત નિયમ માટે આત્માની,
- જિનગુણગાન-ધર્મોપદેશ-ધર્મસલાહ-સૂત્રરટણ માટે વચનની,
- દાન માટે ધનની...

વગેરે વગેરે જે શક્તિ છે, એનાથી એ સાધી લો.

બે મહાન સાધના છે :

(૧) એક દોષ-ત્યાગની અને
(૨) બીજી કર્તવ્ય સુકૃતના આચરણની

'ઘોરા મુહૂત્તા, અબલં સરીરં' આ વારંવાર યાદ રાખીને આ બંને જરાય વાયદે ન રાખતાં વર્તમાનમાં જ સાધી લેવાની છે. દોષ-પાપ છોડવા છે, તો કાલનો ઉધારો નહીં. આજે જ એના ત્યાગ કરવાના શક્ય હોય, ત્યાં નિયમ-અભિગ્રહ કરીને ત્યાગ કરવાના. એમ જો કર્તવ્ય બજાવવા છે કે સુકૃત સાધવા છે, તો એમાં પણ કાલનો ઉધારો નહીં. **'આજ આજ ભાઈ અત્યારે'** જ સાધવાનું.

રાતના નિરાંતે આ બંને પ્રકારની સાધનાનો વિચાર કરી રખાય કે, 'હવે મારે અમુક અમુક દોષ યા પાપ નથી સેવવા, તેમજ મારે અમુક અમુક દાન, જિનભક્તિ, શીલ, વ્રત, નિયમ, તપ, સાધુસેવા, સૂત્ર-અધ્યયન વગેરે સાધવા છે,' આવો વિચાર રાતે નિરાંતે કરાય, અથવા પરોઢિયે થોડા વહેલા ઊઠીને કરાય; પછી એમાં સ્થિતપ્રજ્ઞ રહેવાનું, સ્થિર બુદ્ધિવાળા બનવાનું; એટલે કે નિર્ધાર તે નિર્ધાર, હવે એને ફેરવીને ચંચળ નહીં થવાનું, પણ નિર્ધાર પ્રમાણે આરાધવાનું. સ્થિતપ્રજ્ઞતાનું કેટલું બધું મહત્ત્વ છે ? એ જુઓ :

**રામની સ્થિતપ્રજ્ઞતા :**

રામચંદ્રજીએ જોયું કે, 'પિતાજીએ કૈકેયીને આપેલ વરદાનમાં કૈકેયીની માંગણી મુજબ ભરતને રાજ્ય તો આપ્યું, પરંતુ ભરત રાજ્ય લેવા તૈયાર નથી. એ રાજ્ય ન લે, તો પિતાએ કૈકેયીને આપેલ વચન પળે નહીં, મિથ્યા નીવડે ! પરંતુ જો હું વનવાસ ખેડું, તો પછી તો ભરતે રાજ્ય સંભાળવું જ પડે' એમ કરી પોતે વનવાસ માંગી લીધો અને વનવાસ માટે નીકળી ગયા. છતાં ભરત રાજ્યગાદી સ્વીકારવા તૈયાર નથી, તેથી કૈકેયી ગભરાઈ કે, 'હવે શું થાય ? હાય ! આ તો ભરત રાજ્ય લેતો નથી, ને રામને ખોટા કનડ્યા !'

કૈકેયીને ભારે પસ્તાવો થયો કે, 'દીકરા માટે તો મેં આ ઉપાડો કર્યો, લાયક અને રાજ્યગાદીના હકદાર રામને ગાદી મળતી અટકાવી ને દીકરા માટે રાજ્યગાદી માંગી લીધી, પણ દીકરો એ સ્વીકારવા તૈયાર નથી અને બીજી બાજુ રામ તો વનવાસે નીકળી પડ્યા છે. હવે આ રાજ્ય કોના આધારે ? પતિ તો દીક્ષા લેવાના છે. તો હવે મારે ય રામની ક્ષમા માંગી, એમને રાજ્યગાદી સ્વીકારી લેવા આગ્રહભરી વિનંતી કરીને પાછા લાવવા જ જોઈએ.' એમ કરીને એ રથમાં બેસી સડસડાટ રામની પૂંઠે વનમાં ઊપડી અને રસ્તામાં રામને આંતર્યા.

કૈકેયી રથમાંથી ઊતરીને રામને હાથ જોડી કહે છે : 'પાછા વળો, રાજ્ય સ્વીકારી લો. અમે સ્ત્રીઓ અધમ અને તુચ્છ સ્વભાવની; તે આ ખોટું કામ કરી નાખ્યું ! પરંતુ તમે તો પુરુષ છો. પુરુષો ઉત્તમ ઉદાર સ્વભાવના હોય છે, તો ઉદારતા કરી આ મારા સ્ત્રીસુલભ વાંક માફ કરો ને પાછા ચાલો.'

અહીં રામની સ્થિતપ્રજ્ઞતા જોવા મળે છે. મનમાં એકવાર નિર્ધાર કર્યો છે કે, 'પિતાનું વચન પળાવું જ જોઈએ. તો ભરત રાજ્ય લે અને હું વનવાસ જાઉં

તો જ વચન પળે એમ છે. માટે મારાથી રાજ્યગાદી લેવાય જ નહીં.' નિર્ધારમાં એ પાક્કા છે, સ્થિર છે; એ જ એમની સ્થિતપ્રજ્ઞતા. ભલે સામે મોટા રાજા થવાનું મળે; એ પ્રલોભન છે, પરંતુ પ્રલોભનને વશ થઈ નિર્ધાર ફેરવવાનો નહીં તે નહીં જ. એ એમની સ્થિતપ્રજ્ઞતા છે.

એટલે હવે એ એક આજ્ઞાંકારી મોટાભાઈની અદાથી ભરતને આજ્ઞા કરે છે કે, 'તારે રાજ્યગાદી સંભાળી લેવાની' અને ત્યાં જ પાણીનો લોટો મંગાવી પોતે ભરતના માથે એ રાજ્યાભિષેકનો કળશ ઢોળે છે.

અહીં ભરતના મન પર મોટાભાઈની એવી આમન્યા છે કે હવે જ્યાં મોટાભાઈની સીધી આજ્ઞા થઈ, પછી એ આજ્ઞા-વચનને ઉત્થાપી શકતો નથી. આંખમાં આંસુ સાથે મૂંગે મોંઢે અભિષેક સ્વીકારી લે છે. અહીં એક પ્રશ્ન થાય :

**ભરતે હવે રાજ્ય લેવામાં સ્થિતપ્રજ્ઞતા ગુમાવી ? :**

**પ્રશ્ન :** ભરતનો જો નિર્ધાર હતો કે રાજ્યગાદીના હકદાર મોટાભાઈ છતે, પોતે રાજ નહીં જ લેવાનું; તો હવે એ નિર્ધાર પાર નથી પડતો, તો શું ભરત પોતે સ્થિતપ્રજ્ઞતા ગુમાવતો નથી ?

**ઉત્તર :** ના, એનું કારણ આ છે કે, 'મોટાભાઈ છતે રાજ્યગાદી પોતે નહીં લેવાનો નિર્ધાર' એ એક સામાન્ય પ્રજ્ઞા છે, એમ એના કરતાં વધારે મહત્ત્વની પ્રજ્ઞા આ છે કે, 'મોટાભાઈની આજ્ઞા નહીં ઓળંગવાનો નિર્ધાર.'

**અવસરે વધારે મહત્ત્વની પ્રજ્ઞા સાચવવા જતાં ઓછી મહત્ત્વની પ્રજ્ઞા છોડી દેવી પડે, તો એમાં સ્થિતપ્રજ્ઞતા ઘવાતી નથી.**

દા.ત. જુઓ, કોઈ પુત્રને પિતાને મૂકીને નહીં જમવાનો નિર્ધાર છે, પરંતુ કોઈક અવસરે પિતા કોઈ એવા અગત્યના કામમાં રોકાયેલા હોય ને કહે : 'જો, હું અગત્યના કામમાં રોકાયો છું અને તારે દુકાને જવાનું છે, તેથી તું જમી લે. હું પછી જમીશ.'

તો એ વખતે પુત્ર જુએ છે કે, 'અલબત્ત; પિતાજીને મૂકીને નહીં જમવાનો મારો નિર્ધાર રોજ પળાઈ રહ્યો છે, પરંતુ આજે એ પાળવાની સામે એમની આજ્ઞા પાળવાનો પ્રસંગ વધુ મહત્ત્વનો ઊભો થયો છે. પિતા વિના ન જમવાના

નિર્ધાર કરતાં આજ્ઞા પાળવાનો નિર્ધાર મોટો છે, માટે મારે આજ્ઞા મુજબ જ કરવાનું' ને એ રીતે એ વર્તે અને પિતાને મૂકીને જમે, એમાં એની સ્થિતપ્રજ્ઞતા ઘવાતી નથી.

બસ, ભરતને આ જ રીતે રામના હાથે અભિષેક પામી રાજ્ય લેતાં સ્થિતપ્રજ્ઞતા ઘવાતી નથી. ત્યારે અહીં પૂછો :

**પ્રશ્ન :** રામને કૈકેયીમાતા કહે છે કે, 'તમે પાછા વળો, અયોધ્યાની રાજ્યગાદી સંભાળી લો' ને રામ એ મંજૂર કરતાં નથી, તો રામે માતાના બોલને ઓળંગવો નહીં; એવા નિર્ધારની પ્રજ્ઞા ક્યાં સાચવી ?

**ઉત્તર :** અહીં પણ આ રીતે જ વિચારવાનું છે કે માતાના બોલ કરતાં, 'પિતા એક ઇક્ષ્વાકુવંશના રાજા, એમનું આપેલું વચન નિષ્ફળ જાય નહીં; ઇક્ષ્વાકુ-વંશના રાજા બે-વચની બનવાનો પ્રસંગ ઊભો થાય નહીં,' એ સાચવવું; એ વિશેષ મહત્ત્વનું છે.

જો રામ રાજ્યગાદી પર ચડી બેસે, તો કૈકેયીને 'જા, ભરતને રાજ્યગાદી આપી.' એ પિતા દશરથે આપેલું વચન મિથ્યા થાય ! એટલે રામની આ પ્રજ્ઞા-સદ્‌બુદ્ધિ કે, 'જીવન જીવતાં કદી વંશને - કુળને ખોડ નહીં લાગવી જોઈએ. એ માટે પિતાનું કૈકેયીને અપાયેલ વચન નિષ્ફળ ન જ જવું જોઈએ,' આ પ્રજ્ઞાને સાચવવાનું, સ્થિર રાખવાનું મુખ્ય જરૂરી છે. એવી પ્રજ્ઞામાં સ્થિર રહેવું; એ વિશેષ મહત્ત્વનું છે; એની આગળ માતાનો બોલ માનવો એ ગૌણ છે. ને રામચંદ્રજીએ એ સ્થિતપ્રજ્ઞતા પાળી. ત્યાં પછી પોતાને માતા કૈકેયી હવે રાજ્યગાદી સંભાળી લેવાનું કહે છે, ને તે પોતે ન માન્યું, તેથી કાંઈ સ્થિતપ્રજ્ઞતા ઘવાઈ ન ગણાય.

**દશાર્ણભદ્ર રાજાની સ્થિતપ્રજ્ઞતા :**

સ્થિતપ્રજ્ઞતા ગુણની બલિહારી છે ! તેથી તો જુઓ રાજા દશાર્ણભદ્રે વિચાર્યું કે, 'ત્રિભુવનપતિ મહાવીર પ્રભુ નગરના આંગણે પધાર્યા છે, તેથી એમને કોઈએ ન કર્યું હોય એવું ઊંચામાં ઊંચી યાને સર્વોત્તમ ભક્તિથી વંદન કરવા જાઉં,'

ને એ શુભસંકલ્પની પ્રજ્ઞા ઊભી કરી અને પછી પોતાની બધી શક્તિ ખરચી ઇન્દ્રપુરી જેવો રસ્તાનો ઠાઠ અને વરઘોડાનો અનુપમ ઠાઠ બનાવી મુખ્ય હાથી પર પોતે અને ૫૦૦ શણગારેલા હાથીઓ પર ૫૦૦ રાણીઓ વગેરે લ્હાવ-લશ્કર સાથે વંદન કરવા ચાલ્યા.

એમાં ઇન્દ્ર આ રાજાનો મદ જોઈ, એ ઉતારવા માટે ૬૪ હજાર હાથીઓની અલૌકિક શોભા સાથે આકાશમાંથી વંદન કરવા નીચે ઊતરી રહ્યા છે ! એ જોઈ દશાર્ણભદ્ર ઝંખવાણા પડ્યા, વિમાસણમાં પડ્યા કે સૌ કરતાં ઊંચી ભક્તિથી પ્રભુને વંદન કરવાનો નિર્ણય કરેલો, તે હવે કેમ સાચવવો ? પરંતુ મનને પાક્કો નિર્ધાર છે કે :

'એ પ્રતિજ્ઞા જેવો સંકલ્પ અવશ્ય પાળવો છે. એમાં ચંચળ નથી થવું કે, 'ભાઈ મોટા દેવતા આગળ આપણું શું ચાલે ? આપણે કાંઈ આવી દિવ્ય સમૃદ્ધિ વિકુર્વી શકીએ, એવી દિવ્ય તાકાતવાળા નથી, આપણે તો માનવી શક્તિ વાપરવામાં ખામી ન રાખીએ' આવી કોઈ ચંચળતા નથી કરવી, પણ પ્રજ્ઞા સ્થિર જ રાખવી છે, સંકલ્પને ગમે તે રીતે સફળ જ કરવો છે.' તેથી એ જોયું કે,

**'આ મોટા ઇન્દ્રની ભલે આ દ્રવ્યસમૃદ્ધિ વિકુર્વવાની ગમે તેટલી ત્રેવડ હોય, પરંતુ ભાવસમૃદ્ધિ જે ચારિત્ર કહેવાય એ અજમાવવાની શક્તિ ઇન્દ્ર પાસે નથી, તે મારી પાસે છે.'**

'તેથી જો વંદન કરવા માટે, પહેલાં હું ચારિત્ર લઈ લઉં, તો એ ભાવસમૃદ્ધિનો ઉપયોગ કર્યાથી એ સર્વોચ્ચ ભક્તિ કરી કહેવાય, ને એ કરીને પછી પ્રભુને વંદન કરું, તો ચારિત્ર લઈને પછી વંદન કર્યું; એ સર્વોચ્ચ ભક્તિથી વંદન કર્યું ગણાય. એમાં પછી ચારિત્ર માટે રાજ્યપાટ, રાણીઓ, લ્હાવ-લશ્કર બધું જ છોડવું પડે, એની ચિંતા નહીં.'

બસ, મનમાં આ ઘાટ ગોઠવી દીધા ને સમવસરણ પર એ પહોંચ્યા અને ઇન્દ્ર પણ દિવ્ય સમૃદ્ધિ સાથે પહોંચ્યા.

હવે ઇન્દ્ર મનમાં સમજતાં હશે અને ખીલતાં હશે કે, 'હું આ રીતની દિવ્ય સમૃદ્ધિવાળી ભક્તિથી પ્રભુને વંદન કરીશ; એ જોઈને દશાર્ણભદ્ર રાજા ઝાંખા પડી જશે અને પોતે ખોટો સંકલ્પ કર્યાની ભૂલ કબૂલ કરશે !'

પરંતુ ઇન્દ્ર તો આ જોતાં જ રહી ગયા ને દશાર્ણભદ્રે પ્રભુને વંદન કરવા પહેલાં જ રાજવી વેષ ઊતારી દઈ સાધુવેષ કરી લીધો ! અને જીવનભરનું સર્વવિરતિ ચારિત્ર ધારી લઈને પછી સીધા પ્રભુ પાસે આવી સાધુવેષે પ્રભુને વંદન કર્યું !

અહીં હવે ઇન્દ્ર શું ખીલે ? દશાર્ણભદ્રને શું ઝાંખા પાડે ? ઇન્દ્ર પોતે જ ઝંખવાણા પડી ગયા ! જુએ છે કે, 'આ ચારિત્ર લેવાની તાકાત મારી નહીં. ખરેખર રાજા દશાર્ણભદ્રે કમાલ કરી કે સર્વોચ્ચ ભક્તિથી પ્રભુને વંદન કરવાનો પોતાનો સંકલ્પ પાર પાડ્યો !'

ઇન્દ્ર તરત મુનિ બનેલા દશાર્ણભદ્રને હાથ જોડી નમસ્કાર કરતાં કહે છે : 'રાજર્ષિ ! તમને હું ભક્તિમાં હરાવવા માટે આવ્યો હતો અને ૬૪ હજાર હાથીની સમૃદ્ધિ ઠઠારી હતી. પરંતુ તમે જીત્યા ને હું હાર્યો ! મારી આ વિકુર્વેલી ૬૪ હજાર હાથી વગેરે સમૃદ્ધિ તો દ્રવ્યસમૃદ્ધિ છે ને તમોએ કરેલો સર્વત્યાગ એ ભાવસમૃદ્ધિ છે.'

**'દ્રવ્યસમૃદ્ધિ ગમે તેટલી અતિવિશાળ, પરંતુ એના કરતાં ભાવસમૃદ્ધિ અનંતગુણી ઊંચી છે.** ભીષ્મ ત્યાગથી તમો તમારો સંકલ્પ પાળીને જીતી ગયા છો. તમને ભૂરી ભૂરી વંદના !'

આ હતું દશાર્ણભદ્ર રાજાનું સંકલ્પની કરેલી પ્રજ્ઞા-સદ્બુદ્ધિને ટકાવવાનું સત્વ ! સ્થિતપ્રજ્ઞાનું સત્ત્વ ! ત્યારે કહેવાનું મન થાય કે, 'ધન્ય ધન્ય સ્થિરપ્રજ્ઞાને, જે આત્માને ઉચ્ચ બનાવે છે !'

રામચંદ્રજી અને સીતાજીની એ સ્થિતપ્રજ્ઞતા હતી.

# ૧૩. પુનરાવર્તન

સીતાજીની યશોગાથામાં આપણે સીતાજીના અનેક ભવ્ય પ્રસંગો વિસ્તારથી વિચાર્યા છે. એને આપણા જીવન પર ભારે અસરકારક બનાવવા માટે એ કહેલા પ્રસંગોના વિસ્તાર પરથી ટૂંકી નોંધ કરી લેવી જોઈએ અને એ નોંધ વારંવાર વાંચવી જોઈએ, તો એ ભવ્ય-અતિભવ્ય પ્રસંગો મનમાં સ્થિર થાય. એને પછી વારંવાર યાદ કરતાં રહેવું જોઈએ, તો એ આપણા જીવન પર મોટી અસર કરી જાય.

અહીં સીતાજીની યશોગાથા ગાઈ એના ઉપસંહારમાં એમના જીવનના ભવ્ય પ્રસંગોને ટૂંકમાં યાદ કરી લઈએ. આ એટલા માટે કે,

**મહાન આત્માના અનેક ભવ્ય પ્રસંગો એક સાથે ટૂંકમાં જોવાથી ભરચક સુકૃતોની સળંગ અનુમોદના મળે.**

(૧) પહેલું તો પિતા જનક રાજાને ત્યાં કેવું ઉચ્ચતમ સંસ્કરણ પામેલા કે પતિ રામચંદ્રજી વનવાસ જાય છે ને સીતાજીને ઘરે જ રહી જવા કહે છે, છતાં સીતાજી પોતે સ્વેચ્છાએ પતિ સાથે વનવાસ જ માંગી લઈ પતિને વનવાસમાં અનુસરે છે ! એક હિસાબ પર કે, 'પતિ કષ્ટમાં જાય, તો મારાથી મહેલની લહેરમાં કેમ રહેવાય ?' કેવું પતિવ્રતા-ધર્મનું પાલન કષ્ટ વેઠીને ! ત્યારે,

(૨) પિતાને ત્યાં તત્ત્વજ્ઞાનનું શિક્ષણ પણ કેવુંક પામેલા કે બાર વરસ વનવાસમાં એના ચિંતન પર સુખે-સમાધે દિવસો પસાર કરે છે ! નહીંતર વનવગડામાં દિવસો શેં પસાર થાય ?

(૩) સીતાજીને સ્વયંવરમાં કેટલું જોખમ હતું ? સ્વયંવરમાં દેવાધિષ્ઠિત ધનુષ્ય ઉપાડી એને જે ગાંઠે, એ ભલે એવો રૂપાળો કે એવી સમૃદ્ધિવાળો ન ય હોય, છતાં સાત્ત્વિક તો જરૂર હશે, કેમ કે એ કામ સત્ત્વવાળાનું હતું;

તો સીતાજીએ સ્વયંવર સ્વીકારીને પોતાનું જીવન સત્ત્વવાળાને સોંપવાનો એમને આનંદ હતો ! સાત્ત્વિકને શરણે રહેવામાં જ જીવનની વડાઈ અને સલામતી માની હતી.

(૪) વળી સીતાજીના મનને શું લાગે નહીં કે,

(i) કૈકેયીએ રામનો રાજ્યનો હક ખુંચવી લીધો ? ને
(ii) સીતાજીને પૂછ્યા વિના પતિ રામચંદ્રજીએ વનવાસ સ્વીકારી લીધો ?

ત્યાં સીતાજીએ ન તો કૈકેયી સામે ઝઘડો ઊભો કર્યો કે ન રામ સામે ફરિયાદ ઊભી કરી કે, 'મને પૂછ્યા વિના શાનો વનવાસ સ્વીકારો છો ?' પોતે મૂંગેમોંઢે બધું જોવાનું જ રાખ્યું અને અંતે પોતે શાંતિથી પતિને વનમાં અનુસર્યા ! ત્યારે અહીં સીતાજીનું ગમે તેવા કપરા પ્રસંગમાં પણ કેટલું બધું શાંત અને સ્વસ્થ ચિત્ત ! શાંત એટલે જરાય ઉકળાટ-વિહ્વળતા નહીં; ને સ્વસ્થ એટલે કોઈ જાતના ખોટા સંકલ્પ-વિકલ્પ નહીં.

(૫) વનવાસમાં સીતાજીએ કદી મનને ઓછું ન લગાડ્યું કે ક્યાં મજેનો મહેલવાસ ધારેલો ? ને ક્યાં આ મહાકષ્ટભર્યો આ વનવાસ માથે પડ્યો ?

આમાં, **સીતાજીનું સમ્યક્ત્વ કેવુંક ઝળહળતું હશે કે સમ્યક્ત્વના બળે મનમાં નિશ્ચિત બેઠું છે કે જીવનમાં દુન્યવી બાબતમાં પુરુષાર્થનું ફળ મામૂલી. બાકી, અંતે તો કર્મના જ હિસાબ ચૂકવવાના હોય છે. એટલે કર્મના હિસાબ સહર્ષ વધાવી જ લેવાના.**

આ કેવી સુંદર તત્ત્વદષ્ટિ ! અને એના અમલમાં વનવાસના કષ્ટમાં પણ કદી મનને ઓછું લાવવાનું નહીં, તેમ પતિને કદી ટોણો મારવાનો નહીં કે, 'તમને પરણીને તમે આ દેખાડ્યું !' મનમાં ગુણિયલ પતિ પ્રત્યે દુઃખ જ નથી, અભાવ જ નથી, પછી વાણીમાં એ ઊતરે જ શાનું ?

(૬) સીતાજી વનમાં ઝુંપડામાં રહેતાં. ત્યાં રામ કદાચ બહાર ગયા હોય, તો લક્ષ્મણ ઝુંપડાની બહાર ચોકી ભરતાં કે જેથી કોઈ દુષ્ટ માણસ કે પશુની સામે સીતાની રખેવાળી કરી શકાય. બાકી, ઝુંપડીની અંદરમાં એકલા પડેલા સીતાજીની પાસે બેસવાની વાત નહીં ! તેમ ત્યાં સીતાજીને એકલવાયાપણું ખટકતું નહીં ! ને દિયેર સાથે વાત-વિસામો કરવાનું મન થતું નહીં !

ત્યારે સીતાજીની આ શીલરક્ષાની કેટલી બધી તમન્ના અને જાગૃતિ ! તેમ જ એકલા બેઠા તત્ત્વ ચિંતનમાં કેવી મસ્તી ! જેથી કશા રેઢિયાળ સંકલ્પ-વિકલ્પ જ નહીં. આ પરથી આજના જમાનાની સ્ત્રીઓના રંગઢંગ અને ઉન્મત્ત યુવાનોની રીતરસમ જોતાં સજ્જનને રોવું આવે.

(૭) રાવણના પ્રપંચથી રામચંદ્રજી બહાર કોઈની રક્ષાર્થે ગયા છે ને ત્યાંથી સિંહનાદનો અવાજ આવે છે, છતાં લક્ષ્મણ સીતાની રક્ષાર્થે બેઠા રહ્યા છે. ત્યાં સીતાજી કહે છે : 'જાઓ, જાઓ, તમારા ભાઈની સહાયમાં; ભાઈ પર આફત લાગે છે. મારી રક્ષા પછી, પણ તમારા ભાઈની રક્ષા પહેલી.'

જાતના ભોગે પતિની કેવી હિતચિંતા ! લક્ષ્મણને મોકલતાં રાવણને ફાવટ આવી, એકલા પડેલા સીતાને ઉપાડી ચાલતો થઈ ગયો ! છતાં સીતાને એ પસ્તાવો થયો કે, 'હાય ! ક્યાં હું પતિની ચિંતા કરવી બેઠી ? તે મારે જ આમ ઉપડાઈ જવું પડ્યું !' કેમ પસ્તાવો નહીં ?

**પતિની હિતચિંતા એ સુકૃત હતું : સુકૃતની પાછળથી અફસોસી ન કરાય.** એમાં પાછળથી પોતાને આપદા આવી, તો ત્યાં એ સુકૃતનો પસ્તાવો ન કરાય. એમની એ પાકી સમજ હતી કે, 'પોતાને આપદા તો મુખ્યપણે પોતાના કર્મને જ અનુસારે છે, ત્યાં વચમાં મફતિયું સુકૃતને ન કૂટાય. શું આફત સુકૃતે આપી ? ના, કર્મે આપી છે. તો કર્મનો વાંક જોવાના બદલે સુકૃતનો વાંક જોવો; એ સુકૃતને બિચારાને મફતિયું કૂટવા જેવું થાય. સુકૃતના પસ્તાવામાં તો મૂર્ખાઈ છે.'

સીતાજીની કેવી નિર્મળ બુદ્ધિમત્તા કે નિર્દોષ સુકૃતનો પસ્તાવો નથી કરતાં કે, 'પતિની હિતચિંતા કરવા રહી લક્ષ્મણને મોકલ્યા, તો આ હું રાવણથી હરાઈ.' ના, એ તો સમજે છે કે, 'હું હરાઈ મારા અશુભ કર્મના ઉદયે, પતિની હિતચિંતા કરી હતી, તે તો બરાબર જ સુકૃત હતું.'

આજના મા-બાપ જો આ સીતા જેવી નિર્મળ બુદ્ધિ રાખે, તો વર્ષો સુધી છોકરાને નિઃસ્વાર્થ ભાવે ઉછેર્યા પછી છોકરો આડે ફાટી મા-બાપને ઘડપણમાં જુદા મૂકે, ત્યાં મા-બાપ સુકૃત બાળી મૂકવાનું ન કરે કે, 'હાય ! ક્યાં આ પાપી છોકરાને બહુ ભોગ આપીને ઉછેર્યો !'

(૮) રાવણે સીતાને અશોકવાટિકામાં કેદ પૂરી, તો સીતાજીએ પડકાર કર્યો : 'સાડા ત્રણ હાથ દૂર રહીને વાત કરજે. નજીક આવ્યો, તો તારા હાથમાં સીતા નહીં આવે, સીતાનું મડદું આવશે. પછી મડદા પર ઉજાણી તો ગીધડું કરે.' આમ પડકાર ફેંકવામાં સીતાજીની પ્રાણના ભોગે પણ શીલરક્ષાની તમન્ના તરવરે છે.

પછી રાવણે સાડા ત્રણ હાથ દૂર રહીને ઘણી ઘણી લાલચો દેખાડી, પટ્ટરાણી મંદોદરી મનાવવા આવી, કહે છે : 'તું સ્વામીને રાજી કર, અમે હજાર રાણીઓ તારી દાસી તરીકે સેવા કરશું.' પરંતુ સીતાજીએ એ બધી લાલચોને લાતે ઠુકરાવી ! કેમકે, **શીલની સામે દુનિયાભરની સંપત્તિ એમને મન ફૂટી કોડીની કિંમતની હતી, શીલ જ મહાકિંમતી હતું.**

(૯) સીતાજી કેદમાં બેઠા 'પતિના શુભ સમાચાર ન મળે, ત્યાં સુધી ભોજનનો ત્યાગ,' આ સંકલ્પ કરી દિવસોના દિવસો ભોજન વિના ગુજારે છે ! એમનો પતિ પ્રત્યે કેટલો બધો સદ્ભાવ ! કેટલું બધું બહુમાન !

**(૧૦) હનુમાનજીની ખાંધે બેસી ભાગવાની સીતાજીની ના :**

ત્યાં હનુમાનજી એમને તેડવા આવ્યા અને ખાંધ પર એમને બેસાડી લઈ જવા માંગે છે. સીતાજી 'ના' કહે છે.

હનુમાનજી વહેમાય છે કે, 'સીતાજી ડરતાં લાગે છે કે અહીં આટલા બધા રાવણના સુભટોની વચ્ચેથી હનુમાન શી રીતે મને ક્ષેમકુશળ લઈ જઈ શકે ?'

હનુમાને અહીં પોતાનું બળ દેખાડવા મોટું ઝાડ બાથમાં ભરી ઊખેડી નાખી, એ લઈ આકાશમાં ઊડ્યા ને એનાથી હવેલીઓના ઉપલા માળ તોડી બતાવ્યા ! પછી નીચે આવી કહે છે : 'જોયું મારું બળ ? રાવણના સુભટોથી ડરો નહીં.'

ત્યારે સીતાજી કહે : 'ગાંડા ! આ નકામી મહેનત કરી ! મને પહેલેથી કહેવું હતું ને ? તો હું ખુલાસો કરત કે, 'હું ડરની મારી 'ના' નથી કહેતી, પણ પરપુરુષનો સ્પર્શ મને ખપે નહીં, તેથી તારી ખાંધે બેસીને આવવા 'ના' કહું છું.'

હનુમાન કહે : 'પણ માતાજી ! હું તો રામચંદ્રજીનો ધર્મપુત્ર એટલે તમારો પણ ધર્મપુત્ર છું. તમે મારી ધર્મમાતા છો. દીકરાના ખભે માતાને બેસવામાં શો સંકોચ ?'

ત્યાં સીતાજી કહે છે : 'એ તારી વાત દિલની માન્યતાની દૃષ્ટિએ સાચી, પરંતુ વ્યવહારથી તો મારા માટે તું પરપુરુષ છો. વ્યવહારની મર્યાદા ન ઓળંગાય. સગી માતા પણ પુત્રને ત્રણ વરસનો થાય પછી એને પોતાને ભેટાડીને ન સુવડાવે.'

સીતાજીનું અહીં શીલ અંગે કેટલું બધું જબરદસ્ત મર્યાદાપાલન !

અહીં સવાલ થાય કે,

**પ્રશ્ન** : મર્યાદાપાલન માટે સીતા જો હનુમાનની સાથે ન જાય, તો શું રાવણથી શીલભંગનો ભય નહોતો ?

**ઉત્તર : ના, શીલભંગ પહેલાં પ્રાણભંગની તૈયારી હતી.**

અરે ! મુદ્દામ શીલભંગની વાત તો દૂર, પરંતુ રાવણ સામે દૃષ્ટિ નાખવા જેટલો શીલ-મર્યાદાનો ભંગ પણ એમને ખપતો નહોતો. તેથી રાવણને પડકાર કરી સાડા ત્રણ હાથ દૂર જ રાખેલો અને રાવણ સામે આવે, ત્યારે પોતે તદ્દન નીચી અને પોણી મીંચેલી દૃષ્ટિ રાખી બેસી રહેતાં. એમાં રાવણનું મોં કે કાયા ક્યાંથી દૃષ્ટિમાં જ આવે ?

શીલનું પાલન તો ખરું જ; પરંતુ આવું કડક હતું સીતાજીનું શીલ-મર્યાદાનું પાલન, કે આ કપરી જોખમી કેદમાંથી નથી હનુમાનજીની ખાંધે ચડીને ભાગી જવું, કે નથી જોયું એક વાર પણ રાવણનું મોઢું !

ત્યારે ઉદયરત્ન કવિ કહે છે ને કે :

**'ઉદયરત્ન કહે ધન્ય એ અબળા, સીતા જેહનું નામ;**
**સતીઓમાંહી જેહ શિરોમણિ, નિત્ય હોજો પ્રણામ'**

**સીતાજીના પ્રસંગોનું ફરી પિંજણ શા માટે ? :**

સીતાજીના આ જીવનપ્રસંગો એકી સાથે ટૂંકમાં જોઈએ છીએ. એમાં કંટાળશો નહીં કે, 'આ શું પિષ્ટનું પિંજણ ? સીતાજીનું જીવન આખું તો જોઈ આવ્યા; હવે ફરીથી શું વિચારવાનું ?' કેમકે આ તો ભરચક સળંગ સુકૃતોની ધારાની અનુમોદનાનો લહાવો છે.

**સુકૃતોની વારે વારે અનુમોદનાથી ભરચક શુભાનુબંધોની કમાણી થાય છે, શુભાનુબંધોથી પરભવે ભરચક સદ્‌બુદ્ધિઓ મળે છે.**

જો અહીં આ જનમમાં આપણને સદ્‌બુદ્ધિઓ કરતાં દુર્બુદ્ધિઓ વધુ જાગે છે, અર્થાત્ જો ક્ષમા, નમ્રતા, નિર્લોભતા આદિને બદલે ક્રોધ-માન-લોભાદિની બુદ્ધિઓ વધુ જાગે છે, જો ત્યાગને બદલે વિષયરાગના ભાવો વધુ જાગતાં હોય છે, તો એનું કારણ પૂર્વભવના લાવેલા ભરચક અશુભ અનુબંધો જ છે. એટલા શુભાનુબંધો લાવ્યા નથી; ને એનું કારણ પૂર્વભવે પવિત્ર દિલથી પરના સુકૃતો અને સદ્‌ગુણોની એવી અનુમોદના કરી નથી; એ છે.

માટે હવે જો ભવાંતરે ભવ્ય સદ્‌બુદ્ધિઓ-સુમતિઓ-શુભભાવો જોઈતાં હોય, તો અહીં મહાન આત્માઓના સુકૃતો-સદ્‌ગુણોની ભરચક અનુમોદના કરતાં રહો. એ વારે વારે કરો, એટલે જ અહીં સીતાજીનો જીવન-સ્ટોક લઈએ છીએ.

સીતાજી રાવણની કેદમાંથી હનુમાનજીની ખાંધે બેસીને ન જવાનો પ્રસંગ ખૂબ ધ્યાનમાં લેવા જેવો છે. કેમકે હનુમાનજી કહે છે : ‘અહીં એકલા તમારી સલામતી શી ?’

ત્યાં સીતાજી કહે છે : ‘મારે મારું શીલ સલામત છે, એટલે બધું સલામત છે. રાવણને સાડા ત્રણ હાથ દૂર રહેવાની તાકીદ આપી દીધી છે ને એ દૂર જ રહે છે. એને ખબર પડી ગઈ છે કે જો હું નજીક આવ્યો ને અડવા ગયો, તો તે પહેલાં સીતા પ્રાણ-ત્યાગ કરશે.’ સીતા પ્રાણ જતાં કરશે, પણ શીલ જતું નહીં કરે. માટે આમ શીલ સલામત હોય, પછી તારી એટલે પરપુરુષની ખાંધે બેસી શીલમર્યાદાનો ભંગ કેમ કરું ?’

એમ શીલ અને બીજા ગુણોની મર્યાદાના પાલનનો અને અસત્ નિમિત્ત નહીં સેવવાનો પણ બોધપાઠ મળે છે.

**(૧૧) રાવણનું અભિમાન :**

એ પછી સીતાજીને રાવણે પાછી મોકલી દેવા ધાર્યું, પરંતુ અભિમાન નડ્યું કે ‘એમ જ સીતાને જવા દઉં, તો મારી હલકાઈ થાય કે, ‘જુઓ; રામ-લક્ષ્મણથી હારી જવાની ગભરામણમાં સીતા સોંપી દીધી ! એમાં મારી કાયરતા ગવાય. એના બદલે રામ-લક્ષ્મણને લડાઈમાં હરાવી અહીં પકડી લાવું, દરબારમાં ઊભા કરું ને પછી કહું :

'લ્યો જંગલમાં રખડતાઓ ! આ લઈ જાઓ તમારી સીતા. તમને સીતાનું દયાદાન કરું છું.' આમ કહીને સીતાને સોંપી દઉં, એમાં મારી બહાદુરી અને ઉદારતા વખણાય.' આ અભિમાનથી રાવણ લડવા ગયો, તો એનો વિનાશ થયો.

અભિમાન ન કરવા આ એક જબરદસ્ત બોધપાઠ છે. અભિમાનમાં ઘણું ઘણું ગુમાવવાનું થાય છે. લાભ કશો નહીં, ઊલટું અનંત અનંત કાળથી ચાલી આવતાં માનકષાયને દઢ થવાનું થાય. આ ભવ પછી કયા ભવમાં એ માનકષાય તોડી શકવાના ? જે તક છે, તે અહીં તક છે કે, **'જિનશાસન પામ્યા છીએ તો અભિમાનને ઊઠવા ન દઈએ.'**

**(૧૨) સીતાજીનો જંગલમાં ત્યાગ :**

સીતાજીને અયોધ્યામાં લઈ આવ્યા પછી લોકવચન ચાલ્યું કે, 'રામ મોટા રાજા તે પારકે ઘેર રહી આવેલી પત્નીને ઘરમાં ઘાલે છે ! શું રાજા આવા બાયડીઘેલા ?'

આ લોકવચનથી રામ ગભરાઈ ગયા અને સેનાપતિ પાસે સીતાની વનમાં હકાલપટ્ટી કરી ! પરંતુ ત્યાં પણ સીતા રોવા ન બેઠા યા પતિ રામને ઉદ્દેશીને કોઈ અપશબ્દ ન બોલ્યા ! ઊલટું,

સેનાપતિ રોતો હતો કે, 'આવા તમારા જેવા મહાસતીને જંગલમાં એકલા ત્યજી દેવાની નોકરી મારે બજાવવાની આવે, તે પહેલાં મારું પેટ કેમ ન ફૂટી ગયું ? કે પેટ ખાતર આવી અધમ સેવા બજાવવી પડે ?' સેનાપતિ રોતો હતો.

ત્યાં સીતાજીએ એને આશ્વાસન આપ્યું કે, 'તું ન રો, આમાં તારો ય વાંક નથી, સ્વામીનો ય વાંક નથી; વાંક મારા કર્મનો છે. તે કર્મ મારે ભોગવી લેવાના છે. લે, આ ઊતરી હું રથમાંથી.'

સીતાજીનું કેટલું ધૈર્ય કે અહીં તો પોતે જ આશ્વાસન લેવા લાયક છે, એના બદલે એ પોતે સેનાપતિને આશ્વાસન આપે છે !

આ શીખવા જેવું છે. આપણે કષ્ટમાં હોઈએ ને બીજાને આશ્વાસન આપીએ, જાણે આપણને કોઈ કષ્ટ નથી ! આ આવડે તો આપણા મૃત્યુ સમયે આપણને સગાં શું આશ્વાસન આપે, આપણે સગાંઓને આશ્વાસન આપીએ.

વળી, સીતાજીની કેવી તત્ત્વદષ્ટિ ! ઘોર જંગલમાં એકલા અટૂલા ગર્ભિણી અવસ્થામાં છે અને પાસે કશું બદલવા વસ્ત્ર નથી, ભાતું નથી, પાણી પીવા પવાલું વગેરે કશો સામાન નથી ! એ વિના જ જંગલમાં મૂકાઈ જવાની મહા આપત્તિ આવે એવા મહાદુઃખદ અવસરે તત્ત્વદષ્ટિ કે, 'આ તો મારા કર્મે કર્યું છે. બીજા કોઈનો વાંક નથી. **પૂર્વભવે કર્મ આપણને કરતાં આવડ્યા, તો અહીં એ ભોગવતાં પણ આવડવું જોઈએ. એથી કર્મ કચરાનો નિકાલ થાય છે.**

આપણા જીવનના ઘણા ઘણા પ્રસંગોમાં આ તત્વદષ્ટિ અને ધૈર્ય રાખવાનો આમાંથી આપણને બોધ પાઠ મળે છે.

**(૧૩) સીતાનો સંદેશો :**

વળી, સેનાપતિ સીતાને મૂકીને જતી વખતે સંદેશો માંગે છે, તો સીતાજી રામને આ સંદેશો કહેવડાવે છે કે, 'તમે લોકવચનથી મને છોડી, તો ભલે છોડી. એથી તમને મારા કરતાં સવાઈ પત્ની નહીં મળે; એમ નહીં, ને એથી તમારો મોક્ષ અટકી જ જશે; એવું પણ નહીં.'

'કિન્તુ કાલે ઊઠીને લોક તમારા ધર્મની નિંદા કરે કે, 'આ આપણા રાજા કેવા અક્કલ વિનાના છે કે જુદા જુદા ધર્મની પ્રજાના માલિક થઈને એકમાત્ર જૈન ધર્મનું પૂંછડું પકડી રાખી બેઠા છે !' તો આવા લોકવચનથી ગભરાઈ તમે તમારો જૈનધર્મ છોડી દેતાં નહીં. કેમકે આ છોડશો, તો બીજો સવાયો ધર્મ તો નહીં, કિન્તુ આની હરોળનો ય ધર્મ નહીં મળે અને તેથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.'

સીતાજી મહાકપરી સ્થિતમાં મુકાયા છે, છતાં આવા અવસરે પણ રામને કશી ગાળ દેતાં નથી, કશો ટોણો મારતાં નથી કે, 'કેવા તમે વિશ્વાસઘાતી અને નિર્દય કે મારી આ સ્થિતિ કરો છો ?' ના, કશું એલફેલ કે રોષનું બોલવાનું નહીં, કિન્તુ સ્વામીના એકમાત્ર ધર્મરક્ષાની કે આત્મકલ્યાણની ચિંતાના જ બોલ !

**સીતાજીના રુંવાડે રુંવાડે કેટલી બધી ધર્મલગન છવાઈ ગઈ હશે !** એ જોવાનું છે. તેમાંથી આ જ બોધપાઠ લેવા જેવો છે, જેથી જીવન પ્રસંગોમાં આ ધર્મલગન જીવંત રાખીને કશા અનુચિત બોલ કદાપિ ન બોલીએ કે કશા અનુચિત વર્તાવ કદી ન કરીએ.

## (૧૪) સીતાજીની ગંભીરતા :

એ પછી સીતાજીને ધર્મનો ભાઈ રાજા મળ્યો, એ એમને ધર્મની બેન કરીને પોતાના મહેલમાં લઈ જઈ રાખે છે. સીતાજીને બે બાળક જન્મ્યા, લવણ અને અંકુશ.

અહીં સીતાજીની ગંભીરતા કેવી કે આ બાળકો ૧૬-૧૮-૨૦ વર્ષના થયા હશે, ત્યાં સુધી એમને સીતાજી પોતે કશું કહેતાં નથી કે, 'તમારા બાપાજીએ મારી આ સ્થિતિ કરી હતી.' કેટલી બધી ગંભીરતા !

આપણે જરા તકલીફમાં મુકાયા કે બહારનાને પણ કહેવા જઈએ કે, 'ફલાણાએ મને આમ કર્યું.' ત્યારે અહીં પોતાના દીકરાને કહેવાની વાત નથી. એક જ હિસાબ કે, 'મારું મારા કર્મે બગાડ્યું, એમાં બીજાને કહેવાથી શો લાભ ?

**એક તો આપણું કર્મે બગાડ્યું ને હવે આપણે બીજાની હલકાઈ ગાઈ આપણી જાતે જ આપણે આપણું બગાડીએ ?**

જો આ કર્મનો હિસાબ અને આપણી સલામતિનો હિસાબ મન પર રહે, તો સીતાજી જેવી ગંભીરતા લાવવી સહેલી છે.

## (૧૫) પિતા સાથે લડવામાં પુત્રોને આશીર્વાદ નહીં :

સીતાજીએ પોતાના કર્મનો હિસાબ મન રાખી ગંભીરતાથી પુત્રોને પતિ તરફથી હકાલપટ્ટીની વાત નહીં કરેલી, પરંતુ પુત્રો બહારથી વાત લાવી એમને કહે છે કે,

'મા ! તેં તો અમને વાત ય નહીં કરી, પરંતુ બહારથી અમે જાણી લાવ્યા છીએ, તો શું અમારા પિતાજી એમ સમજે છે કે સીતાજીનો કોઈ બેલી- રખેવાળ નથી, એટલે એમને જંગલમાં ત્યજી દેવાય ? અમે રખેવાળ તૈયાર થઈ ગયા છીએ. જઈએ છીએ અમે એમને યુદ્ધ આપવા અને હરાવીને એમને બતાવી આપશું કે સીતાજીના આ રખેવાળ છે. માટે અમારા માથે હાથ મૂકી ફત્તેહના આશીર્વાદ આપ.'

શું સીતાજીએ આશીર્વાદ આપ્યા ? ના, એમણે તો ઊલટું ઠપકો આપ્યો કે, 'ગાંડાઓ ! બાપુજી સાથે લડવા જવાય ? એમના પગે પડવા જવું જોઈએ. લ્યો; પગે પડવા જવું હોય, તો આવો આશીર્વાદ આપું.'

બસ, આમ સીતાજીના દિલની કેટલી બધી સ્થિત (સ્થિર) પ્રજ્ઞા અને વિવેક દેખાય છે ? રામચંદ્રજીને પતિ તરીકે સ્વીકારી મનમાં ધારી રાખ્યું, મનમાં એવી પ્રજ્ઞા ધરી કે, 'આમને જીવન સમર્પણ; એટલે ગમે તેવા સંયોગમાં આમને મારે માથે પૂજ્ય તરીકે ધરી રાખવાના.'

આ પ્રજ્ઞા સ્થિર રાખી હોય એટલે પછી અહીં પતિ તરફથી આવા હકાલપટ્ટીના સંયોગ ઊભા થયા, તો પણ આ પ્રજ્ઞામાં શાનો ફરક પડે ?

પતિ પૂજ્ય છે, શિરોમાન્ય છે એટલે એમને પુત્રો દ્વારા પણ ત્રાસમાં મુકાવામાં મત્તું શાનું મારે ? પતિ પર કેટલું બધું બહુમાન ! એમની કેટલી હદની ઉત્તમતા કેમ જાણે એમના પર પતિએ કશી આફત નથી આપી !

વિચારવા જેવું છે કે કોઈ સગા-સ્નેહી તરફથી તમારા પર આટલી ભયંકર આફત તો નહીં વરસી હોય, છતાં એની સાથે અંટસ વરસોથી ચાલુ ને ? એના પર હૈયામાં બહુમાન નહીં, પણ અવજ્ઞા-સૂગ-હલકી દૃષ્ટિ ઊભી જ ને ? સીતાજીને એવું કેમ નહીં ?

કહો, એક મન પર પોતાના પૂજ્ય પતિ તો ખરા જ, કિન્તુ બીજું એ કે એમની નજર સામે પતિના અનેક ગુણો અને ઉત્તમતાઓ તરવરતાં હતાં. એ એમના મનમાં પતિ માટે હલકાઈ આવવા જ નહોતાં દેતાં.

ઉત્તમતાનો ઉપાય :

**ઉત્તમતા લાવવી હોય, તો આ જ માર્ગ છે કે દુશ્મન માટે, વિરોધી માટે, પણ એના ગુણો અને સારી વિશેષતાઓ આપણી નજર સામે તરવરતાં રહેવા જોઈએ.**

જો આટલું ધ્યાનમાં રહે કે,

'દિલમાં આવી ઉત્તમતા વસાવવા માટે આ એકમાત્ર માનવ અવતારનું જ દિલ છે. જો આ કામ અહીં નહીં કરું, તો પછી કયા જનમના દિલમાં આ કાર્ય થઈ શકવાનું હતું ? આ સમજાવનાર જિનશાસન ફરી ક્યારે મળવાનું હતું ?' આ જો ધ્યાનમાં રહે તો સહેજે ઉર્મિ જાગે કે, 'લાવ, આ કાર્ય ધીરે ધીરે પણ શરૂ કરું. મહાન આત્માઓ એ જ રીતે દિલને ઉત્તમ બનાવતાં બનાવતાં ઊંચા આવ્યા છે. મારે પણ મહાન બનવું હોય, તો આ જ ઉપાય છે.'

## (૧૬) સીતાજીનું દિવ્ય :

સીતાજીની એક મહાન વિશેષતા ક્યાં સુધી પહોંચે છે ? એ જુઓ :

સીતાજીએ રામના કહેવાથી દિવ્ય કરવાનું કબૂલ કર્યું, ત્યાં એમને એ વિચાર ન આવ્યો કે, 'એક તો પતિએ ઘોર જંગલમાં મુકાવી દેવાનો જુલ્મ કર્યો, તે શું ઓછો હતો ? તે હવે 300 હાથની ખાઈ અગ્નિએ ભડભડતી, એમાંથી પસાર થવાનું કહે છે ? અને હાય બાપ ! આવા ભડભડતા અગ્નિમાં પેસવાનું ?' કેમ આ વિચાર ન આવ્યો ? કહો,

(i) પહેલું તો પેલા જંગલમાં ત્યાજાવાનો જુલ્મ પતિએ કર્યાનું પોતે સમજતાં જ નથી, નહીંતર પુત્રો આગળ એનો બળાપો ઠાલવ્યો હોત. એ તો કર્મનો જ જુલમ થવાનું સમજતાં હતાં; અને અહીં અગ્નિ-પ્રવેશની વાતમાં પોતાને પોતાના સતીત્વ ઉપર અડગ શ્રદ્ધા છે, તેથી દિવ્યની વાતથી જરાય ગભરાયા નહીં.

(ii) બીજું, 'પતિ-વચન એટલે બ્રહ્મ-વચન, એના પર બીજો વિચાર કરવાનો જ નહીં,' એમ સમજતાં હતાં. માટે પણ એ જરાય ગભરાય નહીં. ત્યારે આપણને ગુરુ-વચન, વડીલવચન; એ બ્રહ્મ-વચન લાગે છે ? એ વિના ઉદ્ધાર ક્યાં છે ?

સીતાજીએ સતીત્વ કેવુંક સાચવ્યું હશે કે આ શ્રદ્ધા છે કે, 'અગ્નિપ્રવેશના દિવ્યમાં કશું બળવાનું નથી.'

સીતાજીને રૂપાળા માણસો જોવા તો મળ્યા હશે, તો એકે ય વાર એમને એનું લેશ પણ આકર્ષણ કેમ નહીં થયું હોય ? એ માટે આ વિચારવાનું છે કે, **પરપુરુષના રૂપનું આકર્ષણ; એ પણ શીલને બાધક છે.**

એવું આકર્ષણ શી રીતે અટકે ? એ માટે આ જુઓ કે,

આ જગતમાં વિષયોના ઘેરાવાની વચ્ચે જીવ જકડાયેલો છે અને જીવને પોતાને અનંત અનંત કાળના વિષયવાસનાના સંસ્કારો લાગેલા છે, તે સંસ્કારોને જાગતાં શી વાર ? ત્યાં શી રીતે બચવાનું ?

(૧) કાં તો વાસનાના સંસ્કારો ન હોત, તો વિષયોના સંયોગથી કશી વિષયરમત થઈ શકત નહીં; તેમજ

(૨) વાસનાઓ હોત, પણ વિષયોના સંયોગ જ ન હોત, તો ય જીવ કશી વિષયરમત કરી શકત નહીં.

પણ દારૂખાનું ને દેવતા બે ભેગા થાય, ત્યાં ભડકો થયા વિના ન રહે. દારૂ; એ વિષયો છે અને દેવતા છે વાસના. આ બે ભેગા થયા પછી શું બાકી રહે ? માટે જ સંસારમાં સંસારી જીવને બંને છે, એટલે જ સારુ સારુ ખાવાની, જોવાની, સારું સારુ સાંભળવાની, સારું સારુ સ્પર્શવાની,...વગેરે વિષય ક્રીડાઓ અનંતકાળથી ચાલે છે. એમાંથી શેં બચાય ?

**વિષયક્રીડાથી બચાવનાર છે :**

**(i) માથે ધર્મનો ભાર, અને**
**(ii) હૈયે પાપનો ભય, પાપની સૂગ.**

માથે ધર્મનો ભાર હોય એ જીવને સૂઝાડે કે, 'જોજે; આ વિષયોના સંગ કરવા જેવા નથી. અણસમજુ પશુ હતાં, અનાર્ય હતાં, ત્યારે વિષય-સંગ અનંતીવાર કર્યા. એમાંય જીવને તૃપ્તિ તો થઈ જ નહીં, છતાં અજ્ઞાનતામાં વિષયસંગને મહા અધર્મ તરીકે સમજ્યા જ નહીં. પણ હવે જ્યારે ધર્મ માથે ધર્યો છે, તો એ ચાલે નહીં. નહીંતર એ જે ધર્મની અજ્ઞાનતામાં કર્યું, એ શું ધર્મ માથે ધર્યા પછી ય એ કરવાનું ?' જીવને જો આ વિચાર રહે, તો જાગૃતિ રહે. સાંસારિક પ્રસંગો મનને મૂંઝવે નહીં.

સીતાજીને મોટી ભડભડતી આગમાં પ્રવેશ કરવાનો છે, છતાં મૂંઝવણ નથી; કેમકે કાયા બળી જવાની એટલી પડી નથી, જેટલી પતિ-આજ્ઞાના પાલનની પડી છે.

કર્યું દિવ્ય ! અગ્નિપ્રવેશ કર્યો, પણ પ્રવેશ કરતાંની સાથે મોટી ૩૦૦ હાથની અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગયું ! ત્યારે સીતાજીનું સતીત્વ કેટલું સોલિડ (Solid) નક્કર ! હૈયું મક્કમ !

શીલ અને સમ્યક્ત્વ બન્નેની દૃઢતા માટે આ પ્રસંગ ધ્યાન પર રાખવાનો. એક પતિ કે પત્ની કર્યા પછી બીજા બધા ભાઈ-બેન યા પિતા-માતા જ લાગે, તો શીલની દૃઢતા રહે. એમ, જેમ સીતાને મન એક રામ, એક સમકિતીને મન એક અરિહંત હોય, તો સમ્યક્ત્વની દૃઢતા રહે.

### (૧૭) પાણીની ભરતી : સીતાજીની દુશ્મન પ્રત્યે ય કરુણા :

આગળના પ્રસંગમાં સીતાજીની દુશ્મન પ્રત્યે પણ કોમળતા અને કરુણા ભર્યું દિલ એ વિશેષતા જોવા મળે છે. ખાઈનું સરોવર બની ગયું અને એની વચમાં સીતાજી સોનાના કમળ પર બેઠા છે !

ત્યાં પાણીની ચારેબાજુ ભરતી એવી ઊંચી ચડવા માંગી કે ચારે બાજુ લોક જવા માટે માંચડે ચડીને બેઠેલા તે એમના માથા પરથી પાણી જવા જાય છે ! ત્યાં ચારે કોર લોકો મુંઝાણા. 'હવે ક્યાં જવું ? ચારે બાજુ જળબંબાકાર દેખાય છે.'

દૈવી ઉપદ્રવમાં દૈવી શક્તિની સહાય કામ લાગે.

મહાસતીનું સતીત્વ કેવી દૈવી શક્તિ ધરાવે છે, એ લોકોએ અહીં અગ્નિની ખાઈ સરોવરમાં પલટાઈ જવામાં નજરોનજર જોયું છે. એટલે લોકો હવે બૂમરાડ કરે છે : 'હે જગદંબા ! બચાવો; હે જગદંબા ! બચાવો.'

અહીં સીતાજીની વિશેષતા જુઓ કે એમના મનને એમ નથી થતું કે 'લુચ્ચા લોકો ! મારી નિંદા કરતાં તમને આંચકો ન આવ્યો ? અસતીનો ભયંકર આક્ષેપ મારા પર ચડાવતાં હતાં ? તો હવે મરો. તમને હું નથી મારતી, તમે તમારા પાપે મરો છો; એમાં હું શું કરું ?' ના, આવી કઠોર નિર્દય વૃત્તિ મહાસતીના દિલમાં ન આવી. એમના હૈયે લોકોની આ ભરતીમાં ડૂબી-તણાઈ જવાની સામે ભારો-ભાર દયા છવાઈ ગઈ.

તો એમણે તરત જ પોતાની બે બાજુએ ચડેલા પાણી પર બે હાથ મૂકી દીધા, આ સંકલ્પથી કે, 'મારા શીલના પ્રભાવે પાણી સંકોચાઈ જાઓ.' ને આશ્ચર્ય કે પાણી તરત સંકોચાઈ ગયા ! પાણીથી હિલોળે ચડેલું સરોવર હવે શાંત સરોવર બની ગયું.

આ પ્રસંગ દુશ્મન ઉપર પણ દિલને કરુણાના અમૃતથી ભરી દેવાનું શીખવે છે, કઠોરતાના વિષરસથી વ્યાપ્ત ન થવા દેવાનું શીખવે છે.

### (૧૮) સીતાજી અગ્નિ પાણી થવામાં રામનો ઉપકાર માને છે :

હવે સીતાજીની એક જબરદસ્ત વિશેષતા કૃતજ્ઞતાની જોવા મળે છે. સીતાજી સરોવરની બહાર આવ્યા. રામચંદ્રજીની આંખમાં આંસુ ચાલે છે ને સીતાને કહે છે :

'મહાદેવી ! ધન્ય ધન્ય તમારા સતીત્વને ! આવા મહાસતી તમે માફ કરજો મને, તમારા પર મેં મોટો અપકાર કર્યો, તેની ક્ષમા માંગું છું.'

સીતાજી કહે : 'અરે ! આ તમે શું બોલ્યા ? તમે તો મારા પર મહાન ઉપકાર કર્યો છે.'

રામ કહે : 'વ્યંગમાં બોલો છો ?'

સીતા કહે : 'ના, સાચું કહું છું. તમે જ મારા દિલમાં હતાં, તો જ અગ્નિનું પાણી થઈ ગયું. તમારા બદલે જો બીજો કોઈ મારા દિલમાં હોત, તો અગ્નિનું પાણી નહીં, પણ અગ્નિથી મારા શરીરની રાખ થઈ ગઈ હોત. જે મારા દિલમાં તમારા જ વસવાના લીધે અગ્નિ પાણી થઈ જાય, એ તમારો મારા પર ઓછો ઉપકાર છે ? માટે હરખના સ્થાને ખેદ ન કરો; મારી પ્રાર્થના છે.'

સીતાજીની અહીં કેવી જબરદસ્ત કૃતજ્ઞતા દેખાય છે ! બોલો, અગ્નિ પાણી થઈ જવાના બનાવમાં પોતાના સતીત્વ પર માન થાય ? પોતાના સતીત્વનો પ્રભાવ દેખાય ? ને પતિના ઉપકાર પર માન થાય ? કહો,

**જેની વૃત્તિ સ્વોત્કર્ષની હોય છે, જાત વડાઈના અભિમાનની જ વૃત્તિ હોય છે, એને બીજાના ઉપકાર યાદ આવતાં નથી.**

વ્યવહારમાં જુઓ, મા-બાપે વરસો સુધી સમયભોગ, શરીરભોગ અને સંપત્તિભોગ આપી છોકરાને મોટો કર્યો, હોંશિયાર બનાવ્યો. હવે છોકરો વેપારમાં સારું કમાય છે, તો એને એમ લાગે છે કે મારી હોંશિયારીનો કેવો પ્રભાવ કે, 'હું બાપાજી કરતાં સારી હોંશિયારીથી વેપાર કરું છું, સારું કમાઈ લાવું છું !'

આ શું છે ? સ્વોત્કર્ષ-જાત વડાઈનું અભિમાન ! અને બાપના અનરાધાર ઉપકારોનું વિસ્મરણ ! આમાં કૃતજ્ઞતા ક્યાં રહી ? આમાં દિલની કેટલી બધી ધિઠાઈ ! કેટલી બધી નિષ્ઠુરતા !

માણસની મૂર્ખાઈ કેવી છે કે સહેજ માન્યતા-ફેરમાં જનમ જનમ પીડે એવી ધિઠાઈ-નિષ્ઠુરતાને વહોરે છે ! જાત-વડાઈની માન્યતાને બદલે ઉપકારીના ઉપકારને યાદ કરવાની માન્યતા ધરે, તો આ ધિઠાઈ- નિષ્ઠુરતાના જનમ જનમના અનર્થ ન વહોરે. અંતરની આંખ ખોલીને જુઓ તો ડગલે ને પગલે માતા-પિતાનો ઉપકાર, ગુરુઓનો ઉપકાર અને અરિહંતદેવનો ઉપકાર યાદ આવે એવો છે.

**વિલાયતની બાઈનું ઈશ્વર આભાર સ્મરણ :**

વિલાયતમાં એક પાંત્રીસેક વર્ષની બાઈનો ધણી મરી ગયો. ૫-૬ સંતાન છે, બાઈ મૂંઝવણમાં પડી ગઈ : 'કમાનારો ગયો, હવે આ બધાનું ભરણ-પોષણ કેમ કરવું ?'

એક માનસશાસ્ત્રી મળ્યો. એને આ બાઈ કહે છે : 'ઈશ્વરના સામ્રાજ્યમાં આ કેવું અંધેર છે ! વિના સંતાનવાળાને આવી આપદા નહીં ને છ સંતાનવાળી મારે વૈધવ્ય ? અને આ ભૂખે મરવાની આપદા ?'

માનસશાસ્ત્રી કહે : 'અંધેર નથી, અજવાળું છે. વિના પુરુષાર્થ બેઠા બેઠા ખાતાં હતાં, તે હવે તમને પુરુષાર્થ વિકસાવવાની તકનું અજવાળું આપ્યું છે. **મજેનું ખાતાં-પિતાં જ બેઠા હતાં અને ઈશ્વરને ભૂલી ગયા હતાં; એ અંધારું હતું.'**

'ઈશ્વરને યાદ કરવાનું, ઈશ્વરની પ્રાર્થના કરવાનું, ઈશ્વરનો ઉપકાર કરવાનું અજવાળું મળ્યું છે, તો ઈશ્વરની અચિંત્ય શક્તિ પર શ્રદ્ધા મૂકો. ઈશ્વરને પ્રાર્થના કરો કે તમારા અચિંત્ય પ્રભાવે મારું સારું જ થવાનું છે અને સારું થતું જાય, તેમ તેમ ઈશ્વરની દયા માનતાં રહો. લ્યો આ થોડી રકમ; બિસ્કીટ વેચવાની નાની હાટડી ચલાવો, સાથે ઈશ્વરને પ્રાર્થના કરતાં રહેજો અને કૃતજ્ઞતા દાખવતાં રહેજો.'

**ભગવાનને પ્રાર્થના :**

બસ, બાઈનું મન ફોરું ફૂલ થઈ ગયું, એને હિંમત આવી ગઈ. અને ત્યારથી એ પ્રમાણે નાનકડી દુકાન કરી રોજ ઈશ્વરને પ્રાર્થના કરે છે : 'પ્રભુ ! તારો અચિંત્ય પ્રભાવ છે, તારી દયા છે, મારે તારી દયાથી સારું જ થવાનું છે.'

વળી, અનુકૂળ અનુકૂળ બનતું આવે એમ 'અહો ! આ તો પ્રભુની દયા ! પ્રભુ તારો આભાર માનું છું' એમ આભાર માનતી રહે છે.

એમ કરતાં એને ભગવાન (ઈશ્વર) પર ભાવ વધતો ગયો. જેમ જેમ એને અનુકૂળતા પ્રતિદિન વધતી લાગી, એમ એમ એ બાઈને લાગતું ગયું કે આમાં ખરેખર ઈશ્વરની દયા જ કામ કરી રહી છે; એટલે ઈશ્વરીય સત્તા અને ઈશ્વરીય દયા પર એની શ્રદ્ધા વધતી ચાલી. એ ઉભય કાળ નિયમિત પ્રાર્થના કરે છે કે,

‘હે પ્રભુ ! કેવી અદ્‌ભુત તારી દયા છે કે એના પ્રભાવે મારે બધું સિદ્ધ થતું આવે છે ! મારે તો પતિ ગયા એટલે સમજાય કે ભાગ્ય રુઠેલું હતું. રુઠેલું ભાગ્ય પૈસા શાના આપવા દે ? પરંતુ પ્રભુ ! તારી દયાનો જ ગજબ પ્રભાવ કે મારે પૈસા વગેરે બધી ય જાતની અનુકૂળતા થઈ રહી છે. તારો ખૂબ ખૂબ આભાર માનું છું.’

બાઈને કામકાજ વધી ગયું. તે એને નાની દુકાનમાંથી મોટો સ્ટોર થઈ ગયો. એકવાર પેલો માનસશાસ્ત્રી એને મળે છે, હાલત પૂછે છે : ‘કેમ ચાલે છે ?’

ત્યારે આ બાઈ કહે : ‘ખરેખર ! તમે તો મારી આંખ ખોલી નાખી. આ જગતમાં મુખ્ય કાર્યકર તત્ત્વ જે ઈશ્વર, એને જ હું ભૂલેલી, એને ઓળખી જ શકેલી નહીં. ત્યારે તમે મને ઈશ્વરતત્ત્વ ઓળખાવી દીધું કે જગતમાં અને આપણા જીવનમાં બધું જે સારું થઈ રહ્યું છે, એ ઈશ્વરના જ પ્રભાવે સારું થઈ રહ્યું છે, એ ઈશ્વરની દયાથી જ સારું થઈ રહ્યું છે.

‘ઈશ્વરની મહાન દયાથી અણધાર્યા કામ પણ થઈ આવે છે. મેં આવા ઘણા અનુભવ કર્યા છે. દા.ત.

- ઘરની બહાર નીકળી મનમાં આવ્યું કે, ‘પેલા ભાઈ બે વરસથી મળ્યા નથી’ ને અજાયબી કે રસ્તે જરાક આગળ ગઈ, ત્યાં એ ભાઈ મળી આવ્યા !
- અથવા ‘દુકાન ખોલી ને ક્યારેક અડધા કલાક સુધી ઘરાક ન આવ્યું, ને મનને થયું કે, ‘આજે ઘરાકી થશે કે નહીં ?’ ત્યાં જ ઘરાક હાજર ! તે પણ ઘરાક વધતાં જ ગયા, ત્યાં સુધી ઈશ્વરની દયા !
- ચાલુ જીવનમાં ય મનને કંઈક થયું કે, ‘બજારમાંથી આ ચીજ મળે તો લાવવી છે, તે બજારમાં જાઉં ત્યાં તરત જ એ ચીજ મળી આવે છે !

આમાં મારી હોંશિયારી શી કામ કરી રહી છે ? કશી જ નહીં, ઈશ્વરની દયા જ કામ કરે છે.

‘એટલે મેં એવું રાખ્યું છે કે ધાર્યું થયું યા ધાર્યું મળી આવ્યું, ત્યાં હું ઈશ્વરનો આભાર માનું છું.’ 'Thank You God' (‘થેન્ક યુ ગોડ’) અર્થાત્ ભગવાન ! તમારો આભાર માનું છું.’

'તમે માનશો ? દિવસમાં આવું કેટલીય વાર મારે 'થૅન્ક યુ ગોડ, થૅન્ક યુ ગોડ' કરવાનું થાય છે. ભલે પાણી પીવા ગઈ ગ્લાસમાં પાણી લીધું કે તરત 'થૅન્ક યુ ગોડ' કહું છું. પ્રભુ ! તમારો આભાર માનું છું કે ગ્લાસમાં પાણી મળ્યું.'

તો શું વારે વારે ઈશ્વરનો આભાર માનતી હશે ? હા, જરૂર પડ્યે એને દહાડામાં દોઢસો વાર 'થૅન્ક યુ ગોડ – પ્રભુ ! તારો આભાર માનું છું.' યાદ આવે છે ! એનું ફળ પણ એને ડગલે ને પગલે દેખાય છે. કશી ય ચિંતા કર્યા વિના સહેજે ઇષ્ટ વસ્તુ સધાતી આવે છે.

પેલા માનસશાસ્ત્રીને બાઈ કહે : 'તમે મને આ કેવાક ગજબ દયાળુ ઈશ્વરનું ભાન કરાવ્યું ! કેટલી બધી પ્રભુની દયા ! તમારો આભાર માનું છું.'

અહીં આ જોવાનું છે કે ધંધો ચલાવવામાં બાઈની મહેનત કામ કરતી હતી અને એથી કમાણી થતી હતી, પરંતુ બાઈના મનને એમ કેમ નથી થતું કે કમાણી મારી મહેનતથી થાય છે ? એના મનને એમ કેમ થાય કે, 'કમાણી પ્રભુની દયાથી થાય છે ?'

એનું કારણ એ છે કે એના મને સચોટ બેસી ગયું છે કે, 'અજબ ગજબ સિદ્ધ થવામાં માણસનું શું ગજું ? પ્રભુની અચિંત્ય શક્તિ જ કામ કરી રહી છે. મેં પ્રભુને પ્રાર્થના કરી, તો એ પ્રાર્થના ને પ્રભુની દયા દ્વારા મારી ધંધાની મહેનત સફળ થઈ. અભિમાનથી પ્રભુને અવગણી જાત-વડાઈ પર તણાઈ ગઈ હોત, તો તો એ સ્વચ્છંદ મહેનત કશી કારણભૂત થાત નહીં. પ્રભુનું નામ લઉં છું અને કામ થાય છે; એમાં પ્રભુની દયા કામ કરે છે.'

પેલી બાઈને વૈધવ્ય આવતાં આશ્વાસન આપનાર માનસશાસ્ત્રી મળતાં બાઈને પૂછે છે : 'કેમ બેન હવે કેમ ચાલે છે ?'

ત્યારે બાઈ એટલા માટે જ આ કહે છે : 'તમે તો મારા પર ભારે ઉપકાર કર્યો, તેમ મને ભગવાનની અથાગ દયા બતાવી. એથી રોજ સવાર-સાંજ હું ભગવાનની દયાના ગુણ ગાવારૂપે પ્રાર્થના કરવા મંડી અને આશ્ચર્ય છે કે હું નાની હાટડીમાંથી આજે મોટો સ્ટોર ચલાવતી થઈ ગઈ છું ! એટલે જ રોજિંદી બાબતોમાં કે પ્રસંગ પ્રસંગની બાબતમાં 'Thanks God' ('ભગવાન તમારો આભાર') કરું છું.'

'તમારો મોટો ઉપકાર છે કે ભગવાનની અનંત દયા મને સમજાઈ. ભગવાનની આ જગત પર કલ્યાણ સામ્રાજ્ય ચલાવવાની અપરંપાર દયાનું તમે મને ભાન કરાવ્યું, તો આજે હું મારા જીવનના દાખલાથી બીજાઓને શીખવું છું કે મુખ્યતાએ ઉપકારી ભગવાન હોવા પર શ્રદ્ધા કરો, ભગવાનની અપરંપાર દયા પર શ્રદ્ધા-વિશ્વાસ કરો અને વાતવાતમાં ભગવાનનો આભાર માનતાં ચાલો.'

**દુન્યવી પ્રવૃત્તિઓ તુચ્છ છે, પરંતુ જીવનમાં ભગવાનનું શરણ રાખવું અને ભગવાનનો અચિંત્ય પ્રભાવ, અચિંત્ય દયા માનવી; એ મુખ્ય છે.**

**પ્રભુની પ્રાર્થના અને શ્રદ્ધાથી સદ્‌ગુણો કેમ ખીલે છે ? :**

એ ભગવાનની શ્રદ્ધા ધરવાથી અને સર્વ કાર્યોમાં મુખ્યપણે કારણભૂત ભગવાનની દયાની માન્યતા ધરવાથી આપણા અભિમાન ઓસરી જાય છે ને બીજાઓ પ્રત્યે પ્રેમ, સ્નેહ, મૈત્રીભાવ, સહાનુભૂતિ ઊભા થાય છે.

ભગવાનની દયા પર મુખ્ય આધાર રાખ્યાથી સત્ય-ન્યાય-નીતિ... વગેરે સદ્‌ગુણો ખીલી ઊઠે છે અને અસત્ય-અન્યાય-અનીતિ કરવાનું મન થતું નથી; કેમકે હૈયે હાડોહાડ લાગી ગયું છે કે ભગવાનની દયાથી જ બધું બરાબર બની આવવાનું છે, પછી અધીરા થઈ શા માટે જૂઠ-અનીતિ-ગુસ્સો-અભિમાન વગેરેનો આશરો લેવો ?

**ઉપકારીનો ઉપકાર (આભાર) મનાય, તો આપણું અભિમાન ઓસરી જાય.**

સીતાજીને અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગઈ; એમાં એમને પોતાના સતીત્વનું અભિમાન લેવાનું મન ન થયું, પરંતુ પતિ રામની આગળ કહે છે : 'આ અગ્નિનું પાણી થઈ ગયું એમાં તમારો જ ઉપકાર કામ કરી ગયો ! તમે જ મારા દિલમાં હતાં, તેથી અગ્નિનું પાણી થઈ ગયું. દિલમાં બીજો કોઈ હોત, તો આ ન બનતાં હું ભસ્મીભૂત થઈ જાત.'

આપણા જીવનમાં ય આ બનાવવાનું છે કે આપણી બુદ્ધિ, હોંશિયારી અને આપણી મહેનત ગમે તેટલી મોટી હોય અને ઇચ્છિત સિદ્ધ કરી શક્યા હોઈએ, પરંતુ ત્યાં ઉપકાર ભગવાનનો માનવાનો છે, 'ભગવાનના પ્રભાવે મનમાન્યું બની આવ્યું' એમ માની ભગવાનનો આભાર માનવાનો છે.

રોજ ચૈત્યવંદનમાં 'જય વીયરાય' સૂત્રમાં 'ઇઠ્ઠફલ-સિદ્ધિ' માંગીએ છીએ, તે આ શ્રદ્ધા પર કે 'ભગવાનના પ્રભાવે ઇષ્ટફળની સિદ્ધિ થઈ આવે છે.' આ ઇષ્ટસિદ્ધિમાં જો ભગવાનનો પ્રભાવ કામ જ ન કરતો હોત, તો ગણધર મહારાજ આ પદ સૂત્રમાં ગોઠવત નહીં. 'હોઉ મમં તુહ પભાવઓ ભયવં ! ઇઠ્ઠફલ-સિદ્ધિ,' અર્થાત્ 'ભગવાન ! તમારા પ્રભાવથી મારે ઇષ્ટફળની સિદ્ધિ થાઓ' એ ક્યારે કહેવાય ? ઇષ્ટસિદ્ધિ ભગવાનના પ્રભાવથી થતી હોય, તો જ ને ?

**ઉત્તમ પુરુષોની આ વિશેષતા હોય છે કે એ કાર્યસિદ્ધિમાં વડીલનો જ પ્રભાવ માને છે ને કાર્યસિદ્ધિનો જશ એમને આપે છે.** એમાં ઉપકાર એમનો સમજે છે. આપણે માટે સૌથી મોટા વડીલ છે દેવ અને ગુરુ; એટલે વાતવાતમાં એમનો જ ઉપકાર સમજવાનો છે. આ જો આવી જાય, તો જાતવડાઈ ભુલાઈ જાય કે, 'આ તો મેં કર્યું.'

સીતાજીએ દિવ્ય આબાદ પસાર કર્યું. એમાં એમણે પતિ રામચંદ્રજીનો ઉપકાર માન્યો, રામનો પ્રભાવ ગણ્યો, એટલે પોતાના સતીત્વ ઉપર જાતવડાઈ જરાય માની નહીં.



# ૧૪. કર્મને તમાચ

હવે સીતાજીની ઘણી ઊંચી વિશેષતા આ જોવા મળે છે કે મહા સુખદ સંયોગો બની આવ્યા, ત્યારે એમને મહા વૈરાગ્ય ઝળહળી ઊઠે છે !

દિવ્ય સફળતાથી પસાર કરી દીધું. રામના પસ્તાવાને શાંત કરી દીધો. હવે પ્રસન્ન રામ-લક્ષ્મણ વગેરે સીતાજીને રથમાં બેસી જઈ, અયોધ્યા નગરીમાં ચાલવા અને મહેલમાં આરામથી સુખમય જિંદગી પસાર કરવા કહે છે. ત્યાં સીતાજી તેમ કરવા ઇન્કાર કરે છે.

કારણ કાંઈ ? કારણ છે : (૧) પૂર્વ સંકલ્પ અને (૨) ઉત્કટ વૈરાગ્ય.

(૧) સીતાજી પૂર્વે જ્યારે જંગલમાં ત્યજાયા, ત્યારે આ જોયું છે કે,

**મૂળમાં જીવ સંસાર-વાસનાને સંતોષવા સંસાર માંડે છે, તેથી જ એને અનેક વ્યક્તિઓ અને વિષયોની અનેક પ્રકારની ગુલામી વહોરવી પડે છે અને એટલે જ એ આવા અનેકાનેક પ્રકારના દુઃખોનો ભોગ બને છે.**

જો સંસાર-વાસના જ નથી પોષવી, તો સંસાર માંડવાનો જ નહીં ! પછી આ કોઈ દુઃખ નહીં.

સીતાજીએ દિવ્ય પછી જાહોજલાલી થઈ, ત્યાં સીધા ચારિત્રમાર્ગે જવાનો નિર્ધાર જાહેર કર્યો; એ પરથી લાગે છે કે,

(૧) 'જ્યારે માથેથી આ કલંક ઊતરી જાય, ત્યારે સંસારત્યાગ કરવો.' આવો ક્યાંક સંકલ્પ વનમાં ત્યજાવા પ્રસંગે કરી રાખ્યો હશે, એટલે સીતાજીને અત્યારે દિવ્ય કર્યાથી કલંક ઊતરી ગયું છે, તો એ સંકલ્પ મુજબ સહેજે સંસાર ત્યાગ કરવાના દૃઢ નિર્ધારવાળા હોય; એ સ્વાભાવિક છે. એટલે હવે અયોધ્યામાં જઈ રાજ્ય મહેલમાં સુખે જિંદગી ગાળવાનું શાના કબૂલે ? દિવ્ય પછી તરત સંસારત્યાગનું આ એક કારણ.

(૨) બીજું કારણ સંસાર પર ઉત્કટ વૈરાગ્ય. એ થવાનું કારણ આ કે સીતાજી જુએ છે કે,

**આ સંસારમાં વારે વારે કર્મની તમાચો ખાવી પડે છે, એવા સંસારમાં શું માલ ?**

સીતાજીએ આ જોયું કે :

અહીં આ જનમમાં પિતાને ત્યાંથી પરણીને સાસરે આવી, ત્યારે મહેલવાસના સુખ ભોગવવાની આશા હતી, ને કર્મની તમાચ એવી લાગી કે પતિ સાથે વનવાસના કષ્ટ આવી પડ્યા. છતાં અહીં આશ્વાસન રાખ્યું કે, 'હું ક્યાં મહેલને પરણી હતી ? હું તો પતિ રામને પરણી છું... ! મારા પતિ અહીં સલામત છે તો સબ સલામત,'

ત્યાં કર્મની બીજી તમાચ પડી ! રાવણે ઉઠાવી અને પતિ મારે બિન-સલામત થઈ ગયા ! પતિ વિયોગ થયો, છતાં પતિએ યુદ્ધ કરી રાવણને નષ્ટ કરીને મને અયોધ્યામાં લાવી બેસાડી, તો મનને થયું કે હવે દુઃખના દહાડા ગયા,

ત્યાં કર્મની ત્રીજી તમાચ પડી; ખોટું કલંક ચડ્યું ને પતિ દ્વારા જ મારો ગર્ભિણી અવસ્થામાં જંગલમાં ત્યાગ કરાયો.

'આમ આ જનમમાં કર્મની મોટી ત્રણ તમાચ ખાધી, હવે દિવ્ય કર્યાથી કલંક ઊતરી ગયું, જય-જયકાર થઈ ગયો અને બધા ભારે સત્કાર-સન્માન-બહુમાનથી ફરી મહેલમાં આનંદમય જિંદગી પસાર કરવા આગ્રહ કરે છે, પરંતુ એમ કરવામાં શી ખાતરી કે કર્મની કોઈ મોટી ચોથી તમાચ નહીં આવે ? તેથી હવે મહેલવાસ જ શું, સંસારવાસ જ ખોટો. સંયમ જીવન જ સારું.

**પ્રશ્ન :** તો ય છેવટે જઈને કર્મની મૃત્યુ-તમાચ તો સંયમજીવનમાં ય આવવાની ને ?

**ઉત્તર :** પરંતુ મૃત્યુ-તમાચ આવે, તે પહેલાં જિનશાસનને પામીને અહિંસા-સંયમ-તપરૂપી ધર્મ દ્વારા કર્મને જ તમાચા મારી હંમેશ માટે કર્મને ખત્મ કરવાનું-સર્વકર્મક્ષય કરવાનું મહાન કર્તવ્ય બજાવી લીધું, તો મૃત્યુ પછી સીધો મોક્ષ જ થઈ જાય. પછી ક્યારેય કર્મ તમાચા નહીં.

એટલે જ સીતાજી વિચારે છે કે 'જો હું સંસારમાં પડી રહું, તો સાધી લેવાનું રહી જાય અને પછી ભવાંતરે તો કોણ જાણે અહીંના સંસાર-વાસના પાપોથી કેવી ય ગતિમાં કેવાય પાપિષ્ઠ જીવન મળે ! ને ત્યાં આ ધર્મસાધના અને કર્મનાશનું કાર્ય ક્યાંથી થાય ? ત્યારે હવે કર્મ મને શું તમાચ મારતું હતું, હું જ અહિંસા-સંયમ-તપ દ્વારા કર્મને તમાચા લગાવી ખત્મ કરીશ.'

બસ, સીતાજીના આ સંસાર પ્રત્યેના ઉત્કટ વૈરાગ્યથી એ કર્મ-તમાચ ખવરાવનાર સંસારવાસથી ઊભગી જઈ ચારિત્ર માર્ગે જવાનું કરે; એમાં નવાઈ નથી.

સીતાજીનો ચારેકોર જયજયકાર થઈ ગયો છે અને કુટુંબીઓના મહા સત્કાર-સન્માન સાથે રાજાશાહી લચબચતા વિષય-વિલાસોમાં સુખભરી જિંદગી ગાળવાનો અવસર છે.

વળી, અત્યાર સુધી જીવનમાં બહુ દુઃખ જોયા છે, તો પછી આવી મોજભરી જિંદગી મળે છે ! એવા અવસરે સીતાજીનો સંસારત્યાગનો નિર્ધાર; એ સીતાજીની એક જબરદસ્ત પરાકાષ્ઠાની વિશેષતા છે. એમાંથી કેવા કેવા બોધપાઠ મળે છે !

**સીતાજીના સંસારત્યાગના પ્રસંગ પરથી બોધપાઠ :**

(૧) પહેલો તો આ કે, સંસાર-વાસની યાને ઘરવાસની એક પણ સુખદ દેખાતી બાબત પર જરા ય ભરોસો ન મૂકો કે, 'એ કાયમ ટકશે.' કેમકે એ અણધારી ફરી બેસે એવી છે. એના ભરોસે રહી આત્મહિત-સાધના ગુમાવો નહીં.

(૨) બીજું એ કે, કર્મના માર અનંતીવાર ખાધા, હવે આ ઉત્તમ ભવ અને ઉત્તમ જિનશાસન મળ્યું છે, તે કર્મને મારવા માટે મળ્યું છે; અને તે દાન-શીલ-તપ-ભાવના, અહિંસા-સંયમ-તપ, દર્શન-જ્ઞાન-ચારિત્ર... વગેરે ધર્મની સાધનાથી કર્મક્ષય થાય. માટે અહીં ફરી પાછા કર્મ-માર વધારે એવી પાપરમતો બંધ કરી ધર્મસાધનામાં લાગો.

(૩) સંસારના વિષયો જાલિમ ઠગારા છે. સળગતી દીવાની જ્યોત પતંગિયા વગેરે જીવોને લલચાવે-આકર્ષે અને પછી જ્યોત પતંગિયાદિને ખત્મ કરે છે. એમ ઠગારા વિષયો મૂઢ જીવોને લલચાવે-આકર્ષે છે અને પછી એમાં આસક્ત બનેલા જીવને દુર્ગતિઓમાં ભટકાવે છે. સીતાજીએ એને ઓળખી લઈ

એ વિષયસુખો સારા પ્રમાણમાં સ્વાધીન છતાં એને ઠુકરાવી દીધા ! એમ શક્ય એટલા સુખોને ઠુકરાવો, એનો શક્ય ત્યાગ કરતાં ચાલો.

સીતાજીની અંતિમ વિશેષતા ચારિત્ર જીવનની સાધનાની એ કેવી અદ્‌ભુત, કેવી જોરદાર કે એના પરિણામે સીતાજી બારમા દેવલોકના ઇન્દ્ર 'અચ્યુતેન્દ્ર' થાય છે ! એ કેટલા પુણ્યવંતા કે અસંખ્ય તીર્થંકર ભગવાનનો મેરુપર્વત પર પહેલો જન્માભિષેક કરવાનો જન્મસિદ્ધ હક મળી ગયો ! એમાં વળી કેટલા કાળ સુધી આ ચાલવાનું ? તો કે ૨૨ સાગરોપમના પોતાના આયુષ્યકાળ પર્યન્ત આ હક અને એનું કાર્ય ચાલવાનું. ત્યારે,

**૨૨ સાગરોપમ શેને કહે છે ? :**

એક સાગરોપમ કાળમાં ૧૦ કોડાકોડી પલ્યોપમ પસાર થાય. એ હિસાબે ૨૨૦ કોડા-કોડી પલ્યોપમ કાળ સુધી આ એકેક પલ્યોપમ કાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં અસંખ્ય તીર્થંકર ભગવંતો જન્મવાના ! તો ૨૨૦ ક્રોડ પલ્યોપમમાં કેટલા અસંખ્ય થાય ? એ બધી ય સંખ્યામાં વળી એકવાર નહીં, પરંતુ એક ક્રોડ વાર ! એટલે કે ૨૨૦ ક્રોડ-ક્રોડ પલ્યોપમોના કાળમાં જેટલા અસંખ્ય તીર્થંકર ભગવાન જન્મે, એ બધાના મેરુપર્વત પર જન્માભિષેક વખતે ૬૪ ઇન્દ્રો અને ક્રોડો દેવતાઓ કળશ ઢાળે, એમાં પહેલો કળશ ઢાળનાર હોય છે અચ્યુતેન્દ્ર ! સીતાજી આવા અચ્યુત ઇન્દ્ર થયા છે ! કેટલું બધું અથાગ પુણ્યાનુબંધી પુણ્ય એમનું હશે કે જે પુણ્ય ૨૨૦ ક્રોડ-ક્રોડ પલ્યોપમ સુધી ઉદયમાં આવ્યા કરે ! અને એમને આ પ્રથમ જન્માભિષેકની તક આપ્યા કરે !

**આ અસંખ્ય તીર્થંકરને પહેલાં જન્માભિષેકનું પુણ્ય અને અસંખ્ય ઇન્દ્રોમાં સુપ્રીમ ઇન્દ્રપણાના પુણ્યો ઉપાર્જવા પાછળ સીતા સાધ્વીજીની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપની સાધનાઓ કેવી કેવી અને કેટલી જોરદાર હશે !**

ત્યારે એ 'અથાગ પુણ્ય ઊભા થયા હશે' એ સાંભળ્યું, સમજી લીધું એટલે નહીં પતે; એ કઠોર સાધનાઓ એકેક નજર સામે કલ્પનામાં લાવો, તો મનને ચમકારા થશે કે છેલ્લે એમને કેવા રાજાશાહી સુખ-સન્માનની તક અને એ ફગાવી કેવી કેવી કઠોર સાધનાઓ એમણે સાધી ! શી રીતે આટલી ઊંચી કડક આરાધનાઓ થાય ? કહો;

**તન અને મન સામે જોયા વિના આરાધના થાય, ત્યારે એ ઊંચા પ્રકારની હોય.**

વાતવાતમાં તન-શરીર સામે જોયા કરીએ કે, 'મારા શરીરને કેમ રહે છે ?' તો કાંઈ ઊંચી આરાધના ન થાય. એમ મન સામે જોયા કરીએ કે, 'મારા મનને શી ભાવના છે ? મારું મન શું કહે છે ?' તો કાંઈ ઊંચી આરાધના ન થાય. એ તો તન તોડી નાખવાનો હિસાબ હોય અને જ્ઞાનીની આજ્ઞા સામે જ જોઈને મન મોડવાનો હિસાબ હોય, તો જ ઉચ્ચ કોટિની આરાધના થાય.

સીતાજીએ સુકોમળ શરીરે અને તેમાં પણ ઠરીઠામ બેસવાના અવસરે જિનેશ્વર ભગવાનની ભક્તિ, ગુરુણીની ભક્તિ, સાધ્વીઓની ભક્તિ, અહિંસા-સંયમનું પાલન, વિવિધ ત્યાગ અને તપસ્યાઓ તથા જ્ઞાન-ધ્યાન આદિની કઠોર સાધનાઓ તન તોડીને, મન મોડીને કરી હશે, ત્યારે એ અદ્‌ભુત પુણ્યોનો થોક-થોક કમાયા હશે, એ વારંવાર યાદ કરવા જેવું છે.

સીતાજીની આ કઠોર આરાધનાઓ પણ માત્ર બાહ્યની નહીં, કિન્તુ અંતરમાં પાછળ ઉચ્ચ કોટિના શુભ અધ્યવસાયો, શુભ ભાવોલ્લાસ અને અનુપમ વિશુદ્ધ લેશ્યા પણ સાથે કરાઈ હશે; ત્યારે એ સામાન્ય નહીં, કિન્તુ અદ્‌ભુત પુણ્યોના થોકે-થોક કમાયા.

બસ, સીતાજીના જીવનની અનેકાનેક વિશેષતાઓ ટૂંકમાં મુદ્દાવાર નોંધી લઈ, યાદ કરી લેવાય, એને મગજમાં ઉપસ્થિત કરી લેવાય, પછી એ વારંવાર યાદ કરતાં રહેવાનું અને જીવનમાં ઠામ-ઠામ એનો ઉપયોગ કરવાનો તથા નિજના આત્માનો મહાન વિકાસ સાધતાં રહેવાનું; એ પ્રભાવક પૂર્વજ સીતાજીની યશોગાથા ગાયાની સફળતા ગણાય.

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગ-૧ થી ૭૫ ની વિગતો

ભાગ - ૧ થી ૧૦ અગ્રલેખામૃત
ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ
ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે
ભાગ - ૧૩/૧૪, શ્રી યોગદષ્ટિ સમુચ્ચય
ભાગ - ૧૫, શ્રી યોગદષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર
ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણમિત્ર + નમિરાજર્ષિ
ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિણામ + સંસારના ત્રિવિધ તાપ
ભાગ - ૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્‌વિધ કલા + અરિહંતની ઓળખાણ + જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ
ભાગ - ૧૯, ધ્યાન અને જીવન
ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતાના પ્રકારો
ભાગ - ૨૧ થી ૨૫, સમરાદિત્ય કથા
ભાગ - ૨૬, સમરાદિત્ય કથા + અમીચંદની અમીદષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા
ભાગ - ૨૭,પર્યુષણ પર્વના પ્રવચનો
ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી
ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી
ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪
ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬
ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮
ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦
ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય + ઉબ્બહ્રો મા પુણો નિબ્બુડ્ડિજ્જા
ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા-૧,
ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા-૨
ભાગ - ૩૮, વીસસ્થાનક - અરિહંતપદ - દેવપાલની સાધના + તામસભાવના તાંડવ
ભાગ - ૩૯, વીસસ્થાનક - સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે ક્લેશ
ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે ક્લેશ + નરસિંહની કથા + દાનધર્મ
ભાગ - ૪૧/૪૨, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન ૧-૨
ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન ૩ + કષાય રોકોઃ છુટવાનો મોકો
ભાગ - ૪૪, કષાય રોકોઃ છુટવાનો મોકો
ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર ભાગ - ૧
ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ - ૨ + ભવાભિનંદી જીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ
ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની
ભાગ - ૪૮, સુલસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત
ભાગ - ૪૯, તરંગવતી-૧
ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખયં જીવિયં મા પમાયએ
ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨
ભાગ - ૫૩, રાજપુત્ર આર્દ્રકુમાર
ભાગ - ૫૪, આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ ૧ થી ૫

ભાગ - ૫૫, આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭
ભાગ - ૫૬, ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫
ભાગ - ૫૭, પરમતેજ સારોદ્ધાર
ભાગ - ૫૮, અરિહંત-સિદ્ધ-આચાર્યપદ પૂજા
ભાગ - ૫૯, ઉપાધ્યાય + સાધુપદ પૂજા + માર્ગાનુસારી જીવન + ષોડશક + ગણધરવાદ (૨ થી ૧૧)
ભાગ - ૬૦, ધ્યાનશતક + શ્રી તત્ત્વાર્થ ઉષા + નમસ્કાર ગ્રંથનો ઉપોદ્ઘાત
ભાગ - ૬૧, ઉચ્ચપ્રકાશના પંથે
ભાગ - ૬૨, શ્રી ભગવતીસૂત્ર વિવેચન ભાગ-૧ + ઉપદેશમાલા
ભાગ - ૬૩, ધર્મ કેમ અને કેવો આરાધ્ય ? + પ્રકરણ દોહન + પળમાં પાપને પેલે પાર + પ્રકીર્ણ પ્રસાદ
ભાગ - ૬૪, શ્રદ્ધાંજલી-૧
ભાગ - ૬૫, શ્રદ્ધાંજલી-૨
ભાગ - ૬૬, સમાચાર-૧
ભાગ - ૬૭, સમાચાર-૨
ભાગ - ૬૮, સમાચાર-૩
ભાગ - ૬૯, સમાચાર-૪
ભાગ - ૭૦, સમાચાર-૫
ભાગ - ૭૧, શાસન પ્રભાવના-૧
ભાગ - ૭૨, શાસન પ્રભાવના-૨
ભાગ - ૭૩, શાસન પ્રભાવના-૩
ભાગ - ૭૪, શિબિર-૧
ભાગ - ૭૫, શિબિર-૨
ભાગ - ૭૬, પ્રકીર્ણ પ્રસાદ

# જૈન પાઠશાળામાં અદ્ભુત ક્રાન્તિ

ગુજરાતી - હીન્દી - English
ત્રણ ભાષામાં ઉપલબ્ધ




- સૂત્ર ગોખો : જે આપને સૂત્ર શીખવશે.
- સૂત્રનો અર્થ : જ્યાં આપ સૂત્રનો અર્થ સમજી શકશો.
- સૂત્ર પુનરાવર્તન : સૂત્રનું પુનરાવર્તન કરવામાં જે આપની મદદ કરશે.
- સૂત્ર લખો : સૂત્ર લખીને સૂત્ર શુદ્ધિ કરી શકાશે.
- સૂત્ર પરીક્ષા : ભણેલા સૂત્ર તથા અર્થની જે પરીક્ષા પણ લેશે ને પરિણામ પણ આપશે !

૧૦,૦૦૦ થી વધુ લોકો અહીં ભણી રહ્યા છે !
શું આપ હજી પણ વંચિત છો ?

Self Learning Pathshala
Free download from google play store

JAIN ONLINE.ORG

**JAINONLINE.ORG**

**ધર્મ અને વિજ્ઞાનનું એક અનોખું પ્લેટફોર્મ**

**8425090907** & Get Great teasure of **Jain Shashan**

"Jainonline"

**Children Stories**




શું આપ જાણો છો આમને?

**Games**




આમાં જોડાવાનું ચૂકશો નહિ?

અહો આશ્ચર્યમ્ !!!
ઘેર બેઠા બેઠા શહાપુર તીર્થ ના દર્શન



સૌપ્રથમ વાર આવી રહ્યો છે
**Digital Syllabus**



SMART LEARNING PATHSHALA

સૂત્રોને ડિઝિટલ માધ્યમે ભણવા, ગોખવા,લખવા-અર્થો સમજવા-ચિત્રો માણવા...ની સાથે સાથે સૂત્રોની પરીક્ષા-ઓડિયો બુક-વિડીયો બુક-જનરલ નોલેજ-પૂજાવિધિ-સ્ટોરી ,ગેમ્સ અને ઘણું બધુ...

આખુ પુસ્તક વાંચવાનો સમય ના હોય તો
પુસ્તક નો સાર મોબાઈલ પર




ગુરુનો સાર
દર ગુરુવાર




**Fantastic Video Episodes of Gurudev**

Audio Book

